કેહવત-માળા

જમશેદજી નશરવાનજી પીતીત

એડીટ કરનાર
જીજીભાઈ પેસ્તનજી મીસ્ત્રી, એમ. એ.

કેહવત-માળા

ગુજરાતીમાં વપરાતી કેહવતો, દોહરા, તથા સાધારણ વાકયો

ગુજરાતી કેહવતોને મળતી જુદી જુદી બીજી ભાષાઓની કેહવતો સાથે

સંગ્રહ કરનાર

જમશેદજી નશરવાનજી પીતીત

ગુજરાતી કેહવતો, તેમજ તે કેહવતોને મળતી જુદી જુદી બીજી ભાષાઓની કેહવતોના પુષ્કળ વધારા, તથા કેહવતો વિષેના નિબંધ સાથે

ઍદીત કરનાર

જીજીભાઈ પેસ્તનજી મીસ્તરી, ઍમ. એ.

ભાગ પેહલો

અ—ન

"કાળ જાય, પણ કેહવત રહે."

મુંબઈ:

ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ કૅપતન પ્રિંતીંગ વર્કસ.

૧૯૦૩

Proverbs are the daughters of daily experience.—*Dutch Proverb.*

What flowers are to gardens, spices to food, gems to a garment, and stars to heaven, such are proverbs interwoven in speech.—*Hebrew Proverb.*

Proverbs are the lamps to words.— *Arabic Proverb.*

A proverb is to speech what salt is to food.—*Arabic Proverb.*

Earth and heaven will perish, but the words of the mighty will endure.—*Tamil Proverb.*

સાંકળિયું

(ભાગ પેહલાનું)

	સફે
દિબાચો	5
આ પુસ્તક તૈયાર કરવા માટે મદદે લીધેલી ચોપડીઓની ટીપ	23
કેહવત વિષે નિબંધ	27

અ અક્ષર ઉપરની કેહવતો	૩
આ ,, ,, ,, ...	૧૪
ઈ ,, ,, ,, ...	૩૧
ઉ ,, ,, ,, ...	૩૪
એ, ઐ અક્ષરો ઉપરની કેહવતો	૫૦
ઓ અક્ષર ,, ,, ...	૬૮
અં ,, ,, ,, ...	૭૨
આં ,, ,, ,, ...	૭૫

આંકળિયું.

					સફે
ક અક્ષર ઉપરની કેહવતો				... ...	૮૪
ખ	”	”	”	... ...	૧૪૬
ગ	”	”	”	... ...	૧૭૦
ઘ	”	”	”	... ...	૨૦૬
ચ	”	”	”	... ...	૨૩૦
છ	”	”	”	... ...	૨૫૨
જ	”	”	”	... ...	૨૬૩
ઝ	”	”	”	... ...	૩૨૮
ટ	”	”	”	... ...	૩૩૪
ઠ	”	”	”	... ...	૩૪૦
ડ	”	”	”	... ...	૩૪૩
ઢ	”	”	”	... ...	૩૫૧
ત	”	”	”	... ...	૩૫૬
થ	”	”	”	... ...	૩૮૧
દ	”	”	”	... ...	૩૮૬
ધ	”	”	”	... ...	૪૩૫
ન	”	”	”	... ...	૪૫૪

દીબાચો.

"માહરી મજેહ"વાળી કવિતાનાં પુસ્તકમાં "શેઠ જમશેદજી નશરવાનજી પીતીતની જીંદગીનો એહવાલ" આપવામાં આવ્યોછે તે મધે આ સંગ્રહ વિષે જે લખવામાં આવ્યુંછે[1] તે અતરે ઉતારી લેવું વ્યર્થ જશે નહિ :—

"કવિતા ઉપરાંત સાહિત્યની બીજી બાબદોમાં પણ તેવણે સારૂં નામ કાહડ્યું હતું. આ તેઓની બીજી સઘળી મેહેનતોમાં સર્વથી વખાણવા લાયક મેહનત ગુજરાતી ભાષામાં બોલાતી કેહવતો ભેગી કરવાને લગતી હતી. આ કામ પાછળ શેઠ જમશેદજી કેવી ખંત તથા ઉલટથી મંડેલા

૧. જુઓ "માહરી મજેહ તથા બીજી કવિતા" મધે "શેઠ જમશેદજી નશરવાનજી પીતીતની જીંદગીનો એહવાલ," સફે 61—64.

હતા તે તેઓજ કહી શકશે કે જેઓને એ મરહુમ સાથે નિકટ સંબંધમાં આવવાનું માન મળ્યું હતું. ભેગી કીધેલી કેહવતો એકદમ એક સંગ્રહના આકારમાં સડસડાટ વાંચી જનાર વાંચનારને તે મેહનતનો ઝાંખો પણ ખ્યાલ કદી આવી શકનાર નથી. કવિતા લખવી એ તો તે લખવાનું જોશ આવવેજ બની શકતું હતું, અને તે ગેબી બક્ષેશની એક કરામત હતી. કવિના ખ્યાલોની દોડાદોડીમાં ખુદરતનો હુંમેશ હાથ હોયછે, અને તેની કલમમાં રંગીલો રસ પણ તેજ ખુદરત પુરો પાડેછે. પણ કેહવતો ભેગી કરવાના બાબમાં ખુદરતની તેવી બક્ષેશની કશી જરૂર હોતી નથી. એ તો જાતિ ઉમંગ, ખંત, તથા ઉલટની વાત છે. કેહવતોના ટુંકા અને ટચ આકારમાં સમાવેલું ઊંડું ડાહપણ, જે એક પ્રજાનાં સામાન્ય ડાહપણની ગોયા એક ચાવી ગણાઈ શકાએ, તે ડાહપણ એક મોહડેથી બીજે મોહડે ફોકટનું ઢોલાયા કરે એ શેઠ જમશેદજીની ઊંચી મનશક્તિને રૂચ્યું નહિ. આ કીમતી ડાહપણ ભેગું કરવાની તેવણને ભારે જરૂર જણાઈ. આવી જરૂર જોકે એવણ આગમચ બીજા કોઈકોએ સ્વીકારેલી હતી, અને તેનાં પરિણામમાં કેહવત–રૂપી એક બે સંગ્રહ બાહેર પણ પડેલા હતા, તોપણ તે તદન નહિ સરખા, અને નહિ જણાયલા, હતા. આ સંગ્રહમાંનો એક સંગ્રહ, જે તે વેળાએ સર્વેથી મોહટો ગણાતો હતો, તે "કથન સપ્તસીતી" નામની ચોપડીમાં હતો, જે ચોપડીમાં, તેનું નામજ કહી

આપે છે તેમ, સાતસો કેહવતો ભેગી કીધેલી હતી. આ ખચીત ઘણોજ નિર્જીવ સંગ્રહ હતો, કારણ કે ગુજરાતી ભાષામાં કેહવતોનો એટલો કીમતી જથ્થો પડેલો છે કે સાતસો કેહવતો તો સેહજ દિવસમાં, સાધારણ શક્તિનો એક ખંતીલો માણસ, આસાનીથી ભેગી કરી શકે. શેઠ જમશેદજીને ગુજરાતી ભાષામાં આ એક મોહટી ખુટ જણાઈ. જુદા જુદા તરેહવાર જાતના, તરેહવાર કાબેલ્યતના, અને તરેહવાર સ્વભાવના માણસોના સંબંધમાં જેમ જેમ તેઓ વધારે આવતા ગયા, અને કેહવત–રૂપી કીમતી બોધો અવાર નવાર તેઓને મોહડે તેવણ સાંભળતા ગયા, તેમ તેમ આ જરૂર તેવણને વધારે અને વધારે જણાવા લાગી, અને તેથી આખરે એવો એક સંગ્રહ ભેગો કરવાનું કામ પોતાને સર ઉઠાવી લેવાનો તેવણે ઠરાવ કીધો. . . . .

"જુદે જુદે ઠેકાણેથી અને જુદાં જુદાં સાંધનો મારફતે ખંત, ધીરજ, અને ઉમંગથી, તથા પૈસા વટીક ખરચીને, ભેગો કીધેલો કેહવતનો આ કીમતી ખજાનો નજદીક દસ હજારની પણ ઉપર થવા જાયછે. જ્યાં સાતસોથી વધારે કેહવતો એકજ સામટા આકારમાં મેળવવાના સાંસા, ત્યાં દસ હજાર ઉપર કેહવતો આ પ્રમાણે એકઠી થાએ એ અથાગ ઉદ્યોગ અને ખંતની અચુક નિશાની ગણાવી જોઈએ. આ સગ્રંહમાંનો ઘણોએક ભાગ, "કેહવત–માળા" નાં મથાળાં હેઠળ, કકડે

કકડે તેવણે "વિદ્યા મિત્ર" નાં પાનાંઓમાં આપ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં અમર જગ્યા લેવા લાયકનાં ગણત્રીનાં થોડાંક પુસ્તકો છે તે પુસ્તકોમાં આ તેવણુની "કેહવત–માળા" બેશક એક ઘણો કીમતી અને દલદાર વધારો થશે."

શેઠ જમશેદજી પીતીતની રીત મુજબ આ કેહવતો ભેગી કરવા માટે તેવણુની ખંત અથાગ, તથા ઉલટ અજાયબ સરખી હતી. જેબી પ્રસંગે અને જગ્યાએ, અને જેબી આસામીને મોહડે કેહવત સરખું કાંઈ સંભળાતું કે તુરત તેવણુની નોધ–પોથીમાં તે ટપકાઈ જતું. એટલુંજ નહિ, પણ પોતાના ઘણાક દોસ્ત આશનાવો તથા ઓળખાણ પિછાન-વાળાઓ, તેમજ કામકાજ યા ધંધાસર તેવણુના સંબંધમાં આવનાર તરેહવાર આસામીઓને, તેવણુની ખાસ અને ચાલુ અરજ એ હતી કે તેઓના સાંભળવામાં યા વાંચવામાં જેબી કેહવતો આવે તે નોધી લેઈ તેવણ ઉપર મોકલી આપવી. અને તેવી અરજ ઘણાએ ખુશી સાથ સ્વીકારી પોતાના ફાળા અવારનવાર મોકલી આપતા હતા. કેળવાયલા વર્ગ કરતાં ઘણું કરીને અજ્ઞાન અને અભણ વર્ગમાં કેહવતોનો વાપરવાસ દેખઈતી રીતે વધુ હોવાથી એવા વર્ગના લોકો સાથે વાત-ચીતમાં ઉતરવા, તથા હાથે કરી તેઓને વાતચીતમાં તાણવા માટે, તેવણ હંમેશ તૈયાર રેહતા હતા. કારણ કે એવા લોકોનું જ્ઞાન બાપદાદાથી તથા આસપાસનાઓથી જે કેહવતો

તેઓ સાંભળતા આવેલા તેવી કેહવતોના ભંડારમાં ઘણુંખરૂં સમાયલું હોવાથી, તેઓ તરફથી કેહવતોની મોહટી સંખ્યા મેળવવાની તેવણુને ઉમેદ હતી, અને તેમ તે ઉમેદ પાર પણ પડતી. દાખલા તરીકે, ખુદ પોતાનાંજ કુટુંબમાં ઘણાં લાંબાં વરસોથી નોકરી રહેલાં એક પારસી ડોસાંને મોહડેથી જેટલી કેહવતો એવણે મેળવી હતી તેટલી બીજે કોઈ પણ એક ઠેકાણેથી તેવણુ મેળવી શકયા હતા નહિ. આ ડોસાં, જેવણે પોતાના બાપ–જનમમાં કોઈ દિવસે "કકો કુટેલો" નહિ, તેવણુનાં ભેજામાં સંખ્યાબંધ ઉમદા કેહવતોનો એવો મોહટો ભંડાર ભરેલો હતો, તથા પ્રસંગ પડવે તે સડસડાટ વાપરી જાણવાની પોતાને મોહડે એવી "સરસતી" હતી, કે એક કેળવાયલા સાંભળનારને વટીક તે ખચીત વિસમય પમાડે. આવો ભંડાર પોતાનાં મગજમાં ધરાવવાને લીધે તે ડોસાંને હમોએ ખુશ મશકેરીમાં "Walking Thesaurus of Gujerati Proverbs" નું નામ આપ્યું હતું, અને તે નામ તેવણુને આબાદ છાજતું હતું. આ ભંડારનો શેઠ જમશેદજીએ પુરતો લાભ લીધો હતો, અને તેમ કરવાથી આ સંગ્રહમાં ઘણો સારો વધારો થયોછે તેમાં કશો શક નથી.

કેહવતો ભેગી કરવા માટે બીજો જે ઉપાય કામે લગાડવામાં આવ્યો હતો તે ગુજરાતી ચોપડી ચોપાન્યાં તથા વર્તમાન–પત્રોનાં વાંચણનો હતો. ઘણાંક કચરા સરખાં લખાણો,

જે બીજે વખત હાથમાં ધરવાં પણ મુનાસેબ નહિ, તથા જે વાંચવા પાછળ રોકેલો વખત તદન ગુમાવેલો કેહવાઈ શકાય, તેવાં લખાણો ફકત કોઈક કેહવત મેળવવાની લાલચ તથા ઉમેદને ખાતર વાંચી જવાં પડતાં હતાં, અને ઘણી વેળાએ તેવાં વાંચણોથી નાસિપાસી વટીક મળતી હતી, પણ જે ઉમદા કારણસર તે વાંચવાં પડતાં હતાં તે કારણ તરફ જોતાં તેવી નાસિપાસીનો કશો મુજાકો રાખવામાં આવતો હતો નહિ.

આ પ્રમાણેની રંજ તથા ઝેહમત પછી ભેગો કીધેલો આ કીમતી ખજાનો, શેઠ જમશેદજી પીતીત, પોતાની પાછળ, વાંચનારી આલમને, એક વારસા તરીકે સપુરદ કરી ગયાછે. કીમતી એટલા માટે કે ગુજરાતી ભાષામાં વેરાઈ પડેલો આ ખજાનો એવણની આગમચ એટલા બોહલા પાયા ઉપર, અને એવણે યોજેલાં ધોરણ ઉપર, એકઠો કરવાની કોઈએ પણ કોશેશ કીધી હતી નહિ. આ દીબાચાની શરૂઆતમાં કીધેલા ઉતારા મધે "કથન-સપ્તસીતી" નામની સાતસો કેહવત વાળી જે ચોપડી વિષે એસારો કરવામાં આવ્યોછે તે ચોપડી સિવાય, અવારનવાર ગુજરાતી કેહવતોના સંગ્રહવાળી જુદી જુદી કેટલીક બીજી ચોપડીઓ બાહેર પડી હતી, એ ખરી વાત છે, પણ ગુજરાતી ભાષામાં કેહવતોનો જે નહિ મનાય એટલો મોહટો જથ્થો પડેલો છે તે જથ્થા સાથ સરખાવતાં એ સઘળા સંગ્રહ તદન બિસાદ વગરના અને નહિ-સરખા

હતા.[1] એ સર્વે સંગ્રહને વિસરાવે એવો બનતાં સુધી એક સંપુર્ણ સંગ્રહ બનાવવાનો શેઠ જમશેદજીનો લોભ હતો, અને પોતાની જાતિ ખંત, ઉલટ, અને મેહનતનાં જોરે તેવા સંગ્રહ લાયકનો એક જથ્થો ભેગો કરવામાં તેવણ ફતેહમંદ નિવડ્યા હતા. એ સંગ્રહ પેહલાં તેવણે આસરે દસ હજાર કેહવતોની સંખ્યાનો અડસટો હતો, પણ આ પુસ્તક ઉપરથી જણાશે કે એના બંધે ભાગ મળી તે કેહવતો બાર હજારની પણ ઉપર થવા જાયછે. વળી ગુજરાતી સિવાય બીજી જે પારકી ભાષાઓની મળતી કેહવતો ઠેકાણે ઠેકાણે આપવામાં આવીછે તેની સંખ્યા (કે જે પણ હજારોની થવા જાય છે તે) તો અલગ જાણવી. તેમજ આટલું પણ ધ્યાનમાં રાખવું કે જેજે કેહવતો શબ્દોના ઓછા વધતા ફેરફાર સાથ એકજ અર્થે વપરાયછે તે સઘળી કેહવતો એકજ કેહવત તરીકે તેની ઘટતી જગ્યાએ સાથે મુકવામાં

૧. અતરે જણાવવાની જરૂર છે કે શેઠ જમશેદજી પીતીતનાં મરણ પછી આસરે પાંચ વરસે, અને આ સંગ્રહ છપાતો હતો તે દરમ્યાન, માહરા મિત્ર મી૦ દામુભાઇ ડાહ્યાભાઈ મેહતા, ઍમ. એ., બી. ઍસ સી., ઍલ એલ. બી., જેવણ વડોદરાની કૉલેજના એક શિક્ષાગુરૂનો માનવંત ઓદ્ધો ધરાવેછે, અને ગુજરાતી ભાષાના એક લેખક તરીકે જાણીતા છે, તેવણે "ગુજરાતી કેહવતો" એવાં નામથી એક કીમતી સંગ્રહ છપાવી પ્રગટ કર્યો હતો. આ સંગ્રહ દેખઈતી રીતે બહુ મેહનત અને કાળજીથી ભેગો કીધેલો લાગેછે, અને તે વખત સુધી પ્રગટ થયલા સર્વે સંગ્રહોમાં તે શ્રેષ્ટ કેહવાઈ શકાય એમાં કશો સંદેહ નથી.

આવીછે, પણ ગણત્રીમાં તે એકજ કેહવત તરીકે લેખવામાં આવીછે. દાખલા તરીકે જો કેહવત ના૦ ૩૨૯૦ ઉપર વાંચનાર નજર કરશે તો તેને તુરત જણાશે કે એ કેહવત જોકે ગણત્રીમાં એકજ ગણવામાં આવીછે તોપણ તેની અંદર એકજ અર્થે બોલાતી છ જુદી જુદી કેહવતોનો જુખંડો એકઠો કરવામાં આવ્યોછે. એવી એવી કેહવતો જો ગણત્રીમાં જુદી જુદી લીધી હતે તો આ સંગ્રહ બાર હજાર કરતાં ઘણી વધારે સંખ્યાનો થઈ જતે. પેહલી નજરે, ગુજરાતી જેવી નહિ ખીલેલી ભાષામાં કેહવતોની આટલી મોટી સંખ્યા હોય, એ નહિ મનાય એવું લાગેછે, અને ખુદ આ સંગ્રહ કરનારને તેમજ મહને પોતાને પણ, સંગ્રહ જેમ વધતો ચાલ્યો તેમ, આ અજાયબીની બાબદ લાગી હતી કે ગુજરાતી ભાષા કેહવતો અને લોક-વેણોનો આવો કીમતી ભંડાર ધરાવી શકે.[1] આ ભાષા તરફ જેઓ તુચ્છકારની નજરથી

---

૧. ફકત ગુજરાતી ભાષામાંજ કેહવતોની આટલી મોહટી સંખ્યા છે એમ નથી. આર્ચબીશપ ટ્રૅન્ચ પોતાની "*Proverbs and their Lessons*" નામની જાણીતી કેતાબમાં એક ઠેકાણે (સફે ૫૧ ઉપર) જણાવે છે કે સ્પૅનીશ ભાષાની કેહવતોની જેટલી સંખ્યા તેના જાણવામાં આવીછે તેટલી સંખ્યા બીજી કોઇ પણ ભાષાની કેહવતોની જણાઇ નથી. તેના પોતાના વપરાસમાં એ ભાષાની કેહવતોનો એક સંગ્રહ આવ્યો હતો, જે જોકે તદન અધુરો હતો, તોપણ, તેમાં સાતથી આંઠ હજાર કેહવતો હતી. પણ એક સ્પૅનીશ વિદ્વાનને હાથે લખેલો બીજો એક સંગ્રહ તેની જાણમાં હતો કે જે સંગ્રહમાં ખાસી પચીસથી ત્રીસ હજાર કેહવતો એકઠી કીધેલી હતી.

જોયછે, અને તે લખવી વાંચવી હલકું કામ સમજેછે, તેઓને આ કરતાં બીજી વધુ મુસ્તકીમ દલીલ આપી શકાશે નહિ, કે જે ભાષા કેહવત–રૂપે આવો કીમતી ખજાનો ધરાવી શકે, તે ભાષા, જો કેળવાયલો વર્ગ એ કામ માથે ઉઠાવે તો, ઘણી સારી રીતે ખીલવી શકાય.

કેહવતોની સંખ્યા ઉપરાંત બીજાં જે કારણથી આ સંગ્રહ વધુ કીમતી થયલો હું માનુંછું તે એ મધે ફાવતી જગ્યાએ આપેલી ગુજરાતી કેહવતોને લગતી જુદી જુદી બીજી ભાષાઓની કેહવતોને લીધે છે. આવી રીતે સરખામણી કરનારી કેહવતો આપવાનો વિચાર અસલ શેઠ જમશેદજી પીતીતને પોતાનેજ સુજયો હતો, અને ખચીત તે એક ઘણો મોતેબર વિચાર હતો.[1] તોપણ, એવી કેહવતો મેળવવાનાં ઘણાંક સાંધન જે શેઠ જમશેદજીનાં મરણ પછીથી આ લખનારને હાથ લાગ્યાં હતાં તે ખુદ એવણુને હાથ આવેલાં નહિ હોવાથી, એ સરખામણી કરનારી કેહવતો એવણુના અસલ સંગ્રહમાં જોઇએ એટલી સંખ્યામાં આવી શકી નહિ હતી. શેઠ જમશેદજીની હૈયાતીમાં હમો બંધેને નહિ જણાયલા, તેમજ તેવણુનાં મરણ પછી પ્રગટ થયલા, જુદી જુદી ભાષાઓની કેહવતોના

1. અંગ્રેજી ભાષાની કેહવતોનો પ્રગટ થયલો એક ચોકસ સંગ્રહ— "*Proverbs of all Nations, compared, explained, and illustrated,*" by Walter K. Kelly—પણ ઘણોખરો આએજ ઢબ ઉપર રચવામાં આવ્યોછે.

દીબાચો.

કેટલાક સંગ્રહો[1] પાછળથી હાથ લાગવાથી તે સર્વેનો ઘટતો ઉપયોગ આ પુસ્તક માટે, તેવણુની અસલ નેમને અનુસરીને, કરવામાં આવ્યોછે. તેમ કરતાં એ સરખી કેહવતોનો જુમલો જેમ તેવણુના, તેમજ આ લખનારના, કદી ખ્યાલમાં પણુ નહિ એવી રીતે વધી ગયોછે, પણુ તે ઘણો ખુશી થવા જોગ વધારો છે,—શું કારણુથી તે આગળ આવતા નિબંધ મધે સવિસ્તર સમજાવવામાં આવશે. વાંચનાર સનમુખ એ સર્વે સરખી કેહવતો તેની ઘટતી જગ્યાએ સિલસિલાબંધ ગોઠવીને તૈયાર મુકેલી હોવાથી તે ભેગી કરવાની મુશ્કેલી વિષેનો કશો પણુ ખ્યાલ તેને એકદમ આવી શકશે નહિ. પણુ આ પુસ્તક ઍદીત કરવાનો સર્વથી મુશ્કેલ, અને ઘણી મેહનત તથા વખતનો ભોગ લેનાર ભાગ એ સરખામણી કરનારી કેહવતો ગોતી કાહડવાને લગતો હતો. ગુજરાતી કેહવતોની સંખ્યા, આ પુસ્તક ઉપરથી જણાશે તેમ, એટલી બધી મોહટી છે કે તે એક્કી વખતે કોઈનાં પણુ ધ્યાનમાં રહે એ નહિ બનવા જેવી વાત છે. એટલુંજ નહિ, પણુ ખુદ કેહવતો, સ્મરણુ–શક્તિ માટે, એવી સરકણી બાબદ છે કે ગમે એવી યાદદાસ્તમાંથી લપસી જતાં તેને જાહજો વિલંબ લાગતો નથી, અને તેથી, આખો સંગ્રહ તો રહ્યો, પણુ કોઈ અમુક અક્ષર હેઠળ આપેલી કેહવતો પણુ યાદ રાખવી ઘણું વિકટ કામ થઈ પડેછે. આ કારણુસર

[1]. જુઓ પાછળ આવતી ટીપ.

સરખી કેહવતો શોધી કાહડવાનું કામ ઘણું કઠણ, અને આ પુસ્તક તૈયાર કરવાનાં કામમાં સર્વથી વધુ મેહનત ભરેલું કામ થઈ પડ્યું હતું. બનતાં સુધી કોઈપણ સરખામણી કરનાર કેહવતો છટકી જવા પામે નહિ એટલા માટે પ્રત્યેક અક્ષર હેઠળની કેહવતો છુટી છુટી લઈ તેને મળતી કેહવતો માટે પાછળ આવતી ટીપ મધેની જુદી જુદી ભાષાઓની કેહવતોના સંગ્રહવાળી ચોપડીઓ પેહલેથી છેલ્લે સુધી જોઈ વળવી પડતી હતી. એટલેકે એકસરખી કેહવતો જોઈ કાહડવા માટે બારાખડીના જેટલા અક્ષરો હેઠળ આ પુસ્તક મધે કેહવતો ગોઠવવામાં આવીછે તેટલી વેળા ઉપલી ચોપ-ડીઓ ફરી અને ફરી વાંચી જવી પડતી હતી. સઘળા મળી ૩૯ અક્ષરો હેઠળ આ પુસ્તક મધે કેહવતો ગોઠવવામાં આવીછે, અને જુદીજુદી ભાષાઓની કેહવતોના સંગ્રહવાળી પચીસ ઉપર ચોપડીઓની મદદ સરખી કેહવતો શોધવા માટે લેવામાં આવીછે. હવે, ઉપલા ઓગણચાલીસ અક્ષરો મધેથી જે બે ચાર અક્ષરો હેઠળની કેહવતો ફકત ગણત્રીનીજ છે, તેવા ચાર અક્ષર બાદ કર્યે, અને તેજ મિસાલે જુદી જુદી ભાષાઓની કેહવતોના કેટલાક નાહના સંગ્રહો, જે દર ફેરી જોવા નહિ પડેલા, તેવા પાંચ સાત સંગ્રહો ઉપર જણાવેલી ટીપ મધેથી કાહડી નાખ્યે, તો ૩૫ અક્ષરો માટે ૨૦ ચોપડીઓ દર વેળા જોઈ જવાની ગણત્રી આવેછે, એટલે કે આ પુસ્તક તૈયાર કરવાનાં કામમાં ૩૫×૨૦=૭૦૦ વેળા એ સઘળી

ચોપડીઓ વાંચી જવી પડી હતી, જે મેહનત સઘળાં મળી સાતસો પુસ્તકો વાંચવાની મેહનત બરાબર હતી. એમાંની ઘણીક ચોપડીઓ ૫૦૦ ઉપર સફાની હતી, એટલે એ સર્વ ઝેહમતનો ખ્યાલ વાંચનાર હવે સેહલથી કરી શકશે.

આ સંગ્રહનો "ફ" અક્ષર સુધીનો ભાગ, શેઠ જમશેદજીએ, કકડે કકડે પોતાની હૈયાતીમાં, "વિદ્યા મિત્ર" ચોપાન્યાના સફાઓમાં, પ્રગટ કીધો હતો. સને ૧૮૮૩ ના એપ્રીલ માસના એ માહવરીના આંકમાં એ સંગ્રહનો પેહલો હફતો પ્રગટ થયો હતો, અને તે જુલાઈ ૧૮૮૬ના આંક સુધી "ફ" અક્ષર તુલીક ચાલુ રહ્યો હતો, જ્યારબાદ સંગ્રહ કરનારની ચાલુ નબળી તબિયતને લીધે તે આગળ વધી શક્યો હતો નહિ. "વિદ્યા મિત્ર"ના સફાઓમાં કેહવતો છપાતી ગયા પછી જેજે બીજી નવી કેહવતો શેઠ જમશેદજીને મળતી ગઈ તે, તેમજ તેવણનાં મરણ પછી જે સઘળી કેહવતો મહને હાથ લાગતી ગઈ તે, સઘળીનો સમાવેશ આ પુસ્તક મધે કરવામાં આવ્યોછે. શેઠ જમશેદજીનો આ કીમતી સંગ્રહ જેમ બને તેમ એવણની અસલ નેમ અને મરજી મુજબનો સંપુર્ણ થાય એવા ઈરાદાથી, એવણની હૈયાતીમાં, તેમજ એવણનાં મરણ બાદ, ગુજરાતી કેહવતો વધુ ભેગી કરતા જવાનું કામ મેં ઘણી હોંસ અને ઉલટ સાથ, એક પવિત્ર ફરજ તરીકે, ચાલુ રાખ્યું હતું. ઉપર જણાવ્યુંછે તેમ ગુજરાતી કેહવતોનો

ભંડાર એટલો બોહલો અને દેખઇતો અખૂટ છે કે એક સાહુચેત અને મેહનતુ સંગ્રહ કરનારને દર દિવસે કાંઈ નહિ અને કાંઈબી નવો વધારો પોતાના સંગ્રહ માટે તેમાંથી મળી આવ્યા વિના રહે નહિ. એ બાબદસર વાંચનારની ખાતરી આટલા ઉપરથીજ થશે કે "વિદ્યા મિત્ર" માં "ફ" અક્ષર સુધી છપાયલી કેહવતોની સંખ્યા જ્યારે ૩૮૮૪ ની નોંધાઈ છે, ત્યારે આ સંગ્રહમાં તે સંખ્યા ૬૫૭૮, એટલે લગભગ દોહડી, થવા ગઇછે. એટલુંજ નહિ, પણ પુસ્તક છપાતું ચાલ્યા પછી જેજે વધુ કેહવતો મળતી ગઇ, અને હજી પણ મળતી રહેછે, તે ઉપરથી હું હિમ્મત સાથ કહી શકીશ કે આ પુસ્તકના બંધે ભાગો મધે કેહવતોની જે સંખ્યા સમાઈ છે તે, અગર પુસ્તક હજી વધારે મોડું પ્રગટ થયું હતે તો, અતિશય વધી ગઈ હતે. ગુજરાતી ભાષાનાં કેહવતોને લગતાં આવાં ફળદ્રુપપણાંને લીધે તે કેહવતોનો, અને તેમજ કોઇપણ બીજી ભાષાની કેહવતોનો સંગ્રહ તદન સંપર્ણ થાય એવું છાતી ઠોકી કહી શકાય નહિ.

ગુજરાતી કેહવતોને મળતી પારકી ભાષાઓની બીજી કેહવતો જે આ પુસ્તક મધે આપવામાં આવીછે તે મધેની યુરોપિયન ભાષાઓની કેહવતો માટે પેહલાં વિચાર એ હતો કે તે કેહવતો તે ભાષાઓમાં જેવી રીતે અસલ બોલાયછે તેવીજ રીતે, કશા પણ તરજુમા વિના, આપવી. એ વિચારને અનુસરીને યુરોપિયન ભાષાની કેહવતો શરૂઆતના છપન સફાંઓમાં

અસલ ભાષામાંજ દાખલ કરી દીધીછે. પણ એટલે દરજ્જે આગળ વધ્યા પછી મહને એમ લાગ્યું કે જો સાથે સાથે એ ભાષાઓની કેહવતોના તરજુમા પણ અંગ્રેજીમાં આપ્યા હોય તો સંગ્રહની કીમત તથા ઉપયોગીપણું ઘણું વધી જાય. એવા વિચારથી સફે ૫૭ થી, અને ત્યાર પછી સેવટ સુધી આવેલી, એવી સઘળી કેહવતોના તરજુમા અંગ્રેજી ભાષામાં ફુત–નોતોની અંદર આપવામાં આવ્યાછે. અલબતાં એમ કરવાથી પુસ્તકનાં કદમાં મોહટો વધારો થયોછે એ ખરી વાત છે, પણ તે વધારો ઘટતો અને બરહક થયોછે. અસલ નેમ સઘળો સંગ્રહ એકજ પુસ્તકના આકારમાં બાહેર પાડવાની હતી, પણ ઉપર કહેલાં કારણને લીધે, તેમજ ગુજરાતી કેહવતોનો એકઠો થતો જથ્થો નહિ ધારેલી રીતે વધી જવાને લીધે, તેને બે ભાગમાં વેંહચી નાખવો પડ્યોછે.

અંગ્રેજી તથા સ્કૉતીશ કેહવતો અસલ ભાષામાં આપવા ઉપરાંત, યુરોપિયન ભાષાઓમાં ફ્રૅંચ, જરમન, ઈતૅલ્યન, સ્પૅનીશ, પૉરતુગીઝ, દચ, તથા દેનીશ અને લૅતીન ભાષાઓની કેહવતો તેના અંગ્રેજી તરજુમા સુધાં આપવામાં આવીછે. ગ્રીક તથા રશ્યન કેહવતોનો અંગ્રેજી તરજુમોજ આપવો પડ્યોછે. ઉગમણુ તરફની ભાષાઓની કેહવતો ઉપર આવતાં સંસ્કૃત અને ફારસી કેહવતો અસલ ભાષામાં આપવામાં આવીછે, પણ સંસ્કૃતનો જયારે અંગ્રેજીમાં તરજુમો પણ

આપવામાં આવ્યોછે, ત્યારે ફારસી ભાષાની કેહવતોનો તેવો તરજુમો આપવાની જરૂર જણાઈ નથી, કારણ કે ફારસી ભાષા લખી વાંચી જાણનારા આજે ઘણા છે. ચીનાઈ, જેપાનીસ, અફઘાન, અરબી, કાશમીરી, તામીલ, અને તેલુગુ કેહવતો તેના અસલ હરફે છાપવાની મુસ્કેલીને લીધે તેનો અંગ્રેજી તરજુમો આપ્યોછે. હિંદુસ્તાની તથા બિહાર કેહવતો, વાંચનારની સગવડ ખાતર, ગુજરાતી હરૂફેજ છાપીછે, જ્યારે મરાઠી કેહવતો બાળબોધ અક્ષરે છાપવામાં આવીછે.

આ સંગ્રહ મધે સમાયલી કેહવતોમાં વાંચનારને ઘણીએક કેહવતો અસાધારણ તથા નહિ સમજ પડે એવી જણાશે. જ્યાં બની શકયુંછે ત્યાં તેવી કેહવતોની હેઠળજ નોત મુકી તેનો ભાવાર્થ સમજાવવામાં આવ્યોછે, અથવા તે વાપરવાની રીત બતાવવામાં આવીછે. પણ વળી ઘણીક કેહવતો એવી પણ આવી ગઈ છે કે જે, જેમ સાંભળવામાં યા વાંચવામાં આવીછે તેમ, ઉતારી લીધીછે, પણ જેના ભાવાર્થ માટે શક રેહવાથી તેની સમજુતી આપવાની કાંઈ પણ વેતરણ કરવામાં આવી નથી.

ઘણીક કેહવતો, અને તેઓમાં મુખ્ય કરી પારસીઓ મધે વપરાતી કેહવતો, જેમ બોલાયછે તેમજ, ઉતારી લીધીછે, અને તેથી તે મધે વપરાયલા બોલોની જોડણી ખામુખા તેવીજ રીતની રાખવી પડીછે.

દીબાચો.

ઉપર જણાવ્યા મુજબ આ પુસ્તક મધે સંગ્રેહલી કેહવતો જેમ જણ–મોહડે સાંભળવામાં આવીછે, અથવા જુદે જુદે ઠેકાણે વાંચવામાં આવીછે, તેમ આપવામાં આવીછે. બની શકે એવું છે કે સમજફેરને લીધે, અથવા સાંભળનારની, યા બોલનારની, યા ઉતારી લેનારની કસુરને લીધે, તેમાં ભૂલચૂક આમેજ થવા પામી હોય. આટલા માટે, વાંચનારી આલમ સનમુખ આ પુસ્તક રજુ કરતી વેળા, માહરી એવી અરજ છે, કે જેઓનેબી એવી ભૂલચૂક નજર આવે તેઓએ, તે ઉપર સેવકનું ધ્યાન ખેંચવાની તસદી લેવી. તેમજ, બીજી અરજ એ પણ છે, કે ગુજરાતી ભાષામાં બીજી કોઈ કેહવતો એવી હોય કે જે આ સંગ્રહમાં આવવા નહિ પામી હોય, અથવા આ સંગ્રહમાં આવી હોય તે કરતાં જુદીજ ઢબે બોલાતી હોય, તો તેવી કેહવતો સેવક ઉપર મોકલી આપવાની કૃપા કરવી, કે જેથી ઘટતે પ્રસંગે તેનો ઉપયોગ કરવાનું બની આવે.

મુંબઇ તથા મુંબઈ બાહેર વસનારાં જે જે જુદા જુદા ગ્રહસ્થો તથા બાનુઓએ મરહુમ જમશેદજી પીતીતને, તેમજ તેવણની હૈયાતીમાં, અને ત્યારબાદ, મહને પોતાને, પોતે સાંભ-ળેલી યા વાંચેલી કેહવતો આ સંગ્રહનાં કારણસર વખતે વખત મોકલી આપવાની મેહરબાની કીધીછે તે સર્વનો સામટો આભાર આ તકે માનવાની રજા લઉંછું. એવાં દિલસોઝ

મદદગારોની ઉલટભરી સહાયતા વિના આવો એક સંગ્રહ એકલે હાથે ભેગો કરવાનું કામ ઘણુંજ અપૂર્ણ રહી જાત.

સેવટે, જાહેર કરવાની માહરી ફરજ છે કે આ સંગ્રહ, તેના મરહુમ એકઠો કરનારને જેબ મળે એવાં શોભાવંત સ્વરૂપમાં, પ્રગટ કરવાના ખરચનો મોહટો ભાગ, એ મરહુમનાં માનવંત તથા બુઝરોગ માતાજી મરહુમ બાઈ સાહેબ દીનબાઈ પીતીતે, પોતાની ગીરેથી, દુલ્લે હાથે, આપ્યો હતો. પોતાના વાહલા તથા નામવર સપૂતનાં સર્વે લખાણો સારા આકારમાં પ્રગટ થયલાં જોવાની એ મરહુમ બાઈની કાળજી તથા ઉલટ, સેવટ સુધી, હંમેશ જેવીજ તિક્ષણ તથા તાજી હતી, અને તે જેમ એ માનવંત બાઇના એક માતા તરીકેના પ્યારને શોભા લગાડનારી, તેમ મહને પોતાને ઘણી ઉત્તેજન આપનારી, નિવડી હતી. મરહુમ બાઈજી દીનબાઇનાં મરણ પછી એ પુસ્તક પાછળનો સઘળો બાકીનો ખરચ, પોતાનાં માનવંત માતાજીના સરખીજ કાળજી તથા ઉદારતાથી, તેવણનાં લાયકી-વાળાં બેટી બાઇજી આવાંબાઈ ફરામજી પીતીતે પગાર કીધોછે, જે માટે એહસાનમંદ સંતોષની લાગણી જાહેર કરવાની હું માહરી ફરજ સમજું છું.

મુંબઈ, દીસેમ્બર ૧૯૦૨.

જી.

આ પુસ્તક તૈયાર કરતી વેળા નીચલી ચોપડીઓની મદદ લેવામાં આવી છે:—

A Handbook of Proverbs (English), by Henry G. Bohn (George Bell & Sons, London, 1860)

A Polyglot of Foreign Proverbs, comprising French, Italian, German, Dutch, Spanish, Portuguese, and Danish, with English translations, by Henry G. Bohn (George Bell & Sons, London, 1884)

Proverbs and Their Lessons, by Archbishop Trench, D. D. (Kegan Paul, Trench, Trübner & Co., London, 1890)

Dictionnaire des Proverbes de la Langue Française, par P. M. Quitard (Paris, 1842)

A Handbook of Proverbs and Family Mottoes, by James Allan Mair (London, 1891)

Everybody's Book of Proverbs and Quotations, by W. H. Howe (Howe & Co., London)

Choice Proverbs, Portuguese, French and English, by Santanna Aleixo Fernandes (Bombay, 1866)

મદદે લીધેલી ચોપડીઓની ટીપ.

A Treasury of English Proverbs, by Venkata Subba Rao, B. A., B. L. (Addison & Co., Madras, 1886)

A Collection of Chinese Proverbs, translated and arranged by William Scarborough (Shanghai, 1875)

A Dictionary of Kashmiri Proverbs and Sayings, by the Rev. J. Hinton Knowles (Bombay, 1885)

Eastern Proverbs and Emblems, by Rev. J. Long (Trübner & Co., London, 1881)

Tamil Proverbs with their English Equivalents, by the Rev. P. Percival (Madras, 1877)

A Collection of Telugu Proverbs, together with some Sanscrit Proverbs, by Capt. M. W. Carr (Madras, 1868)

Behar Proverbs, by John Christian (Kegan Paul, Trench, Trübner & Co., London, 1891)

Proverbs from East and West (The Madras Christian Vernacular Education Society, 1891)

A Dictionary of Hindustani Proverbs, by S. W. Fallon, edited by R. C. Temple, Ph. D. (Benares, 1886.)

મદદ લીધેલી ચોપડીઓની ટીપ.

A Collection of Proverbs and Proverbial Phrases in the Persian and Hindustani Languages, by Thomas Roebuck (Calcutta, 1824)

Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts, by Capt. Thomas Herbert Lewin (Calcutta, 1873)

Select Proverbs of All Nations, translated into Marathi Couplets, by Sadashiva Vishvanath (Bombay, 1858)

Marathi Familiar Phrases, with their English Equivalents, compiled by Sadashiva Vishvanath Háte (Bombay, 1868)

Sayings and Phrases, by James Allan Mair (George Routledge & Sons, Ld., London, 1891)

Select Persian Proverbs with their English, Gujarati, and Hindustani Equivalents, by K. R. Nanjiani, B. A. (Bombay, 1886)

Gujarati Proverbs (collected and alphabetically arranged) by Damubhai Dayabhai Mehta, M. A., B. SC., LL. B. (Baroda, 1893)

મદદે લીધેલી ચોપડીઓની ટીપ.

કૌતક-માળા તથા બોધ વચન (અમદાવાદ, ૧૮૮૫)

કથનાવળી, એટલે કેહવતોનો સંગ્રહ, પ્રગટ કરનાર મગનલાલ વખતચંદ (અમદાવાદ, ૧૮૮૩)

કચ્છી સુ-કેણી, પ્રગટ કરનાર કરમઅલી રહીમ નાનજીઆણી, બી. એ. (મુંબઇ, ૧૮૮૬)

કચ્છી કેહવતો (મુંબઇ, પારસી પ્રીન્તીંગ પ્રેસ, ૧૮૮૨)

મરાઠી પ્રચારાંતીલ મ્હણી, પ્રગટ કરનાર ગંગાધર ગોવીન્દ સાપકર (પુણા, ૧૮૭૨)

નર્મ-કોશ, ગુજરાતી શબ્દાર્થ સંગ્રહ (સુરત, ૧૮૭૩)

કેહવત વિષે નિબંધ.

The people's voice the voice of God we call ;
And what are proverbs but the people's voice ?
Coined first and current made by common choice ?
Then sure they must have weight and truth withal.—

Sonnet prefixed to Howell's Proverbs.

"ભોજનને માટે જેમ નિમક, તેમ બોલીને માટે કેહતી" એવું અરબોએ જે કહ્યું છે તે કરતાં વધુ સાદી અને વધુ અસરકારક રીતે કેહવતોની જરૂરિયાત તથા ઉપયોગ વિષે કેઠે પણ લખાયલું જણાતું નથી. ગમે એવી તરતીબથી પકાવેલું ખાનું નિમક વિના જેવું ફિકકું અને કસવાદ લાગે છે, તેવીજ રીતે ગમે એવુંબી સુંદર અને અલંકારીક લખાણ અથવા ભાષણ, કેહવતોના સેહુજબી ભેળ વિના, પોતાની દીપક તથા ઝમક ઘણે દરજજે ખોઈ બેસેછે. જોકે

લૉર્ડ ચૅસ્તરફીલ્ડ

સરખા પંડીતે કહ્યુંછે કે કોઈબી ગ્રહસ્થ કેહવતોનો ઉપયોગ કરતો નથી, તોપણ એ કેહવાનું વાસ્તવિકપણું એકદમ કબુલ કરી શકાશે નહિ. ખુદ નામીચા ઈંગ્રેજ ગ્રંથકારોનાં લખાણોમાં થતો આવેલો, અને હજી પણ થતો, કેહવતોનો

ઉપયોગ આ કેહવાનું બેહુંદાપણું બતાવી આપેછે. એટલુંજ નહિ, પણ લૉર્ડ ચૅસ્તરફીલ્ડના વખત પછી ઇંગ્રેજી ભાષા મધે બોલાતી કેહવતોના જે સંગ્રહો બહાર પડ્યા ગયાછે, તેમજ ઇંગ્રેજી ઉપરાંત યુરપની બીજી ભાષાઓ મધે બોલાતી કેહવતોના, તેમજ ઉગમણુ તરફની જુદી જુદી પ્રજાઓ મધે વપરાતી કેહવતોના, જે અનેક કીમતી સંગ્રહો, મુખ્ય કરી ઇંગ્રેજ ગ્રહસ્થોની મેહનત, ખંત તથા કાળજીથી, છપાઈ બહાર પડ્યાછે તેજ વધુ બતાવી આપેછે કે

મજકુર ઉમરાવનો કેહવતો સામેનો અભાવ

ઇંગ્રેજી પ્રજાએ સામાન્ય રીતે માની લીધો નથી. સર્વેથી વધુ સખત ફટકો જો એ જાહેર થયલા અભાવને કશાંથી પણ મળ્યો હોય તો તે વિદ્વાન આર્ચબીશપ ટ્રેન્ચનાં કેહવતો વિષેનાં અતિશય કાબેલ્યત ભરેલાં ભાષણોથી મળ્યો છે, કે જે ભાષણોની ચોપડીની એકક ઉપર નિકળેલી સંખ્યાબંધ આવૃત્તિઓ જેમ તે ભાષણકર્તાની, તેમજ તેનાં ભાષણની બાબદોની, લોકપ્રિયતા અચુક રીતે સાબેત કરી આપેછે. કેહવતોના વાપરવસ તથા તેની અગત્યતાની પિછાન યુરોપ્યન પ્રજાઓમાં જ્યારે આપણે જોઇએ છિએ, ત્યારે આપણી તરફના મુલુકો, કે જે જેમ દુનિયા મધે પસરેલા સર્વે ધર્મોની, તેમજ સર્વે ફિલસુફીની, જન્મભૂમિ તરીકે કબુલાયલા છે, ત્યાં દુનિયાઈ ડાહપણના આ જાતના ભંડારોની

કેહવત વિષે નિબંધ.

કેટલી કદર બુજાવી જોઇએ તે સેહલથી સમજી શકાયછે. ખરૂં છે, કે કેળવણી તથા જ્ઞાનના વધુ ફેલાવાને લીધે, આપણા વિચારો ઘટતી ભાષામાં દર્શાવવાની જે શક્તિ આપણુ ધરાવ્યે છિએ તે કારણને લીધે, આપણી વાતચીત તથા લખાણો દરમ્યાન આપણા પૂર્વજોના જેટલી છુટથી, અથવા અભણ અને અજ્ઞાન વર્ગોના લોકો મિસાલની સેહલાઈથી, આપણે કેહવતોનો વપરાસ એકબારગી નહિ પણ કરતા હોઇએ, તોપણ, તેની કીમત અને અગત્યતાની કદર બુજવાને આપણ કદી પછાત પડતા નથી. કોઈબી રીતે આવો કઢંગો ખ્યાલ ઉગમણ તરફ કદી પ્રસર્યોજ નથી કે કેહવતો બોલવી યા વાપરવી એ ગ્રહસ્થપણાંને નહિ છાજતી વાત છે. એથી ઉલટુંજ, વડવાઓ તરફથી મળેલાં ડાહપણના એક કીમતી વારસા તરીકે, આ તરફની સઘળી પ્રજાઓએ, એ ખજાનો, પેહડી દર પેહડી, મુખ–દ્વારે, માન ભરેલાં હેત સાથે, જાળવી રાખ્યો છે, અને તેના વાપરવસ તથા શિક્ષણથી ભાષાને સણગાર અને મનને ચાનક મળેછે એવું પેહલેથીજ માની લીધુંછે.

અને તોપણ, પશ્ચિમ તરફની પ્રજાઓ વટીકમાં કેહવતો કશા પણ ધિક્કારમાં આવી પડી હોય એવું આપણ મજબુતીથી અને શાહદતો સાથે કહી શકીશું નહિ. લૉર્ડ ચૅસ્તરફીલ્ડે પોતે કેહવતોની તવારીખનાં અંજાણપણાંમાંજ પોતાનો ઉપલો વિચાર જાહેર કર્યો હશે, કારણ કે આએ તો

ઘણી મશહુર બીના છે, કે રાણી ઍલીઝાબેથ, અને રાજાઓ જેમ્સ અને ચાર્લસના વખતમાં ઉમરાવી પદનાં, અને જાણીતાં આસામીઓ તથા લખનારાઓ પોતાની વાતચીતોમાં અને કાગળ પત્રોમાં કેહવતોનો ઘણી છુટથી ઉપ્યોગ કરતા હતા. એટલુંજ નહિ, પણ વળી તેઓમાંના ઘણાઓ કેહવતો એકઠી કરનારા તરીકે જાણીતા થયલા હતા. લૉર્ડ ચૅસ્તરફીલ્ડના પોતાના જમાનામાં કદાચ ઉમરાવી વર્ગો અને બડેખાંઓમાં એના વાપરવસ સામે એ ઉમરાવના વિચાર સરખો કાંઈક અભાવ બેઠો હોય, તોપણ શિખેલા અને વિદ્વાન વર્ગોમાં એનો જે વપરાસ થતો આવ્યો છે તે ઉપરથી સિદ્ધ થાયછે કે એ પ્રજાઓમાં પણ કેહવતો ઉપર, બાપદાદેથી ઉતરી આવેલી કીમતી મિરાસ માફક, ભાવ રાખવામાં આવેછે.

આ તો સારી રવેશે જણાયલી બીના છે કે ચોપડીઓ લખાવા લાગી તેનીબી આગમજ કેહવતોની હસ્તી હતી. નીતિના નહિ લખાયલા કાનુનો અને પાઠો તરીકે, બલકે ઘણાક ઉપ્યોગી હુનર ઉદ્યોગોની ચાવીઓ તરીકે, તે એક મોહડેથી બીજે મોહડે, અને એક જમાનેથી બીજે જમાને, ઉતરવા લાગી. જે વિદ્વાનને મોહડેથી પેહલે એક કેહવત જનમ પામી હશે તેનું નામ જોકે જમાનાઓના વેહવા સાથ ભુસરઈ ગયું હશે, તોપણ તે કેહવત તો ચાલુ સિક્કા તરીકે ઉતરી આવીજ હશે. છેક અસલ વારેથી નેગાહ કરીશું તો

ઍરીસતોતલ

સરખો મહાન પંડીત પોતે કેહવતોના વપરાસ ઉપર પોતાની પસંદગીનો છાપ મારી ગયોછે. કેહવતો ભેગી કરવાનું જો કોઇને પણ પેહલવેહલું સુજેલું જણાયું હોય તો તે આ વિદ્વાનને હતું. જે કામ કરવાનું આ દુનિયા—આશકાર ફિલસુફને ખોટું જણાયું નહિ તે કામ કોઇબી રીતે હલકું યા ખોટું હોય એ આપણી સમજમાં ઉતરી શકતું નથી. ઍરીસતોતલ પછી જે બીજું જગ—પ્રસિદ્ધ નામ કેહવતોના વપરાસની તરફેણમાં આપણુને મળે છે તે મહાન-ગુરૂ

શેકસપિયર

નું છે. આ બુલંદ કવિના અમર નાટકોમાં, જગેજગ, કેહવતો તથા કેહવત—રૂપી એસારાઓનો એવો છુટથી ઉપયોગ કરવામાં આવ્યોછે, કે માણુસાઈ ખવાસ અને દુન્યાઈ ડાહપણુનો જે કોઈથીબી બરાબરી નહિ કરી શકાય એવો બારીક અનુભવ, આ નાટક—ગુરૂ, પોતાનાં લખાણોમાં, આપણુને આપેછે, તે અનુભવને કેહવતોનું આવું ઉંડું જ્ઞાન ઘણી સારી રીતે ટેકો દેતું ઉભું રહ્યુંછે. કેહવતો ઉપરની આ કવિની પ્રસન્નતા કેટલી અનહદ હોવી જોઇએ તે આ ઉપરથીજ જણાઈ આવે છે કે પોતાના નાટકોમાંના કેટલાક નાટકનાં નામો વટીક તેણે કેહવતોમાંજ આપ્યાંછે, જેમકે "*Much Ado About Nothing*," "*Measure for Measure*," "*All's Well*

that Ends Well." યુરપિયન નામીચા લખનારાઓમાં શેકસ-પિયરથી ઉતરતું બીજું નામ શોધશું તો તે "ડૉન કવીક્ઝોત"ના અમર અને હાસ્યરસ કિસ્સા બનાવનાર

સરવૅનતીસ

નું જણાશે. આ લખનારે કેહુવતોના વપરાસ વિષેની પોતાની પસંદગી એવા અચૂક આકારમાં બતાવી આપીછે કે જે વિષે આપણને કશો પણ સંદેહ રહે નહિ. લા માનકાના પ્રસિદ્ધ ચકડોળ જોદ્ધા—ડૉન કવીક્ઝોત—સપેહસાલાર બાહદુરના હજુરિયા તરીકે નિકળેલો સૅન્કો પાન્ઝા જ્યારેબી કાંઈ બોલવા માટે પોતાનું મોહડું ઉઘાડે છે ત્યારે તેનાં મોહમાંથી કેહુવતોની એટલી બધી તો રેલારેલ થાયછે કે તેના બોલવાનો અરધો અરધ ભાગ ખુદ્દ કેહુવતોનોજ બની રહે છે.[1] દુનિયાના ત્રણ અમર લખનારાઓએ કેહુવતોના ઉપયોગ વિષેની પોતાની પસંદગી આવી અચૂક રીતે બતાવી આપીછે એજ શાહદત એટલાં કારણસર પુરતી છે. તોપણ આર્ચ-બીશપ ટ્રૅન્ચ પોતાનાં વિદ્વતા ભરેલાં ભાષણોમાં હજી બીજા કેટલાક નામીચા ગ્રંથકારોનાં નામ આપેછે કે જેઓ જોકે સાહિત્યનાં ખેતરમાં ઉપલાઓ જેટલી નામના કમાયા નથી

૧. આ કેહવતો કેટલી બધી મોહટી સંખ્યામાં વપરાયલી હશે તેનો ખ્યાલ આ ઉપરથીજ આવી શકશે કે તે સર્વે કેહવતોનો એક જુદોજ સંગ્રહ (*Sancho Panza's Proverbs,* collected and translated by Ullick Ralph Burke) ઇંગ્રેજી ભાષામાં બાહેર પાડવામાં આવેલો છે.

તોપણ તેમાં તેઓ ખચીત ઉંચી પદવી ધરાવેછે. લૅતીન કવિઓમાં સર્વથી સરસ લખનાર પ્લૅાતસ, અને ફ્રૅન્ચ ગ્રંથાકારોમાં નામીચા થયલા મૅાંતેન્ય અને રાબેલે, તેમજ નામીચો અંગ્રેજ કવિ ચૅાસર, એઓ સર્વે પોતાનાં લખાણોના સણગારમાં જાબજા કેહવતોના પુર છુટ ભરેલા ઉપયોગથી ઘણો રસ ઉમેરવા પામ્યાછે. સર વૅાલ્તર સ્કૅાતનાં પુસ્તકોનો દરેક વાંચનાર જાણેછે કે એ પ્રસિદ્ધ લખનારની "*Tales of My Landlord*" માં તેણે પોતાના હુમવતનીઓમાં વપરાતી કેહવતોનો કેવો બોહલો ઉપયોગ કીધોછે. ઈંગ્રેજી કેહવતોના ભંડારથી બિનમાહીતગાર વાંચક બતલરની "હ્યુદીબ્રાસ" જવળેજ સમજવા પામશે.

પણ કેહવતોના વપરાસની તરફેણમાં જે સર્વથી વધુ વજનદાર શાહદત છે, અને જે વિદ્વાન આર્ચબીશપ ત્રૅન્ચ પોતાનાં ભાષણમાં પણ ટાંકી બતાવેછે તે ખ્રિસ્તીઓના પયગમબર ખુદ

ઈસુ ખ્રિસ્ત

નો પોતાનો દાખલો છે, કે જે પોતાના વચનો વધુ વજનદાર અને અસરકારક બનાવવા માટે તેમાં પોતાનાં લોકો વચ્ચે તે વખતે વપરાતી કેહવતોનો ઘણો પસંદકારક ભેળ કરેછે.

આ સર્વે દાખલાઓ અને શાહદતો ઉપરથી આટલું તો ઘણીજ સ્પષ્ટ રીતે સાબેત થાયછે કે જે બાબદ ઉપર પોતાનું

ધ્યાન રોકવાને ઉપર જણાવેલા જુદા જુદા મહાવિરો વાજબી સમજેલા તે બાબદ ધ્યાન ઉપર લેવી એ કોઇબી રીતે હલકું યા ખોટું કામ હોયજ નહિ. આર્ચબીશપ ટ્રેન્ચ પોતે, એ વિષે, જે જોશદાર ભાષામાં, પોતાના વિચારો દર્શાવેછે તે અતરે ઉતારી લીધાથી આ બાબદની અગત્યતા વધુ ખુલ્લી રીતે માલમ પડશે:

" And we too ourselves, as I doubt not, after a little acquaintance with the literature of proverbs shall be ready to set our own seal to the conclusions of wiser men that have preceded us here. For, indeed, what a body of popular good sense and good feeling is contained in the better, which is also the more numerous, class of proverbs. What a sense of natural equity, what a spirit of kindness breathes out from many of them; what prudent rules for the management of life; what shrewd wisdom, which though not *of* this world, is most truly *for* it; what frugality, what patience, what perseverance, what manly independence, are continually inculcated by them. How fine a knowledge of the human heart do many of them display; what useful, and not always obvious, hints do they offer on many most important points, as on

the choice of companions, the bringing up of children, the bearing of prosperity and adversity, the restraint of immoderate desires. And they take a yet higher range than this; they have their ethics, their theology; they contemplate man in his highest relations of all, as man with his fellow man, and man with his Maker. Let their utterances on these points be correct or not, and I am very far from affirming that they are always correct, the student of humanity, he who being a man, counts nothing human to be alien to him, can never, without wilfully foregoing an important document, and one which would have helped him often in his studies, altogether neglect or pass them by."[૧]

ત્યારે જે બાબદ દુનિયા—વ્યવાહરમાં આટલી બધી ઉપયોગી, જેના અભ્યાસ વિના માણુસાઈ અનુભવ કોતાહુ, અને જગતનું ડાહુપણુ અપૂર્ણુ, તે બાબદનું જ્ઞાન સંપાદન કરવાની તરફેણુમાં ઉપલી કરતાં વધુ અલંકારીક શાહદત આપણુને કયાંથી મળશે?

પેહલો સવાલ જે કેહવતોની બાબદના અભ્યાસ સંબંધમાં ઉભો થાયછે તે એ છે કે

૧. *Proverbs and Their Lessons*, p. 6.

કેહવત એટલે શું?

કેહવત શાને કેહવી જોઇએ, તેનાં બંધારણમાં શું શું ગુણ–લક્ષણનો સમાવેશ થવો જોઇએ? આ સવાલોનો ઉત્તર સેહલાઇથી દેવાઇ શકાય તેવું નથી. ઘણા ઘણા વિદ્વાનો અને મહા–પંડીતોએ કેહવતની વ્યાખ્યા આપવાની તજવીજ કીધીછે, પણ તેઓ મધે કોઈ બેનું મત સરખું ઉતર્યું નથી, જોકે એ સઘળાઓએ આપેલી વ્યાખ્યા થોડે કે ઘણે દરજ્જે ખરી છે. દાખલા તરીકે નીચે એકઠી કીધેલી

તેની જુદી જુદી વ્યાખ્યાઓ

ઉપરથી ખુદ કેહવત વિષેજ "જણ મોહડે જણ વાત" કેવી રીતે થાયછે તે તપાસવાનું મનોરંજક થઇ પડેછે:—

"Remnants which, on account of their shortness and correctness, have been saved out of the wreck and ruin of ancient philosophy."—*Aristotle.*

"Short sentences, into which, as in rules, the ancients have compressed life."—*Agricola.*

"Well-known and well-used dicta, framed in a somewhat out-of-the-way form or fashion."—*Erasmus.*

"Edge tools of speech, which cut and penetrate the knots of business and affairs."—*Bacon.*

"*Jacula prudentum*, darts or javelins of the wise."—*Herbert.*

કેહવત વિષે નિબંધ.

"Fragments of wisdom."—*D'Israeli.*

"Short sentences drawn from long experience." —*Cervantes.*

"Short sentences frequently repeated by the people."—*Dr. Johnson.*

"A saying without an author."—*Archbishop Trench.*

"The people's voice."—*Howell.*

"Intense expression of condensed idea."—*Tupper.*

"The wit of one man, and the wisdom of many." —*Earl Russell.*

યુરપિયન ઓલમાઓએ કેહવતોના સંગ્રહ અને તેની સમજણ વિષે જેટલું ધ્યાન આપ્યુંછે તેમાંના સોમે હિસ્સે પણ, માઠાં ભાગ્યે, દેશી લેખકો તરફથી એ રસીલી બાબદ ઉપર લક્ષ આપવામાં આવેલું જણાતું નથી, કે જેથી કેહવતના અર્થ વિષેના જુદા જુદા યુરપિયન વિદ્વાનોનાં જે મત ઉપર આપવામાં આવ્યાંછે તેવાં

દેશી મત

ટાંકી શકાય. નર્મ-કોશ ઉઠલાવી જોતાં કેહવતોનો અર્થ એ પુસ્તકમાં આ પ્રમાણે આપવામાં આવ્યોછે: "પરમ્પરાથી

લોકમાં કેહવાતું આવેલું બોધ-રૂપ—દૃષ્ટાન્તરૂપ વાક્ય—વચન." મી૦ દામુભાઈ મેહતા, "ગુજરાતી કેહવતો" વાળી પોતાની ચોપડીમાં કેહવતનો અર્થ આ પ્રમાણે સમજાવેછે: "વિદ્વાન, ડાહ્યા માણસો, અનુભવી માણસો, જે વચન અગર સિદ્ધાન્ત કહી ગયાછે તે કેહવત." આ બંધેમાં નર્મદાશંકરે સમજાવેલો અર્થ વધુ બંધબેસ્તો લાગેછે, કારણ કે ખોદાતાલાએ બનાવેલાં સઘળાં ચોપગાં જાનવરો જેમ ઘોડા નથી, તેમ વિદ્વાન અને ડાહ્યા માણસોએ કહેલા સઘળા વચનો અથવા સિદ્ધાન્તો કાંઈ કેહવત નથી. નર્મદાશંકરના કેહવા પ્રમાણે તેવા વાક્ય યા વચનમાં કાંઈ બોધ અથવા દૃષ્ટાન્ત સમાયલા હોવા જોઇએ, અને તે વંશપરમ્પરા લોક—મુખે ઉતરી આવેલા જોઇએ. અલબતાં આ સિવાય

કેહવતો માટેનાં બીજાં ગુણ-લક્ષણ

પણ છે કે જે નર્મ-કોશ મધે આપેલી વ્યાખ્યામાં સમાયલાં નથી, પણ જે વિષે આગળ વિવેચન કરવામાં આવશે. ઉપર જે તરેહવાર વ્યાખ્યા કેહવતો વિષે એકઠી કીધીછે તે ઉપરથી જણાશે કે કોઇબી બે લખનારના વિચાર તે બાબે તદન એકસરખા ઉતર્યા નથી. જેમ બીજી ચીજોમાં, તેમ એ સઘળી વ્યાખ્યાઓમાં પણ, કાંઈ નહિ અને કાંઈ ખામી કાહડવી, એ ઘણું સેહલ કામ છે. ખરેખરૂં મુશ્કેલ કામ તો એક પાકટ, અને સર્વે ચુનોચ્યરાની સામે ટકી શકે એવી,

વ્યાખ્યા આ બાબદ માટે બનાવવાનું છે. તોપણ, જો. ઉપલી સઘળી વ્યાખ્યાઓ બારીક નજરથી તપાસીશું તો, તે ઉપરથી આટલો તો સાર આપણ કાહડવાને સામર્થવાન થઇશું કે એ સઘળા લખનારાઓ, કેહવતો માટે, નીચલી ચીજોની જરૂરિયાત, એકસરખી રીતે, કબુલ કરેછે:

પેહલું, કે તે ટુંકી હોવી જોઇએ.

બીજું, કે તે સંક્ષેપમાં બોહલો અર્થ દશાવનારી જોઇએ.

ત્રીજું, કે તે ડાહપણ શિખવનારી અને બોધ દેનારી જોઇએ, એવી કે જેથી માનવીને કાંઈ નહિ અને કાંઇબી જાતની શિખામણ મળે. અને

ચોથું, કે શબ્દોની ટંકશાળ મધેથી બાહેર પડેલા ખરા ચલણી સિક્કા તરીકે એક ભાષાનાં રાજ્યમાં જાએજ થવા માટે તે ઉપર લોક-પસંદગીનો છાપ પડેલો હોવો જોઇએ, અને તે સર્વ-માન્ય હોવી જોઇએ. કેહવતોનું

પેહલું લક્ષણ

કે તે ટુંકી હોવી જોઇએ તે તપાસતાં એવું માલમ પડેછે કે તે મોહટે ભાગે ખરૂં છે: જેમ કે "કર ને જો," "દુખ પર ડાહમ," "કવાબમાં હાડકું," "ગઈ વાત ગુજરી," "ગત તેવું મત," "સબસે બડી ચુપ," "ચિઠ્ઠીનો ચાકર," "દેશ તેવો વેશ," "દાઝે તે બરાડે," "ભાગી પણ ભરૂચ," "પૈસાનો ખેલ," "વેહલો તે પેહલો," "વેહા ને

બેહા," "વેળા એજ વસુ," "રંજનું ગંજ." તોપણ, કેહવતોનું ટુંકપણું એવા પ્રકારનું હોવું જોઇએ કે, જે અર્થ અથવા ઢડો તે કેહવતથી આપણ દર્શાવવા માગતા હોઇએ તે, તેટલાજ ટુંક શબ્દોમાં, આપણ સેહલાઇથી દર્શાવી શકયે. અંગ્રેજોમાં કહેછે તેમ "Brevity is the soul of wit" કેહવતોના બાબમાં ખચીત ખરૂં છે, પણ તેમ વળી ઘણીક કેહવતો એવીબી છે કે જે ટુંકમાં બોલાતી નથી, અને તે છતાં તે કેહવત નથી એવું કોઇબી રીતે કેહવાઇ શકાતું નથી. ત્યારે, એ બીના ધ્યાનમાં રાખી, ટુંકાપણાંનો અર્થ આપણે જુદીજ રીતે સમજવાની વેતરણ કરવી જોઇએ છે. બે ત્રણ, કે ચાર પાંચ, શબ્દોમાં સમાયલી હોય તેજ કેહવત ટુંકી કેહવાય, અને દસ બાર, કે પંદર વીસ, શબ્દોવાળી કેહવત અવશ્યજ લાંબી ગણાવી જોઇએ, એવું કાંઇ નથી. દાખલા તરીકે, એક ચોકસ ઢડો સાદી એબારતની પાંચ દસ લીટીમાં સમજાવી શકાય, અને તેજ ઢડો કેહવત–રૂપે માણસનાં મન ઉપર ઠસાવવા માટે બે ત્રણ શબ્દોમાં મુકી શકાતો હોય, તો તે કેહવત જેટલી ટુંકી ગણાય, તેટલીજ ટુંકી એક બીજી કેહવતં પણ કેહવાઈ શકાય, કે જે પંદર વીસ શબ્દોમાં સમાયલી હોય, પણ જેનો ઢડો સાદી એબારતમાં સમજાવવા માટે પાંચ છ સફા રોકવા પડે. આટલા માટે ટુંકાપણું ફકત ગણત્રીના થોડા શબ્દોના વપરાસમાં આવી અટકતું નથી. શબ્દો સંખ્યામાં વધારે પણ વપરાયલા હોય, પણ જો કેહવતનો

ભાવાર્થ સાંભળનારનાં મન ઉપર ઠસાવવા માટે તેટલા વધુ શબ્દોની અગતજ હોય તો તે કેહવત પણ ટુંકીજ જાણવી. જેમ કે "ગરીબનો બેલી પરમેશ્વર" એમાં ફકત ત્રણ શબ્દોજ છે, અને તેથી તે ટુંકી કેહવાય, તેમ વળી "ગાજતા મેહ વરસે નહિ, ને ભસતા કુત્તા કાટે નહિ" એ કેહવતમાં નવ શબ્દો આવ્યાથી તે કાંઈ લાંબી કેહવાય નહિ, કારણ કે પાછલી કેહવતોનો મજમુન એ કરતાં ઓછા શબ્દોમાં દર્શાવી શકાતો નથી. ત્યારે કેહવતો "ટુંકી" હોવી જોઇએ તેનાં કરતાં તે "સંક્ષેપ" હોવી જોઇએ એવી રીતે બોલવું વધારે બંધબેસ્તું થઈ પડે, એટલે કે, નહિ કે ફકત બે ત્રણ યા ચાર શબ્દમાં પટાવી કાહડેલી, પણ તેનો ભાવાર્થ ધ્યાનમાં રાખીને, જેમ બને તેમ, થોડા શબ્દોમાં દર્શાવેલી. દાખલા તરીકે આ નીચલી કેહવત લઇએ: "સુન્નું રૂપ્પું સોની ચોરે, ને નંગ બદલે જડિયો, મોડો આવી ચવેણું માગે, એ સુથાર ને કડિયો, એટલા પાસે ક્યારે જઇએ કે પુરા હોઇએ ગરજી, કપડું ચોરી પૈસા માગે એ જાતનો દરજી." હવે આ કેહવત કોઇબી રીતે ટુંકી તો કેહવાયજ નહિ, પણ તેમ જુદા જુદા ધંધાદારીઓની લુચ્છાઈ માટે જે ભાવાર્થ એ કેહવત ઉપરથી કાહડવો છે તે જોતાં તે અતરે બતલાવીછે તે કરતાં વધુ સંક્ષેપ રીતે દર્શાવી શકાતેજ નહિ. તે ટુંકી નથી, પણ ટુંકી નથી માટે તે કેહવત નથી એમ ઠરતું

f

નથી. તેનો મજમુન તપાસતાં તે સંક્ષેપમાંજ દર્શાવેલીછે, અને તેથી તે પક્કી કેહવતજ છે. કેહવતોનું

બીજું લક્ષણ

કે તે સંક્ષેપમાં બોહલો અર્થ દર્શાવનારી હોવી જોઇએ, એ એટલું તો સ્પષ્ટ અને સેહલ ધ્યાનમાં ઉતરે એવું છે કે તે માટે લંબાણ સમજણ આપવાની કશી જરૂર નથી. દાખલા તરીકે "કર ને જો" એ સાદા અને ટુંકા ત્રણ શબ્દોમાંજ એટલી ઉંડી ફિલસુફી સમાવી દીધીછે કે જે માટે નીતિ શિખવનારાઓએ પોઠાના પોઠા ભર્યાછે. માણસનાં સારાં યા નરસાં કરતુક અને તેની ભલી યા ભુંડી ચાલચલણનાં પ્રમાણમાં, આ જગતમાં, તેમજ આવતી દુનિયામાં, તે સુખી યા દુખી થાયછે, અને સારો બદલો અથવા સજા પામેછે, એવું જે દરેક ધર્મનું અને દરેક નીતિ–શિખવનાર ફિલસુફનું ઉમદા શિક્ષણ, તે, આ સાદા પણ સંપૂર્ણ અર્થથી ભરપુર ત્રણ ટુંક અક્ષર કરતાં બીજી વધુ અસરકારક રીતે કેમ દર્શાવી શકાતે તે વિચારવુંજ મુશ્કેલ છે. કેહવતોનું

ત્રીજું લક્ષણ

કે તે ડાહપણ શિખવનારી અને બોધ દેનારી જોઇએ, કે જેથી માનવી જાત તે ઉપરથી કાંઈ નહિ અને કાંઈબી શિખામણ લઈ શકે, એ પણ આ પુસ્તક મધે આવેલી કેહવતોના ફકત ઉપર ટપકેના અભ્યાસથીજ પોતાની મેળે

સિદ્ધ થઈ જશે. દાખલા તરીકે "આંચોબી નાગો, જશોબી નાગો, કર ખુબી તો પેહરશે સવાગો" એ કેહવત આ દુનિયાની જુઠી માયા ઉપર કશોબી ભરૂસો નહિ રાખવા, પણ નેકી અને ખુબી ભરેલાં કામો કરી બેહસ્તનો તોસો હાંસલ કરવા માટે કેવી અસરકારક રીતે ઢડો આપેછે. "કમાએ થોડું, ને ખરચે ઘણું, પેહલો મુરખ તેને ગણું" ઉડાઉપણાંની સામે સાવચેત રેહવા, અને આપણી કમાઇની હદમાંજ આપણો ખરચ રાખવાની શિખામણ આપણને દેય છે. "થોડી ભુખના, ને ઘણાં સુખના" તંદોરસ્તી સાચવી રાખવાનો એક એવો ઉમદા નિયમ આપણને શિખવેછે કે જે ઉપર જો સાધારણ લોકો ધ્યાન આપે તો દુનિયા મધેનાં અનેક દુખ દરદો મોહટે ભાગે પોતાની મેળે ઓછાં થઈ જાય, અને માણસજાતની ઘણીક શારીરીક પીડાકારીનો અંત આવે. વળી આ દુનિયામાં માણસની ચહડતી પડતી, અને તેની હાલતની નાપાયદારી, બતાવવા માટે "શાહના ફકીર, અને ફકીરના શાહ" કરતાં વધુ સરસ ઢડો બીજી કેઈ કેહવતથી આપી શકાશે? ખંત રાખી ચાલુ મેહનતથી આયંદેહ કેવી ફતેહ મળેછે તે "શોધે તેને સાહેબ જડે" એ કેહવત ઘણી અસરકારક રીતે શિખવેછે. "સુખ પુઠે દુખ, ને દુખ પુઠે સુખ" એ આ ફરતા સંસારનો એક અચળ નિયમ ઘણીજ સાદી ઢબથી આપણાં મન ઉપર ઠસાવેછે, અને તેથી સુખની વેળાએ જેમ ફોકટમાં છલકાઈ નહિ જવા માટે, તેમ દુખની

વેળા ધીરજ અને સબુરી નહિ ખોઇ દેવા વિષે, આપણને સબક દેયછે. તેમજ મગરૂબી તથા તકોબરી આખરે ઈનસાનને કેવી દુર્દશામાં લાવી મેલેછે, અને તે કરનારને પસ્તાવાનું કારણ આપેછે, તે, "એંહુકારનું ઘેર ખાલી" એ કેહવત ઘણીજ સ્પષ્ટ રીતે સમજાવે છે. એવા એવા દાખલાઓ તો અગણીત ટાંકી શકાશે. કેહવતોનું

ચોથું લક્ષણ

કે તે ઉપર લોક–પસંદગીનો છાપ પડેલો હોવો જોઇએ, અને તે સર્વ–માન્ય હોવી જોઇએ, એ જોકે સર્વેથી છેલ્લું, તોપણ, ઘણું અગત્યનું, લક્ષણ છે. સંક્ષેપ, બોહલો અર્થ દર્શાવનારા, અને ડાહપણનો ઢડો ઈનસાનો આગળ રજુ કરનારા એવા વાક્ય તો દરેક ભાષામાં ઘણાબી મળી આવેછે, અથવા બનાવી શકાયછે, પણ તે સઘળા કાંઈ કેહવત તરીકે પસાર થઇ શકતા નથી. કેહવતો કાંઈ બનાવી શકાતી નથી. એક લખનાર કહેછે તે ખરૂં છે કે "It is as impossible to make a proverb as to make an emerald, or that black diamond which constitutes the more familiar sparkle of material life." ત્યારે કેહવતો બનાવવાનું અભિમાન ધરાવવું એના જેવી શેખી બીજી શી હશે? ઉપલોજ લખનાર કહેછે કે "To be a deliberate proverb-maker is really the highest form of impertinence; for a proverb speaks with the assumption of universal

experience; it expects general acquiescence as a right—as a matter of course; its tone allows of no dispute or question, and is an appeal to universal knowledge." આ પ્રમાણે જોતાં બોધ દેનારો દરેક વાક્ય નહિ, પણ જેબી વાક્ય લોક-પસંદગી પામ્યો, અને એક મોહ્ડેથી બીજે મોહ્ડે ઉડતાં સાધારણ વપરાસનો થતો ચાલ્યો, કે પછી તે કેહવતોના મોહટા કબીલામાં પોતાની જગ્યા લેવા પામેછે. દાખલા તરીકે "બધું સેહવાઇ શકાય, પણ સારૂં નસીબ નહિ સેહવાઈ શકાય," "તાહરા દોસ્તને એવું કાંઈ ના કેહતો કે જે તાહરા દુશ્મનને નહિ જણાવાનું હોય," "સૌ પોત પોતાને માટે, અને ખોદા સર્વને માટે," "ખાલી કોથલો ઉભો રહી નહિ શકે," એ સઘળા જોકે બીજી દરેક રીતે કેહવતનાં ગુણ લક્ષણ ધરાવનારા વચનો છે, તોપણ કેહવતો મધે તે પસાર થઇ શકતા નથી, તે એજ કારણથી કે જણ-મોહ્ડે તે બોલાઇ ચવાઇને એ દરજ્જો પામી શક્યા નથી. લોક-કલ્પનાને તેમજ લોક-મગજ-શક્તિને તે વાક્યો એવા રૂચવા જોઇએ કે જેથી તે તુરત ઉપાડી લઈ એક મોહ્ડેથી બીજે મોહ્ડે પસાર થતાં તે ઉપર કેહવત તરીકેનો છાપ લેતા જાય. લોક-પસંદગી અને લોક-મત વિનાના એવા વચનો ગમે એવા સંક્ષેપ, અને ડાહપણ શિખવનારા હોય પણ તે કેહવત તરીકે રદ છે.

આ છેલ્લાં લક્ષણ વિષે વિવેચન કરતાં ત્યારે સવાલ

એવો ઉઠી શકે કે એવાં સુવેણોને કેહવતો તરીકે લેખવાનાં કારણસર

લોક-પસંદગીનો છાપ

તે ઉપર પડવા માટે શું ચીજ જરૂરિયાતની છે. વિદ્વાન આર્ચબીશપ ટ્રેન્ચ, કે જેનાં કેહવતો વિષેનાં નામીચાં અને કીમતી પુસ્તકની મદદ આ લખાણ દરમ્યાન વારંવાર લેવી પડીછે, તે એવી જરૂરિયાતો ચાર કિસમની પિછાનેછે, અને તે ખચીત બંધબેસ્તી છે. એવા વચનોને કેહવતોમાં ફેરવવા માટે તો (૧) તે સંક્ષેપ હોવા જોઇએ (૨) તેમાં પ્રાસનો ભેળ હોવો જોઈએ (૩) તેમાં અનુપ્રાસ અને (૪) થોડીક ખુશ અતિશયોક્તિ જોઇએ.

હવે, કેહવતો માટે

(૧) સંક્ષેપતા

અવશ્ય જોઈએ એ તો આપણે ઉપર તપાંસી ગયા. તેમાં ઘણી વેળા

(૨) પ્રાસ

હોયછે એ તો આ પુસ્તકો ઉઠલાવતાં ઠારેઠાર નજર પડે એવી બીના છે. ફક્ત આપણી ગુજરાતી ભાષામાંજ નહિ, પણ બીજી હરેક ભાષાની કેહવતોમાં જોઈશું તો પ્રાસવાળી કેહવતો મુખ્ય મળશે, અને તેનું કારણ તદન દેખઈતું છે કે પ્રાસવાળા વાક્યો સ્મરણ-શક્તિમાં ચીટકી બેસવા માટે અગત્યના છે,

અને કેહવતો જ્યારે યાદદાસ્ત–શક્તિનીજ વાત થઈ પડેછે ત્યારે તો તે જેમ પ્રાસમાં વધારે, તેમ યાદદાસ્ત માટે સેહલ. તેમજ વળી આ તો જાણીતી બીના છે કે પ્રાસ સાથના કવિ-તાઈ વાક્યો હંમેશાં ઇનસાનની કલ્પના–શક્તિને બહુ રૂચતા આવેછે, અને તેટલા માટે એક વાક્ય જે કલ્પનાએ ઉપાડી લીધો, અને યાદદાસ્તમાં બેઠો, એટલે પછી એક મોહડેથી બીજે મોહડે તેનો ઉપ્યોગ જરૂરજ જાગ્યો, અને એ પ્રમાણે ફેલાતાં તે કેહવતનો છાપ લેતો ચાલ્યો. એવી પ્રાસવાળી કેહવતોમાં ગુજરાતી ભાષા ખચીત તવંગર છે. થોડીક ટાંકી બતલાવીશું: "આગળ દોડ, ને પાછળ ચોડ," "કરમની કાહણી, અરધાં તેલ ને અરધાં પાણી," "ગામડિયા ગમાર, ન જાણે ચોખા કે ન જાણે નમાર," "જાય બજાર, ને ખાય પેંજાર," "ડાહ્યો દોહરો, ને વચાવનો હોરો," "તમાશાને તેડું નહિ, ને બાવળ્યાને ખેડું નહિ," "પલીત ભાગે, ને ભુત જાગે," "પારકે પૈસે પરમાનંદ, ખાઇ પીને કરો આનંદ," "બાયડી જોય લાવતો, ન માય જોય આવતો," "ભરે ઘાઘર, તો મલે નાગર," "મરી, મીઠું, ને રાઈ, તેનાં ઘડ્યાં પીત્રાઇ," "મહોમાં બોલ, ને હાથમાં તોલ," "રૂપની રૂડી, ને કરમની ભુંડી," "લાડબાઈ લુહવારડી, ન કાખમાં મારી બુહવારડી," "વાડીએ બાર, ને ચૌટે અધાર," "શુકરવારની રાત, ને કર્યે નહિ વાત," "સાગ, સીસમ, ને સુન્નું, કદી નહિ થાય જુન્નું," "હાડમાં હીલો, ને ખભામાં ખીલો." એ ઉપરાંત વળી તેમાં

(૩) અનુપ્રાસ

જોઇએ તે માટે નીચલા દાખલાઓ પુરતી સમજ આપી શકશે :—

"કાલી કુતરીને કાને કીડા, ને એક ગેઇ ને બીજી પીડા," "ગુપટ ગંગા ગઇ," "ચું થીને ચાંદું પાડવું," "છેલ્લો ઉપાય છાસનો," "પેહલાં પાપ, પછી માપ," "પારકી પીડા, પંચાત પરાઇ, ના કરો માહરા માવજીભાઇ," "પાદશાહની પણ પીઠ છે," "પાતરે પાણી પાવું," "ફરેબે ફરેશ્તા ફરે," "બાર બાયડીએ બગલાનું જોર," "બાર બોલાવણ બેસણું, બીડું ને બહુ માન, જે ઘર પાંચ બબ્બા નહિ, તે ઘર જાણુ મસાણ," "ભરે ભાણે ભુખો, ને ભરે તળાવે તરસો," "ભરોસાની ભેંસ ભુખે મરે," "ભલાનો ભાઇ, ને ભુંડાનો જમાઈ," "ભુંડા ભુંડાનો ભાવ ભાંજે," "મગોલને મોહતે મરવું," "મુવા મોર મોહકાણ," "મોચીની મામી મોશાલાં પેહરે, ને મા ન બાયડી કોરડી," "રાજ્યાની રાણ, ને રોટલી પર સાંહણ," "રૈયત રાજા રામની પણ ન થઈ," "રાંડ્યા પછી રાંડ રળે, ને રાંધ્યા પછી બળતું બળે," "લાભાજી લાભ," "લાખે લેખાં લખાય," "લંકામાં લારી લુટાઈ," "વખત વખતને વિસરાવે," "વડો વાંક વહુનો," "વરસાદ વરસે તે, વાડમાં પણ વરસે," "વાણિયાને વાળ વાવડા ન પડે," "વાણિયો વરે વેહવાર્યો," "શિરા સારૂં શ્રાવક થયા," "શેઠના સાલા

સૌ થવા જાય," "સસતું, સોહામણું, ને સીકારપોરની જાતરા," "સાચ્ચો સાસરાંમાં પણ સમાતો નથી," "હૈયાંની હોંસ હૈયાંમાં."

એ ઉપરાંત, લોક—મોહડે ચહડી કેહવતની પદવી મેળવવા માટે, કેહણીઓમાં

(૪) ખુશ અતિશયોકતી

હોવી જોઇએ. એનું કારણ પણ દેખઈતું છે. સાધારણ વાકયો કરતાં જે વાકયોમાં અતિશયોકતી તે કલ્પનાને વધારે ખેંચાણ કરે છે, અને તેથી તે મન ઉપર વધારે મજબુતી સાથે બેસે છે. જેમકે "કોઇની દાહડી બળે, ને કોઇને તાપણું થાય" એમાં જોકે દાહડીનાં બળતાંથી તાપણું થતું દર્શાવ્યું છે, તોપણ, આપણું જાણયે છિએ કે એવી રીતે તાપણું કશું થઈ શકતું નથી, અને એમ બોલવું ફકત અતિશયોકતી વાપરવા સરખું છે. તોપણ, આપણી કલ્પનાને તે એટલું આકર્શીત છે કે તે ખુશ થઈ, એવું કેહણ, મન ઉપર જડ ઘાલી બેસવા દીએ છે. એજ પ્રમાણે નીચલી કેહવતો વિષે પણ સમજવું: "અરધો રતલ શાક, દેશાઇને ઘેર તબ, વનવેહવાઇને ત્યાં તપીલાં, આસેપાસે કાંસિયા, છોકરાં અગર ને દગર કરે, ને હાડકાંના ઢગે ઢગ વલે." "દહીની રતી, માહરે નખે ખુટી, ને છ મહિના ખાટ પર સુતી," "ખસખસની ઠેસ (લાગવી)," "એક ખસખસનો દાણો, ચાર વખત છડ્યો, ચાર ભાગ કીધા, એક ભાગ ખાધો, તેને કલેજે ડાઘ લાગો, પીસુ આવે ને પુછું, અન્ન ખાધેથી કેમ જીવાય?" "એલચીનાં હાડકાં, ને કુલનાં

માંસ," "ગપ્પીને ઘેર ગપ્પી આવ્યા, આવો ગપ્પીજી, બાર હાથનું ચીભડું, ને તેર હાથનું બી," "કેડે છોકરૂં, ને ગામમાં ઢંઢેરો," "કાજીની કુતરી મુઈ ત્યારે બધું ગામ, ને કાજી મુવા ત્યારે કોઈ નહિ," "ચાર મળે ચોટલા, તો ભાંજી ઉઠે ઓટલા," "નસીબના બળિયા, પકાવી ખીચડી ને થઈ ગયા થળિયા," "સંપ હોય તો કુલ્લીમાં સમાય."

કેહવતોનાં ગુણ લક્ષણ તથા જણ–મોહડે બોલાવવા માટે તેમાં કેવા ગુણો જોઈએ તે વિષે આટલું વિવેચન કરવા પછી, આપણે

કેહવતોની ઉત્પતી

વિષે થોડીક તપાસ કરીશું. દુનિયા મધે વસ્તી દરેક પ્રજા તથા દરેક કોમ મધે કેહવતો બોલાયછે એ તો આ પુસ્તક મધે સરખામણી માટે ટાંકેલી કેહવતો ઉપરથી સેહજ જણાઈ આવશે. વળી એ કેહવતો માંહેલી ઘણીએક તો, એક યા જુદા આકારમાં, પણ તેજ ઢડો શિખવતી, દુનિયા વરણના લોકોની સાધારણ મિરાસ હોય તેવી જણાયછે. આનું કારણ શું? કારણ એજ કે દુનિયાની અંદર હજારો વરસ આગમચના જમાનામાં જ્યારે લખાણ વંચાણ આજના જેટલું બોહળું અને વિસ્તીર્ણ નહોતું, બલકે નહિ–જેવું હતું, ત્યારથી અવલોકન અને અનુભવનાં પરિણામો, કેહવતોના ટુંકા અને ટચ આકારમાં, લોકોને માટે શિખામણ, યા સાવચેતી, યા ડાહપણના

હડાઓ તરીકે, હસ્તીમાં આવતાં ગયાં. આના સંબંધમાં લૉર્ડ નીલ્સની નીચલી સતરો ગોખી રાખવા લાયકની માલમ પડેછે:

"In ancient days, tradition says,
When knowledge much was stinted—
When few could teach, and fewer preach,
And books were not yet printed—
What wise men thought, by prudence taught,
They pithily expounded;
And proverbs sage, from age to age,
In every mouth abounded."

કેહવતો, એ મુજબ, ત્યારે એક મુખથી બીજે મુખ, અને ત્યાર પછી, એક મુલકથી બીજે મુલક, અને એક ભાષાથી બીજી ભાષામાં પસાર થવા લાગી, એટલુંજ નહિ, પણ એક જમાનાથી બીજા જમાના, અને ત્યાર પછીના પુઠે આવતા જતા જમાનાઓમાં પણ, તે, વારસા મિસાલ, ઉતરતી ચાલી. આર્ચબીશપ ટ્રેન્ચ આ સંબંધમાં કહેછે કે:

"I would call your attention to the fact that a vast number of its proverbs a people does not make for itself at all, but finds ready made to its hands, entering upon them as part of its intellectual and moral inheritance. The world has now endured so long, and the successive generations of men have

thought, felt, enjoyed, suffered, and altogether learned so much, that there is an immense stock of wisdom which may be said to belong to humanity in common, being the accumulated fruits of all this its experience in the past. Even Aristotle, more than two thousand years ago, could speak of proverbs as 'the fragments of an elder wisdom, which on account of their brevity and aptness, had, amid a general wreck and ruin, been preserved.' These, the common property of the civilized world, are the original stock with which each nation starts; these, either orally handed down to it, or made its own by those of its earliest writers who brought it into living communication with the world beyond it. Thus, and having reached us through these channels, a vast chamber of Greek, Latin, and medieval proverbs live on with us, and with all the modern nations of the world."[૧]

ઉપલા ઉતારામાં ટ્રેન્ચ જે કેહેવતોને "the common property of the civilized world" કહેછે તેવી કેહેવતોની ઉત્પતીના બે ત્રણ દાખલા નામાંકિત ડીઝરયલી પોતાનાં "Curiosities of Literature" નામનાં જાણીતાં પુસ્તકમાં

૧ *Proverbs and Their Lessons*, pp. ૨૪, ૨૫.

આપેછે. કહેછે કે શાહનશાહ નીરોને વાજીંત્ર ઉપર એટલો બધો તો અનહદ શોખ હતો કે તેના લાગતા વલગતાઓએ જ્યારે તે બાબદ વિષે તેને વારવાની જરૂર જોઈ ત્યારે તે બોલ્યો કે "એક હુનરમંદ માણસ બધી જગ્યાએ જીવી શકે છે," યાને, બીજા બોલોમાં, આપણે ગુજરાતીમાં કહીએ છિએ તેમ "હુનરવાળું માણસ ભુખ્યું નહિ રહે," અથવા, "ધંધાનો ધણી ભુખે નહિ મરે." ગમે એવો શાહનશાહી દરજ્જો ધરાવનાર માણસે પણ, એક બણ હુનર, પોતાની રોજી કમાવાનાં સાધન તરીકે, શિખી રાખવો જોઇએ, એ આ કેહવતનું ડાહપણ છે, કારણકે શાહનશાહી દરજ્જાની કશી પાયદારી નથી. એજ મુજબ નામાંકિત સપેહસાલાર સીઝરે, જ્યારે પુષ્કળ દરિયાફ્ત પછી, પૉમ્પી અને પોતાનાજ સ્વદેશીઓ સામે લડવા માટે, પોતાની અજીત સેનાઓને આગળ વધારી રૂબીકન નદી ઓલંગી, ત્યારે તે બોલ્યો, કે "પાસો પડી ચુકયો," એટલે એક એવું પગલું ભરી ચુકાયું કે જેથી પાછળ હઠવું નહિ બની શકે એવું હતું. અને તેમજ જ્યારે પાઓલસ ઇમીલ્યસે પોતાની હકદાર બાનુને તલાક આપવા ઠેરાવ કીધો, ત્યારે તે બાનુ, કે જેની સામે કશો પણ આરોપ મુકી શકાય તેવું હતું નહિ, તેના સગા સ્નેહીઓ તેણી તરફથી તેને ઠપકો આપવા લાગ્યા. પાઓલસે પોતાની મોહરદારના સર્વે સારા ગુણો કબુલ્યા, પણ તેજ વેળાએ તેણે તે સગાઓને પોતાનો જોડો બતાવ્યો, કે જે તેના પગમાં ઘણીજ ખાસી

રીતે બેઠેલો જણાતો હતો, અને કહ્યું કે "આ જોડા ક્યાં ડંખેછે તે તેનો પેહરનારજ જાણેછે."

આ પ્રમાણે છેક અસલના જમાનાથી જે કેહવતો સઘળી

સુધરેલી પ્રજાઓની સાધારણ મિરાસ

તરીકે ઉતરતી આવેલી તે પોતાની અસલ થાપણ તરીકે તેવી હરેક પ્રજાએ જાળવી રાખી હતી.

કેહવતોનું એ પુરાતનપણું

કેટલા દૂરના જમાના સુધી લંબાયું હશે તેની એક બે સાબેતી નીચે આપવાથી વાંચનારને ઝટ સમજ પડશે. "ઘરમની ગાયના દાંત શા જોવા?" એ જેમ ગુજરાતીમાં એક સાધારણ કેહવત છે, તેમ તેજ અર્થ સુચવનારી કેહવત બીજી ઘણીક ભાષાઓમાં પણ ચાલુ છે, અને તોપણ જાણે કાંઇ હાલના જમાનામાં તે ઉત્પન્ન થઈ હોએ તેવો તેનો દેખાવ જણાયછે. આ કેહવતને મળતી અંગ્રેજી કેહવત "Look not a gift horse in the mouth" વિષે લખતાં વિદ્વાન દાકતર ટ્રેન્ચ જણાવેછે કે એ કેહવત ઈસવી સનેની ચોથી સદીમાં થઇ ગયલા એક લૅતીન સાધુ સેંત જૅરોમે વાપરીછે, એટલે તે તેના જમાના કરતાં પણ વધુ પુરાણી હોવી જોઇએ.

આ પ્રમાણે, ત્યારે, છેક અસલના જમાનાથી, કેહવતોનું જે ભંડોળ હરેક સુધરેલી પ્રજાને વારસા તરીકે મળેલું, તે ભંડોળમાં, રફતે રફતે, દેશ, અને કાળ–સ્થિતી પ્રમાણે, તેમજ

દરેક પ્રજાના વધતા જતા અનુભવ પ્રમાણે, ઉમેરો થતો ચાલ્યો. તેમાં વળી જેમ જેમ તે પ્રજા, મુસાફરીથી, યા બીજી રીતે, બાહેરની પ્રજાઓના સમાગમમાં આવતી ચાલી, તેમ તેમ તેઓ મધેથી ડાહ્યપણુના કાંઇક ઢગાઓ તે ઉંચકતી ચાલી, એવી રીતે કે અસલ આપનાર કોણ, અને ઉછીનું લેનાર કોણ, એ ઠેરવવું, વખતના વેહવા સાથે, ઘણું મુશ્કેલ થયું.

કેહવતોની ઉત્પતી પછી આવી જુદી જુદી રીતે તેમાં વધારો થતો ચાલતાં તે ભેગી કરવાનું કામ પેહલ્લી નજરે સેહલ ગણાયછે, પણ કોઇ કાળે પણ

કેહવતોનો સંગ્રહ સંપૂર્ણ હોતો નથી.

તેમ બનવુંજ મહાલ છે, અને તેનાં જુદાં જુદાં કારણો છે.

પેહલું કારણ

એ કે ઘણીક જુની કેહવતો, ન–ખપી બની, આસ્તે આસ્તે, વપરાસમાંથી ઉતરતી જાયછે, અને છેવટે તેનો વાપરવસ સદનતર બંધ પડેછે. વળી, ઉપર કહ્યું તેમ, જેમ તે પ્રજા આએ દુનિયાના અનુભવમાં આગળ વધતી જાયછે તેમ તેમાં નવી નવી કેહવતો ઉત્પન્ન થતી જાયછે.

બીજું કારણ

એ છે કે નામાંકિત ગ્રંથકારોનાં લખાણો અને ઉસ્તાદી કવિઓની કવેતો, કે જે એક પ્રજાનાં મન ઉપર સારી અસર કરે

છે, તેવાં ચુનંદાં લખાણોમાંના કેટલાક મોતેબર વિચારો, અવાર નવાર જણ—મોહડે બોલાતાં બોલાતાં, કેહવતોનું રૂપ ધારણ કરતા જાયછે, અને તેથી તે પ્રજાની કેહવતોમાં જાથુક વધારો થતો રહેછે. ઇંગ્રેજી ભાષામાં બાઈબલ મધેની, તેમજ શેકસપિયરના નાટકોમાંની, અને બીજા ઘણાક ગ્રંથકારોની સુંદર લીટીઓ આવાં રૂપમાં અમર થઇ જવા પામીછે, એ તો અંગ્રેજી સાહિત્યના દરેક અભ્યાસીને સાધારણ રીતે જણાયલી એક બીના છે. વળી કોઈક પ્રજામાં આખી પ્રજાની લાગણી ઉસકેરનારા એવા બનાવો બનેછે કે જે વિષેના ઈસારાઓ કેહવતો તરીકે પસાર થતા જાયછે. તેમજ નામીચા આસામીઓના ભારખમ બોલો ઘણી વેળા કાંઈ બોલાયલા મરણ પામતા નથી, પણ એક મોહડેથી બીજે મોહડે ઉંચકાઇને જીવતા અને જાગતા ચાલુ રહેછે, અને આએ રીતે, રફતે રફતે, તે કેહવતોની પદવીએ પોંહચેછે. યુનાનના સાત "ડાહ્યા માણસો"ના વચનો અને કેહણો આવી પદવી પામ્યાંછે.

ત્રીજું કારણ

એ છે કે, ઉપર દર્શાવ્યા પ્રમાણે જુદી જુદી રીતે ઉત્પન્ન થયલી કેહવતો ઉપરાંત, દરેક ભાષામાં કેહવતોનો એક બીજો જથ્થો એવો હોયછે કે જે કેહવતો ક્યાંથી આવી, અને કેમ ઉત્પન્ન થઈ, તે કોઇથી કેહવાઈ શકાતું નથી. તે ગોયા પડેલી પાઈ હોય એવી કિસમની હોયછે, અને ફકત તેની પોતાની

અંદરખાનેની ખુબીઓને લીધેજ તે, વખતે વખત, જીવવા અને આગળ વધવા પામેછે.

ઉપર કહી ગયા પ્રમાણે

દરેક પ્રજાની કેહવતો

તે પ્રજાનાં જુદી જુદી બાબદો ઉપરનાં અવલોકન અને અનુભવની સાબેતી આપેછે, અને તેટલા માટે, એક અમુક પ્રજાની તવારીખ, રાહ રીતિઓ, વિચાર આચાર, એકીનો, અને વેહેમો ઉપર તે પ્રજાની કેહવતો જેટલું અજવાળું નાખેછે તેટલું બીજી કોઇ બાબદથી પડતું નથી. આના સંબંધમાં લૉર્ડ બેકને કહેલા સખુનો ખચીતજ બંધબેસ્તા છે કે "The genius, wit, and spirit of a nation are discovered in proverbs." અસલી યુનાની કે રોમનોની કેહવતો લેવો, કે હાલ જમાનાની, યુરપ અથવા એશિયા મધે વસતી, કોઈ પણ પ્રજાની કેહવતો તપાસો, તો તે સઘળી તમુને આ એકજ સેવટ ઉપર લાવશે, કે દરેક પ્રજાનાં દિલ ઉપર જે ચીજે વધારે અસર કીધેલી હોયછે, તે ચીજ, તેની કેહવતો મારફતે, જાહેર થાયછે. જે પ્રજા, પોતાની અંદરખાનેની તવારીખ, વિગેરે, કેહવતો મારફતે જાળવી રાખેછે, તેવી પ્રજાઓમાં પોતાની ખોડખાંપણો અને

ખામીઓ દર્શાવનારી કેહવતો

જાળવવાની હિંમત તથા પ્રમાણિકપણું વખાણને લાયક છે. ખુબીઓ અને સારા ગુણ દર્શાવનારી કેહણીઓ જાળવવી એ તો ઘણું સેહલું કામ છે; તે કામ તો દરેક પ્રજા ઘણી ઉકમાઇથી

પોતાને માટે બજાવી શકેછે, પણ પોતાની એબો, ખામીઓ, અને મુર્ખાઈઓ દર્શાવનારી કેહવતો જાળવવી, અને બોલવી, એ તે પ્રજાનાં પ્રમાણિકપણાં માટે ઉંચામાં ઉંચી સાબેતી છે. સ્પૅન્યર્ડોમાં પોતાને માટે એક કેહવત છે કે "Socorros de Espana, ó tarde, ó nunca," એટલે કે સ્પેન તરફની મદદ, મળે તો મોડેથી, નહિ તો મુદલજ નહિ. સ્પેનના લોકોનાં લાસરિયાપણાં, અને હર કાંઈ કામ કરવામાં નહિ સહન થઈ શકે એવી ઢીલ કરવાની ખોડને માટે તેઓએ પોતેજ આ કેહવત બનાવીછે, એટલે કે એ કેહવત પ્રમાણે જો કદાચ કોઈને મદદ કરવા માટે તેઓએ કદી વચન પણ આપ્યું હોય, તોપણ, લોકો એટલા અઈયાસી અને લાસરિયા, કે તેવી મદદ તેઓ તરફથી કદી મળેજ નહિ, અથવા મળે તો તે મદદનો હિંગામ વહી ગયા પછી એટલી મોડેથી મળે કે તે મળેલી અને નહિ મળેલી સરખી. સ્પૅન્યર્ડોનાં એવાં લાસરિયા-પણાં માટે તો ઈતૅલ્યનોએ પણ ખુશ મશકેરીમાં એક કેહવત ઉભી કીધીછે કે "માહરૂં મોત જ્યારેબી આવે ત્યારે તે સ્પેન તરફથી આવજો" (Mi venga la morte da Spagna.) કારણ કે મોત જો સ્પેન તરફથી આવનાર હોય તો ત્યાંના લોકોની રીતભાત મુજબ તે કદી આવેજ નહિ, અને આવે તો ઘણું મોડેથી આવે! પારકી ભાષાઓની કેહવતો મધેથી એ પ્રમાણે પોતાની ખામીઓ દર્શાવનારી કેહવતો મળી આવશે ખરી, પણ આપણને ખુદ

ગુજરાતી કેહુવતો

સાથે વધારે કામ હોવાથી એ ભાષા મધે પોતીકી ખામીઓ દર્શાવવા માટે તેના બોલનારાઓએ કેવું પ્રમાણિકપણું જાળ-વેલુંછે તે આપણુ જરા લંબાણુથી તપાસીશું. ગુજરાતી ભાષા, જેમ વાંચનાર જાણેછે તેમ, કાંઈ એકજ ચોકસ જ્ઞાત અથવા કોમની સ્વભાષા નથી. તે જેમ ગુજરાત તરફના હિંદુ-ઓની સ્વભાષા છે, તેમજ પારસી કોમ અને કોઇક મુસલ-મીન જ્ઞાતીઓની પણુ છે, એટલે એ સઘળી

જુદી જુદી જ્ઞાતોની ખામીઓ માટેની કેહુવતો

આપણુને ગુજરાતી સંગ્રહમાં મળેછે. પોતાને લાગુ પડતી તેવી કેહુવતો ખુદ તે પ્રત્યેક જાતે પોતે બનાવી હોય તે કરતાં એકની ખામી માટે બીજાએ તે બનાવેલી વધારે ભાસેછે. હિંદી પ્રજાઓમાં માંહોમાંહેનો કુસંપ, તથા પોતાથી અલગ જાત અથવા ન્યાત તરફની દેખઈતી અપ્રીતિ, અને ઘણી વેળા દ્વેષભાવ, જોતાં, એક જાત સામે બીજી જાતે કેહુવતના રૂપમાં, તેઓની એબો, ખરી અથવા ખોટી રીતે, જાળવી રાખવાની પેરવી કીધી હોય તો તેમાં નવાઈ જેવું કશું સમજી શકાશે નહિ. ડીઝરયલી કહેછે કે: "The egotism of man eagerly seizes on whatever serves to depreciate or to ridicule his neighbour; nations proverb each other; counties flout counties; obscure towns sharpen their wits on towns as obscure

as themselves—the same evil principle lurking in poor human nature, if it cannot always assume predominance, will meanly gratify itself by insult or contempt." આ કેહવાનું ખરાપણું નીચે આપેલા દાખલાઓથી સિદ્ધ થશે. જેમકે, "પારસી, ને ફરી જતાં વાર શી" એ કેહવત એક પારસી કરતાં કોઈ હિંદુને મુખથી પેહલાં બાહેર પડેલી હોવી જોઇએ. પારસી ભાઇઓ પોતાનો સુખન પાળવામાં પ્રમાણિક છે કે નહિ તે તો જેઓ એ કોમ સાથે દરરોજનાં કામકાજના સંબંધમાં આવતા હશે તેઓ ઘણી સેહલાઈથી કહી શકશે, પણ તેઓનાં પ્રમાણિકપણાં સામે ઉપલી કેહવતમાં એક કાળી ટીલી ઉભી રહેલીછે તે કોઈથી ના પડાશે નહિ. વળી તેઓમાં કશી અગમ બુદ્ધિની હસતી ના પાડવા માટે બોલાયછે કે "પારસી પછમ બુદ્ધિયો." "પારસીને પૈસો મળે તો બીજી બૈયર કરે કે પડોસીનું ઘેર લીએ," એટલે એ બે કારણ કરતાં પોતાના પૈસાનો વધુ સરસ ઉપયોગ કરવાની પારસી ભાઇને આવડત નથી એમ આ કેહવત શિખવેછે. કાંઇ નહિ તો એક વેળા પારસીઓમાં પણ, બીજી દેશી કોમો મિસાલ, એક કરતાં વધુ બાયડી કરવાનો રેવાજ હતો તે વાત આ કેહવત નોંધી રાખેછે, એટલી એ ઉપયોગી છે. એજ પ્રમાણે નાગર હિંદુઓ માટેની આ કેહવત "નાગર બુચ્ચા, કધુ ન બોલે સચ્ચા; બોલે સચ્ચા તો ઉસકા ગુરૂ કુચ્ચા" દેખઈતી રીતેજ, કોઈ હિંદુ કરતાં મુસલમીન

મુખથી નિકળેલી વધુ સંભવેછે, અને એ કેહવતની ભાષાની રચના એ સંભવને ટેકો દેયછે. એજ મિસાલે ભાટિયા માટેની કેહવત "ભાઠિયા રે ભાઠિયા! નવ ગજ ઉંડા દાટ્યા, તોબી નહિ મુવા ભાઠિયા," અને રજપુતો માટેનું વેણુ "રજપુત ને ગરજપુત," તેમજ "રજપુતાં ને રેવંતા, હાથ વછુટાં જાય, હજાર વરસ સેવીએ, પણ પોતાનાં ન થાય," એ બંધે જાતો માટે એવી ખોડ બતાવેછે કે જે કબુલ કરવાને માટે, જો એ કેહવતો તેઓ પોતા મધેથીજ ઉભી થઈ હોય, તો તેઓમાં જબરી હિંમત હોવી જોઇએ. એક બીજો દાખલો લઈશું તો આ કેહવતો એક વાણિયાએજ પોતાની જાત માટે બનાવી હોય એ તદન અસંભવીત લાગેછે: "વાણિયા રે વાણિયા! પાણી પીએ છાણિયાં, કીડીની કૃપા કરે, ને માણસ મારે જાનિયાં" તેમજ "વાણિયા લોક, રાતે બોલે, ને દિસે ફોક," કોઈ વાણિયાના મુખથી તો નહિજ જનમ પામી હશે, કારણ "વાણિયા મહી માના દીકરા" ગણાયછે, અને જોકે પોતાને ભુડું બોલનાર આગળ તેઓ "મુછ સાડીસાત વાર નીચી" પડવા દીયેછે, તોપણ પોતાની આખી જ્ઞાત સામે ઉપર સરખું આળ તેઓ કેહવત મારફતે કદી જાએજ થવા દેયજ નહિ. "હોરાજીની ચાકરીમાં કંટોલાના ફાકા" જો કોઈ હોરાજીનેજ મોહડે નિકળી હોય તો તેનું અપક્ષપાત બોલવું ખચીતજ વખાણને લાયક ગણી શકાય. બંગાલીઓ ઘણું કરીને નાહિમ્મત તરીકે જણાયલા હોવાથી તેમને માટે

બોલાયછે કે "બાર બંગાળી મળે તો એક છોકરાનો કાન નહિ કાપે." દેખઈતી રીતે આ કેહવત કોઈ બંગાલીને મોહડે તો જનમ પામી હશેજ નહિ.

આ પ્રમાણે જાત ન્યાત સામેની કેહવતો તપાસી બીજી તરફ નેગાહ ફેરવીશું તો જુદા જુદા

ધંધાઓ સંબંધી કેહતીઓ

પણ એજ રીતે તેઓ સંબંધમાં કાંઈ નહિ અને કાંઈ ખુબી ખામીઓનો અનુભવ આપણુને દેખાડી આપશે. જે દેશમાં ખેતી ઉપર પ્રજાના મોહટા ભાગનો ગુજારો તે દેશમાં ખેતીને સર્વ બીજા ધંધાઓ ઉપર શ્રેષ્ટાઈ આપેલી આપણામાં અજાયબી પેદા કરશે નહિ. અને તેથીજ કહ્યુંછે કે "ઉત્તમ ખેતી, મધમ વેપાર, કનિષ્ટ ચાકરી, ને નીદાન ભીખ." જ્યારે વળી કણિયાની બદ ઈચ્છા માટે છાપો પડી ચુકયોછે કે "કણિયાના શ્રાપથી કાંઈ વરસાદ અટકે?" વરસાદ નહિ આવવામાં કણિયાને લાભ છે, પણ પરમેશ્વર તે કેમ ચાલવા દીએ? તેમજ વળી કહેવાયછે કે "કણિયો સદાનો રણિયો, ને કોઈ કાલે કાકણિયો." વળી કુંભારની કમઅકલ દર્શાવવા બોલાય છે કે "કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં." એક ફતેહમંદ વૈદ બનવા માટે એક માણસને લાંબા, અને પાકટ અનુભવની વધારે જરૂર છે, અને તેટલાજ માટે આપણે દરરોજની જીંદગીમાં સાધારણ રીતે જોઈએ છિએ કે એક તુરતના બાહેર

પડેલા વૈદ કરતાં એક જુના હકીમની સલાહ લેવાનું લોકો વધારે પસંદ કરેછે. એથીજ કહેલુંછે કે "ઘરડો વૈદ, ને જુવાન જોષી." વળી આ લગાર અજબ જેવું છે કે જે પ્રજામાં જોષી વિગેરેના વેહમો વધારે પસરેલા તથા જડ ઘાલી બેઠેલા તે પ્રજામાં તેજ ધંધાદારીની હસી કરવા જેવી કેહવત હસતી ભોગવતી હોય. "જોષી જોષ જુવેછે તો તેની છોકરી કેમ રંડાયછે?" એ કેહતીજ બતાવી આપેછે કે જોષી મહારાજોના વેહમમાં ગમે એવી રીતે વીટલાયલી એક પ્રજામાં પણ સાધારણ અક્કલને અનુસરતું તોલ તેઓ માટે થઈ શકેછે, અને તેઓના બોલવા ઉપર આંધલો ભરૂસો રાખવા સામે આ કેહવત ચેતવણીનું રણસીંગડું પુકેછે. તેમજ વળી બોલાય છે કે "સો જોષી, ને એક ડોશી," જે બતાવેછે કે એક ઉમરે પુગેલી સ્ત્રીનો અનુભવ સો જોષીઓનાં સામટાં જ્ઞાન કરતાં વધુ ચહડિયાતો છે. દરજીને માટે કોઈબી પ્રજામાં વિશ્વાસ યા માન હોય એમ આપણે જાણુતા નથી, અને સીવવા આપેલાં કપડાંમાંથી પોતાનાં ઘરાકોને વેતરી કાહડવાની તેઓની ચાતુરી માટે તો કવિતાઓ વટીક લખાયલીછે. ત્યારે દુનિયા વરણનો આ અનુભવ આપણા ગુજરાતીઓને પણ થયલો હોવો જોઇએ, કારણ બોલાયછે કે "દરજી કાંચરીમાંથીબી કાપી કાહડે." ધર્મના ઉપાધ્યા તરીકે, ગુજરાતી કેહવતો તપાસતાં, બ્રાહ્મણો પોતાના જજમાનોમાં સારૂં માન ધરાવતા હોય એમ જણાતું નથી, કારણ કે જ્યાંબી જોઇએ

ત્યાં બ્રાહ્મણોનું નામ ખાવા અને માંગવા સાથે જોડી રાખેલું માલમ પડેછે, જાણે કે તેઓનો ધંધો એ સિવાય બીજો કશો હોયજ નહિ. "બ્રાહ્મણ કીધા જમવા, ને ભવાયા કીધા રમવા, કોલી કીધા લુટવા, ને રાંડીરાંડ કીધી કુટવા" એમ જ્યારે એક કેહવત કહેછે, ત્યારે બીજી કહેછે કે "બ્રાહ્મણ ભાઈ માંગે, ને મગવે." વળી "બ્રાહ્મણનું ખાધે જાય," "બ્રાહ્મણ ખાઇને પેટ પંપાળે," "બ્રાહ્મણને લાડુ મળ્યા એટલે બધું મળ્યું," "ભુખ્યો બ્રાહ્મણ દેવને વેચે," "ભુખ્યો બ્રાહ્મણ, ને ધરાયો વાણિયો, છેડવો નહિ," એ કેહવતો પણ એ બાપડાઓના દરજ્જાનો અચ્છો ખ્યાલ આપણને આપેછે. વળી આ કેહવતો પણ બ્રાહ્મણો માટે ઉંચો વિચાર બેસાડનારી નથી: "ભાટ બ્રાહ્મણનું લાકડું, અણપેસાડ્યું પેસે, સામું જોતા ઉભા રહે, ને આવ કેહતાં બેસે," તથા "ભાટાં, ટાટાં, ને બ્રાહ્મણાં, સઈ, ને સુથારાં, વેંહચણ થોડી ને વઢવાડ ઘણી, ને છટ્ઠાં પીંજારાં." નીચલી કેહવત પણ ત્રણ ધંધાદારીઓના ગુણ દોષો કેવા સંક્ષેપમાં બતાવી આપેછે: "માલી પુછે મોઘરો, પખાલી પુછે કુવો, ને પાછલી રાતે અંધ્યારૂ પુછે, કે બેહદીન કોઈ મુવો ?" એજ મુજબ "કાજીજી તો કેહનેકા, કુચ્છ કરનેકા નહિ," તેમજ "મોબેદનો હું દીકરો, જીવતાં ભખી ખાશ, આંકો જ્યારે આવશે ત્યારે ખાંધે બેસી જાશ," એ પણ હિંદુઓ ઉપરાંત બીજી વરણના ધર્મોપાધ્યા માટે કાંઈ સારો વિચાર આપણને બેસાડતા નથી. વળી દરજી તથા

સોનીની ચોરી કરવાની તબેહુને માટે કહ્યુંછે કે "સઈ ચોરે કપડું, ને સોની ચોરે રતી, હજામ બાપડો શું ચોરે, માથામાં કાંઈ નથી." તેમજ વળી "સઈ, સોની ને સાલવી, તેને જમ ન શકે જાલવી." આ જાતના ધંધાદારીઓ પોતાનો વાયદો કોઈ દિવસ પણ સાચો ઠરાવી શકતા નથી એટલે કેહતી પડી ગઈછે કે "સઈની સાંજ, ને મોચીનું વહાણું (એનો પાર નહિ આવે.)" પણ દરજી કરતાં સોની માટે વધારે સખત અભિપ્રાય કેહુવતોમાં લેખાયોછે તે નીચલી કેહતીઓ ઉપરથી જણાશે: "સોની કોઇનો મિત્ર નહિ, એની ગાંઠ પવિત્ર નહિ," "સોની ચોરે નહિ તો તેનું પેટ ફુલી આવે," "સોની સગી માયંનો સાલ્લો ઉતરાવે," "સોની સાચો તેનું નામ, કરે સૌ તસ્કરનું કામ," "સોનીને કાંટે શરમ નહિ," "સોનીનો વિશ્વાસ નહિ." એજ મિસાલે સુથાર માટે પણ સારો અનુભવ લેખાયલો માલમ પડતો નથી. "સુથાર ઘડે, પણ ઘર ગમી છોડાં નાખે," "સુથારની સોડમાં, ને લુહવાડની કોડમાં બેસવું નહિ." હલકાઈ તથા ટચાકીમાં હજામનું નામ વાયદું થયલું આ કેહવતો બતાવેછે: "હજામ સરખું ટચાક," "હજામને હાથ આરસી આવી," "હજામભાઇને વીંટી જડી," તથા "હલકું હજામડું."

જુદી જુદી કોમો તેમજ જુદા જુદા ધંધાઓની વિરૂદ્ધની કેટલીક કેહવતોના નમુના ઉપર ટાંકી બતાવ્યાછે. હવે

આપણે થોડીક તે કેહવતો તપાસીશું કે જે

જુદાં જુદાં શેહરોનાં નામ

ઉપરથી ઉભી થઇછે, અને જેમાં તે શેહરોને, અથવા તે શેહરોના વતનીઓને, ખરી કે ખોટી રીતે, સંદોવવામાં આવ્યાછે. જેમકે દિલ્લી તેમજ સુરત શેહર ઉપરથી ઠગારા માણસના સંબંધમાં બોલાયછે કે "દિલ્લીનો ઠગ," અથવા "દિલ્લીવાન," "સુરતી ઠગ." પુણા વિષે બોલાયછે કે "પુણું, ને દોજખનું ખુણું." જુદાં જુદાં શેહરોની ઓરતો માટે, દેખઈતી રીતે, પારસી મોહડે, ઉભી થયલી આ કેહવત ખરી કરતાં રમુજી વધારે લાગેછે—"નસારીની નસાખરી, ને ભરૂચની ભઠિયારી, ને સુરતની તો એવી સારી કે ખુન કરીને કુટવા ચાલી." તેમજ "વડોદરાની નીચી નારી, ને સુરતની પણિયારી." ભાઠાં ગામને માટે કહેવાયછે કે "ભાઠું રજાલું ગામ, ને જોઇને પાડજો કામ." "ભાઠું, ને ખરી બપોરે નાઠું," "ભાઠેના માટીડા આડા, ને માથે છત્યાંના ભારા." તેમજ વળી નવસારી માટે બોલાયછે કે "નવસારી તે એવી સારી, કે ચોટા વચ્ચે ખાડી, ઉંઠ, અહુસો, ને અજારી." જ્યારે સુહમારી માટે કહેછે કે "સુહમારીના પારસીને કોઠે લગાડ્યો તો કોઠુંજ કરડી ખાધું."

પણ વિદ્વાન ત્રૅન્ચ જેને

"કેહવતોની કીર્તિ"

(the glory of proverbs) કહેછે, એટલે કે તેઓની અંદર

સમાયલી તે ખુબી કે જેથી આપણાં મન ઉપર વારંવાર, અને ઉંડી, અસર થાયછે, તે, તેઓ અંદર સમાયલું તે ડાહપણ છે, કે જે આપણુની દરરોજની જીંદગીમાં આપણે પોતા તરફ કેમ વર્તવું, તથા પારકાઓ સાથના સંબંધમાં કેવી રીતે તપાસીને ચાલવું, તે આપણુને શિખાડેછે. ખરૂં પુછાવો તો માણસની જીંદગીમાં ઉઠતા તરેહવાર સવાલો અને મુશ્કેલીઓ માટે તેઓ કાંઈ નહિ અને કાંઈ સુચનાઓ, શિખામણો, અને સાવચેતીના ઢડાઓ ધરાવેછે. ઈનસાનની જીંદગી દરમ્યાન જે જે ભૂલચૂકો તેનેથી થાયછે તે ભૂલચૂકોને લાગુ પડતી કેહવતો અગર તે જાણે, અને જાણ્યા પછી તે ઉપર ધ્યાન પુગાડી અમલ કરે, તો તેવી ભૂલોથી જરૂર તેનો બચાવ થવા વિના રહે નહિ, એમ એ કેહવતોના અભ્યાસ ઉપરથી સિદ્ધ થાયછે. બલકે, વધારે બારીક અને ઉંડા અભ્યાસ પછી તો, જીંદગી જોગવવા માટેની એક

સંપૂર્ણ ધારા-પોથી અને નીતિ-બોધ

એ કેહવતો ઉપરથી ઉભાં કરી શકાય એમ કેહવામાં અતિશયોક્તિ વાપરવા જેવું કશું નથી. જેમકે આળસુ નહિ રેહવું, પણ પ્રમાણિક મેહનતથી પોતાનું ગુજરાણ કરવું તે માટે કહેલું છે કે "આળસ દરિદ્રનું મૂળ છે," "આળસુ, કુટુંબનો વેરી," "કરે ચાકરી, તો પામે ભાખરી," "કષ્ટ વિના ફળ નહિ."

કેહવત વિષે નિબંધ.

ઇનસાને પોતાના હવસો ઉપર કાબુ રાખવાથી આખરે તે મુક્તિ પામેછે તો તેને માટે કહેછે કે "ઇંદ્રીઓ જીતી તેણે સર્વ જીત્યું." તેમજ અનીતિને રસ્તેથી વેગળા રેહવા માટે શિખામણ દીધીછે કે "પારકી સ્ત્રી મા બરાબર," "પર સ્ત્રી યાર સદા ખુવાર, કાંટોકા બીછુના, જુતીકા માર."

વળી કરજદારી નહિ કરવા માટે બોલાયછે કે "કરજ-દારી, આખર ખુહારી."

દારૂ પીવાથી પરહેજ રેહવા માટે શિખવેછે કે "જે પીએ શરાબ, તેનું ખાનું ખરાબ."

હરકોઈબી પાપથી દૂર રેહવાની જરૂર માટે શિખવેછે કે "પાપ કદી છુપું નહિ રહે," "પાપ બોલે નહિ, પણ બોળે."

જુઠાંના ગેરફાયદા, અને સચ્ચાઇના ફાયદા માટે પણ ઘણું કેહવાયલું છે. જેમકે "જુઠાના આવરદા ચાર ઘડી," "જુઠું બોલવું ને જખ મારવી બરાબર," "જુઠેકા મોહ કાલા, સચેકા બોલબાલા," "સાચ, ને કદી ન લાગે આંચ," "સાચ જેવું પુન્ય નહિ, જુઠ જેવું પાપ નહિ," "સાચ્ચો જાય સ્વર્ગે, ને જુઠાનો વાસ નર્કે," "સાચ્ચાંનો સદા જય છે," "સાચ્ચાનો સાથી ખોદા."

કોઇ પણ કામ અતિશય દોડાદોડી કરવાથી બીગડી જાયછે તેથી શિખામણ દીધી છે કે "ધીરાં કામ સાહેબનાં," "ધીરા સો વીરા," "ટીપે ટીપે સરોવર ભરાય, ને કાંકરે કાંકરે પાળ બંધાય."

વળી સંકટ યા બીજે સમયે ધીરજ અને સબુરી ધરાવવી જોઇએ તે માટે બોલેછે કે "ધીરજ મોહટી વાત છે," "ધીરજનાં ફળ મીઠાં છે," "સબુરીનો બદલો સાહેબ આપે."

હરકોઈ કામમાં, દિયાનત ચોખી, અને નૈયત પાક, રાખવાથી, કેટલી હિંમત રેહેછે, તે માટે કહેછે કે "જેની દિયાનત પાક, તેને શાની ધાક?" તો જો કે આ દગાખોર દુનિયાના છળ પ્રપંચમાં, ઘણી વેળા, બદદિયાનત, પેહલી નજરે, ફાવી ગયલી દેખાતી હોવાથી, ઉપલી કેહવતથી એક ઉલટી કેહવત પણ આ પ્રમાણે બોલાયછે કે "જેની દિયાનત પાક, તેના હાથમાં ખાક; જેની દિયાનત ખોટી, તેના હાથમાં રોટી." પણ પેહલી નજરે જોકે એક બદદિયાનતી આદમી ફાવતો જણાયછે તોપણ આખરે "ધર્મો જય, અને પાપો ક્ષય," "જેવી દિયાનત, તેવી બરકત."

કોઈબી રીતે પોતાની આબરૂ સાચવવાની ઇનસાનને કેટલી બધી અગત છે તે આ ઉપરથી સિદ્ધ થાયછે કે "ગઇ આબરૂ પાછી નહિ આવે." અને તેથીજ કહ્યું છે કે "મણનું માથું જજો, પણ નવટાંકનું નાક ના જશો."

આપણ, દરરોજના સંસારમાં, ઘણાં એવાં જોઇએ છિએ કે જેઓ, પોતાનું સ્વમાન વટીક ખોઈ, પારકે ઠેકાણે, યા કરજ દરદ કરી, પોતાનો ખાવાપીવાનો ચશટો પુરો પાડવાને શરમાતાં નથી. એવી લાલચ સામે શિખામણ દીધીછે કે "ઉતર્યું ઘાંટી

ને થઈ ગયું માટી" એટલે જે ચીજનો, ફકત ઘાંટીમાંથી ઉતરે તેટલી એક બે પલનો, સવાદ લેવો, તે ચીજ માટે હલકાઈ કરવી, યા કરજ કરવું, લાજેમ નથી, કારણ કે "ખાધું ધાન, ને ગીયું માન," "દાંતે દરદ, ને માથે કરજ."

એજ મિસાલે કરકસરની જરૂર માટે ઢડો મલેછે કે "ઘેરની કસર, ને વાહણની સફર," "સવેળાએ સંઘર્યું હોય તો અવસરે આવે કાજ." ખોદાતાલાએ ગમે એટલીબી દોલત આપી હોય, તોપણ, ઘટતી કસરની જરૂર છે, કારણ "ખાતાં કાંણા કુવાબી ખુટે."

બોલવા ચાલવામાં, મિઠાસ તથા સભ્યતા અને સલુકાઈ જાળવવાથી, કેટલા બધા ફાયદા થાયછે, તે દર્શાવવા, ટુંકમાંજ કહેછે કે "જબાંમાં શીરી તો મુલકગીરી, જબાંમાં ઝેહર તો મુલક સાથે વેર." તેમજ વળી એકજ અર્થનું બોલવું સભ્યતા અને સલુકાઈભર્યા બોલો વાપરવાથી કેટલો બધો ફેર કરી દેયછે તે માટે કહેછે કે "બાપની બૈયર પાણી પા, ને મા પાણી પા (એ બેમાં કેટલો ફેર?)"

વળી કજ્યા કંકાશથી પરહેજ રેહવા માટે કહેછે કે "કજ્યાનું મોહડું કાળું."

ઇનસાફ કેટલો મોંઘો છે તે બતાવવા બોલાયછે કે "સરકાર ચહડે તો પૈસાદાર જીતે."

ગમે એટલી ગાઢી દોસ્તીમાં એક વેળા ભંગાણ પડ્યું

કે પછી તે દોસ્તી પાછી સંધાવા છતાં અસલ જેટલી દિલ-ચુસ્ત રેહતી નથી, કારણ, "દોરી સંધાય, પણ ગાંઠ રહી જાય."

બોલવા કરતાં ચુપકીદી એખત્યાર કરવાના ફાયદા વિષે દરેક પ્રજામાં કેહવત-રૂપી શિખામણો દીધેલીછે. આપણા વચ્ચે પણ કહેછે કે "સબસે બડી ચુપ," કારણ, "બોલ્યો બોલ, ને માર્યો તીર, કદી પાછો નહિ આવે." મોંહમાંથી સખુનો, વગર વિચારે, એક વેળા લપસી પડ્યા, કે પછી તે ન-બોલ્યા થઇ શકતા નથી, અને બોલનારને હાનિ પોંહચાડનારા વધારે નિવડેછે.

બુરાની સોબતથી દૂર રહેવા માટે ચેતવણી મળેછે કે "જેવી સોબત, તેવી અસર," "જેવી સંગત, તેવી બુદ્ધિ." બદ માણસની સોબતમાં તેના દુરાચારણ સિવાય બીજું કાંઈ પણ લેવાતું નથી, અને તેવી સોબતનું પરિણામ આ કેહવત કરતાં વધુ અસરકારક દર્શાવેલું મહને જણાતું નથી કે "ગધેડાંની પાસે ગાય બાંધી તે ત્રીજે દાહડે ભુંકવા શિખી."

પોતાનાં કામ માટે એક માણસે ખુદ જાતે મેહનત કરવી જોઇએ, કારણ પારકા ઉપર તે કામનો આધાર રાખી બેસવાથી તે કામ યાતો મુદલ થતુંજ નથી, અથવા થાયછે તો તે ઘણું હાલહવાલ, અને કામ સોંપનારને પસંદ નહિ આવે એવી રીતનું, થાયછે, અને તેથીજ કહેલુંછે કે "હાથ કરે તે સગો બાપબી નહિ કરે," "હાથ દુખે તે સારા, પણ હૈયું દુખે તે માઠું."

તેમજ પારકા ઉપર આશા બાંધવામાં કોઈબી વેળા ઉમેદ સફળ થતી નથી માટે કેહવાયછે કે "પારકી આશ, સદા નિરાશ."

ભલાઈ કરવાના ફાયદા, અને ભુંડાઈના ગેરફાયદા દર્શાવવા શિખવ્યુંછે કે "ભલાઇ કીધેલી કદી ખાલી નહિ જાય," "ભલા કર, ભલા હોગા," "ભલાનું ભલુંજ થાય," અને "ભુંડું તાકે તેનું ભુડું થાય," "ભુંડાથી ભુતબી નાહસે," "ભુંડાં જીવતર થાને મરવું ભલું."

કોઇ આપણને અગર એક તમાચો મારે તો તેને તુરત બીજો ગાલ આપવા માટે ઇસુ ખ્રિસ્તનાં ફિલસુફી ભરેલાં શિક્ષણનો ભેદ આ કેહવત આપણને તુરત શિખવેછે કે "ભુંડાંનો બદલો ભલાઇથી વાળવો." તેમજ કોઇએ ગમે એટલો પણ આપણનો બિગાડ કર્યો હોય, તોપણ, તેટલા માટે, તેને કદુવા અને શ્રાપ દેવાને બદલે સારી દુવા ચાહવી એ આપણો ધર્મ સમજવો જોઇએ, અને તેથીજ કહ્યુંછે કે "માથું કાપે તેનુંબી ખોદા ભલું કરજો!" ક્રોધને સમાવવા, અને કીના કપટને દાબી દેવા માટે, આ છ ટુંક બોલમાં જે ઉત્કૃષ્ટ ફિલસુફી સમાવેલી છે, તે સમજાવવા વાયજી કરનારાઓએ કાંઈ પોઠા ને પોઠા ભર્યા હશે. અને તોપણ, કેહવતોમાં સમાવેલાં આ સાદાં ડાહપણ ઉપરજ, અગર ઇનસાન જાત અમલ કરતી હોય તો, આ દુનિયા મધેથી કેટલી બધી જંજાળ,

કપટ, કીનો અને દુશ્મની, બદી તથા અનીતિ, અને તરેહવાર કુચાલોનો આંકો આવે.

પોતે કાંઇ પણ ભલાઇ કરે તોજ સામા ધણી તરફથી ભલાઈની આશા રખાય એ સિદ્ધાંત આ કેહવતો ખરૂં પાડેછે કે "માન આપે તે માન પામે," "આપણે વેંહટ નમિએ તો કોઈ ગજ નમે," "જેવાં ભાઈનાં મોશાળાં, તેવાં બેહનનાં ગીત."

વળી, માણુસની અંદર સમાયલા એકલપેટાઈના ગુણ ઉપર જીત મેળવવા, આ કેહવત કેવી ઉંડી ફિલસુફી શિખવેછે: "મહને ન હોજો, માહરા પડોસીને હોજો."

તેમજ, સખાવત જેવા ઉંચ સદ-ગુણ માટે, આ કેવી સુંદર શિખામણ છે! "ભુખ્યાને ભોજન, પ્યાસાને પાણી, નાગાને વસ્ત્ર, એ સ્વચ્છ ઈનસાની." "દેવે, દેલાવે, દેદે કરે, ઓ નર ભવસાગર તરે."

ઘણાક સંજોગોમાં ઈનસાનને પોતાનાં કૌવત કરતાં સમજશક્તિ અને ચાતુરી વાપરવાની વધારે અગત્ય પડેછે, અને તેટલા માટે આ કેહવતો જાયજ છે કે "બળથી નહિ થાય તે કળથી થાય," "પથ્થર તળે હાથ આવ્યો કળેવળે કહડાય."

કોઇબી બાબદમાં પગલું ભરવા આગમચ વિચાર-શક્તિ વાપરવાથી ઘણાંક નાપસંદ પરિણામોથી આપણુ બચ્ચે છિએ તે આ કેહવત દર્શાવેછે,—"બેસીએ જોઈ તો ઉઠાડે ન કોઈ."

વળી, કોઈ બાબદમાં, આપણુની પોતાની નબળાઈ હોય તો સામા ધણી સાથની ત્રણપાંચથી વેગળા રેહવાનાં કારણસર

શિખામણ દેવામાં આવીછે કે "કાચનાં ઘેરમાં બેસીને રાહદારી પર પથ્થર નહિ મારવા," "પગ તળે બળે, ને લંકા હોલવવા જાય," એવી વાત હરગેજ બનવી નહિ જોઇએ.

પોતાની ગમે એવી નબળી હાલતમાં ઇનસાન નાઉમેદ નહિ થઇ જાય, પણ તેને સારો વખત આવવાની આશા રહે, તેટલા માટે કેહુવાયુંછે કે "ભોંયે પડ્યા કાંઈ ભોંયે નહિ રેહુવાના."

વળી "સંતોષ સમાન દોલત નથી," એ કેહુવત ઇનસાને આએ દુનિયા મધે પોતાની હાલત ઉપર રાજી રેહુવા માટે ઘણો ઉત્તમ ધડો શિખાડેછે. તેમજ "પારકી હુવેલી જોઇને પોતાની ઝુંપડી તોડી નહિ પાડવી," અને "પોતાની રાબ સારી, પણ પારકી ખીચડી માઠી," એ પોતાની હાલત ઉપર સબુરી પકડવા, અને બીજાઓની ચહુડતી હાલતમાં પોતે ભાગ પડાવવાની હલકાઈથી, યા તેની અદેખાઇ કરવાથી, દૂર રેહુવા, માટે, અચ્છી ચાનક આપેછે.

ગરજ કેવી મીઠી ચીજ છે તે બતાવવા બોલાયછે કે "ગરજે ગધેડાને માટી કરવો પડે."

તેમજ, નબળો વખત આવવે તેવા વખતને તાબે થઈ બેસવામાં કેટલું ડાહપણ છે, તે, આ કેહુવત શિખાડેછે કે "વખત આવે બાંકા, તો ગદ્દેધેકુ કેહના કાકા." "સમો વરતે તે સાવધાન" એ પણ વખત સાચવી લેવાની ફિલસુફી સમજાવેછે.

વળી નજીવાં કારણમાંથી કેવાં મોહટાં પરિણામ નિપજેછે તે બતાવવા બોલાયછે કે "મગતરે હાથીનું મોહત."

કોઇબી રીતની આપબડાઇ, તેમજ એહંકાર અને ગરૂરીથી પરહેજ રહેવા માટે પણ તરેહવાર શિખામણો આપણને મળી આવેછે, પણ તેમાં સૌથી સરસ તો હિંદુસ્તાની ઉપરથી ગુજરાતીમાં કરી લીધેલી આ કેહુવત જણાયછે કે "બડા બડાઈ ના કરે, ઔર બડા ન બોલે બોલ, હીરા મુંહસે ના કહે, કે લાખ હુમેરા મોલ." જે ખરેખર મોહટા છે તેને મોહડેથી બડાઇના સખુનો કદી પણ નિકળતા નથી. છાલકા અને ઇત્તર તચાકોથીજ એવી વર્તણુકની આશા રાખી શકાય, કારણ કે "ખાલી વાસણ ખખરે ઘણું," ને "ઠાલી ચણો વાગે ઘણો." એ મુજબ તપાસતાં માણસ જાતને, દગલે ને પગલે, પોતાની

દરરોજની જીંદગીમાં કામ આવે એવી શિખામણો

સઘળી ટાળી કાહડવા બેસ્યે તો કાંઈ હજારો નિકળી આવે, જે ઉપર વિવેચન કરવા માટે જુદું આખું દફતર જોઇએ. આટલા માટે એવી થોડીક કેહુવતો અતરે ટપકાવી લેઈ તેમાંજ સંતોષ માનીશું. "દગો કોઇનો સગો નહિ." "બધા દરમાંથી લેવટા નહિ મળે." "હરામીથી બે ડગલાં દૂર." "હિસાબ કોડીનો, બખ્શેશ લાખની." "બાંધી મુઠી લાખ બરાબર." "પીઠ પર મારો, પણ કોઇનાં પેટ પર લાત નહિ મુકયે." "ભર્યા ચરૂમાં એક વખત ચોખો ચાંપીને જોવાનો." "વેરીનો

વિશ્વાસ નહિ કરવો." "માગ્યાથી મરવું ભલું." "મરણ પગલાંની હેઠ." એવી તો ઘણી કેહવતો એકઠી આપી શકાય, કે જે સઘળી સામટી લેતાં એક સરસ નીતિ-શાસ્ત્ર બની શકે. ઉપર જણાવ્યું તેમ જો એવા નીતિ—બોધો માણસ ગોખી રાખે, અને તે પ્રમાણે તે ચાલવું કરે, તો આ દુનિયામાંથી ઘણાં દુખ અને સંકટ ઓછાં થાય, અને માણસની જીંદગી વધારે સુખી નિવડે. ઉપલી કેહવતો તો ફકત ઉપર ટપકેથી એકઠી કીધીછે. એ કરતાં વધારે સરસ શિખામણો આએ સફાઓ મધેથી મળી આવ્યા વિના રેહનાર નથી.

ઈનસાનની શારીરીક ખામીઓ

પણ કેહવતોની ચુંગાલમાંથી બચવા પામી નથી. જેમકે કાણા માટે બોલાયછે કે "કાણા ડોલામાં ફેલ ઘણાં, ને લોક મેળવ્યાં ઘણાં." "કાણુસે ખોદા બેજાર." જ્યારે આંધળા માટે કેહવાયછે કે "આંધળાનું હૈયું ખોલ્લું." તેમ વળી "આંધળો બેમરવત" એ રીતે પણ બોલાયછે. અને વળી બોલાયછે કે "સોમે પુલા, હજારમે કાણા, તેથી નીચા બુરા તાણા, જો અંધેકા પડ્યા કામ, તો લજા રાખે શ્રી રામ." વળી આ કેહવતમાં તો બે ત્રણ ખામીઓ દર્શાવતાં બીચારા કાણાને છેકજ ઉતારી પાડ્યોછે: "ઠાઠા ઠુંઠા સીત્તેર ફંદા, માંજરા ફંદા હેંસી, ટુંક ગરદન્યા સવાસો ફંદા, ઓર કાણેકા તો પારજ નહિ." ટુંકાં કદનાં માણસ માટે કેહવાયછે કે "ઠીંગણી બલા," "બટકી બલા," જ્યારે લાંબા કદવાળા માટે "લંબા સો

બેવકુફ"ની ઉપમા અપાયલીછે. વળી બાડા માણુસ માટે બોલાયછે કે "બાડામાં બોંહતેર, ને કાણામાં તોંતેર ગુણ." તેમજ કેહવાયછે કે "બાડી, ને બોંહતેર લખ્ખણવાળી." લંગડા માટે બોલાયછે કે "લંગડો લંકે જાય તો દુનિયા ઉંધી વળે."

અઠવાડિયાના દિવસોનાં નામ

ઉપરથી પ્રત્યેક વારની કેહવતો જનમ પામીછે, જેમાં વેહમનું અંશ ભેલાયલું દેખઇતું જણાયછે, અને તેથી એક પ્રજાની ખુબી ખામીઓ ઉપરાંત તેના વેહમો વટીક કેહવતોમાં કેવી રીતે રહેછે તે એ ઉપરથી ખુલ્લું જણાઇ આવેછે. જેમકે "આતવાર, ને તાતોવાર," "દીતવાર કહે જે હું આરોમારો, ને મહને પેહલે પોહર પાલો." "દીતવાર મંગળવારે ભુંજી ધાણી, ને હાથે કરીને ઘેરમાં અવર આણી." "સોમ પેહરાવે સાડી, ને મંગળ નાખે ફાડી." "મંગળનો મુંઝ્યો, ને રવિનો રાંઝ્યો, પાછો ઠરતાંજ ઠરે." "બુદ્ધ, ને કામ કરે શુદ્ધ." "બુધે વલાવી બેટી, ને કદી ન બાપને ભેટી." "બ્રેસપતવાર, દાદાર હોરમજદનો મળતિયો વાર." "શુક્કર, ને કામ થાય મુક્કર." "શનવાર, ને સસરતો વાર."

ઈનસાન જાત ઉપર આ દુનિયા મધે ગુજરતા તરેહવાર બનાવોનું કારણ નસીબને સિર ચહડાવવાની ટેવ ઉગમણ તરફની પ્રજાઓમાં ઘણી સાધારણ છે. ચહડતી અથવા પડતી,

સુખ અથવા દુખ, સારૂં અથવા માઠું, કાંઇ પણ બન્યું તો તેનો જુમ્મો નસીબ દેવીને માથે ચહડેછે.

કિસમત

એટલા માટે, સાધારણ એકીનનો શબ્દ થઇ પડ્યોછે, અને તેથી, બીજી પ્રજાઓ ભેગી, ગુજરાતી પ્રજા મધે પણ, નસીબનાં પ્રબળ માટે ઘણી કેહવતો, જનમ પામી, ચાલુ થઇછે. જેમકે "કરમ વિના કોડી નહિ મળે." "કરમ વિનાનો ખેતી કરે, બળદ મરે કે સુકવણુ પડે." "નસીબ ચાર ડગલાં આગળનું આગળ." "નસીબ વાહ રે નસીબ વાહ! કયાં ઉઠીને જાય, નાકેથી ઉઠી વચમાં બેઠો, ત્યાં પણ લુખ્ખું ખાય." "નસીબના બળિયા, પકાવી ખીચડી, ને થઈ ગયા થળિયા." "નસીબમાં લખ્યું હોય તે થાય." "ભાગ્ય વિના નર કોડી ન પાવે." "ભાગ્યમાં હોય એટલુંજ મળે." "ભાગ્યમાં હોય તો ઘેર બેઠાં આવે." "ભાગ્યશાળીને ભુત રળે, ને અક્કર્મીની બૈયર ન મરે." "ભાગ્યશાળીને ત્યાં ભુત રળે, ને અક્કર્મીના પુત તે લાંબા થઇને સુવે." "લખ્યા લેખ મટે નહિ."

પૈસાનાં બળ,

તેમજ પૈસાની નાપાયદારી, માટે, દુનિયા મધે કોણને અનુભવ નથી? દરેક પ્રજામાં એને લગતી નસીહતી કેહવતો જોઇએ એટલી મળેછે, અને ગુજરાતીમાં પણ તેનો તોટો નથી. જેમકે પૈસાનાં બળ માટે બોલાયછે કે "જર ચાહે સો કર, બિન જર, તક તક મત કર." "જર દેખી મુનીવર ચળે."

"પૈસા, તોકે' ભર મિજલસમાં હસ્યા, નહિ મળે પૈસા, તોકે' ભર મિજલસથી ખસ્યા." "પૈસા મળે, ત્યારે સગાબી ઘણા મળે." "પૈસા માહરા પરમેશ્વર." "પૈસા વગરનું જીવતર બળ્યું." "પૈસા હાથમાં, તો દોસ્ત સાથમાં." "પૈસા હોય તો રાજાની બેહન સાથે પરણે." "પૈસાદારના સૌ સાળા થાય, પણ ગરીબના કોઈ બનેવીબી નહિ થાય." "પૈસાના ગોલામ સૌ." "પૈસાને માન છે." "પૈસાવાળાની બકરી મરી તે બધાં ગામે જાણી, ગરીબની છોકરી મરી તે કોઇએ નહિ જાણી." "પૈસાવાળાને હાથ પીતલનું કડું સુન્નાનું લેખાય, ને ગરીબને હાથ સુન્નાનું કડું પીતલનું લેખાય." "પૈસે આઈ, પૈસે બાઇ, ને પૈસા વગરની નહિ સગાઈ." "પૈસો હાલ, ને પૈસો ચાલ." "પૈસો સૌને વાહલો છે." તોપણ પૈસાનું એટલું બધું પ્રબળ બતાવ્યા છતાં કુદરતના અચળ નિયમો હજુર

પૈસાની લાચારી

કાંઈ ઓછી સ્પષ્ટ રીતે નોંધાઈ નથી. જેમકે "પૈસે જીવાતું હોત તો તાલેવંત મરત નહિ, ને ગરીબને ઓરિયો રેહત," કારણ મોહુત આગળ ગમે એવો તાલેવંત શખ્સ પણ, કારૂનના ખજાના છતાં, લાચાર છે. વળી, પૈસાનો તુચ્છકાર બતાવવા માટે, કહેછે કે "પૈસો એક લોંડી છે." તેમજ, તેની નાપાયદારી માટે, બોલાયછે કે "પૈસો કોઇનો રહ્યો નથી," "જર, જોરૂ, ને જમીન, કોઇનાં થયાં નથી, ને થશે પણ નહિ." તેમજ વળી પૈસા કરતાં એક માણુસની નોંક તથા આબરૂ વધારે

કીમતી ગણાયલીછે તે આ ઉપરથી સાબેત થાયછે કે "પૈસો ગયો પાછો આવે, નોંક (અથવા, પત) ગઇ પાછી ન આવે." ઘણાં માણસોને, મોહડે માંગી, માન લેવા ઘણું ભાવેછે, તેના સંબંધમાં પૈસા ઉપરથી રમુજી ઢબે બોલાયછે કે "પૈસો ટકો લેવો, ને મહુને શેઠ પટેલ કેહુવો." વળી, કરકસર શિખવવા માટે, કહેછે કે "પૈસો બચાવ્યો તે પૈસો રળ્યા બરાબર છે."

ઉંમર

નાં પ્રમાણમાં માણસની કેવી ગતિ રહેછે તે પણ કેહુવતમાં નોંધવામાં આવ્યું છે. શેક્સપિયર જેને "Seven stages of man" કહેછે તેને જોકે તદન મળતું નહિ, તોપણ ઇનસાનની જીંદગીના સાત તપ્પા મિસાલનું, કાંઇક કેહણ, આ કેહુવતમાં સચવાઇ રહેલું જણાયછે: "સોલે શ્યાન, વીસે ગ્યાન, ને તીસે ધ્યાન; ચાલીસે પૂરો, ને પચાસે ઉતર્યો; સાઠી, ને બુદ્ધિ નાઠી; સીતેર વરસનો ઘરડો, ને ઘેરનાં છોકરાં એમ કરી કહે, કે કાંય નહિ મરતો મુવો તરડો?" એ પ્રમાણે, આપણા જેવા ગરમ મુલકમાં, ઈનસાનની શક્તિઓ એટલી ઉંમરે કરમાવા માંડેલી જણાયછે કે જેટલી ઉંમરે તો થંડા મુલકોમાં લોકો પોતાની મનશક્તિના પુર બાહરમાં કામ લેતા માલમ પડેછે. જ્યારે સાઠ વરસના મરદો યુરપનાં દેશો મધે મનશક્તિનો પુરતો અને ફાયદાકારક ઉપયોગ કરેછે, ત્યારે આપણા દેશ મધે તો તેટલી ઉંમરે સઘળી મનશક્તિનો છેડો આવેલો જણાયોછે. "સાઠી, ને બુદ્ધિ નાઠી." સાઠ વરસ થયાં એટલે

ઘરડાંઓનો અક્કલ ગુમાવી બેસવાને વખત આવેલો ગણાયછે, તો જો કે ઘણાક દાખલાઓમાં આપણુ જોઇએ છિએ કે એ કેહવત કાંઈ નહિ ખોટું પાડી શકાય તેવું સિદ્ધાંત સાબેત કરતી નથી, કારણુ સાઠ અને વળી તેથી વધતી પણ ઉંમરના ઘણાક દાખલાઓ આપણે જાણ્યે છિએ કે જેમાં તેટલી ઉંમરની બુઝરગીએ પુગેલાંઓ, પોતાની મનશક્તિ, જેવી અને તેવી, જાળવી શકયાંછે, બલકે વધારે પાકટ બુદ્ધિનાં ગણાયાંછે.

બુનિયાદની અસર

ઈનિસાનમાં કેવી જડ ઘાલી બેઠેલી હોયછે તેનો અનુભવ આપણુને, ચાલતાં અને હાલતાં, મળેછે. અંગ્રેજીમાં જેને "Law of heredity" કહેછે તેને મજબુતી આપનારી કેહવતો, આપણી ભાષામાં, ઠારેઠાર, નજરે પડેછે. ઝાડપાન ઉપરથી, યા જાનવર ઉપરથી, યા ઈનિસાન ઉપરથી, તેના ઢડાઓ, એ કેહવતો, આપણુને પુરતી રીતે શિખવેછે. જેમકે "કડવે લીમડે કડવો વાસ." "કડવો લીમ, સો મણ શાકર નાખે તોપણ મીઠો નહિ થાય." "ગધેડું નહુવડાવવે ઘોડું ન થાય." "ગધેડી ગંગા-જળ નાહી તો કાંઈ પવિત્ર થઇ?" "જાત પર ભાત, ને કામર પર દીબાં." "જાત મનાવી પાંઉ પડે, કજાત મનાવી સિર ચહડે." "ઓદ્ધ્યો ઓધ પર નહિ જાય તો હરામ બુંદનો કેહવાય." "તોખમે તાસીર, ને સોબતે અસર." "સો મણ સાબુએ સીધીભાઈ કાળો."

તનદોરસ્તી સરખી બાબદને કેટલી કીમતી ગણવામાં આવીછે તે આ ઉપરથીજ જણાશે કે દુનિયાનાં સર્વે સુખોમાં એ સુખને શ્રેષ્ટ માનેલુંછે. "પેહલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘરે દીકરા, ત્રીજું સુખ ગુણવંતી નાર, ચોથું સુખ કોઠીએ જાર." અને વળી કહ્યુંછે કે "એક તનદોરસ્તી, હજાર ન્યામત." તેમજ થોડું ખાવાથી તનદોરસ્તીની જાળવણી કેવી થાયછે તે દર્શાવવા બોલાયછે કે "થોડું ખાઇએ તો સુખ્યા રહીએ," "થોડી ભુખના, ઘણાં સુખના." એજ મિસાલે નહિ રૂચતા ખોરાકથી પરહેજ રેહવામાં ઓષડ પાણીની જરૂર રેહતી નથી તે માટે એક ટુંક, પણ ઘણીજ અસરકારક, કેહતી હસતી ભોગવેછે કે "સો પરી, ને એક કરી." વળી કેટલાક ઝાડપાલા અને વસાણાંઓના ગુણ દોષ પણ કેહવત-રૂપે મનુષ્યોના ફાયદા માટે જાળવી રાખેલા જણાયછે. જેમકે "લીમ ગુણ બત્રીસ, ને હરડે ગુણ છત્રીસ." તથા "હિંગ, મરચું, ને આમલી, તમાકુ ને તેલ, જાતની જતન કરે, તો પાંચે વાણાં મેલ." "હિંગ, મરચુ, ને આમલી, સોપારી ને તેલ, જો કંઠનો ખપ કરે, તો પાંચે વસ્તુ મેલ." તેમજ "દુધ, શાકર, ને એલચી, વરિયાળી, ને દ્રાખ, જો ગાયાનો ખપ કરે તો પાંચો વસ્તુ રાખ." વળી તાવના રોગને દૂર રાખવાનાં કારણસર ચોકસ વસ્તુઓથી પરહેજ રેહવા માટે બોલાયછે કે "તાવ કહે હું તુરિયાંમાં વસું, ને ગલકું દેખી ખડખડ હસું; જેને ઘેર જાડી છાસ, તેને ઘેર માહરો

વાસ." તેમજ વળી તનદોરસ્તી જાળવવાનો એક સાદો નુસખો આ કેહવતોમાં સમાવેલો જણાયછે કે "ઉનું ખાય, ઓઢીને સુવે, તેની નાર વૈદ નહિ જુવે," તથા, "ખંખારી દાતણ કરે, મન રૂખતું ખાય, દુધે વાળુ જે કરે, તે ઘર વૈદ ન જાય." વળી મોરચીના એક એલાજ તરીકે બોલાયછે કે "છેલ્લો ઉપાય છાસનો," એટલે જ્યારે સઘળા ઉપાય નકામા જાયછે, ત્યારે સેવટે છાસ પાવાનો ઉપાય અજમાવવામાં આવેછે, કે જેથી યાતો દરદી સાહજો થાયછે, કે યાતો મરણ પામેછે.

જેમ બીજી બાબદોનો, તેમ વરસના

જુદા જુદા મહિનાઓ

વિષેનો, અનુભવ પણ, ગુજરાતી ભાઇઓએ, કેહવતોમાં જાળવી રાખેલો જણાયછે. જેમકે કારતક મહિનાના સંબંધમાં બોલાયછે કે "કારતક મહિને કણબી ડાહ્યો." તેમજ કહેછે કે "કારતક મંદો, તો બારે આંકડા." એ કેહવત એવા વેહમ ઉપરથી જનમ પામેલી કેહવાયછે કે જો કારતક માસ વેપાર વણજમાં મંદો જાય તો બાકીનું વરસ તેજી નિવડે. તેમજ કારતક માસ ઉપરથી આવી રીતે પણ બોલાયછે કે "કારતક કાતરે, માગસર છેતરે, પોસ હાંડી સોસ." માગસર મહિનાના સંબંધમાં એવી કેહતી છે કે "માગસર ન વાયા વાવલા, આદરા ન ઉઠ્યા મેહ, ભરજોબન ન જાયો બેટડો, ત્રણે હાર્યા તે." પોષ મહિનો ભર શિયાળામાં પડતો હોવાથી બોલાયછે કે "પોષ, ને પેટમાં મંઝ્યા ખોસ," એટલે એ માસમાં એટલી સખત થંડી પડેછે

કે તેની સખતાઇ ઓછી કરવા માટે માણસને પોતાનાં ગુંઠણ પેટમાં ડાળીને બેસવું પડેછે. તેમજ પોષ પછી માહ મહિનામાં થંડીનું જોર કમતર થતું હોવાથી બોલાયછે કે "માહ માથે, ને કામળ ખાંધે." તેમજ ચૈતર તથા વૈશાખ ગરમ રૂતુના મહિનાઓ હોવાથી તે મહિનાઓમાં વરસાદની કશી વક્કી હોતી નથી, અને તેથીજ બોલાયછે કે "ચૈતર ચહડે નહિ, ને વૈશાખ પડે નહિ." વળી બોલાયછે કે "ચૈતરે ચેત, વૈશાખે વેચ, જો આવ્યો જેઠ તો પડ્યો હેઠ." શ્રાવણ, તથા ભાદરવો, વરસાદ રૂતુના મહિના હોવાથી, તેઓ દરેકમાં પડતા ઓછા વધતા વરસાદનો અનુભવ દેખાડવા બોલાયછે કે "શ્રાવણનાં સરડાં પરડાં, ને ભાદરવાની રેલ, આશો તાહરાં છોકરાં નદીએ નાહવા મેલ." તથા, "શ્રાવણનાં સરડાં પરડાં, ને ભાદરવાની હેલી, જો એક વરસ નહિ આવું, તો રૈયત બને ઘેલી." વળી શ્રાવણ સંબંધી બોલાયછે કે "શ્રાવણ જાય કોરડો, તો કણે ભરાય ઓરડો," કારણ એ મહિનામાં અનાજ માટે જાહુજા વરસાદની જરૂર રેહતી નથી, અને તેથી એ માસમાં જેમ વરસાદ ઓછો હોય તેમ અનાજના પાકને ઘણો ફાયદો થાયછે. તેમજ કેટલાક મહિનાઓના સંબંધમાં એક વેહમ એવો જાયજ છે કે "શ્રાવણ ઘોડી, ભાદુ ગાય, માહ મહિને જો ભેંસ વિયાય, તો ધણીને ખાય કે ઘોરમાં જાય." ભાદરવા સંબંધી બોલાયછે કે "ભાદરવાની ભેંસ, ચરવું થોડું, ને તરવું ઘણું," કારણ એ મહિનામાં વરસાદ ઘણો

જોશબંધ પડેછે, અને ભેંસને પાણી ઉપર બહુ પ્યાર હોયછે. વળી "ભાદરવાની ભેંસ લીલુંજ દેખે" એમ પણ બોલાયછે. તેમજ કહેછે કે "ભાદરવે ભટુ, ને આખાડે ટટુ." આશો માસ વરસાદ રૂતુની આખેરીએ આવતો હોવાથી બોલાયછે કે "આશો, ને મેઘ નાહુસો." તેમજ વળી કેહવાયછે કે "આશાડી શુદ પંચમી, જો ઝબુકે વીજ, નદીનાળાં ભરાઇ જશે, રાખો બળદ ને બીજ."

વરસાદના મહિનાઓ સંબંધી કેહવતો ઉપરથી

વરસાદનાં જુદાં જુદાં નક્ષત્રો

સંબંધી જે અનુભવ કેહવતોમાં નોંધાયોછે તે ઉપર નજર પુગાડેલી વ્યર્થ ગણાશે નહિ. ઓત્રા નક્ષત્રમાં જો વરસાદ વરસેછે તો અનાજ એટલો પાકેછે કે જાનવરો વટીકને તે ખવાડતાં ખુટતો નથી, અને તેથી કેહવત પડીછે કે "જો વરસે ઓત્રા, તો ધાન નહિ ખાય કુતરા." તેમજ ચિત્રા નક્ષત્ર એટલું અચોકસ કેહવાયછે કે જો એ નક્ષત્રમાં વરસાદ પડ્યો તો રેલ લાવે એટલો પડે, અને ગરમી પડી તો તે પણ, બાળી નાખે એટલી, હદ વિનાની, હોય એવું મનાયછે. આ કારણ માટેજ એ નક્ષત્રને "ઘેલી ચિત્રા" ની ઉપમા આપીછે, અને બોલાયછે કે "ઘેલી ચિત્રા કરે ખેલ, ને કાર ઉનાળે આવે રેલ," "ચિત્રા રેલે કે તપે," તથા "જો વરસે ચિત્ત, તો ભાંજે ભીત." વળી પુરવા નક્ષત્રમાં પણ વરસાદ પડવે અનાજનો પાક સારો ઉતરવાની આશા રહેછે, અને તેથી કણબી લોકો ભાવ ચડ-

ડાવી પૈસા કમાવાની આશા મુકી બેસેછે, જેથી બોલાયછે કે "જો વરસે પુરવા, તો કણુબી બેઠા ઝુરવા." તેમજ મઘા નક્ષત્રમાં પણ, વરસાદ સારો પડવે, પાક પુષ્કળ ઉતરવાની ઉમેદ રહેછે, અને તેથી કહેછે કે "જો વરસે મઘા, તો ધાન થાય ઢગા." "સાંત" નામનાં નક્ષત્રમાં વરસાદનું વધારે પડવું રૂના પાક માટે નુકસાનકારક ગણાયછે, અને તેથી કેહવાયછે કે "જો વરસે સાંત, તો વાગે ન તાંત," કારણ કે રૂનો પાક નાશ પામવે, ને તેની આમદ ન હોવાથી, પિંજારો પોતાની તાંત ચલાવી શકતો નથી. હસ્ત અથવા હાથિયાનાં નક્ષત્રમાં પાણી વધારે પડવું લાભકારક જણાયછે, અને તેથી કેહવત ચાલુ છે કે "જો વરસે હસ, તો પાકે અઢારે વસ." તેમજ કહેછે કે "આવી રે હાથિયાની એર, ને ભાંજ્યા રે બાજરીના પેર," તથા "જો વરસે હાથિયો, તો મોતીએ પુરાય સાથિયો." "હાથિયો વરસે હાર, તો આખું વરસ પાર." અને, આરૂદ્રા નક્ષત્ર માટે કેહવાયછે કે "જો વરસે આરૂદ્રા, તો બારે મહિના પાધરા."

હવે આપણે કેહવતોના તે ભાગ ઉપર આવીશું કે જે આપણુને એક પ્રજાની ચલગતનું તોલ ઘણી આસાનીથી કરવાને સામર્થવાન કરેછે. ઉગમણુ તરફના લોકો,

સ્ત્રી જાત તરફની લાગણી

યા માન માટે તો, ખચીત જાણીતા થયાજ નથી. ઓરત થઈ એટલે તે બાપડી, દરેક બાબદમાં, મરદ કરતાં હલકી અને

ઉતરતી, અને કશા પણ હક અને માન મરતબાને લાયકની નહિ, એવો ખ્યાલ એ પ્રજાઓમાં મજબુત જડ ઘાલી બેઠોછે, અને હિંદુસ્થાનની પ્રજાઓનો મોહટો ભાગ નાજુક પંથની તરફ જે રીતની ચાલ ચલાવેછે તે ઉપરથી આપણુને તો તે દરરોજના અનુભવની બીના છે. સ્ત્રી એ ગોયા ઘર મધેનાં રાચરચીલાંનો કાંઈ ભાગ હોય, અથવા એક ધણીનાં ગાય ઢોરની પંગતીનું જાનવર હોય, તેમ તેણી સાથે વર્તવામાં આવેછે. એથી પણ નબેતર, જ્યારે એક નાજુક અને કોમળ બાનુને, એવી વર્ણેમાં, "પગમાંના ખાસડાં"ની, ઉપમા આપેલી જોઇએ છિએ, ત્યારે સ્ત્રી–જાત તરફ એવી નાપસંદ વર્તણુક ચલાવનારાઓ માટે કોઈ પણ રીતનું માન તો આપણુને રેહતુંજ નથી. તેણીને હંમેશાં પોતાના પગ તળે દાબેલીજ રાખવા માટે બોલાયછે કે "પગમાંનું ખાસડું પગમાંજ રાખેલું ભલું," "રાંડની જાતને ખાસડાંને તળિયેજ રાખેલી ભલી." અને તેથી જ્યારે એક બાયડી મરણ પામવે બીજી બાયડી કોઈ હિંદુભાઇ પરણી લાવેછે તો ઉકમાઈથી બોલાયછે કે "પગમાંનું ખાસડું બદલ્યું," "જુન્નું ખાસડું ફેંકી દઇ નવું ખાસડું લાવ્યો." ગરીબ બીચારી સ્ત્રીનો દરજ્જો, હિંદી સંસારમાં, એટલો બધો તો હલકો તથા ઉતરતો ગણુવામાં આવ્યોછે, કે એક ભરથારે બીજી બાયડી કરવી, એ, જાણે પગમાંનું એક ખાસડું ફેંકી દઇ બીજું તે બદલ પેહરી લેવા સમાન, ગણુવામાં આવેછે. અફસોસ! કે જે પ્રજાઓમાં સ્ત્રી જાતીને આટલી

હિણેલી અને તુચ્છ ગણેલી તે પ્રજાઓની ચહડતીએ પુગવાની ઉમેદ કેવી રીતે પાર પડી શકે! આપણા ગુજરાતી ભાઇઓને કોમળ નારીઓ માટે "રાંડ" કરતાં વધારે સભ્યતા ભરેલો શબ્દ મળેલો જણાતો નથી, અને તેઓની કીમત તેઓ એટલી બધી તો ભારી ગણેછે કે તેઓ કહેછે કે "ટકે ટકે નાન, ને પૈસાની હજારો રાંડ." તેણીની અંદર કોઇબી રીતની અક્કલ યા સારી ચલગતની હસતી વટીક કબુલવામાં આવતી નથી, કારણ સર્વે અક્કલ હુસ્યારી, અને સદગુણો, જાણે તેમના મરદો સઘળા, પોતાનેજ માટે, ઈશ્વરને ત્યાંથી માંગી લાવ્યાછે! આથી તેઓ બોલેછે કે "સ્રીની મતી પાણીએ," "રાંડની બુદ્ધિ પાણીએ," "સ્રીની અક્કલ એડીમાં." તેણીના બોલ ઉપર ભરૂસો મુકવા સામે મનાઇ છે, કારણ કહ્યુંછે કે "હસ્તી–દંત, નારી વચન, પ્રીત કપટીની જે, અંતરનાં ને બહારનાં, જુદાં જુદાં તે." વળી તેણી માટેના હલકા વિચારોમાં હજી કાંઇ ઓછું હોય તેમ બોલાયછે કે "રાંડ કોઈની થઈ નથી, ને થવાની નથી." તેણીને સુધારવા, યા શિખામણ દેવા માટે, ડાંગ સિવાય બીજી કશી વધારે નરમ રીતિ, એ ભાઇઓને જણાતી નથી, કારણ કેહવાયછે કે "બુધે જાર બાજરી, ને બુધે નાર પાધરી, બુધે ડોબું દોહવા દેય, ને બુધે છોકરૂં છાનું રહે." "રાંડ, સાંઢ, ઓર અરણી ભેસાં, ઓ વિખરે જબ કરના કેસા? માર બુધાં, ઓર કર સુધાં." એ પ્રમાણે સ્રી જાતી વિષેના સામાન્ય આવા ખરાબ વિચારો પછી સંસારમાં એક

બેટી,

યા બાયડી, યા વહુ, તરીકે તેણીનો દરજ્જો કોઈબી રીતે માન ભર્યો રાખ્યો હોય, યા તેમને માટે કોઇબી રીતના હક ભોગવવાની છુટ સ્વીકારેલી હોય, યા એક દીકરી, યા બાયડી, યા માતા તરીકે, સ્વતંત્રતા સરીખી ચીજ, તેણી માટે પિછાનવામાં આવતી હોય, એવું આપણને ઘણે દરજ્જે જણાતું નથી. ખુદ હિતોપદેશમાં કહેલુંછે કે "એક સ્રીને બાળ વયમાં તેણીના બાપે, જુવાનીમાં તેણીના ભરથારે, અને ઘડપણમાં તેણીના છોકરાઓએ સાચવવી જોઇએ, કારણ કે કોઈબી કાળે તેણી છુટાપણું ભોગવવાને લાયકની નથી." બોલાયછે કે "દીકરી ને ગાય, જ્યાં દોરે ત્યાં જાય," એટલે એક દીકરીનો દરજ્જો ગાય જેવાં જાનવર કરતાં વધારે ઉંચો ગણેલો નથી. જેમ ગાયને તેનો ધણી જ્યાંબી હાંકી જાય ત્યાં જવું પડેછે, તેમ દીકરીને તેણીનાં માબાપ જ્યાંબી દોરવે, અને જ્યાંબી હોમાવી આપે, ત્યાં તેણીએ જવુંજ જોઇએ. લગન જેવા, એક ઈનસાનની જીંદગી ઉપર મોહટાંમાં મોહટી અસર કરનારા, બનાવ માટે પણ તેણીની મરજી, યા રજામંદી પુછવી, એ હિંદુ–સંસારમાં નહિ બનવા જોગ બીના છે, કારણ પોતાની પસંદગી યા નાપસંદગી જાહેર કરવાનો એક સ્રીને કશો હકજ નથી! દીકરી માટે વળી એટલું બધું તો વાહલ કેહવતો ઉપરથી આપણને જણાયછે કે તેણીને "ઉકરડાની જાત" સિવાય વધુ પ્રીત દર્શાવનારા શબ્દોથી બોલાવવામાં આવતી નથી. વળી કેહવાયછે

કે "દીકરીની હલકી માટી;" અને તે પણ વળી એટલે દરજ્જે, કે દીકરી હલકી ગણાયલી હોવાથી તેણીના બાપને વટીક તે કલંકથી સોસવું પડેછે, અને તેથી બોલાયછે કે "છોકરીના બાપ નીચા." તેમજ તેણી અગર મરણ પામી તો તેમાં સારાં નસીબની વાત સમજવામાં આવેછે, કારણ કેહવત વપરાયછે કે "દીકરી મરે તે પનોતાંની." તોપણ, ઇનસાફને ખાતર અતરે જણાવવું જોઇએ કે દીકરી માટેનાં ઉપલાં કેહણોની સાથે સાથે દીકરીની કદર પિછાનનારી બે ચાર કેહવતો પણ મોજુદ છે. જેમકે દીકરીને ઘણી વેળા લક્ષ્મીની ઉપમા આપવામાં આવેછે, અને તેથી બોલાયછે કે "દીકરી આવી તે લખમી આવી, દીકરા આવીને શું વાહણ લાવવાના હતા?" "દીકરી વગરનાં દેશ સૂનાં," "દીકરી આપી તેણે દુનિયા આપી." તોપણ, દીકરી કરતાં પણ એક

વહુ

તરીકેનો એક સ્ત્રીનો દરજ્જો હજી વધારે હલકો પિછાનવામાં આવ્યોછે, કેમજે બોલાયછે કે "વહુ મુઇ, ને ઉંદરડી મુઈ." એક ઉંદરડીની જીંદગી કરતાં એક વહુની જીંદગી વધારે કીમતી ગણી નથી. ખચીત, એક સ્ત્રીની જીંદગી માટે, આ કેવી લાગણી-રહીત બોલી છે? વહુ થઇ એટલે તેણીનું કાંઈ પણ બોલવું, યા કાંઇ પણ કરવું, તેણીનાં સાસરિયાંમાં પસંદ આવતું નથી, અને તેથી બોલાયછે કે "વહુનું નામ વાએદું," "વહુ ને વરસાદ, એ બેને જશ નહિ."

સગપણ સંબંધી કેહુવતો

ઉપર આવતાં એ કેહુવતોનો પણ ગુજરાતી ભાષામાં કશો તોટો દીસ્તો નથી, અને જે પ્રજાઓમાં, દરેક કુટુંબ જોડાઇને સાથે રહે, એવો સદીઓનો ચાલુ રેવાજ, તે પ્રજામાં એવી કેહુવતો વિશેષ હોય તેની કશી નવાઈ નથી. મા–બાપ, દીકરા–દીકરી, ભાઈ–બેહુન, ધણી–ધણિયાણી, સાસુ–સસરા, વહુ–જમાઇ, મામા, માસા, કાકા, ફુઈ, ભાણુજાં, વિગેરે, સગપણના દરેક ગાંઠ માટે, કાંઇ નહિ અને કાંઈ પણ, કેહણ, એ ભાષામાંથી નિકળી આવ્યા વિના રેહશે નહિ.

મા–બાપ

માં પોતાનાં છોકરાંઓ ઉપર બાપ કરતાં માનું હેત હંમેશ વિશેષ હોયછે તે દર્શાવવા બોલાયછે કે "બાપ તે બાપ, ને માય તે માય, બાપથી સરે તો માયને રડે કાંય?" "બાપના રાજમાં નહિ સમાય, ને માએના ખોલામાં સમાય." "માએ તે માવા, ને બાવા તે પલંગના પાવા." વળી કહેછે કે "લુણ વિના જેવું લુખ્ખું અન્ન, મા વિના તેવું બાપનું મન, ટોલાં વછુટી જેવી મૃગલી, તેવી મા વિનાની દીકરી એકલી." માબાપના ગુણ દોષની અસર તેમનાં બચ્ચાંઓમાં ઉતરેછે તે બતાવવા બોલાયછે કે "બાપ તેવા બેટા, ને વડ તેવા તેટા." "માએ તેવી દીકરી, ને ઠામ તેવી ઠીકરી." માએ તરફનાં વાહલ માટે બોલાયછે કે "માએ તે માએ, ને સૌ તે વાએ." "માએ જેવા

મીઠા મેવા." "માએ વિના સૂનો સંસાર, માએ વિના તે શો અવતાર?" "માએની ગરજ કોઇથી નહિ સરે." વળી માએ અને મતરાઈ વચ્ચેનો ફેર બતાવવા બોલાયછે કે "માએ મતરાઇમાં એટલો ફેર, કે આપ્યા બાર ને ગણ્યા તેર."

દીકરા-દીકરી

માં દીકરો કૂળનો દીવો ગણાતો હોવાથી, અને હિંદુ-રીવાજ મુજબ બાપની ધર્મ-ક્રિયાઓ માટે દીકરાની જરૂર હોવાથી, એક કુટુંબમાં એક દીકરાની હાજરી ઘણીજ કીમતી ગણાયછે, અને તેથી બોલાયછે કે "દીકરો તો દેવતાને ત્યાં પણ દુર્લભ." તેમજ પારસીઓમાં બોલાય છે કે "દીકરો માહરો દનનો દીવો, ને બેહશ્ત ઉજરડાં ફાવે, ને દીકરી માહરી ઘડાની ઠીકરી, એન વખત કામ આવે." દીકરી માટે કહેછે કે "દીકરી ચાલે, ને ડુંગર હાલે, વહુ ચાલે ને ડોલા બાળે." અને દીકરીને વેહલી વેહલી પરણાવી સાસરે મોકલી દેવાની અધીરાઈ સંબંધમાં બેલાયછે કે "દીકરી તો પારકું ધન," "દીકરી ને એઠું ધાન વાસી ન રખાય," "દીકરી સાસરે કે મસાણે શોભે," "દીકરી સાસરે ગયલી કામની ને માલ વેચેલો કામનો," "દીકરી સાસરે શોભે, ને હાથી દરબારે શોભે."

ભાઈ-બેહન

માં ભાઈ તરીકેનાં સગપણ માટે બોલાયછે કે "ભાઈ મળ્યા એટલે પરમેશ્વર મળ્યા." "ભાઈ જેવો બેલી નહિ, ને ભાઈ જેવો વેરી નહિ." તેમજ વળી ભાઇની પોતાની બેહન તરફની

ઓછી વધતી લાગણીવાળી વલણ સંબંધમાં બોલાયછે કે "ભાઈ બેહનનાં આંથણાંમાં ફરે, ને બેહન ભાઇને મોસાળાં કરે," "ભાઇને ભરોસે રેહતી ના, ને વેહલી નાતરે જજે," "ભાઇને ઘેર વેહા, ને ઠાલી ઉજાલીને ખા," "ભાઈનાં મોસાળાં, તેવાં બેહનનાં ગીત," "બેહન તો ભાઈ ભાઈ કરે, ને ભાઈ તો બેહનનાં નાતરાંમાં ફરે."

ધણી-ધણિયાણી

સંબંધમાં પણ ઘણીક જાણવાજોગ કેહવતો આપણને મળેછે. ધણીનો દરજ્જો કેટલો ઉંચો, અને ગમે એવી ખાંપણ છતાં માન મરતબા તથા તાબેદારીને લાયકનો, ગણ્યોછે, તે આ કેહવત ઉપરથી જણાયછે કે "માટીનો માટી પણ પુજ્ય છે." "મીનનો પણ માટી." વળી એક જોડાં વચ્ચે કાંઈ બોલાચાલી યા કજ્યો કંકાસ થયો પણ હોય, તોપણ, આખરે, તેઓ વચ્ચે સલાહ સંપજ થયા વિના રેહતી નથી, માટે બોલાયછે કે "માટી બૈરી એકનાં એક, ને વચમાં બોલે તે ફોક." વળી ધણી–ધણિયાણીનો સંપ તોડવા ગમે એટલી કોશેશ થાય તો પણ જો તેઓ હેત પ્રીતથી વસતાં હોય તો તેવી દરેક કોશશ મિથ્યા છે તે જણાવવા આ કેહવત બોલાયછે કે "જ્યાં ધણી ધણિયાણી રાજી, ત્યાં શું કરે કોટવાલ ને કાજી?" તેમજ એક ઓરત પોતાના ખાવીંદની હૈયાતીમાંજ વધારે સુખી હોયછે માટે બોલાયછે કે "ધણી રાજ, ને મહા રાજ; પુત રાજ, ને ભુત રાજ." અને તેજ કારણે વળી એમ પણ બોલાયછે કે

"ધણિયાણી ધણીવાળી સોહામણી લાગે, ને ધરતી વસ્તીવાળી સોહામણી લાગે." તેમજ ધણીનું હેત તથા માન જાળવવામાં એક સ્ત્રીની કેટલી મોહટી ઈજત છે તે આ ઉપરથી જણાયછે કે "ધણીએ માની તેને ઘેરે માની, ઘેરે માની તેને ગામે માની," "જેને ધણીનું માન, તેને પરીનું માન." એક સ્ત્રીના ખાવીંદનો દરજ્જો તેણીના ખોદાના દરજ્જાની બરાબર ગણેલો છે, માટે બોલાયછે કે "ખાવીંદ, ને ખોદા બરાબર," "ધણીની ચોરી કરવી, ને ખોદાની ચોરી કરવી બરાબર છે." તેમજ વળી સંસારમાં કજ્યો કંકાસ દૂર રાખવા તથા સુલેહ સંપજ જાળવી રાખવાના હેતુથી બોલાયછે કે "ધણીનું ધાન ખાવું, ને લોહડાંના ચણા ચાવવા બરાબર છે," કારણ કે ધણીનો સ્વભાવ તથા મિજાસ જાળવી લેવા વિના બંધે વચ્ચે સારો સંપજ રહે નહિ, અને તેટલા માટે સંસાર સુખી નિવડે નહિ.

સાસુ-વહુ

ના કશા પણ એલખાસ વિનાના સંબંધ વિષેની, અને તેમજ તેથી ઉલટી મતલબની પણ, ઘણીક કેહવતો આપણને મળી આવેછે. જેમકે "સાસુ કોઈની માએ નહિ, ને વહુ કોઇની થાય નહિ." "સાસુ કોઈની શાકર નહિ, ને માએ કોઇની ડાકણ નહિ." "સાસુ ખાધી, સસરો ખાધો, ને ખાધો ઘેર-જમાઈ, ને બાર ગામનાં ગધેડાં ખાધાં તોબી નહિ ધરાઈ." "સાસુ ગઈ સવરાત, ને વહુને આવી નવરાત." "સાસુ જાય ઉભી હોલી, ને વહુજી ખાય ખીર ને પોલી." "સાસુ દમે

સવેળા, તો વહુ દમે કવેળા." "સાસુ પોતે તેવી, ને વહુને શિખામણ દેય." "સાસુ બેઠી શિખામણ આપે, ને વહુ બેઠી કીડીઓ ગણે." "સાસુ ભાંગે તે કહલેડાં, ને વહુ ભાંગે તે ઠીકરાં." "સાસુ માહરી ભોલી, દેખાડે નહિ દીવાલી કે હોલી." "સાસુ લડી મુઈ, ને વહુ વઢી મુઈ, ને ન ખાધાં કોઇએ રાંધ્યાં ધાન." "સાસુના પગને ઠેસ લાગે તોબી વહુએજ પગે લાગવું, ને વહુના પગને ઠેસ લાગે તોબી વહુએજ પગે લાગવું." "સાસુમાં સો વાંક, પણ વહુનો વાંક નિકળે." તોપણ, વળી સાસુ-વહુ વચ્ચે એલખાસ બતાવવા, આ રીતે પણ બોલાયછે કે "સાસુ ને વહુ બેઉ સરખી, ને વચમાં બોલે તે નરસી." "સાસુ ને વહુ સકારાં, ને વચ્ચે બોલે તે અકારાં." "સાસુ ને વહુને કજયો કેટલો? ખીચડીને કકડો આવે તેટલો."

જમાઈ

તરીકેની એક શખ્સની સગાઈ સંબંધી કેહવતો કેવી શિખામણ નોંધેછે તે તપાસતાં, એ સગપણ સાથે પણ જાહજું માન જોડેલું આપણને માલમ પડતું નથી. ઉલટા, એ સગાઇ સંબંધી, જે વિચારો, બે ત્રણ કેહવતોમાં, આપણને જણાયછે તે કેવળ અપમાન ભરેલા છે. જેમકે એક જમાઇને જમની સાથે સરખાવી બોલાયછે કે "જમાઈ ને જમ બરાબર." વળી કહેછે કે "જમ, જમાઈ, ને જાચક, કોઇનાં ન થાય." તથા જમાઇના દરજ્જા વિષે તો બોલેછે કે "જમાઇની જગ્યા ખાસડાં આગળ." તોપણ, વળી એક રીતે, એમ પણ બોલાયછે કે

"દીકરી આપીને દીકરો લીધો, ને પારકો હતો તે પોતીકો કીધો."

બાપ તથા મા તરફનાં સગાંઓ, જેવાંકે

કાકા, મામા, ફુઈ, માસી,

ઉપર જ્યારે નજર પોંહચાડ્યે છિયે ત્યારે તે સંબંધી કેહવતોમાં પણ જાહજો પ્રીતિ ભરેલો સ્નેહ નોંધાયલો જણાતો નથી. જેમકે "કાકા મામા કેહવાના, ને ગાંઠે હોય તે ખાવાના." "કાકો માહરો બાપનો ભાઇ, ને કાકી માહરી લોકની જાઈ, તુંને ને મહને શું સગાઈ?" તેમજ, "મામો તે તો માનો ભાઇ, ને મામી સાથે શી સગાઈ?" "કાકી, ને લીધી ધુળની ફાકી." તોપણ એક કેહવતમાં કહેછે કે "કાકો દીઠે કુટુંબ, ને મામો દીઠે મોસાળ." એજ પ્રમાણે ફુઇનાં સગપણ માટે પણ એકકથી ઉલટા વિચારો નજરે આવેછે, જેમકે એક કેહવતમાં જ્યારે તેણી માટે "ફુઈ, ને થંડા પાણીની કુઈ" એવી રીતે હેતભરેલો એસારો કીધેલો છે, તો બીજીમાં "ફુઈ, ને કુવે પડીને મુઈ" એવી રીતનો સરપાવ તેણીને આપવામાં આવ્યોછે. તેમજ માસી તરીકેનાં સગપણ માટે એવીજ હેતભરેલી રીતે બોલાયછે કે "માસી, ને ખરી બપોરનાં દીધી ફાંસી!" એ રીતે કાકી, મામી, ફુઈ અને માસી એ ચારે સ્ત્રી સગપણ સંબંધી પેહલી બેના બાબમાં જ્યારે કેહવતો કશું સગપણુજ કબુલવા ના પાડેછે, ત્યારે પાછલી બેને કુવો અને ફાંસી બતાવેછે. હિંદી સંસારમાં સ્ત્રી જાતીના જે હલકા

દરજ્જા માટે ઉપર વિવેચન કીધુંછે તેની સાથે આ કેહવતો તદન બંધ બેસેછે, કારણ કે જ્યાં પોતાની સ્ત્રી, તથા દીકરી તથા વહુ, જેવાં નજદીકનાંજ સગપણ માટે, હેત અને લાગણી ભરેલો સંબંધ, એ સંસારમાં, પસરવા પામી શકતો નથી, તો પછી બાપ અને મા તરફનાં સ્ત્રી-સગપણ માટે વધારે સારા સ્નેહની આશા રાખી શકાય નહિ.

ભાણેજ

સંબંધમાં નીચલી કેહવતો આપણને જડેછે: "ભાણેજાં ને તાણેજાં, ને દેખતાં ને માગતાં, ને ન આપતાં તો શાપતાં." "ભાણેજ ભાગમાં નહિ, ને જમાઈ લાગમાં નહિ."

સંસારમાં કેટલાક સંજોગો એવા આવેછે કે જ્યાં

સ્ત્રીનું ચલણ

દેખઇતું વિશેષ હોયછે. તેવા સંજોગોમાં તે સ્ત્રીને પોતાનાં અતલગનાંઓનીજ લાગણી રહેછે, અને પોતાના ધણી તરફનાં-ઓની સગાઇ તેણીને તદન અણગમતી જણાયછે એવું દર્શાવવા પણ કેટલીક રમુજી કેહવતો મોજુદ છે. જેમકે "આવ્યો ભાઇનો ભાઈ, તો ઉભો તોરો સાહી, આવ્યો બેહનનો ભાઈ, તો ઘેરમાં પેઠો ધાઈ." "આવશે ભાઈની બેહન, તે જશે આંસુ જેહરી, આવશે બાઇની બેહન, તે જશે સાડી પેહરી." "આવશે ભાઈની સાથ, પણ જમશે ભોંજાઇને હાથ." વળી બોલાયછે કે "માએ-જણી મળી, ને પેટમાં ટાહડક વળી, સાસુ-જણી મળી, ને પેટમાં આગ બળી." "પુઈ આવી દિસે, ને માહરાં છોકરાં

m

બીહશે; માસીને તો તેડ, મણુની માંગણુ તર, ને માસીને ભોણે ભર." "સાલી આવે તો સાલ્લો પેહરી જાય, ને બેહન કટકો કાપલાને કકલે."

સગપણુ સંબંધી, ત્યારે, સઘળી કેહવતો, એ પ્રમાણે, તપાસતાં આપણુને હિંદી સંસારનો એક એવો ચિતાર મળેછે કે જે આપણા દરરોજના અનુભવથી કાંઈ ઘણે દરજ્જે જુદો પડતો નથી. સ્ત્રી જાતીની હલકી પંગતી, અને પુરૂષ માત્રનું સર્વોપરિપણું, જેમ એક બાજુથી તે અચૂક રીતે દેખાડેછે, તેમ દીકરા દીકરી અને માબાપ, સાસુ સસરા અને વહુ જમાઈ, ધણી ધણિયાણી, વિગેરે, આ સંસારની નિકટ સગાઇઓ માટે પણુ, તે એક આબાદ આરસી રજુ કરેછે.

આ પ્રમાણે જુદાં જુદાં સગપણો સંબંધી કેહવતો તપાસ્યા પછી હવે થોડીક જુદીજ કિસમની, એટલે

રમુજી કેહવતો

ની તપાસ લઈશું. ઘણીખરી કેહવતો ગંભીરપણે શિખ શિખવેછે, પણ વળી કેટલીક એવી પણ છે કે જેમાં રમુજનું અંશ ભેળેલું હોયછે, અને જે ખુશ મશ્કરીમાં, અને ટાહુકા ટુચકાના રૂપમાં, ઘટતી શિખામણો મગજ ઉપર ઠસાવેછે. જેમકે સેહજ જ્ઞાન ધરાવવે માણુસ છાલકું બની જઈ તે છાલકાંપણાંથી પોતાને કેટલી બધી હાનિ પુગાડેછે તે સંબંધી એક કેહવત, કોઈ ઇંગ્રેજને ત્યાં નોકરી કરી ગણત્રીના ઇંગ્રેજી બોલ શિખી આવેલા એક "લાલિયા પરાપર" ની પેલી રમુજી વાત

ઉપરથી, નિકળીછે, કે જેમાં મરણુ કાંઠે આવેલા લાલિયાભાઈ, પોતાને પાણી જોઇતું હોવાથી, પોતાની આસપાસનાંઓને "'વાતર' લાવ! 'વાતર' લાવ!" એમ કહ્યા કરે, પણ તે બાપડાંઓને તેની સમજણ નહિ પડવે આખરે તેને પાણી વગર પોતાનો જીવ ખોવો પડયો હતો. તે કેહવત આ મુજબ છે: "એલાર ગીયો, પેલાર ગીયો, ને શિખી આંગ્યો કાહણી, 'વાતર' કરતાં જાન ગીયો, ને ઢોલિયા હેઠે પાણી." આજ મજમુન "અલ્પ જ્ઞાન તે અતિ હાન" એ કેહવત પણ શિખવેછે, પણ આગલી કેહવતમાં રમુજનું અંશ હોવાથી તે વધારે ખુશ લાગેછે, અને જલદીથી યાદ રહેછે, કારણ શાકરનાં પડવાળી ગોળી વધારે સેહલાઈથી ગળે ઉતરેછે. હરામ હાડકાં-વાળા આખાખાઉઓ; જેઓને ખાવા પીવા અને મોજમજાહ કરવા માટે કશી બાધ નથી, પણ જેઓને મેહનત મજુરી કરવી જીવ ઉપર આવેછે, તેવાઓ માટે આ રમુજી કેહવતો આપણને જડેછે: "આખુનજી લકડી તોડશો? તોકે' ઓ કાફરકા કામ; આખુનજી ખીચડી ખાશો? તોકે' ઓહ! બિસમલ્લા!" "હાથ પગ તો પાણી પાણી ને અન્ન બોત ભાવે, કામ પર તો જીવ નહિ લાગે, ને એઠાં ગીત ગાવે." એ મજમુનને મળતી બીજી એક વધુ કેહવત આપણને મળેછે, તો જોકે તે એટલી રમુજી નથી: "માયનો મેહલ્લો, ખાવામાં પેહલ્લો, ને કામ કરવામાં છેલ્લો." કેટલાક ધણીઓ, પોતાની પંરણેતરો ઉપર, નજીવી બાબદોમાં, કેટલો બધો રોબ કશી,

દમામ કરવા જાયછે તે સંબંધમાં આ કેહવત ઘણી રમુજ ઉપજાવેછે: "ધણી રે ધણી! તાહરી ધંમક ઘણી, લાચો તો એક સુરાની પણી, ને લેરે શેતાનની જણી!" કોઈ મુરખને એક કામ નહિ કરવા કેહવા છતાં તે, પોતાની કમ-અક્કલને લીધે, કેવો છબરડો કરી સામો ઘાણ કાહડેછે, તે માટે કેહતી છે કે "ડોસી બોલતી ના! તોકે' નહિ રે બાપા!" એજ મતલબની એક બીજી કેહવત વળી એક વાણિયા અને તેની મુસલમીન ચાકરડીની પેલી રમુજી વાત ઉપરથી ઉત્પન્ન થઇછે કે જેમાં વાણિયાએ એક બકરીને મારી નાખી, તે બીના કોઈ આગળ પણ નહિ બોલવા, પોતાની ચાકરડીને ફરમાવ્યું, તો તેણી આખી બજારે બબડતી ગઇ કે "બનિયાને બકરી મારી, ઔર મેરેકુ કહા કે 'બોલતી ના,' તો મેરેકુ ક્યા પડી કે મએં બોલું." હદ વિનાની શોખઇ દર્શાવવા બોલેછે કે "શોખની બલા દૂર, જેમ પડે ખાસડાં તેમ આવે નૂર!" "શોખને કુલ્લે ઝાડ ઉગ્યું, તોકે' ભલે! મહને છાંયડો થયો!" "નાક કટા તો કટા, પણ ઘી તો ચટા!" "જુત્યાં ખાઇ તો ખાઇ, પણ મખમલકી!" સેહેજ બોલમાં બોલનારને પકડી લઇ તેને માથે પડનારાં માણસો સંબંધી આ કેહવતો ખચીત રમુજી છે: "બાવાજી નમો નારાયણ! તોકે' તેરેજ ઘર ધામા!" "માહરાજ! જમશો કે? તોકે' જમીશું, ને સીધું પણ લઈશું!" "વેહવાઈ નાતરૂં કરો, તોકે' હા વેહવાણ તમારીજ સાથે!" આવી રીતની ચાલ ચલાવવા માટે કેહવતોમાં ભાટ બ્રાહ્મણ વધુ

પકડાયલા જણાયછે, કારણ કેહવાયછે કે "ભાટ બ્રાહ્મણનું લાકડું વણુપેસાડયું પેસે, રસ્તે જતાં મળ્યા હોય, તો ઘેર આવીને બેસે!" વળી એવાઓ ઉપર સેહેજ ઉપકાર કરવા જતાં તે કેટલો ભારી પડી જાયછે તે આ ઉપરથી સમજાયછે: "લાધ દે, લધામણ દે, લાધનેવાલા સાથ દે, ઓધનેકા પટ્ટુ દે, બેઠનેકા ટટ્ટુ દે, ખાનેકા લડ્ડુ દે, જગન્નાથકુ પોંહચા દે!" વળી આ દુનિયામાં ઘણાંક નગુણાંઓ એવાં હોયછે કે તેઓને માટે ગમે એટલો જીવ પટકી ભલું કરતાંબી તેઓની ખાતરમાં કશું ઉતરતુંજ નથી. આવાંઓનાં સંબંધમાં કેહતી બોલાયછે કે "માથું વાહડી ઓસીકે મેલ્યું તોકે' મહને ખુંચેછે!" જોકે સચ્ચાઈ જેવી ઉત્તમ નીતિ બીજી કશી નથી, અને તે જાળવવા માટે ઘણાક કીમતી બોધો કેહવતોમાં કહેલા છે, તોપણ, ઘણી વેળા, ઇનસાનને એવા સંજોગોમાં આવી પડવું પડેછે કે જે વેળાએ, શેખ સાઅદીના અમર વચનો મુજબ, "ફિતનો-ઉસકેરનારી સચ્ચાઇ કરતાં ભલાઇના મિશ્રવાળી જુઠઇ," વધારે કારગત જણાયછે. તેવા સંજોગો માટે રમુજી ઢબે કેહવાયલું છે કે "સભા સોહંતું બોલ્યે, જેમ રીજંતો રાય, કીડીએ કુંજર ગળ્યો, તો હાજી હા કેહવાય!" "સભા સોહંતું બોલ્યે, જેમ પતીજે રાય, મગતરે હસ્તી ગળ્યો, તો હાજી હા કેહવાય!" "જીનકે ગાંવમેં બસ્યે ઉનકો હાંજી હાંજી કીજ્યે, બીલ્લી ઉંઠ લેકર ચલી, તો હાંજી હાંજી કીજ્યે!" ઘણીક વેળા શોખઈ ભરેલા જવાબો પણ કેટલી હદ સુધી લેઈ જવામાં

આવેછે તે આ રમુજી કેહુવત શિખવેછે: "સમુ જોખજો, તોકે' ધડોજ કોણુ કરેછ?" નહિ બનતી ચીજો બની શકે એવી ધોંસ મારવા સંબંધમાં આ કેહુવત અતિશય રમુજ ઉપજાવેછે: "બેહરો કહે બુમ પડી, આંધળો કહે એ આવ્યો રે! નાગો કહે મહને લુટી લેશે, ને પાંગલો કહે પગ ભાંગ્યો રે!" હિંચકારા માણુસો ઠાલી હિંમતનું ડોલ ઘાલતા હોય તો "મારતેકી પીછુ, ઓર ભાગતેકી આગુ" એ કેહુવત તેવાં ડોલનું ઘણું અચ્છું તોલ કરી આપેછે. કેટલાંક આસામીઓ ઘણું ખાનારાં હોવા છતાં જ્યારે પોતે સેહજસાજ ઉપર નિર્વાહ કરનારાં હોય એવું ડોલ દેખાડેછે ત્યારે આ કેહુવત તેઓને ખચીત હસીમાં લાવી નાખેછે: "માહરી સુનાબાઇ કાંઇ નહિ ખાય, શીરા ને સો પુરી ખાય, વાટું ભરીને ખીર ખાય!" બિસાદ વગરની બાબદમાં મોહટા દમામનું રૂપ ધારણ કરવામાં આવે તેના સંબંધમાં બોલાયછે કે "લે બે ઘડા, ઓર કર બે ઘડા, ઓર સવા પેસાકા ઘી દે!" ઘણી વેળા દુનિયા-વ્યવાહરમાં આપણે જોઈએ છિએ કે પૈસા ઉછીના લેતી વેળાએ લોકો કેટલા કાલાવાલા કરેછે, અને પાછા આપતી વેળાએ તેઓ પોતાના માંગનારને કેવી રીતની બુમ પડાવેછે, બલકે તે પાછા આ-પવાના મુદલજ અખાડા કરેછે. "લેના ઉસકા દેના નહિ, ઓર મંગે ઉસકા સિર કાટું" એ કેહુવત માનવીની એ ખાસિયત બરાબર બતાવેછે. કેટલાકો તો વળી પોતાનું કરજ ઉડાવવામાં એવી રીતના બાંગડ હોયછે કે તેઓની તેવી લુચ્છાઈ મનમાં

કલ્પવી પણ ઘણી વેળા મુશ્કેલ થઇ પડેછે. એવાઓનાજ સંબંધમાં કદાચ આ કેહવત બોલાતી થઇ હશે કે "સોકા હુવા સાહઠ, આધા ગયા નાહઠ, દસ દેયંગે, દસ દિલાઇંગે, ઓર દસકા દેનાબી ક્યા, ઓર લેનાબી ક્યા!" દરજીઓની લુચ્ચાઈ સંબંધી કેહવતો આપણે આગળ તપાસી ગયા છિએ, પણ એક દરજી પોતે એકજ આસામી હોવા છતાં, તે એકના છ આસામી કેવી સિફતથી ગણાવી ભોલાંઓને ઠગી જવાની શક્તિ ધરાવેછે તે દેખાડવા બોલાયછે કે "સુઈ, મેરાઇ, ને દરજી, અમે ત્રણ જણા, ગજ, કાતર, ને દોરો, અમે છ જણા!"

આ મુજબ રમુજી કેહવતો પણ હજી બીજી ઘણી ટાંકી શકાય, પણ નમુના તરીકે આટલીજ બસ થશે.

કેટલીક કેહવતો, અને તેમાં, મુખ્ય કરી, પારસીઓ વચ્ચે વપરાતી

કેહવતો, પુરૂષ યા સ્ત્રીનાં નામો ઉપરથી,

ચાલુ થયલી, આપણા જોવામાં આવેછે. જેમકે "બહમન અતરંગ," "સુખલો જામાસ્પ," "નવલશાહ હીરજી," "નવલશાહ ઓરી," "બેજન સુરતી," "સોલુ સમજુ," "પેસુ સમજુ," "લોઠીનો કાઉસ." આ ફક્ત વિશેષ નામો છે કે જે નામો, તે અસલ ધરાવનાર ધણીના જેવા ગુણ દોષવાળા આદમીને, લાગુ પાડવામાં આવેછે. પણ કેટલાંક નામની સાથે તો તેવા ગુણ દોષ, યા તે દર્શાવનારા શબ્દો, યા તેવી ખાસિયતોનું વર્ણન, જોડવામાં આવ્યુંછે. જેમકે

"હોરમજ બાટલા, નાક કાન કાટલા," "દોલાના ઘોડા જેવી ચાલ," "ખરશેદજી માણેકજી કરવું," "દીકરા ધનજી ભોટના," "દાદીશેઠના સાથનો," "નવલાઈ શેખજીએ ખાડો ખોદયો, તો નવલાઈ શેખજીજ પડ્યો," "સપલાની ભીખાઈ, ને ચકલે ચકલે પીખાઈ," "સપલાની મેહરી, ને માએ સાથે વેરી," "હાપાનો બેહલો, કામ કરતી વખત ઘેલો, ને જમતી વખત પેહલ્લો."

કેહવતો મધેની સૌથી ઉત્તમ અને ઉમદા તે કેહવતો ગણવી જોઇએ કે જે ખોદાતાલા સર્વ-શક્તિમાન, સર્વ-જ્ઞાની, સર્વ-વ્યાપક, અતિ દયાળુ અને ઈનસાફી છે એમ ઈનસાનને શિખવેછે.

ખોદા વિષેનું જ્ઞાન

જે માનવી જાતને આ દુનિયા મધે પંથરાયલા જુદા જુદા ધર્મો શિખવેછે તે જ્ઞાન કેહવતોનાં ચાનક આપનારાં રૂપમાં તેમનાં મગજ ઉપર હરદમ ઠસેલું અને ઠસેલુંજ રહે એ કેહવતોની મોહટામાં મોહટી કીમત સમજવી જોઇએ. એવાં જ્ઞાનમાં ગુજરાતી ભાષાની કેહવતો કાંઇ કમતી નથી. જેમકે ખોદાની અપાર શક્તિ માટે બોલ્યે છિએ કે "ખોદા કરે તે થાય," "ખોદા ચાહે તે કરે," "ખોદાના હોકમ વગર એક પાતરૂંબી નહિ હીલે," "હરી કરે સો હોય," "પરમેશ્વરનું ધાર્યું થશે." તે સાહેબ સર્વ-જ્ઞાની છે માટે બોલાયછે કે "પરમેશ્વરથી શું છાનું?" તેની અપાર ભલાઈ, તથા કરમ

બખ્શેશ માટે બોલ્યે છિએ કે "ખોદા જેવો સાહેબ છે, તે ભુખાં ઉઠાડેછ, પણ ભુખાં સુવાડતો નથી," "પરમેશ્વરે દાંત આપ્યાછ તે ચાવણું પણ આપશે," "ખોદા જ્યારે આપવા માંગેછ ત્યારે તમાચો મારીને આપેછ." તેમજ તે સાહેબની મેહરબાની આગળ ઈનસાનની ગમે એવી ભુંડું કરવાની શક્તિ તદન લાઈલાજ છે તે માટે કેહવાયછે કે "ખોદા પાધરો, તો વેરી આંધળો," "ખોદા રાખનાર, તેને કોણ મારનાર?" "રામ રાખે તેને કોણ ચાખે?" "રામ રક્ષે, તેને કોણ ભક્ષે?" "પરમેશ્વર હોય પાધરા, તો વેરી થાય આંધળા." વળી તે સાહેબની કરમ બખ્શેશ કેવી અપાર ભલાઇ વાળી છે કે બોલવામાં આવેછે કે "ખોદાની મેહર, ત્યાં લીલા લેહર," "ખોદા મેહરબાન, તો ગદ્ધા પેહલવાન," "ખોદા મેહરબાન, તો જગ મેહરબાન." ખોદાતાલા ઈનસાફી છે માટેજ કેહતી છે કે "ખોદાનું ઘેર રાસ્ત છે." અને વળી તે સાહેબ જેમ ઈનસાનની ભલી કરણી માટે તેને પોતાના ગેબી ખજાનાથી નવાજેછે, તેમ તેનાં બુરાં કરતુક માટે તેને શિક્ષા પોંહચાડવા કશી પણ ચેતવણી વિના તૈયાર રહેછે, તે માટે કહીએ છિએ કે "ખોદાની લાકડીને અવાજ નથી." આ મુજબ ઈશ્વરની અપાર શક્તિ તેમજ બુલંદી માટે આપણી કેહવતો આપણને ઘણું શિખવેછે.

કેહવતોની સમજણ,

અને તેઓને ઘટતી જગ્યાએ લાગુ પાડવા માટેની સંભાળ,

n

કેટલી જરૂરની છે તે, તેનો બારીક અભ્યાસ કરનારાઓનેજ, રોશન છે. કેહવતોમાં જે શબ્દો વપરાયલા હોય તે શબ્દો જે અર્થ સુચવે તે કરતાં વધારે ઉંડો ભરમ, અને વધારે ઉંડી ફિલસુફી, તેની અંદર સમાયલી હોયછે. એ માટેનો એક ઘણોજ ધ્યાન આપવાજોગ દાખલો ડૉકતર ટ્રૅન્ચ પોતાનાં પુસ્તકમાં આપેછે, અને તે જે કેહવત આપણે ગુજરાતીમાં "પંચ કહે તે પરમેશ્વર" એવી રીતે બોલ્યે છિએ તેના સંબંધમાં છે. તે કહેછે કે

"The Latin proverb, '*The voice of the people, the voice of God*,'[1] is one which it is well worth our while to understand. If it were affirmed in this that every outcry of the multitude, supposing only it be loud enough and wide enough, ought to be accepted as God's voice speaking through them, no proposition more foolish or more profane could well be imagined. But *the voice of the people* here is something very different from this. The proverb rests on the assumption that the foundations of man's being are laid in the truth; from which it will follow, that no conviction which is really a conviction of the universal humanity, but reposes on a true ground; no faith, which is indeed the faith

1. Vox populi, vox Dei.

of all mankind, but has a reality corresponding to it: for, as Jeremy Taylor has said: 'It is not a vain noise, when many nations join thair voices in the attestation or detestation of an action:' and Hooker: 'The general and perpetual voice of men is as the sentence of God Himself. For that which all men have at all times learned, nature herself must needs have taught; and God being the author of nature, her voice is but His instrument."[1] The task and difficulty, of course, must ever be to discover what this faith and what these convictions are; and this can only be done by an induction from a sufficient number of facts, gathered from sufficiently diverse quarters, and in sufficiently different times, to enable us to feel confident that we have indeed seized that which is the constant quantity of truth in them all, and separated this from the inconstant quantity of falsehood and error, evermore offering itself in its room; that we have not taken some momentary cry, wrung out by interest, by passion, or by pain, for *the voice of God*; but claimed this august title only for that true voice of humanity, which, unless everything be false, 'and earth's base

1. *Eccles. Pol.* i. § 8.

built on stubble,' we have a right to assume an echo of the voice of God."[1]

સેવટે, આ વિષય સમાપ્ત કરતાં

કેહવતોના અભ્યાસ

સંબંધી એક ઘણીજ અગત્યની બાબદ ઉપર સહેજ વિવેચન કરવાની જરૂર જણાયછે. આ પુસ્તક મધ્યે નજર કરતાં, ઠારે-ઠાર, એક ગુજરાતી કેહવતની હેઠળ, તેને મળતાજ વિચાર દર્શાવનારી જુદી જુદી અનેક ભાષાઓની કેહવતો, વાંચનારને માલમ પડશે. હવે, જુદી જુદી પ્રજાઓ વચ્ચેની કેહવતોનું એ સરખાપણું, એક ઘણાજ ગુંચવણ ભર્યા સવાલને જનમ આપેછે, અને તે એવી કેહવતોની અસલિયાત નક્કી કરવા સંબંધી છે. કેહવતોના દરેક સંગ્રહ કરનાર, તેમજ અભ્યાસી, બલકે એક સાધારણ વાંચનારને પણ, આ તો સારી રવેશે જણાયલી બીના છે—અને આ પુસ્તક ઉપર એક અછડતી નજર કરી જોતાં પણ વાંચનારને જણાશે—કે ઘણીક કેહવતો દુનિયા મધ્યે બોલાતી એવી છે કે જેમાં, જોકે તેજ શબ્દો નહિ, તોપણ, એક સરખાજ વિચારો, એકસરખીજ કલ્પના, અને એકસરખાજ બોધો સમાવેલા હોયછે. જે પ્રજાઓ મધ્યે એવી કેહવતો વપરાતી હોયછે તે એકકથી ગમે એટલી દૂર વસનારી હોય, તેમનો સુધારો વધારો એકકથી ગમે એટલો ઓછો વધતો હોય, તોપણ આટલી વાત તો સિદ્ધ છે કે તેઓ વચ્ચે વપરાતી

1. *Proverbs and Their Lessons*, pp 130-131.

એવી કેહુવતોનો મજમુન એકનો એક છે. અને તોપણ, તેવી કેહુવતો ઉત્પન્ન કરનારી પ્રજા કેઈ, અને તેની નકલ કરનારી પ્રજા કેઇ, તે ઠેરવવું ઘણું મુશ્કેલ, અને નહિ બની શકે એવું, કામ જણાયછે. આ સંબંધમાં આર્ચબીશપ ટ્રેન્ચ કહેછે કે :—

"There is indeed nothing in the study of proverbs, in the attribution of them to their right owners, in the arrangement and citation of them, which creates more perplexity than the fact of finding the same proverb in so many different quarters, current among so many different nations. In quoting it as of one, it often seems as if we were doing wrong to many, while yet it is sometimes almost, or oftener still altogether, impossible to determine to what nation it first belonged, so that others drew it at second hand from that one; even granting that any form in which we now possess it is really the oldest of all. More than once this fact has occasioned a serious disappointment to the zealous collector of the proverbs of his native country. Proud of the rich treasures which in this kind it possessed, he has very reluctantly discovered, on a fuller investigation of the whole subject, how many of these which he counted native, the peculiar heirloom and glory of his own land,

must, at once and without hesitation, be resigned to others, who can be shown beyond all doubt to have been in earlier possession of them: while in respect of many more, if his own nation can put in a claim to them as well as others, yet he is compelled to acknowledge that it can put in no better than many competitors, and frequently a claim not as good as theirs."[1]

ટ્રેન્ચના આ છેલ્લા વિચાર સંબંધી એક જાણવાજોગ દ્રષ્ટાંત ડીઝરયલીની "Curiosities of Literature" ઉપરથી મળી આવેછે, જ્યાં તે સ્કૉતીશ કેહવતોનો સંગ્રહ કરનાર કૅલીનો દાખલો આપેછે. આ ધણીએ, ઘણી માહભારત મેહનતે, સર્વે સ્કૉતીશ તરીકે જણાયલી કેહવતો એકઠી કરવા પછી, કહેછે કે, તેના જાણવામાં આવ્યું કે જે કેહવતોને તે અસલ સ્કૉતીશ તરીકે જાણતો હતો તે ખરેખરી તો ફક્ત ઇંગ્રેજીજ નહિ, પણ ફ્રૅંચ, ઇતૅલ્યન, સ્પૅનીશ, લૅતીન અને ગ્રીક કેહવતો હતી. આથી તેને ભારી નિરાશી ઉપજી હતી.

પણ ત્યારે દુનિયા મધે વપરાતી જુદી જુદી પ્રજાઓની ચોકસ કેહવતોમાં આવું અજબ સરીખું એકસરખાપણું શા કારણથી હશે? આનો જવાબ ખુદ ડીઝરયલીના પોતાનાજ શબ્દોમાં આપેલો ઘણો અસરકારક થશે:

"The resemblance of certain proverbs in different nations must, however, be often ascribed

1. *Proverbs and Their Lessons*, p. 29.

to the identity of human nature; similar situations and similar objects have unquestionably made men think and act and express themselves alike. All nations are parallels of each other! Hence all parœmiographers, or collectors of proverbs, complain of the difficulty of separating their own national proverbs from those which had crept into the language from others, particularly when nations have held much intercourse together."[1]

કેહવતોનું આ સરખાપણુ કેવું વિચિત્ર, તથા આપણને વિસ્મય પમાડે એવું, છે, તે, આ પુસ્તક મધે સમાવેલી એવી એકસરખી કેહવતોની સેહજ તપાસ ઉપરથી માલમ પડશે. દાખલા તરીકે "કાગડો કોયલને હસે" એ કેહવત લેઈએ, અને એનેજ મળતા, જુદી જુદી ભાષા મધે દર્શાવેલા, કેહવત-રૂપી વિચારો તપાસ્યે. ઇંગ્રેજી ભાષા મધે આ કેહવતનો મજમુન બતાવવા ઓછામાં ઓછી આંઠ કેહવતો મળી આવેછે, પણ તે મધેની એકજ લઇએ તો તેમાં કહેછે કે "મેસવાળી ભઠ્ઠી કાળી ચીમનીને હસે છે." ફ્રેંચ લોકોમાં કહેછે કે "કીતલી કહુડાને ડાઘિયલ કહેછે." ઇતૅલ્યનો આ કેહવત વાપરેછે: "કહુડો તપેલીને કહેછે, 'આઘે રેહ! તું મહને ડાઘા પાડશે!'" સ્પૅનીશમાં પણ આબાદ તેજ વિચાર છે. ડેનીશ કેહવત છે કે "'છટ! તું કેવો કાળો છે,' એમ કીતલીએ કહુડાને કહ્યું."

1. *Curiosities of Literature*, "The Philosophy of Proverbs."

દચ લોકો બોલેછે કે "કહડો કીતલીને ઠપકો આપેછે 'કે તું કાળી છે'!" ચીનાઓ કહેછે કે "કાગડો ડુક્કરના કાળાશ માટે તેને હસ્યો." બંગાલીઓમાં બોલાયછે કે "ચાલણી સોયને કહેછે કે 'તારે છેડે તો એક કાણું છે.'" આપણી કેહવત "ચારણી કરવડાંને હિણે" તેને આ કેવી આબાદ મળતી આવે છે. રશ્યનોમાં કેહવત છે કે "એક ડુક્કર ઘોડા પાસે ગયું અને બોલ્યું, 'તાહરા પગ વાંકા છે, અને તારા બાલ કોડીની કીમતના નથી.'" બોહીમ્યન લોકોમાં બોલાયછે કે "કીતલી કહડાને સતાવેછે. (પણ) તમે બંધે કાળાં છો." ગ્રીક કેહવત છે કે "ગધેડાએ કુકડાને કહ્યું 'મોહટાં-માથાંનો.'" જ્યારે સંસ્કૃતમાં તો એ કેહવતનો ભાવાર્થજ કેહવત તરીકે બોલાયછે: "જેઓ બીજાંઓની ખામીઓ શોધેછે તેમને પોતાની ખાંપણોનું ભાન નથી." ફારસીમાં બોલાયછે કે "એક દેગે બીજી દેગને કહ્યું કે 'તાહરી બેઠક કાળી છે.'"

એક બીજો દાખલો લઈશું, કે જેમાં અજાયબી એ છે કે તે કેહવત મધે સમાવેલો વિચાર બીજી પ્રજાઓની કેહવતોમાં પણ ઘણો ખરો આબાદ તેજ શબ્દોમાં દર્શાવેલો જણાયછે: "ગાજતા મેહ વરસે નહિ, ને ભસ્તા કુત્તા કાટે નહિ" એ ગુજરાતી ભાષામાં એક સાધારણ કેહતી છે. ઈંગ્રેજીમાં કહેછે કે "ભસતા કુત્રા કવચીતજ કરડેછે." સ્કૉચ લોકોમાં બોલાયછે કે "ઘણું ભસનારા કરડનારા હોતા નથી." ફ્રેંચો કહેછે કે "દરેક કુતરો જે ભસેછે તે કાંઈ કરડતો નથી." સ્પૅનીશ કેહતી છે કે "ભસતો કુતરો કદી

સારો કરડનાર નિવડ્યો નથી." જરમન તેમજ દચ લોકો બોલેછે કે "ભસતા કુતરા કરડતા નથી." પૉરતુગીઝ લોકો બોલેછે કે "જે કુતરો ઘણો ભસેછે તે થોડો કરડેછે." ઇતૅલ્યનો કહેછે "ભસતો કુતરો કરડતો નથી." ચીનાઓ બોલેછે કે "ગગડાટ જોશમાં થાયછે, પણ વરસાદ થોડો પડેછે." જ્યારે ખુદ હિંદુસ્તાનમાં તેલુગુ લોકો બોલેછે કે "ભસતો કુતરો કદી કરડતો નથી." કાશમીરીઓ બોલેછે કે "ઘણું ગરજવે કાંઈ વરસાદ પડતો નથી, અને ઘણું બોલવામાં કશો સાર નથી." કચ્છીઓ કહેછે કે "ગજના ન વસના, ભસના ન કટના." ઉરદુમાં બોલાયછે કે "જો ગરજતા હુએ, સો બરસતા નહિ." જ્યારે મરાઠાઓ બોલેછે કે "ગરજેલ તે પડેલ કાય, આણિ બોલેલ તો કરીલ કાય?" ચીતેગોંગની ટેકડીઓ ઉપર વસનારી અરધી જંગલી જાતો પણ આ વિચાર દર્શાવનારી કેહવતથી બકાત નથી. તેઓમાં બોલાયછે કે "ભરેલો ઘડો છલકાતો નથી, અને કરડનારો કુતરો ભસતો નથી." છેલ્લું સરખાપણું ખચીતજ વિચિત્ર છે, કારણ કે સુધરેલી દુનિયા સાથના અતલગના વ્યવાહારમાં એ જાતો આવી શકે, અને તેઓના આચારવિચારો ઉપાડી લેય તેવી તેઓની સ્થિતી જણાતી નથી, અને તોપણ સઘળી સુધરેલી પ્રજાઓના ઉપલા વિચાર સાથનું તેમનું એકમળતાપણું ખચીત અજાયબી ઉત્પન્ન કરનારૂં છે. અને આ છેલ્લો દાખલો દીઝરયલીનું ઉપર ટાંકી બતાવેલું મત ખરૂં પાડેછે કે "એકસરખા

સંજોગો, અને એક સરખી બાબદોએ માણસજાતમાં એક સરખા વિચારો ઉત્પન્ન કીધાછે, અને તેઓએ તે વિચારો એકસરખીજ ભાષામાં દર્શાવ્યાછે."

એક વધુ દાખલો લઇએ: "જર, ચાહે સો કર." ઇંગ્રેજીમાં બોલાયછે કે "પૈસો આ દુનિયાનો બાદશાહ છે." ફ્રેંચો કહેછે કે "પ્યાર ઘણું કરી શકેછે, પણ પૈસો સર્વ ચીજ બજાવી આપેછે." લૅતીનમાં બોલાયછે કે "સર્વ ચીજ પૈસાને આધીન છે." જરમનો કહેછે કે "જ્યાં પૈસો બાબદે છે, ત્યાં સર્વ તકરાર બાજુ રહી જાયછે." પૉરતુગીઝો બોલેછે કે "પૈસો સર્વ ચીજનું માપ છે." દેનીશ લોકોમાં બોલાયછે કે "રાજ–સભાના બાર સભાસદો કરતાં પૈસો વધારે સુભાષિત છે." અને દચ લોકો બોલેછે કે "પૈસો એ સત્તા સમાન છે." ચીનાઓ બોલેછે કે "પૈસા વડે તમે દેવો ઉપર પણ હુકમ ચલાવી શકો; તે વગર એક માણસને પણ તમો બોલાવી શકો નહિ." તામીલ ભાષામાં બોલાયછે કે "પૈસો શું કરી શકેછે? તે દસ ચીજ બજાવી શકેછે." તેલુગુમાં કેહવાયછે કે "એક માણુસ અગર એક લોંડીને પેટેથી અવતર્યો હોય, તોપણ પૈસા વડે તે એક રાજા બરાબર છે." ફારસીમાં કહેછે કે "સોના આગળ પોલાદબી નરમ થઈ જાય." જ્યારે હિંદુસ્તાનીમાં બોલાયછે કે "ઝરદારકા સૌદા હુએ, બેઝરકા ખુદા હાફેઝ." સંસ્કૃતમાં બોલાયછે કે "સર્વ પૈસાને વશ છે."

હવે એક બીજો વધુ દાખલો લઇશું, કે જે, ઉપર ટાંકેલા દાખલાઓ કરતાં, હજી વધુ સરસ રીતે જુદી જુદી પ્રજાઓનાં અવલોકનનું એકસરખાપણું સાબેત કરી આપેછે. ગુજરાતીમાં આપણે કહીએ છિએ કે "તેજીને ટુંકારો, ને ગધેડાંને ડીફાં." હવે એજ વિચાર કેવી રીતે જુદી જુદી પ્રજાઓમાં પસરેલો છે તે તપાસ્યે. ઇંગ્રેજીમાં કહેછે કે "દાનાવ માણુસને એક શબ્દ બસ છે." "દાનાવને ઈશારત, અને મુરખને સોટી." બાઈબલમાં: "એક મુરખ ઉપર સો ઝપેટા જેટલી અસર કરેછે તે કરતાં એક દાનાવ માણુસ ઉપર સેહજ ઠપકો વધુ અસર કરેછે." સ્કૉચ: "એક દાનાવને માટે અરધીજ વાત બસ છે." ફ્રેંચ: "તેજીને અરધોજ શબ્દ." જરમન, ઇટૅલ્યન, પૉરચુગીઝ તથા લૅતીન એ ચાર ભાષામાં બોલાયછે કે "દાનાવને એક બોલ બસ છે." દચ: "દાનાવને અરધોજ બોલ બસ છે." કાશમીરી: "એક મુરખને સો ફટકા, પણ તેજી માણુસને એક શબ્દ." ચીનાઇ: "જાતવંત ઘોડાને એક ચાબક બસ, સમજુ માનવીને એક બોલ બસ." બિહાર: "ભલા ઘોડાકે એક ચાબુક, ભલા માનુખકે એક વાત." હિંદુસ્તાની: "અક્કલમંદકો એશારા કાફી હુએ." "ભલે ઘોડેકુ એક ચાબુક, ભલે આદમીકુ એક બાત." મરાઠી: "ગાઢવાસ ટોણપા, તેજિસ ઈશારા." ફારસી: "દાનાવ માણુસ ભવાનાં એકજ ઈશારાથી કામ કરેછે." તેલુગુ: "દાનાવને એક સખુન દવા બરાબર છે." તામીલ: "ભલા બેલને એકજ ફટકો, અને

ભલી ઓરતને એકજ બોલ બસ છે.” યાહુદીઓમાં: “દાનાવને એક ઈશારત, અને મુરખને સોટી.”

આ પ્રમાણે કેહવતોનાં આવાં અજબ સરખાં એક-મળતાપણાં માટે હજી બીજી ઘણી કેહવતોની શાહદતો આપી શકાશે, પણ તેમ કરતાં આ વિષય બહુ લંબાણ થતો હોવાથી અંહિ બીજો એક જાણવાજોગ દાખલો ટાંકી આ બીના ખતમ કરીશું. એ દાખલો “સબસે બડી ચુપ” છે. ઈંગ્રેજોમાં બોલાયછે કે “ચુપકીદી ડાહપણ છે, અને તેથી મિત્રો મળેછે.” “ચુપકીદીથી કદી નુકસાન પોંહચતું નથી.” “ચુપકીદી એખત્યાર કરજે.” જરમન: “ચુપકીદીથી કોઈ પણ આદમી પોતાનો ઘાણ વાળતું નથી.” “બોલવું રૂપેરી છે, પણ ચુપકીદી સોનેરી છે.” ઇતૅલ્યન: “જે બોલેછ તે વાવેછ, જે ચુપ રહેછ તે લણેછ.” સ્પૅનીશ: “જે ચુપ રહેછ તે લુમકો મેળવેછ.” દચ: “ચુપ-કીદી વધારે કારગત લાગેછે.” દેનીશ: “બોલવા માટે વારંવાર પસ્તાવો કરવો પડેછે, ચુપકીદી માટે કવચીતજ.” ચીનાઇ: “મોહડું બંધ રાખવામાં જેટલી સલામતી છે તેટલી તે ખોલવામાં નથી.” કાશમીરી: “ચુપકીદી નફાકારક છે.” તામીલ: “ચુપકીદી હજારો સુન્નાના સિક્કાને તોલની છે.” “ચુપકીદી એ ડાહપણનો કોટ છે.” અરબી: “ચુપકીદી એ દિલની મિઠ્ઠી દવા છે.” તરકીશ: “જીભ એક, અને કાન બે છે, માટે સાંભળ.” સંસ્કૃત: “ચુપકીદીથી સર્વ સ્વાર્થ

સંધાયછે." હિંદુસ્તાની: "સબસે ભલી ચુપ." ફારસી: "સો ઝબાનોમાં ખામોશીની ઝબાન સૌથી સરસ છે."

આ પુસ્તકના સફાઓ ઉઠલાવતાં, એ પ્રમાણે, વાંચનારને એવું મળતાપણું બતાવનારી કેહુવતો જગેજગ મળી આવશે, જેનો અભ્યાસ જેટલો મનોરંજક, તેટલોજ ફાયદા ભરેલો છે.[1]

આ વિષય ઉપરથી, ત્યારે, વાંચનારની ખાતરી થઇ ચુકી હશે કે

✓ કેહુવતોનો વાપરવસ

જેટલો પસંદ કરવા લાયક અને ઉપયોગી છે તેટલોજ, બલકે તે કરતાં વધારે ઉપયોગી તેનો અભ્યાસ છે. માણુસાઈ અનુભવ અને અવલોકનની કોઇ પણ શાખા એવી નહિ હશે કે જે કેહુવતમાંથી બકાત રહી ગઈ હોય. ઈનસાનની દરેક ખુબી અને ખામી, તેના સદગુણો અને દુર્ગુણો, તેની બીમારી અને તનદોરસ્તી, બીજાં ઇનસાનો તથા આ દુનિયા સાથનો, તેમજ પોતાના પેદા કરનાર સાથનો, તેનો સંબંધ, સંસારની દરેક સગાઈ, પશુ અને પક્ષીઓ, પાણી, પવન, ઝાડપાન, આ દુનિયાની

---

૧. નીચલા નંબરની એવી કેહુવતો ઉપર વાંચનારનું ખાસ ધ્યાન ખેંચેલું વ્યર્થ જશે નહિ: નંબર ૩૦૮૧, ૩૧૦૧, ૩૨૯૧, ૩૨૯૬, ૩૩૧૨, ૩૩૨૦, ૩૩૨૭, ૩૪૬૧, ૩૫૬૮, ૩૭૭૬, ૫૦૫૩, ૫૨૩૮, ૫૪૭૯, ૫૭૭૩, ૫૯૬૨, ૫૯૮૭, ૬૦૮૭, ૬૩૦૯, ૬૩૩૧, ૬૩૭૬, ૬૪૩૧, ૬૪૫૩, ૬૭૫૨, ૭૪૯૧, ૭૬૯૫, ૭૭૮૧, ૮૭૫૨, ૯૫૭૦, ૧૦૦૫૫, ૧૦૪૬૭, ૧૦૫૨૪, ૧૧૦૯૨, ૧૧૧૮૨.

ઘણીક પેદાશો, રૂતુ, વાતાવરણ, આકાશ, સૂર્ય, ચંદ્ર, કાંઈ પણ લેવો તો તે, કેહવતના સર્વ–વ્યાપક પંજામાંથી, છટકવા પામ્યાં નથી. ડીઝરયલી કહેછે તેમ "Proverbs embrace the wide sphere of human existence, they take all the colours of life, they are often exquisite strokes of genius, they delight by their airy sarcasm or their caustic satire, the luxuriance of their humour, the playfulness of their turn, and even by the elegance of their imagery, and the tenderness of their sentiment. They give a deep insight into domestic life, and open for us the heart of man, in all the various states which he may occupy. A frequent review of proverbs should enter into our readings; and although they are no longer the ornaments of conversation, they have not ceased to be the treasures of Thought!"

અને હવે, આર્ચબીશપ ટ્રેન્ચ કે જેનાં કેહવતો વિષેનાં કીમતી પુસ્તક ઉપરથી ઘણાક પેશ પડતા ઉતારાઓ, આ વિષય દરમ્યાન, વારંવાર કરવાની લાલચ હું દબાવી શકયો નથી, તે વિદ્વાનના અસરકારક બોલોમાંજ હું આ બાબદ

સમાસે

કરીશ. કેહવતોના વાપરવસ અથવા અભ્યાસ સામે જેઓને

સુગ અથવા અભાવ હોય તેઓએ એ પ્રસિદ્ધ ધર્મ-ગુરૂના નીચલા અમૂલ્ય વચનો જરૂર ગોખી રાખવા જોઈએછે:

"The fact that they please the people, and have pleased them for ages,—that they possess so vigorous a principle of life, as to have maintained, many of them their ground, ever new and ever young, through all the centuries of a nation's existence,—nay, that proverbs not a few have pleased not one nation only, but many, so that they have made themselves a home in lands the most different,—and further, that they have, not a few of them, come down to us from remotest antiquity, borne safely upon the waters of the great stream of time, which has swallowed so much beneath its waves,—all this, I think, may well make us pause, should we be disposed to turn away from them with indifference or disdain."[1]

જી. પે. મી.

---

૧. *Proverbs and Their Lessons*, p. 2.

કેહવત—માળા.

ગુજરાતીમાં વપરાતી કેહવતો, દોહરા,

તથા સાધારણ વાક્યો.

કેહવત-માળા.

ગુજરાતીમાં વપરાતી કેહવતો, દોહરા,
તથા સાધારણ વાક્યો.



અક્કર્મી દીકરો સુવાવડે મોંઘો.
અક્કર્મીની આશ નહિ, ને મુરખની પાસ નહિ.
અક્કર્મીનો દડિયો (અથવા, અભાગ્યાનો પરિયો) કાણો.
અક્કલ અંધારે વેંહચાઇ છે.
અક્કલ કાંઈ વેચાતી મલેછ?
અક્કલ પર ઇંડાં પડવાં.

અક્કલ પર એરંડીયું પડવું.

અક્કલ પુછે ફ્કક્કડકુ, તીનું બાત અડી, ઘન,[૧] એરન, ઓર સાંનસી, તીનમાં પેહલી કૌન ઘડી.

અક્કલ બરી કે ભેંસ, (અથવા) અક્કલ બરી કે ભેંસ, તો કે’ સબસે બરા પારા (અથવા, ઝાંપા.)

અક્કલ મલતી હોય તો કોઇ મુરખ નહિ હોય. ૧૦

અક્કલ વેચીને ચણા ખાધા.

અક્કલનું દોહડ.

યાને મુરખ.

અક્કલનો ઉકડ્યો.

અક્કલનો ઓથમી, મંગાવી ભાજી (અથવા, લેવા મોકલ્યો આદુ,) ને લેઇ આવ્યો કોથમી.

અક્કલનો કોટ. ૧૫

અક્કલનો ખુરદો કરવો.

અક્કલનો દુશ્મન.

અક્કલનો સમુદર.

અક્કલમંદકુ બોલાયા તો ગધ્ધેપર બેઠકર આયા.

અકલેસરમાં ધોવા ગેઇ, તે વિસરી આવી પૈયો,[૨] ને ઘેર આવીને રડવા બેઠી, વાયરે એનો ભૈયો. ૨૦

અખ્ખર ઘટીને દખ્ખર દાન, ને ભુંડે ભૈયે ઓસ્યાલી રાણ.[૩]

અખણુ ગયા, દખ્ખણુ ગયા, પણુ લખ્ખણુ નહિ ગયાં, (અથવા) દીલ્લી ગયા, દખ્ખણુ ગયા, પણુ લખ્ખણુ તેનાં તે.

અખનીને થઈ ખખની, ને નકટીને થયો સરકમ, ખોડી ખાટલે સુતી, ને છીંકી છીંકીને મરી ગઇ.

---

૧ મોહટો હથોડો.

૨ કપડાંને ધોતી વેલા તેમને કુંટવા માટે વાપરવામાં આવતો લાકડાંનો કટકો.

૩ રાંડ, બાયડી.

અખા આંધલી, ને પાંથરતાં વાહણું વાયું, (અથવા) આંધલીનું પાંથરતાંજ વહી ગયું.

અખાડા બેહદીન કાઉસ. ૨૫

અખાંતર ડાહ્યાએ ડાહપણ કર્યું, ને હીંગની કુંડમાં ધી ભર્યું.

અગ્નિ આગલ ધી ઓગલ્યા વના રેહ્ય નહિ.

અગ્નિમાં નાખ્યું હાથ ન આવે.

અગમ બુધિયો વાણિયો, ને પછમ બુધિયો બ્રહ્મ, તરક વગરનો તરકડો, તે મુકી મારે ધમ.—

અગરચે તું તવંગર થવા ચાહે તો છુપી ખેરાત કર. ૩૦

અગ્રે અગ્રે વિપ્ર,[૧] જટાલો તે જોગીનો ભાગ, ને વચ્ચેનું કંદ તે આરોગે નંદ.

"એક ઠેકાણેથી એક બ્રાહ્મણ, વાણિયો, ને ગોસાંઈ એ ત્રણે જન વચ્ચે શેલડીનો એક સાંઠો મલ્યો, તેની વેંહચણ વાણિયે કરી. પ્રથમ પુછડું કાપીને બ્રાહ્મણને આપ્યું, ને કહ્યું, 'જે અગ્રે અગ્રે વિપ્ર.' પછી થડ તથા મૂલ કાપીને ગોસાંઈને આપ્યાં, અને કહ્યું જે 'જટાલો તે જોગીનો ભાગ.' વચલો સારો ભાગ પોતે રાખ્યો, ને કહ્યું જે 'વચ્ચેનું કંદ તે આરોગે નંદ.' તે ઉપર એ કેહવત છે."

અગલો દુચો, પગલો દુચો, ફરામ પટેલની ગાય વ્યાય, માથું જીહકો, જીવ પટકો, વાંસથી શેલડી કેમ થવાય? (અથવા) અર્યો દુચો, પર્યો દુચો, ને ફરામ પટેલની ગાય વ્યાઈ, ઉરપુર ધતુરો, શાકર શેલડી, ને વહુ થઇ બેરડી.

અગસ્તીનો વાયદો.

એટલે, એવો વાયદો કે જે કદી પુરો પાડવામાં નહિ આવે. એવી કથા છે કે વિંધ્યાચલ અને મેરૂ પર્વતને હરીફાઈ લાગી કે વધારે ઉંચે કોણ જઈ શકેછ. એ ઉપરથી તેઓએ વધવા માંડયું. તે

---

૧ બ્રાહ્મણ.

હાં સુધી કે વિંધાચલ પર્વત વધી વધીને છેક સુરજના માર્ગને બંધ કરવાની અણી ઉપર આવ્યો. એટલામાં અગસ્ત ઋષી આવી લાગ્યો, જેને નમન કરવા વિંધાચલ હેઠો પડયો; ત્યારે અગસ્ત ઋષીએ કહ્યું "હું પાછો ફરૂં ત્યાં સુધી ઉઠીશ મા." એવું કહીને તે ચાલતો થયો, અને પાછો ફર્યો નહિ, અને વિંધાચલ પર્વત પડેલો પાછો ઉઠી શકયો નહિ.

અગિઆરસને ત્યાં બારસ પરોણો.

એટલે, એક ગરીબ માણસને ત્યાં એક તેવોજ પરોણો.

અ— પાયને મરદો ભારી. ૩૫

અચ્છે દીન પીછે ગએ, ઔર હરસુ કીયો ન હેત, અબ પછતાએ કયા હોવે, કે ચીરીયા ખા ગઇ ખેત.

અજગર કરે ન ચાકરી, પંછી કરે ન કામ, દાસ કબીરા ઇયું કહે કે સબકા દાતા રામ.

અજગરને દાતા રામ.

અજબ જાઇ, ને કંટોલી હેઠે વ્યાઇ.

ખોટી વડાઈ મારનાર અને ઠીસ્યારી કરનારના સંબંધમાં વપરાયછ.

અજરો[1] અજરાને થેલે, નહિ તો સ્વર્ગમાં લેઇ જઇ મેલે. ૪૦

અજાણ ગુનાહ માફ.

અજાણાની બલા દૂર.

અજાણી અંબા, ને હાંસાની ઘોડી.

અજાણી ચીજ ખાવી નહિ, ને અજાણે માર્ગે જવું નહિ.

અજાણ્યા બાહમણે ઓકરો ખાધો તો ખાધો. ૪૫

અજાણ્યું ને આંધલું બરાબર.

અજાણ્યો ઉપાધ્યો બમણો હોમ કરે.

અજીઠું ખાય તે ચોપડાંને વાસ્તે.

---

૧ બદહજમી.

અજીઠું પાતરૂં.

જેનેથી સઉ દુર રેહે એવું, સેહજ વાતમાં ઉતરી પડનારૂં માણસ.

અટક પારસીની, ને જાત હજામની. ૫૦

અટકલના ફાટિયા ભણવા.

અટકલે ઇંડાં મુકે.

અટકા બનિયા સોદા દેવે.

અટાઉનો માલ બટાઉમાં જાય.

અઠાવીસ દાહડે ચાન જોવો. ૫૫

અડપલો બ્રાહ્મણ ઓઢી બોલે, ને ભોલો વાણિયો ઓછું તોલે.

અડબોથનો ઉધારો નહિ.

અડી વેલાની ઢાલ.

અઢાર હોવાઈ ને નવ નવઇનો.

અઢારે પોશાકનો સ્વામી. ૬૦

અણગમતી સોડે સુતી, ને નહિ ગમીને ઉઠાડી મુકી.

અણી ચુક્યો સો વરસ જીવે.

Threatened folks live long. (અંગ્રેજી કેહવત.)

અણી ચુકી વીસાસો.

અણીથી તે પણી સુધી.

અણીથી તે અગાર વેર. ૬૫

અણીયાલા કાંટા ઘેરીડાને સહી રેહ્યા.

અતિ લોભ તે પાપનું મુલ.

અતિ લોભે સર્વ જાય.

અતિશે નહિ બોલના, અતિશે નહિ ચુપ, અતિશે નહિ બરસના, અતિશે નહિ ધુપ.

અદલની થઈ ફજલ, ને રાવ થયો બદલ, બેહરો બોકરી ચોરી ગયો, તો માર ખાય અદલ. ૭૦

અદેખાને (અથવા, બખીલને) એવડો બલાપો, એક તો પોતાથી બને નહિ, ને બીજાનું દેખી શકે નહિ.
અધમને ભોણે બેસીને ખવાડે, પણ મોહડે નહિ લગાડે.
અધમનો બદલો ઉત્તમ વાલે.
અધવચમાં તરાપો દુબાડવો.
અધવાયલીમાં અતેરૂં. ૭૫
અધીરાનું કરજ કરવું નહિ.
અધીરાનું લેવું નહિ, ને ઉછીનાનું ખાવું નહિ.
અધુરામાં પુરૂં.
અધુરો ઘડો છલકાય ઘણો, (અથવા) છાલકો ઘડો ચલકાય, ને ઓછી કુલ્લી ઉભાય.

Empty vessels make most sound. (અંગ્રેજી કેહવત.)

અનકમાઉ ને ઉનાં પાણી. ૮૦
અનકસબી હજામને અસ્રા ઘણા.

A bad workman quarrels with his tools. (અંગ્રેજી કેહવત.)

અનદીઠાનું દીઠું, ને જે ખાધું તે મિઠું.
અનન તાંહ સુધી તનન.
અન્ન અહારે ને ઘી વેહવારે.
અન્ન તજીને અજમો ફાકવો. ૮૫
અન્ન તેનું પણ, ને રાંધનારીને ધુમાડો.
અન્ન, ધન, દુધ પુનથી ભરપુર.

યાને, સઘલી વાતે આબાદ.

અન્ન પરાયું તેથી કંઈ પેટ પરાયું થાય?
અન્ન સમા પ્રાણ, ને પ્રાણ સમી પ્રીત.
અન્નના માર્યા નીચું જુવે, ડાંગના માર્યા ઉંચું જુવે. ૯૦
અન્નનાં આંથરાં જાય.

અનબોલાવી (અથવા, વગર તેડી) આનક, ને હાથમાં ધરી શાનક.
અનબોલાવ્યું બોલે, તે તનખલાંને તોલે.
અનમોલ મોતી સીપકો, સીપકો ના પછાનો કો કાલ, હીરો ખાનકો પાશાન માહે, નીકસત મુગતકો હે ભુપાલ.
અનલનાં ઈંડાં આશાએ પાકે. ૯૫
અનવીંધેલું મોતી નીવડે વખાણ્.
અનશક્તિવાન ભવેત સાધુ, અને કુબ્જા નારી પતિવ્રતા.
અનસમજ્યાં ઢોર, લેવા મોકલી ચીકણુ કાકડી, ને લઇ આવ્યાં ગાજર બોર.

I ask for a fork, and you bring me a rake. (અં. કે.)

અનાજ હોય ત્યારે ભોણાં આવે, ને ખાલી થાય ત્યારે પરોણા આવે.
અનાથ્યાને ગામની કનવાર. ૧૦૦
અનાથ્યો જેહ હતો તે દેરમાં ખપ્યો.
અનુભવ માણસને ડાહ્યો કરેછે.

Experentia docet. (લેતીન કેહવત.)

અપન તો કેહનેકા, કુચ કરનેકા નહિ.
અપના ઘર અ— ભર બેગાના ઘર થુક કુ ડર.
અપના નામ ખોટા પરખનેહારેકા કયા દોશ. ૧૦૫
અપના રખ, પરાયા ચખ.
અપની રાન ખોલે આપહી લાજો મરે.
અપને પેહરે જાગીએ, ઔર કભુ ન રહીએ સોએ, ના જાણું ઉસ વક્ત મેં કીસકા પેહરા હોએ.
અપને બચ્ચેકુ એસા મારૂં કે પરોસનકી છાતી ફ્તે.

(ફારસી કેહવત.) بچهٔ خودرا می زند که چشم همسایه بترسد

અપવાસીને ઘેર ઢોલકાં. ૧૧૦

અપોતાં હોય તે કડવું પાય, ને પરાયાં હોય તે મિઠું પાય.
અફીણ ખાઇને દફીન પડવું.
અફીણ રંગ ભુતીયા, ગાંજા રંગ સુતિયા, દારૂ રંગ જુતિયાં.
અફીણનો જીવડો અફીણમાં જીવે, (અથવા) અફીણનો જીવડો શાકરમાં નહિ જીવે.

One man's meat is another's poison. (અંગ્રેજી કેહવત.)

(ફારસી કેહવત.) یکی را نوش دیگری را نیش

معشوق من است آنکه نزدیک توزشت است

(શેખ સાઅદી.)

અબી બોલ્યા, ને અબી ફોક. ૧૧૫

To think at night, and forget at day. (અંગ્રેજી કેહવત.)

અભાગ લાગ્યાં, ને અપાસરે ગઈ.
અભાગ્યા વરને અશીશે બોવારડી.
અભારો ભુંડો તેમાં ઠીકરી સાજી નહિ મલે.
અભીતરી થઈ આવવી.

કોઈનું સારૂં નહિ દેખી ખમવાના સંબંધમાં વપરાયછે.

અમથા ભાઈ કરમના આગલા, કે પરણવા પેહલાં માડવા લાગ્યા.[1] ૧૨૦
અમદાવાદની સેરી સાંકડી છે.
અમદાવાદ સો અમદાવાદડી, બરા શેહરકો ચરબ પાલડી.
અમાસને દાહડે ચંદર દેખાય.
અમૃત પીતાં કોઇ ધરાય નહિ.
અરજાં સો ઈલ્લત. ૧૨૫
અર્થ સર્યા પછે વૈદ વેરી.

When the cow is old, she is soon sold. (અંગ્રેજી કેહવત.)

અરદીબેહસ્ત ને દીવાસલી, તે અરધી રાતનું હથિયાર.

---

૧. માડવાને આગ લાગી.

અરધમાં રામ, ને અરધમાં ગામ.

અરધી અરધીને મરે (એવું કંજુસ.)

અરધી ઘડીની બેહાઇ, ને આખા દાહડાનું સુખ. ૧૩૦

અરધી મુકીને આખી લેવા જાય, તે અરધીમાંથીએ જાય.

He that runs after two hares will catch neither. (અં. કે.)

અરધીની સોપારી, ને હીરોદલાલ વેપારી.

અરધું કાપીને છોડી દેવું.

યાને, એક કામ અરધું કરીને મુકી દેવું.

અરધો બાધો, ને અરધાનો ખુરદો.

અરધો મેલીને આખે જવું, તો જોઇ વિચારી જવું. ૧૩૫

અરધો રતલ શાક, દેશાઇને ઘેર તબ, વનવેહવાઇને ત્યાં ટપીલાં, આસેપાસે કાંસિયા, છોકરાં અગર ને દગર કરે, ને હાડકાંના ઢગે ઢગ વલે.

અરામ[1] ખાય તે બેહશ્તમાં જાય.

અરે બીબી! ભુખ લગી રોટિયાં પકાવ, ઠીકરી તો ફુટ ગઈ, તાલિયાં બજાવ.

અરો, ધરો, ને નહાની વહુ પર આવીને પડો.

અલ્પ જ્ઞાન તે અતિ હાણુ. ૧૪૦

Little learning is a dangerous thing. (અંગ્રેજી કેહવત.)

(ફારસી કેહવત.) نیم حکیم خطرهٔ جان نیم ملّا خطرهٔ ایمان

અલ્લા એક બદામ.

અલ્લા બેલીને પીર મદદ.

અલ્લા માટે મુલ્લાં પરણ્યા.

અલ્લા માલમ કે બેલ કીદર ચલતા હએ.

અલ્લા મીયાંને ઉલટા સુના. ૧૪૫

અલ્લા યાર હે તો બેરા પાર હે.

---

૧. ગુસ્સો.

અલ્લાને આગુસે લે લીયા.

અલ્લાને બનાઇ જોડી, એક અંધા ઓર દુસરી ખોડી.

અલ્લાનો વલી.

અલ્લાનાં નામપર ડુંગર ચાલે. ૧૫૦

અલ્લારી રે અલ્લારી! ને જમાઇનાં ઘરમાં સાસુ ફરે તો જાણે ચોટ્ટી બલ્લારી; હસ રે હસ, ને દીકરાનાં ઘરમાં માએ ફરે તો જાણે મગરમછ.

અલ્લુ પારૂ.

એ નામનો ખોજા જ્ઞાતનો એક વેપારી મુંબઈમાં થઈ ગયોછે, જે વહાનોમાં હલકો માલ, અથવાતો સદનતર કચરો ચહડાવીને, તેનો વીમો ઊતરાવતો. પછે વહાનોને ભર દરિયે ડુબાડી દેવાડતો, અને એ પ્રમાણે વીમાવાલાઓ પાસેથી લુચ્છાઈથી પૈસા મેલવતો. પાછલથી એનું તરકટ પકડાયાથી એને જનમ દેશનિકાલ કાહડયો હતો, અને એની ઘણી ખરી મિલકતો જપત કરી લેવામાં આવી હતી. એ ઉપરથી લુચ્છાં અને તરકટયાં માણસને સાધારણ રીતે "અલ્લુ પારૂ" કેહવામાં આવેછે.

અલેલ તપ્પુ, ઘેર મુકામ.

અવરની નિશાની, તાણી તોડીને આણી.

અવસર ચુક્યા મેહુલા. ૧૫૫

અવસરનાં ગીત અવસરે ગવાય.

અવાસ[1] બલી ગયા, ને કોલસા રહી ગયા.

અસતરીની મતી પાણીએ.

અસરફકી કર દોસ્તી, કમજાતસે નીભતી નહિ, સોના હુવા તો ક્યા હુવા, પીત્તલકી ઓ છીપતી નહિ.

---

૧. વસવાની જગા; મકાન; ઘર.

અસલી નાખ્યાં ઘસડી, ને આયલ[1] ને પેહરાવે છાયલ. ૧૬૦
અસ્સીકી આમદ, ચોરાસીકા ખરચ.
અસે બોલી, મસે બોલી, બોલી બાર ભેદ, રોટલા કરતી વહુ બોલી, ત્યારે કહલેડાં ઉઠ્યાં તેર.
અસુ[2] વનાનાં પશુ.

He that wants money is accounted among those that want wit. (અંગ્રેજી કેહવત.)

અસોદો રલે, ને ખસોદો ખાય.
અસાંસ્તીએ છોકરો જણ્યો, તો કે' નાર કાપું કે પુછડું. ૧૬૫
અહુનવદ પઢે આહરેમન ડાબો.

૧. આજ કાલનું; નવું.
૨. પઈસા.

આ

આ લે તાહરી છાલી, ને હું તો માહરે ચાલી!
આઈ ઘેલી, બાઈ ઘેલી, ને ઘેલો ઘરનો તોરો, ઘેલો ધણી પરણી આવ્યો, તો ભવનો ગીયો રોરો.[1]
આઈ ખાય, ને આટા દાઝે.
આઈ મહને કોઠીમાંથી કાહડો. 170
આઈ રડે આટાને, ને ધી[2] રડે ધાતાને.
આઇમાએનો ઓછો પાડ, ને માથેથી ઉતાર્યો ભાર.
આઈ વાહલી કે ખાઈ વાહલી?
આઈજી બાઇજી ભલે આવ્યાં, ને આપસે કરમ લેતાં આવ્યાં.
આઈજી મરે ઉભા ઓરી, ને વહુજી ખાય ખીર ને પોલી. 175
આઈજી મરે ને સાલ્લા તરે, વહુજીનાં પેટમાં ભુસકા પડે કે રખે સાસુ પાછાં ફરે.
આઇજી મુઆં બાપડાં, ને ઘેરબાર થયાં આપણાં.
આઈજીના સીકોરા તે બાઈજીને કાજ.

---

૧. કમાઈ.
૨. છોકરી.

આઈતાં પર કોઈતું.

To cut large shives of another man's loaf.

To cut large thongs of another man's leather. (અં. કે.)

આઈની ધનઈ, ને નાહસરી કમઈ. ૧૮૦

આઈની પાંતી આટો.

આઈનો ખાર બાઈ પર કાહાડવો.

They whip the cat if the mistress does not spin. (અં.કે.)

આઈને નહિ લાગે, ને દાઇને લાગે.

(ફારસી કેહવત.) دایه از مادر مهربان تر

આઈને માન કે ચાઇને માન?

આઈનાં તેવાં બાઈનાં. ૧૮૫

આએ જેહાન તો મિઠી, તે જેહાન કોણે દીઠી?

All of heaven and hell is not known till hereafter. (અં.કે.)

આકલો ભુત.

આકાડોકાની ગાલ્લી (જેને ગમે તે ચલાવે.)

આકીન બડા કે દેવ.

આખર ધુલની ધુલ. ૧૯૦

Dust thou art, to dust thou shalt return. (અંગ્રેજી કેહવત.)

(ફારસી કેહવત.) اوّل خاک بودی آخر شوی تو خاک

هرکه آمد بجهان از اهل فنا خواهد بود — آنکه پاینده و باقی ست خدا خواهد بود (ફારસી કેહવત.)

આખલા[1]ને મન ગાય પૂજ્ય છે.

આખલો વકર્યો[2] ઉકરડો ઉછાલે.

આખી રાત દલીને કાટલીમાં ઓસાર્યું (અથવા, કુલડીમાં વાલ્યું.)

---

૧. આખલો—ગોધો.

૨. વિકરાલ થયલો.

આખી રાત રડી, ને ઊંધી પાયલી દલી.

ઉંધી પાયલીમાં ઘણો ઓછો અનાજ માયછ તેનો હ્યાં એસારો સમજવો.

આખી રાત રોઈ ત્યારે એક ડોસી મોઈ. ૧૯૫

આખું કોહરૂં શાકમાં નહિ ગલવાય.

આખુનજી લકડી તોડશો? તો કે' એ કાફરકા કામ; આખુનજી ખીચડી ખાશો? તો કે' ઓહ! બિસમલ્લા!

આખો દાહડો નાગો ફરે, ને નાહતી વખત કછોટો મારે.

Idle all day she begins at night to spin. (અંગ્રેજી કેહવત.)

આખો દાહડો ચાલ્યો ને ઝછોલી[1]નો વાસો, તેની પુઠે તારો બાપ દોડ્યો તેથી માહરો માસો.

આખો લાડવો મોહમાં ન પેસે. ૨૦૦

Apelles was not a master-painter the first day. (અં. કે.)

(ફારસી કેહવત.) بیک دست دو تربز نتوان برداشت

આખાં ને અણીયાલાં, જેની શુરાવંતી દેહ, સામી જજો ચૌટડે, ને લાવજો જેનાં તે.

આખાંનો આટો ને ભાગાંનો ભુકો (કરે એવું બીગાડ કરનારૂં માણસ.)

આગ ખાય તેને ઇંગાર ઓકવા પડે.

આગ ખાય, ઈંગારા અ—

આગ લગનતે ઝોંપરે, જો નિકલે સો લાભ. ૨૦૫

(ફારસી કેહવત.) از خانهٔ سوخته هرچه برآید سود است

આગ લગાડી તાપણું કરે.

He set my house on fire only to roast his eggs.

He sets fire to his own house, and enjoys the fun. (અં. કે.)

---

૧. નસારી પાસે આવેલું એક ગામ.

આગ લાગે ત્યાં સીંચાણો આગલ હોય.
આગ લાગે ત્યારે કુવો ખોદે.

To lock the stable-door when the steed is stolen.

Have not your coat to make when it begins to rain. (અં. કે.)

'તરસ લાગે કુવો ખોદે, વાખા પડે વાવવા દોડે' (ચીનાઈ કેહવત, જોવો 'જીંદગી જોગવવાની જુગતી', સફે ૨૨૩.)

આગ વગર ધુમાડો નહિ હોય.

There is no fire without some smoke. (અંગ્રેજી કેહવત.)

(ફારસી કેહવત.) تا نباشد چیزکی مردم نگوید چیزها

આગમ ખાધે કોઠી ખાલી. ૨૧૦
આગમાં તેલ રેડવું. (અથવા) બલતાંમાં ઘી હોમવું.

He takes oil to extinguish the fire. (અંગ્રેજી કેહવત.)

આગમાં પુરો મુકવો.

To add fuel to the fire. (અંગ્રેજી કેહવત.)

આગલ અગવાડું, ને પાછલ પછવાડું.
આગલ જઇને પાછલ પડવું.
આગલ દોડ, ને પાછલ ચોડ. ૨૧૫

The more haste, the less speed.

The further we go, the further behind. (અંગ્રેજી કેહવતો.)

આગલ પાછલ મોઘરો, ને વચ્ચે છાનનો પોદરો.
આગલ બેઠે ધરાલ નહિ, ને પાછલ બેઠે ઉલ્લાલ નહિ.
આગલી[૧] અચ્છી, પીછલી[૨] ખરાબ.
આગલી દુભણ[૩] સારી, પણ પાછલી દુભણ માઠી.

---

૧. જુવાની.
૨. ઘડપણ.
૩. જીવ બાલવો તે.

આગલે બારથી એક ચમટી નહિ અપાય, ને વાડા વાટે ગાડે ગાડે જાય. ૨૨૦

આગાની દાહડી, ને વારવાની સાવરણી.

And as he goes along, it (i. e. his beard)
Sweeps on the ground and raises the dust.
(ઈજીપશ્યન કવિ બેહાઉદ્દીન ઝોહેરનો ઈ. એચ. પામરનો અંગ્રેજી તરજુમો, સફે ૧૩૦.)

આગુસે લીખના, પીછુસે દેના, ઉસમે ચુક પડે તો મુજે પુછના.

આગે આગે ગોરખ[1] (અથવા, ગુરૂજી) જાગે.

આગેકે દીન પીછે ભયે, હરસે ન કીનો હેત, અબ મનમે પસ્તાત હે, કે ચીરિયાં ચુન ગૈ ખેત.

આઘેનાંને તેડતેડ, ને પાસેનાંને છેડછેડ. ૨૨૫

આછી ત્યાં ઓછી શું, ને ધીક[2] મારી ત્યાં પોચી શું.

આજ કાલનો જોગી, ને ઢીંચણ (અથવા, ગુઠણુ) સમી જટા.

આજ કોઇની, તો કાલ આપણી.

આજ તો વેહવા,[3] ને કાલ તો જેવા ને તેવા.

આજ દિવસબી કાલે ગુજરશે. ૨૩૦

આજ ભલાંની દુનિયા છે?

આજ હાં, ને કાલ કાંહ, ને પરમ પરાએ દેશ.

આજની ઘડી, ને કાલનો દાહડો.

આજનું કામ કાલ પર નહિ રાખવું.

Defer not till to-morrow what may be done to-day.(અં.કે.)

(ફારસી કેહવત.) آفتهاست در تاخیر و طالب را زیان دارد

આજે નેમ, ને કરશું કેમ? ૨૩૫

---

૧. ગોરખ નામે એક પરેહજગાર શખસ થઈ ગયોછે.
૨. મુક્કી.
૩. લગન.

આજે મહને, તો કાલે તુંને.

What's my turn to-day, may be thine to-morrow.

To-day me, to-morrow thee. (અંગ્રેજી કેહવતો.)

આજે રોકડા, કાલે ઉધાર.

આજે હસે તે કાલે રડે.

Those who smile on Saturdays, weep on Sundays.

(અંગ્રેજી કેહવત.)

આટા ઢીલા, ઓર બંદા માન કારીગર.

આટા તોલ કે દીકરી જલતી હએ. ૨૪૦

આટામાં લુણ કેટલું?

આટામાં લુણ સમાય, પણ લુણમાં આટો નહિ સમાય.

આટો દલાયો નથી તેટલાં રોટલી માગે.

આટો ને આવરદા (સરકારમાં લડતાં જોઇએ.)

આટો, પીતો, ને ઘીનો ઘડો, ને છુટા કેશની નાર, જો સામા મલે તો નિશ્ચે જીવનો કાલ. ૨૪૫

આટો મીટી કરવો.

આટો વેચીને ગાજર ખાધાં.

આઠ પહેર ઔર ચોસઠ ઘડી, ઔર પલ ન બીસરૂં તોય, જ્યું જ્યું ના દેખું નેનસે, ત્યું ત્યું સમરૂ મૈ તોય.

આઠ વાર, ને નવ તેહવાર.

આઠ રૂપિઆનો મેહત્યો, ને હેંસી લાખનો શેઠિયો. ૨૫૦

આઠમ પર નેમ, ને જેમનું તેમ.

આઠે ઉઠે ઓટલો.

જેનાંમાં કાંઈ આવડત નહિ એવાં માણસના સંબંધમાં વપરાયછ.

આડતને અધીર કેવી?

આડી પહરાઇ, ને ઉભી સોય.

આડી રાત, તેની કર્યે નહિ વાત. ૨૫૫

આડી વાતની ધુલ.

આડી શેરીની ઘરમાં ઉડે, ને બાહાર નિકલીને મુછો મરડે.

આડે લાકડે આડો વેહ.

Desperate diseases must have desperate cures.

Knotty timber requires sharp wedges. (અંગ્રેજી કેહવતો.)

(ફારસી કેહવત.) تیغ کج را نیام کج باشد

આડો રહીને મુ— પીએ, પણ સીધો રહીને દુધ નહિ પીએ. (અથવા) ઉભોઉભો દુધ નહિ પીએ, ને આડો પડીને મુ— પીએ.

આણંદ પૂછે પરમાણંદ, કે લાહિયા કેમ જીવણ, તો કે' સેરીએ સેરીએ ભિક્ષા વર્તણ, ને ટુકડે પેટ ભરણ, એમ લાહિયા જીવણ. ૨૬૦

આણંદ પૂછે પરમાણંદ, માણસે માણસે ફેર, એક નાણું ખરચે ન મલે, એક ત્રાંબીયાના તેર.

આણું કરવા ગયો, ને વહુ ભુલી આવ્યો.

આતમારામ ભુખણનો ખટમલ.

આતવાર, ને તાતો વાર.

આતશ લેવાનું એક ઘેરબી રાખવું. ૨૬૫

યાને સઘલાંજ સાથે ટંટો નહિ કરવો, એક ઠેકાણે પણ પાધરૂં રાખવું કે અડી ભીડીએ તે કામ આવે.

આથમ્યા પછી અસુર શો, ને લુટયા પછી ભે શો?

આદ વેર બ્રાહ્મણ ને જતી, આદ વેર વેશ્યા ને સતી, આદ વેર ઘંટી ને ધણી, આદ વેર સાસુ ને વહુ.

આદમજી ગીયા, ને ગધેડા વસાવી આવ્યા.

આદમજી (અથવા, કાજીજી) ભેંસ નહિ લાવ્યા, બરા પાપ લાવ્યા.

આદર્યા અધુરા રહે, હર કરે સો હોય. ૨૭૦

God's will be done.

Man proposes, God disposes. (અંગ્રેજી કેહવતો.)

Homme propose, mais Dieu dispose. (ફ્રેંચ કેહવત.)
Humana consilia divinitus gubernantur. (લેતીન કેહવત.)
El hombre pone, y Dios dispone. (સ્પેનીશ કેહવત.)
(ફારસી કેહવત.) هرچه خدا خواست همان می شود
मनसा चिंतितं कार्यं दैवमन्यत्तु चिंतति. (સંસ્કૃત કેહવત.)

આદુ ખાઇને પુઠે લાગવું.

આદાંની સુંઠ કરવી.

આદાંનો વેપાર (તેમાં નફો શો?)

આધી જાર મિઆં ભાઈકી.

આન ફસે, ભાઇ, આન ફસે. ૨૭૫

આપ આપકે તાનમે, ઓર ગદ્ધાભી ગુલતાનમે.

આપ ઇચ્છા તે મધ સમાન, પર ઇચ્છા તે ઝેહર, તુંજ ઇચ્છા મુજસે મીલે, ન મીલે શીર તો વેર.

આપ ખણ્યા કુવા, ને આપ બુડી મુઆ.

આપ ડુબા તો જગ ડુબા.

આપ તેવી જગ. ૨૮૦

આપ તેવો નાચ.

આપ દીયા સો દુધ બરાબર, મંગ લીયા સો પાણી, ખેંચ લીયા સો રગત બરાબર, યેહી સંતકી બાંની.

આપ ફજીઅત, વ દીગરરા નસીહત.
(ફારસી કેહવત.) خود فضیحت و دیگرانرا نصیحت

આપ ભલા તો જગ ભલા. (અથવા) આપ ભલા તો જગ ભલા, સબસે ભલા સાંઈ અલ્લા.
Good mind, good find. (અંગ્રેજી કેહવત.)

આપ મુવા વિના સ્વર્ગે ન જવાય. ૨૮૫

આપ મુવે પીછે ડુબ ગઇ દુનિયા. (કબીર.)
Death's day is doom's day. (અંગ્રેજી કેહવત.)

આપ વીતી સઉ કોઈ જાણે, પર વીતી કોઇ નહિ જાણે.
આપ સમાન બલ નહિ, ને મેઘ સમાન જલ નહિ.
બલ તો આપનાહી બલ, દુસરેકા બલ જાવે જલ. (હિંદુસ્થાની કેહવત.)
આપ સુખી તો જગ સુખી.
All are well, if self be well. (અંગ્રેજી કેહવત.)
આપ હાણી ને, જગ હાંસી. (અથવા) આપ હાંણુ, ને જગ હસી. ૨૯૦
આપકી તો લાહપસી, ઓર પરાઈકી તો કુસકી.
આપણા કાન આપણે હાથે નહિ વીંધાય.
આપણી ચટઇ ભલી, પણ પાદશાહની સેજ માઠી.
આપણી સુજ ને જીવને પૂછ, પારકી સુજ ને બજારમાં જઇ પૂછ.
આપણું બોલ્યું પરાયું. ૨૯૫
આપણે વેંહટ નમીએ તો કોઈ ગજ નમે.
As you salute, you will be saluted. (અંગ્રેજી કેહવત.)
આપતો ગાજે, ને લેતો લાજે.
આપતાં અપાય, ને લેતાં લેવાય.
આપતાં નહિ લેય, તેને માગતાં નહિ મલે.
આપવા લેવાનાં કાટલાં જુદાં. ૩૦૦
આપસે આઈ સો હલાલ.
આપસે આયા સો આને દો.
આપહી ગાવે, ઓર આપહી બજાવે.
આપી મત, ને દીધી શિખામણ (થોડાજ વારની.)
આપીને ફરી માગે, તેની અક્કલ જાય આઘે. ૩૦૫
Give a thing and take again,
And you shall ride in Hell's wain. (અંગ્રેજી કેહવત.)
આપીને માગે તે વેરી.
આપ્યા બાર ને ગણ્યા તેર, ને માએ મતરાઇમાં ઘણો ફેર.

આપ્યું કર્યું જે કલિયાણ, ફરી માગે તે મુસલમાન.

આપ્યું ને તાપ્યું કંઈ બેસી રેહતું નથી.

આપ્યું વાણિયે, ને ખાધું પ્રાણીયે. ૩૧૦

આપે ત્યારે ઓટલે, ને લેય ત્યારે આંગણે.

આપે ત્યારે કોઇ નહિ જાણે, ને માગે ત્યારે સઉ કોઈ જાણે.

આપે તે સુંવાલો, ને બીજો કાખનો મુવાલો.

આપે તેને રામ.

આપે તેનો પાડ. ૩૧૫

આપે દાન, લીએ દાન, જે માગે તે મુસલમાન.

આપવે ચીકટ, ને લેવે બીકટ.

કેટલાકો પોતાનું કરજ આપવામાં ઘણી મજબુતઇથી વાયદા કરેછે, પણ જો પોતાનું લેહણું હોયછે તો વસુલ કરવામાં ઘણા ઉતાવલા હોયછે, તે દર્શાવવા માટે આ કેહવત વપરાયછે.

આપો, લ્યો, કે સાહેબજી.

આબરૂના કાંકરા, ને ફજેતીના ફાલકા.

આભ, ગાભ, ને વંઠા કાલ, સ્ત્રી ચરિત્ર, ને રોવંતાં બાલ, તેજી ઘોડા ખપ ખપ કરે, ને સેજા જોષી પાણી ભરે. (અથવા) આભ, ગાભ, ને વર્ષા કાલ, સ્ત્રી ચરિત્ર, ને રોતાં બાલ, એની પરીક્ષા જે કોઈ કરે, તે ઘર સહદેવ જોષી પાણી ભરે. ૩૨૦

Women's doings are as deep as water. (અંગ્રેજી કેહવત.)

આભ ને જમીન એક કરવી.

આભ ફાટે ત્યાં થીગડું કેમ દેવાય?

(ફારસી કેહવત.) سوراخ در آسمان نمي شود

આભ ફાટે તેને ગાભ કેટલું?

આભને અણી નહિ, ને વેશ્યાને ધણી નહિ. (અથવા) આભને અણી હોય, તો વેશ્યાને ધણી હોય.

આભને કંઈ થાંભલા નથી. ૩૨૫

આભનો કાગજ કરૂં, દરિયાની કરૂં સાહી, દુનિયાનાં લાકડાંની કલમ કરૂં, તોયે ન રહે લખાઈ.

ખોદાની સેફત ગાવા માટે વપરાયછે.

આભે આપ્યાં, ને ધરતીએ ઝીલ્યાં.

(ફારસી કેહવત.) از آسمان هرچه آمد زمین برداشت

આમ કે આમ, ગુઠલીકે દામ.

આમણુની પુંજી દામણુમાં.

Ill got, ill spent. (અંગ્રેજી કેહવત.)

(ફારસી કેહવત.) هرچه باد آرد باد ببرد

આમલી રોપીને આમ ખાવાની આશા ખોટી. ૩૩૦

આમલી પર ચહડાવવું.

આયુષ, વીત્ત, ને ઘર-છિદ્ર જાહેર કરવાં નહિ.

આર[1] ખાય, ને પડોશી દંડાય.

આરતી ઉતારૂં ને મંગલ ગાઊં, તહને આપું ત્યારે હું શું ખાઉં?

આલસ દરિદ્રનું મૂળ છે. ૩૩૫

Idleness clothes a man with rags. (અંગ્રેજી કેહવત)

(ફારસી કેહવત.) خر خفته جو نمی خورد

आळस भीकेची बहीण. (મરાઠી કેહવત.)

આલસુ પડેરો.

અંગ્રેજીમાં As dull as a beetle બોલાયછે.

આલસુને કહ્યું પાનછેરી લાવ, તો કે' લે માહરૂં માથું.

આલસુ કુટુમ્બનો વેરી, ને કામ કરનારની સેવા કરી.[2]

આલસુનો પાદશાહ.

આલસુનાં ઢોર ફુસીએ વાલ્યાં. ૩૪૦

આલુનાં પાતરાં.

---

૧. પારકો.
૨. કરીએ.

આલુનાં પાતરાંની કોથલી.
આલો નહિ ને માલો.
આવ કરતાં અયાત મારે.
આવ કહે સો ઓલિયા, બેઠો કહે સો પીર, જીસ ઘર આદરભાવ નહિ, ઉસકા કાટો સીર. (અથવા) આવ કહે સો ઓલીયા, ઔર બેઠ કહે સો પીર, જામે આવ આદર નહિ, સોહી બરો કાશીર. ૩૪૫
આવ ગલાલ વહુ ઓવરણાં લઇએ; ડાબે હાથે લઇએ, કે જમને હાથે લઇએ.
આવ પથરા પગ પર પડ.
આ બૈલ મુજે માર ના. (હિંદુસ્થાની કેહવત.)
આવ બલા, પકડ ગલા, એ બલાસે ભાગના ભલા.
આ બલા ગલે લગ. (હિંદુસ્થાની કેહવત.)
આવ બાઇ વહુજો, તો કે વહડે માહરી બલા.
આવ ભાઈ હરખા, આપણે બે સરખા. ૩૫૦
આવ માહરા ભાઈ! મેં જોઇ તાહરી ચતરાઈ.
આવ સોહાગન લકરી, પજ્યો તેરો કાજ, જો દીન મઇઆ મંગતીથી, સો દીન આયો આજ.
આવ હએ, આદરભાવ હએ, વાંહાં નીતનીત જાઇએ, જો પથર બરસત મેગ; આવ નહિ, આદરભાવ નહિ, વાંહાં કબી ન જાઇએ, જો કનચન બરસત મેગ.
આવ નહિ, આદરભાવ નહિ, નહિ નેણોમે નેહ, તુલસી ઉસ ઘર ન જાઇએ, જો કનચન બરસત મેહ.
આવડે નહિ, ઉકલે નહિ, ને બાપા મહને કેલું. ૩૫૫
આવડે નહિ ઘેંસ,[1] ને રાંધવા પેસ.

૧. અનાજનું એક પકવાન.

આવત કુ આદર કરે, જાત નીમાવે શીશ, તુલસી એસે મિતરસુ, મીલીએ બીસવે બીસ.

આવતાના બોલબાલા, ને જતાનાં મોહ કાલાં.

આવતી ધાડે કંઇ વીખ ખવાય?

આવતી લક્ષ્મીને લાત મારવી. ૩૬૦

આવતી વહુ ને બેસતો રાજા (વખણાયાં તો વખણાયાં.)

Give a dog an ill name, and you may as well hang him.

(અંગ્રેજી કેહવત.)

આવતીબી વેહેરે, ને જતીબી વેહેરે.

આવરદાનો ઉધારો, પણ રંડાપો તો રોકડો.

આવવાની ચાર દશા, પણ જવાની બારે વાટ.

Wealth comes like the falling snow (*i. e.*, slowly.)

Wealth goes like the melting snow (*i. e.*, quickly.)

(કાશમીરી કેહવત.[૧])

આવવાનો એક, ને જવાના ચાર (રસ્તા.) ૩૬૫

આવશે દાહડો, તો થશે નિવાડો.

આવશે ભાઇની બેહન, તે જશે આંસુ જેહરી, આવશે બાઇની બેહન, તે જશે સાડી પેહરી.

આવશે ભાઇની સાથ, પણ જમશે ભોંજાઇને હાથ.

નરંદ ભોંજઇને સાધારણ રીતે બનતું નથી તેનો અતરે એસારો છે.

આવશે માહરો બાહવન વીર, ને રાણીનો છોડાવશે ચીર.[૨]

આવશે વહુ, તો જાણુશે સઉ. ૩૭૦

આવી ધાટડીએ, ને જાય દાહડીએ.

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 254.

૨. કપડું; લુગડું.

આવી પુનમબાઈ, તો ચાંદરણું લેઈ ગેઈ વાહી.

પુનમ પછી અંધારી રાત શરૂ થાયછે તે જણાવવા બોલાયછે.

આવી માહરા લાગમાં, તો લેઉં (અથવા, મારૂં) એના પગમાં.

આવી રે હાથિઆની એર, ને ભાજ્યાં રે બાજરીના પેર.

આવી હોલી, ને પરવાર્યા કોલી. ૩૭૫

આવ્યા મલવા, ને બેસાડ્યા દલવા.

He came up to borrow rice, they set him down to search for lice.[1]

આવ્યું નામ પર, ને નાખ્યું સારાં ગામ પર.

આવ્યું સમાય, પણ ગયું ન સમાય.

આવ્યો ભાઇનો ભાઈ, તો ઉભો તોરો સાહી, આવ્યો બેહનનો ભાઈ, તો ઘેરમાં પેઠો ધાઇ.

એક ઘરનાં ધણીનો ભાઈ તેને મલવા આવેછે, તો તે બહારનો બહાર, બારણાં ઉપર તોરણ બાંધવાને બહાર રાખેલો લાકડાંનો છેડો, જેને તોરો કહેછે, તે ધરીને વાટ જોતો ઉભો રહેછે; પણ જો ઘરધણિયાણીનો ભાઈ તેણીને મલવા આવેછે, તો તે એકદમ ઘરમાં ધસ્યો આવેછે, એટલી તેને છુટ હોયછે.

આવ્યોબી નાગો, જશેબી નાગો, કર ખુબી તો પેહરશે સવાગો. ૩૮૦

આવે, જાય, કે સરભર થાય.

આવે ત્યારે ગદબદ, નકર સો સો. (અથવા) આવે ત્યારે ગદબદયાં, ને જાય ત્યારે સાંસાં.

આવે ત્યારે પાણીને વેગે (અથવા, ઘોડાને વેગે,) ને જાય ત્યારે કીડીને વેગે.

Agues come on horseback, but go away on foot.

Evil comes to us by elles, and goes away by inches.

---

૧. *Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts*, by Capt. Thomas Herbert Lewin, p. 3.

Mischiefs come by the pound, and go by the ounce.

Misfortunes come on wings, and depart on foot. (અં. કે.)

આવે તો રોજી, નહિ તો રોજા.

(ફારસી કેહવત.) آید روزی نیاید روزه

આવે તો હુંડી, ને જાય તો મુંડી. ૩૮૫

આવે પેહલો, તો જમે વેહલો.

First come, first served. (અંગ્રેજી કેહવત.)

આવે વગમાં, તો માર્યે પગમાં.

આવો જાવો ને ઘેર તમારાં, ગાંહની ખીચડી, ને મેજબાન હમારાં. (અથવા) આવો જાવો, ઘર તુમારા હએ, ગાંથકી ખીચડી ઔર હુંદી હમારા હએ, ઘી બનિયાકે હાથ, આપન દોન જન સાથ બેઠ કર ખાઇએ, જો કોઈ પુછે, તો મેજમાન હમારા હએ.

આવો જાવો ને પીવો પાણી, ને વગર પૈસે ઇજત આણી.

આવો ભાઈ! આપણી શું સગાઇ? ૩૯૦

આવો ભાટ, બેસો પાટ, ભાટ ભટલુ કરીએ, અમારે ગામની એવી રીત જે ભાટની પાગડી લેઇએ. (અથવા) આવો ભાટ, લેવો પાટ, ભાટ ભટાઇ નહિ કીજીએ, હમારે ગાંવકી ઐસી રીત કે ભાતકી પગડી લીજીએ. (ભાટનો જવાબ) ખાં ખાં સો બડે ખાં, ઔર ખાં સો ખાટકી, તું ખાં ભઠીયારીકો, જો પગડી લેવે ભાટકી.

આવો માય બેસો! પાણી બાણી પીશો? સુવાનો તો જગ નથી, જશો કે રેહશો?

આવો મીયાં શેખ, તો કે' તુંને મારૂં મેખ.

આશા ઉમરની, ને ઘડી સોનાની.

આશાડી શુદ પંચમી, જો ઝબુકે વીજ, નદીનાલાં ભરાઈ જશે, રાખો બલદ ને બીજ. ૩૯૫

આશીરવાદનો ઉધારો શો?

આસકા બાપ, નીરાસકી મા, હોતેકી બેહના, નહિ હોતેકા દોસ્ત, સોયા સો ખોયા, જાગા સો પાયા.

આસ્તા વેચ્યા, બાસ્તા વેચ્યા, ને સોલસે વેપાર કીધા, કરમમાં ભાગી કાટલી, તે આખર પરવાલાં લીધાં. (અથવા) આસ્તા વેચ્યા, બાસ્તા વેચ્યા, અનેક ઉપા[1] કીધા, રાબડી છાબડી ત્યારે મલી, કે ખાંધે વાંસલા ધર્યા. (અથવા) આસ્તા વેચ્યા, બાસ્તા વેચ્યા, ને સોલસો વેપાર કીધા, ને છેલ્લે સરવાલે હાથમાં કાડલા લીધા. (અથવા) આસ્તા વેચ્યા, બાસ્તા વેચ્યા, સઘલા વેપાર કીધા, અન પાણીના વાંધા પડ્યા, ત્યારે ઝોલ્લી ઝુંદા લીધા.[2]

આસમાન ચલી.

આસમાનનો તારો પાડે (એવું હુસ્યાર.) ૪૦૦

આસમાની સુલતાની.

આસરા વગર કંઈ (અથવા, આસરા વિના) સાસરે નહિ જવાય.

આસરે આસરે સાસરે જાયછ.

આસા ઉસી, ને ખોદા ખુશી.

આસાજીની ખેતી, સોએ લીધી ને સાહડે વેચી. ૪૦૫

Khoja Mom's egg; buy at the rate of eleven, and sell at the rate of twelve. (કાશમીરી કેહવત.[3])

આસાનાં કરમમાં આડું, ને જ્યાં જાય ત્યાં ખાતરનું ગાડું.

વેહેમી લોકોમાં ખાતરનું ગાડું સામું મલે તેને અપસગન ગણવામાં આવેછે.

આસીએ કીધાં પુરણ્યાં, ને આસીએ કીધાં ઢેખડાં, અંકલેશરથી માસી આવી, તો બારણી પડ્યાં પેખણાં.

---

૧. ઊપાય.

૨. એટલે, સાધુની માફક ભીખ માંગી.

૩. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 108.

આસીબાઇ બાયલો.
આસો, ને મેઘ નાહસો.
આહરે આવ્યું વહાન બુડ્યું. ૪૧૦
આહરે આવે, ને વીરે જાય.
The tide will fetch away what the ebb brings.
Light come, light go. (અંગ્રેજી કેહવતો.)
આહરની આયપત, ને ધાડનો વરો.
આહાર તેવો ઓડગાર, ખાય તેવો થાય.
As you brew, you must bake. (અંગ્રેજી કેહવત.)
આહાર તેને ભાર, ને રાંધનારીને ધુમાડો.
આહાર, વેહવાર, ને નિંદ્રા, વધારી વધે, ને ઘટાડી ઘટે. ૪૧૫

ઈ

ઈકે ના મારો, ધીકે મારો.

ઈંટની પાલે અરીયાં[1], ને અરીયાંની પાલે રાખ.

ઈંટનું ઘર મટોડી કરવું.

ઘણા ગુસ્સાવાલાં માણસના સંબંધમાં વપરાયછે.
ઈંટકે ઘર માટી કરના. (હિંદુસ્થાની કેહવત.)

ઈંટાલાના દેવને ધતુરાની પાતી.

ઈંટાં ઘટ ગઇ, ને રોડે બધ ગયે. ૪૨૦

ઈંડું, કેલું, ને સરોશ બાજ.

ઈંડું કેલું બમસીમાં, ને જીવ બધો ચમટીમાં.

ઈંડાં જેવું ગોલ.

ઈત્તરનું હાલ્લું.

ઈત્તરને ઘેર તીત્તર આવ્યું, તો કે' ઘેર બાંધું કે બહાર. ૪૨૫

ઈત્તર કે ઘર તીત્તર, બાહેર બાંધે કે ભિત્તર. (હિંદુસ્થાની કેહવત.)

ઈલાનો તીતયો મુઓ, ને તરતો તરતો તેરે ગીયો, તેનું મહને સનાન લાગું.

તાણી તોડીને કાહડેલી સગાઈના સંબંધમાં બોલાયછે.

---

૧. છાનાં.

ઇદ આવી'તી કે માહરી શોખ આવી'તી, કે મેં રેંહટીયોબી વેચી ખાવો.
ઇદ પછી રોજા.
ઇદ પીછે ટર.
ઇદને દાહડે જીવતો રેહ્યે તો મોહોરમને દાહડે મારામારી કરે. ૪૩૦
ઇંદ્રવાણીનાં ફૂલ.

ઇંદ્રાએનકા ફુલ, દેખનેકા હએ, કાહી ચખનેકા નહિ. (હિં. કે.)

The handsomest flower is not the sweetest. (અં. કે.)

ઇંદ્રિઓ જીતી તેણે સર્વ જીત્યું.

"મોટામાં મોટી ફતેહ જે માણસજાત આ જેહાનમાં મેલવી શકે તે તેની પોતાની ઉપર મેલવેલી ફતેહ છે. જેણે પોતાના હવસોને જીતી લઇને પોતાના તાબામાં રાખ્યા, તેણે આખી પૃથ્વિ જીતીને બાહદુરી મેલવ્યા કરતાં વધારે હિંમતનુ કામ કીધું કેહવાશે." ("જીંદગી ભોગવવાની જુગતી," સફે, ૧૪૦–૧૪૧.)

He that overcomes his passions, overcomes his greatest enemies. (અંગ્રેજી કેહવત.)

ઇધર ન ઉધર, એ બલા કીધર.
ઇન મીન ને સાડે તીન, આધા રેહ્યા સો લીઆ છીન, ફીર તીન કે તીન.
ઇનસાન ચાહે શું, ને ખોદા કરે શું.[૧] ૪૩૫
ઇનસાન થઇને ઘાસ ચરવું.

યાને ઈનસાન થઇને હેવાનના જેવી વર્તણુક વાપરવી.

ઇનસાનનું તુકારે મોહત.
ઇનસાફ આંધલો છે.
ઇનસાફ લુલો છે, જેમ ફેરવે તેમ ફરે.
ઇનસાફ વેચાયછે. ૪૪૦
ઇનસાફને કંઈ હાથ પગ નથી.

---

૧. એને મલતી જુદી જુદી ભાષાઓની કેહવતો માટે જુઓ કેહવત ના૦ ૨૭૦, સફે ૨૦, ૨૧.

ઇનામમાં હાથી, ને અસવારીમાં ગધેડું.

ઇરાન ચોરીને પીરાન દગો નહિ કરવો.

ઇશક આંધલો છે.

Love is blind. (અંગ્રેજી કેહવત.)

(ફારસી કેહવત.) عاشق کور باشد

ઇસો ચોર, ને મુસો ગવાહી. ૪૪૫

ઊ

ઉકરડાની ચહડતી, ને આખો સવાગો રલતી.

મરધી ઉકરડા ઉપર ચહડીને ઈંડું મેલે, પણ વેચાય ત્યારે સવાયા બદ્દલ.

ઉકરડા પર છાસ ધોલવી.

ઉકરડામાં સાંઢ મુ–યો.

ઉકરડે પડ્યું પણ રત્ન.

A diamond is valuable, though it lie on a dunghill.

(અંગ્રેજી કેહવત.)

ઉકરડો વધતાં વાર ન લાગે. (અથવા) ઉકરડાને વધતાં વાર શી. ૪૫૦

Ill weeds grow apace. (અંગ્રેજી કેહવત.)

Small herbs have grace,
Great weeds do grow apace.

(શેકસપીઅર, "કીંગ રીચર્ડ ધ થર્ડ.")

Idle weeds are fast in growth.

(શેકસપીઅર, "કીંગ રીચર્ડ ધ થર્ડ.")

Mauvaise herbe croît toujours. (ફ્રેંચ કેહવત.)

Pazzi crescono senza inaffiargli. (ઈતાલ્યન કેહવત.)

Herba mala presto cresce. (લૅતીન કેહવત)

ઉગતાને સઉ કોઇ નમે, (અથવા, સલામ કરે,) આથમતાને કોઇ નહિ.

ઉગતે ચાને ધારાવીર, ને માથે ચાને ખડકે વીર.

યાને ચાન ઉગતી વખતે દરિયાનાં પાણીમાં ભરતી થાયછે, અને જ્યારે તે માથાં ઉપર આવેછે ત્યારે નદી નાલાં પાણીની તે પૂરથી ભરાઈ જાયછે.

ઉગતો સુરજ સઉ કોઇ નમે.

Men use to worship the rising sun. (અંગ્રેજી કેહવત.)

ઉગતાં ઝાડનું પાતરૂં ચીકણું.

Youth is ever fresh and promising. (અંગ્રેજી કેહવત.)

ઉગ્યો તે આથમવાનો, ખીલ્યું તે કરમાવાનું, ચહડ્યો તે પડવાનો, ને જનમ્યું તે મરવાનું. ૪૫૫

ઊંઘ આવે તો કાંટાની વાડપરબી આવે.

ઊંઘ, આહર, ને આલસ, વધાર્યાં વધે, ને ઘટાડ્યાં ઘટે.

ઊંઘ ગઈ ને ઉજાગરો આવ્યો, ભુખ ગઇ ને ભોજન આવ્યું.

જબ ચને થે તબ દાંત નહિ થે, જબ દાંત હુવે તબ ચને નહિ.
(હિંદુસ્થાની કેહવત.)

ઊંઘ ન જુવે તુટી ખાટ, ને ઇશક ન જુવે જાત કુજાત; ભુખ ન જુવે એઠો ભાત, ને પ્યાસ ન જુવે ધોબીનો ઘાટ.

Hunger is contented with any food, and sleep with any bed.

Hungry dogs will eat dirty pudding. (અંગ્રેજી કેહવતો.)

ભુખેકુ કિયા રૂખા, ઔર નિંદકુ કિયા તકિયે. (હિંદુસ્થાની કેહવત.)

(ફારસી કેહવત.) کوفته را نان تهی کوفته است

ઊંઘ ન જોય પાથરો, ભુખ ન જોય ખાખરો. ૪૫૬

Hunger is the best sauce, and fatigue the best pillow.

Hunger makes raw beans relish well. (અંગ્રેજી કેહવતો.)

ભુખકુ ભોજન કિયા, ઔર નિંદકુ બીછુના કિયા. (હિં, કે.)

ઊંઘ ને પાણી નીચે ઉતરે.

(ફારસી કેહવત.) آبرا میل جانب پستی

ઊંઘ બગાસું મોકલે, જા બગાસાં તું, તાહરૂં કહ્યું નહિ માને, તો ઢોલી નાખીશ હું. (અથવા) ઉંઘે મોકલી અવાચી, પેહલી જા તું, તાહરૂં કહ્યું નહિ કરે, તો ઢોલી નાખું હું.

Stretching and yawning leadeth to bed. (અંગ્રેજી કેહવત.)

ઊંઘ વેચીને ઉજાગરો લીધો.

He buys dear who licks it from thorns. (અંગ્રેજી કેહવત.)

ઊંઘટયો ને જુગટયો સાચું ન બોલે.

ઊંઘાડી હોલી, ને ના– નગારણ, ને છાકટી ભરવાડણ (તેને કોણ છેડે?) ૪૬૫

ઊંઘાડે ડોલેનું.

ચાને જેની આંખમાં શરમ નહિ હોય એવું.

ઊંઘતી બીલાડીથી ઊંદર ન પકડાય.

A muffled cat is no good mouser.

The sleeping fox catches no poultry.

A close mouth catcheth no flies. (અંગ્રેજી કેહવતો.)

Gatta guantata non piglia mai sorice. (ઈતાલ્યન કેહવત)

Gato meador nunca bom murador. (પોરચુગીઝ કેહવત.)

(ફારસી કેહવત.) خر خفتہ جو نمی خورد

ઊંઘતી વહુ, ને ઝુકતો દીવો.

ઊંઘતો બોલે, પણ જાગતો ન બોલે.

ઉંઘતો સારો, જાગતો ખરાબ. ૪૭૦

ઊંઘાયલું ને મુવેલું બરાબર.

O sleep! thou, ape of death. (શેકસપીઅર, "સીમબૅલીન.")

Shake off this downy sleep, death's counterfeit.

(શેકસપીઅર, "મૅકબૅથ.")

ઊંઘે ઉંઘાય નહિ, ને ભૂખે ખાય નહિ.

ઊંધાં ને ગુગાં, ને ઘરમાં તો છે એ મુગાં, ને આલાં ને પાલાં, ને ભાતનાં છે છાલાં, ને માહરે ત્યાં ચાંદનબાઈ દીવો કરે.

જાુઠી વડાઈ કરનારના સંબંધમાં વપરાયછ.

ઊંચા જોયો બલડિયો, નીચા જોઇ નાર, એખલપેટો વાણિયો, એ ત્રણેને ગરદન માર.

ઊંચી દુકાન, ઓર ફીકા પકવાન. ૪૭૫

Great boast, little toast.

Great cry, but little wool. (અંગ્રેજી કેહવતો.)

A big tray, a big tray, and in the middle of it half a loaf of chaff! (કાશમીરી કેહવત.[1])

ઊંચી પેહરે પહનેવાર, ને ઠીંગણી પેહરે તરેહવાર.

ઊંચી પોલ, મદનકા ઝાંપા, બેહન ભુંડી, ને ભાઇ બાંકા.

ઊંચું ગરાડ.[2]

ઊંચું તાડ (અથવા, તાડમુસ્યું.)

ઊંચું સાટકા જેવું. ૪૮૦

As tall as a May-pole. (અંગ્રેજી કેહવત.)

ઊંચે આભ, ને નીચે ધરતી.

ઊંચે ચહરકે દેખા, તો ધરધર એકહી લેખા.

All trees of one height when you look down from the moon. (અંગ્રેજી કેહવત.)

ઊંચો ગરાનદીઅર.

ઊંચો જમાઇ ને નીચી સાસુ, ને પેહેરામણી વેલા વલવું વાંકું.

ઊંચો (અથવા, લાંબો) તાડ. ૪૮૫

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 103.

૨. હાથી.

ઉછટયું ધન ઉચટ વાલે.

ઉછાલીને પગ ભાંજવો.

Look before you leap. (અંગ્રેજી કેહવત.)

اوّل اندیش پس گفتار — پای پیش آمد ست پس دیوار (ફારસી કેહવત.)

ઉછીતાની મા મુઇ.

ઉછીને ચોખે શરાધ નહિ સરાય.

ઉજ્જમનો ઉકરડો. ૪૯૦

ઉજડ ખેડા ફીર બસે, નિરધન્યા ધન હોય, ગયા ન જોબન સાંપડે, મુવા ન જીતા હોય. (અથવા) ઉજડ ખેડું ફરી વસે, નિરધન્યો ધન જોય, ગઇ જવાની નહિ આવે, તેમ મુઓ ન જીતો હોય.

ઉજડ ખેડે વાગે ઢોલ.

ઉજડ ગામના રૂપિયા ભરવા. (અથવા) ઉજડ ગામની જમે[1] ભરવી.

(ફારસી કેહવત.) ده خراب خراج ندارد

ઉજડ ગામમાં એરંડો પ્રધાન.

A heron among hundred crows is a king. (અંગ્રેજી કેહવત.)

In jungle scrub the castor-oil tree is king, any knife is keen amongst "peen" plants.[2]

उजाड गांवीं मांदार वृक्ष.

ओसाड गांवीं एरंड बळी. (મરાઠી કેહવતો.)

ઉજલા ઉજલા સબ ભલા, ઉજલા ભલા ન કેશ, નારી નમે ન રીપુ ડરે, આદર કરે નરેશ. ૪૯૫

ઉજલું એટલું દુધ નહિ.

All that glitters is not gold.

---

૧. પેશકશી.

૨. *Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts*, by Capt. Thomas Herbert Lewin, p. 20.

All is not gold that glisters. (અંગ્રેજી કેહવતો.)
Tout ce qui luit n'est pas or. (ફ્રેંચ કેહવત.)
Non è oro tutto quel che luce. (ઈતાલ્યન કેહવત.)
Fronti nulla fides. (લૅતીન કેહવત.)
No es todo oro lo que reluce. (સ્પૅનીશ કેહવત.)
(ફારસી કેહવત.) هر درخشنده طلا نیست

ઉજલું ફુલ જેવું.

ઉજલું બરફ જેવું.

As white as the driven snow. (અંગ્રેજી કેહવત.)

ઉજલે લુગડે ડાઘ બેસે.

A spot is most seen upon the finest cloth. (અંગ્રેજી કેહવત.)

ઉજલે લુગડે વેહવાર્યો. ૫૦૦

ઉઠ કાકા! ત્રણ તાહરા, ને બે માહરા.

ઉઠ ગધેડી, ને વેહલ ખદેરી.

ઊંઠ ગાંગરતાં પલાણ.

ઊંઠ તોલાય ત્યાં ગધેડાં ઘરે જાય.

ઊંઠ પાડાને હલ્યું, ને પાડો પરદેશી. ૫૦૫

ઉંદ, બ્રાહ્મણ, ને માંકડું, અણપેસાડ્યું પેસે.

ઉઠ બેઠી દન ચહડ ગયા, તો કે' દિનકુતો દેવાના લગા, મેં તો મેરી બખતસે ઉઠુંગી.

ઊંઠ મરે તો મારવાડ ભણી મુખ રાખે.

ઊંઠ મેલે આંકડો, ને બકરી મેલે કાંકરો.

ઉંઠ ફકત આંકડાનું ઝાડ ખાતું નથી, પણ બકરી સઘલું ખાઈ જતાં માત્ર કાંકરા રેહવા દિયેછે.

ઉઠ રતસી બગસી આવ્યા, ઢાલ ઢોલ ને કર સજાઈ, જ્યાં પોહરે માહરા બગસી ભાઈ. ૫૧૦

ઊંઠ લાંબું, ને પુછ ટુંકું.

अंगा पेक्षा बोंगा मोठा. (મરાઠી કેહવત.)

ઉઠ વહુ વિસામો ખા, હું કાંતું તું દલવા જા; ઉઠો સાસુજી (અથવા, બાઈજી રે!) તમે મોહડાં ના મરડો, હું કાંતું તમો કોરડા ભરડો.
ઊંટ વૈદું.
ઊંટકી દાહરમે જીરા, ને ઊંટ કેહ્યુ કે ધીરા.
ઊંટડો કહી તર બેસશે (તેની કોણને ખબર?) ૫૧૫
ઊંટના રોગને સોયનો ડામ નહિ ચાલે.
ઊંટની દાહડમાં જીરાંનો વઘાર.

A handful of grass for an elephant's stomach.
(કાશમીરી કેહવત.[૧])

What's a crab in a cow's mouth. (અંગ્રેજી કેહવત.)

ઊંટનું મહો માલવા ભણી.
ઊંટને ઘેર લગન ગીયાં, ત્યારે ગધેડાંને ગીત ગાવા તેડ્યાં, કે' "માય સારા સાદે ને સારા રાગે ગીત ગાવો," તો કહે, "જેવા તમારા સકાર તેવા હમારા સાદ."
ઊંટને મહો વાસો ન આવે. ૫૨૦
ઊંટને મહોડે ઝાંખરાં.
ઊંટને સલુક નહિ.
ઊંટને સીંગ જોઈને નથી આપ્યાં.

Cursed cows have short horns. (અંગ્રેજી કેહવત.)

Dat Deus immiti coruna curta bovi. (લૅતીન કેહવત.)

Fools should not have chapping sticks. (સ્કૉચ કેહવત.)

ખોદા હરામઝાદેકુ નાખુન ન દે. (હિંદુસ્થાની કેહવત.)

مورها به که نباشد پرش
خدا می داند که خررا شاخ نمی دهد
آن دو شاخ گاو گر خر داشتی—هیچ کس را پیش
خود نگذاشتی (ફારસી કેહવતો.)

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 80.

If the cat grew wings, the water-fowl could not live in the lakes. (કાશમીરી કેહવત.[૧])

ઊંદનો જામો, ને ચલ્લીનો ચણિયો.

He is making clothes for fishes. (અંગ્રેજી કેહવત.)

ઊંટનો બરડો. ૫૨૫

વાંકી ચુંકી ચીજના સંબંધમાં વપરાયછે.

ઊંટનાં અઢારે વાંકાં.

ઉટ તેરી કોન કલ સીધી? (હિંદુસ્થાની કેહવત.)

ઊંટનાં ઉંટ ગલી જવાં.

ઊંટનાં ઉંટ ઘસડાઈ જાય, ને ગધેડું પાર પૂછે.

ઊંટનાં સીંગડાં ગયાં ત્યાં.

ઉઠરે દીકરા વેપારી, ચોરે પાડ્યું ખાતર, ઘરમાંથી ત્રણ રત્ન ગયાં, નરેણી, ચીપ્યો, ને કાતર. ૫૩૦

ઉઠાવે લકરી, નચાવે બકરી.

(ફારસી કેહવત.) گر نبودی چوب تر فرمان نبردی گاو و خر

Do not erect your house at the cross-roads, do not send your wife to stay in another's house.[6]

ગરથ બિન ગુણ નહિ, ગુણ બિન ગ્યાન નહિ, ગ્યાન બિન પુણ નહિ, પુણ બિન માન નહિ.

ગરથ બિન ગાંડી ગેઆન, ગરથ બિન ગાંડી જુવાની, ગરથ મુગ્ત ધારી નિશાન, ગરથ બિન ખુબસુરતી દીવાની.

Chi non ha, non è.[7] (ઈતાલ્યન કેહેવત.)

A man without money is not worth an areca nut. (તે. કે.[8])

---

૧. After mischance every one is wise.

૨. Every body is wise after the thing has happened.

૩. Every one is wise after the event.

૪. An empty purse, and a finished house, make a man wise, but too late.

૫. Long's *Eastern Proverbs and Emblems*, p. 151.

૬. *Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts*, by Capt. Thomas Herbert Lewin, p. 12.

૭. Who has not, is not.

૮. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 324.

ગરથ વગરનો લાભ જાય, ને દીકરા વગરની વહુ જાય.
ગરથ વિનાનો ગાંડો, ને છોકરાં વિનાનો નાહનો.

Een man zonder geld is een schip zonder zeilen.[૧] (ઇ. કે.)

A man without money is useless. (તેલુગુ કેહવત.[૨])

ગરથના ગાંગાશાહ, ને વગર ગરથના ગાંગા.[૩] ૧૯૪૫

ગરથનો ઘરડો, તેને ઘડી ઘડી અરઘો, વગર ગરથનો ઘરડો, તેનો ખાટલો મુકો અંધો.

ગરથવાલી કરે ધુધાં, ને નગર્થીને આવે ઊંઘાં.[૪]

ગરમી ગરમીને મારે.

Even as one heat another heat expels, or as one nail by strength drives out another. (શેકસપીઅર.[૫])

Similia similibus curantur. (લૅતીન કેહવત.)

Sacar un fuego con otro fuego.[૬] (સ્પૅનીશ કેહવત.)

उष्णमुष्णेन शीतलं ॥ [૭]

समः समं शमयति. (સંસ્કૃત કેહવતો.)

આગ આગકો મારતી હએ. (હિંદુસ્થાની કેહવત.)

उष्णाने उष्ण मरतें. (મરાઠી કેહવત.)

ગરમીના શેર જીરા, ને ટાહડકના શેર હીરા.

ગરમીમાં શેઆલ, ને ચંદણીમાં મશાલ. ૧૯૫૦

ઉલટું કામ કરનાર મુરખ માણસના સંબંધમાં વપરાયછ.

ગરવ કીયો રતનાગર સાગર, નીર કર દાલો ખારો, ગરવ કીયો ચકવા ચકવી, રેન બીછોહાર[૮] ડારો.

---

૧. A man without money is like a ship without sails.

૨. Carr's *Telugu Proverbs*, Supplement, p. 186.

૩. ચણા, વટાણા, વગેરે વેચનાર. ૪. ઊંઘ.

૫. Two Gentlemen of Verona, Act II, Sc. 4.

૬. To quench fire with fire. ૭. Heat with heat (produces) cold. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 390. ૮. જુદાઇ.

ગરવ કોઇનો રહ્યો નથી.
ગરવા સેહજે ગુણ કરે, કંઠ કારણુ ના જાણુ, મેવલો વરસે સરોવર ભરે, કુબી ન માગે દાન.[૧]
ગ્રહણ વેલા સાપ પકડવો.
ગરાસિયાની ઘોડી, ને રાંડીરાંડની છોડી. ૧૯૫૫
ગરાસિયો ગોજારો નહિ, ને પારસી ન્યાત બહારો નહિ.
ગરિયાને બુચકાર્યો તે બેસી ગયો.
ગરીબ (અથવા, ગરવું) ગાય જેવું.
गोगल गाय. (મરાઠી કેહવત.)
ગરીબ ગુરબાં કંકરીયાં[૨] ખેલે, ઓર સેતરંજ ખેલે કાજી, ગંજીફા તો હરકોઇ ખેલે, ઓર ચોપત ખેલે પાજી.
ગરીબ ઘેરમાં ઘણીનો વરો, ને નહિ દલાય તો આખા ગલો. ૧૯૬૦
ગરીબ બોકલ્યું.
ગરીબ સૌનો ગુનેહગાર, ને ગરીબ સૌનો દુશમન.
Pennyless souls may pine in purgatory.
Poor men have no souls.
Every poor man is counted a fool. (અંગ્રેજી કેહવતો.)
Pauvreté est une espèce de ladrerie.[3] (ફ્રેંચ કેહવત.)
(ફારસી કેહવત.) تہی دست روسیاہ
दारिद्र्यदोषो गुणराशिनाशकः ॥[૪] (સંસ્કૃત કેહવત.)
ગરીબકી જોરૂ સબકી ભાભી.
ગરીબકી જોરૂ સબકી ભાભી. (હિંદુસ્થાની કેહવત.)
ગરીબની છોડીને સૌ ભાભી કહે.

૧. જગાત. ૨. કાંકરી દવા.
3, Poverty is a sort of leprosy.
૪. The defect of poverty is the destroyer of a host of virtues. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 413.

ગરીબની દીકરી તે સૌની વહુ, ને મોહટાની વહુ તે સૌની દીકરી. ૧૯૬૫
ગરીબની હાયે ધુલમાંથી આગ લાગે.
ગરીબનું ખાય, તેનું સત્યાનાશ જાય.
ગરીબને દાલ, ને બચ્ચાં પાલ, તવંગરને દાલ, ને જીવનો કાલ.
ગરીબને મોહડે પુરો પઝો.
ગરીબનો છોકરો ચણા ખાય તો કે' ભુખે મરેછ, તવંગરનો દીકરો ખાય તો કે' લાડ કરેછ. ૧૯૭૦

All things that great men do are well done. (અં. કે.)

गरीबानें खालें पोटा करितां, शीरमंतानें खालें औषधा करितां. (મ. કે.)

ગરીબનો વાલી ખોદા.

God arms the harmless. (અંગ્રેજી કેહવત.)

गरीबाचा देव साहकारी. (મરાઠી કેહવત.)

ગરીબનો બેલી પરમેશર.

Thou art a God of the afflicted, an helper of the oppressed, an upholder of the weak, a protector of the forlorn, a saviour of them that are without hope.—Judith, IX, 11.

God is the help of the helpless. (તેલુગુ કેહવત.[૧])

The lazy man has no knowledge, the poor man no friends.[૨]

अनाथो देवरक्षकः ॥ [३] (સંસ્કૃત કેહવત.)

ગરીબનાં ઘરનો મોભ.
ગરીબનાં ઘરમાં મોહર.

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 206.

૨. *Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts*, by Capt. Thomas Herbert Lewin, p. 21.

૩. The destitute has God for his protector. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 373.

ગરીબનાં છોકરાંને ઊબર્યાંની (અથવા, આંગલિયાંની) રમત કેવી? ૧૯૭૫
ગરીબનાં નસીબ ગરીબ.

ગરીબને રોઝે રખે, દિન બરહે. (હિંદુસ્થાની કેહવત.)

गरीबाचा नशीब गरीब. (મરાઠી કેહવત.)

ગરીબમાં ગરીબ બે, દીકરી ને ગાય, કે જ્યાં દોરે ત્યાં જાય.
ગરીબમાં ગરીબ વાણિયો, લુચ્છામાં લુચ્છો મુકાદમ, ને ઠગમાં ઠગ કાપડ્યો.
ગર્રીનું ઘેર ખાલી.[1]

A proud man hath many crosses. (અંગ્રેજી કેહવત.)

Destruction to pride. (કાશમીરી કેહવત.[2])

गर्वाचें घर खालीं. (મરાઠી કેહવત.)

ગલ્યું ગલ્યું ખાય, તે વૈદ પાસે જાય. ૧૯૮૦

Det er ei Alt i Mave godt (som) i Mund södt er.[3] (દે. કે.)

ગલીને ગુગળ થવું.
ગલીને લુગડે ડાઘ ન બેસે.
ગલે કાણું, ને પાસે નહિ નાણું.

ખાવાનો ઘણો હાવરો રાખનાર માણુસના સંબંધમાં વપરાયછે.

ગલે ગાંઠ, ને મોહડે ડુચો.
ગલે તોક ઓલવાવી. ૧૯૮૫

યાને, નહિ છુટાય એવી આપદામાં આવી પડવું.

गळ्यात नमात पडली. (મરાઠી કેહવત.)

ગલેપડુ ગોકલદાસ.

---

૧. એને મલતી જુદી જુદી ભાષાઓની બીજી કેહવતો માટે જુઓ કેહવત નાં૦ ૭૮૯, સફે ૬૬.

૨. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 112.

૩. What is sweet in the mouth is not always good in the stomach.

ગલેપડુનું ઘેર (અથવા, ગોદરું.)

ગલું કપાઇ જાય તેવી વાત.

ગલું, ને ખાસડાંનું તલું.

ગલે લગાડીને ગરદન મારવી. ૧૯૯૦

યાને, મિત્રાઈનું ડોલ ઘાલીને કોઈનો બગાડ કરવો, નુકસાન કરવું.

To laugh in one's face, and cut his throat.

To stroke with one hand, and stab with the other.

(અંગ્રેજી કેહવત.)

Kisses for the chin and an axe for the throat. (કા. કે.[1])

ગલાં પર છરી મુકવી.

मानेवर सुरी ठेवणें. (મરાઠી કેહવત.)

ગલાંનો કાકરો બલીને ચુનો થાય (એવું જલ્લદ.)

ગલાંનો (અથવા, હૈયાંનો) હાર.

અતીશય વાહલ બતાવવા માટે બોલાયછે.

ગલાંમાં મોખ નહિ.

અતીસ્ય રૂસ્વતખોરાં આદમી વિષે બોલાયછે.

ગાઇ ગાઇને મુવા, ને વરનું નામ કંઇ નહિ. ૧૯૯૫

ગાએણ[2]નું ગલું મોકલું, ને ગાએણને કેડે છોકરૂં.

ગાજતા મેહ વરસે નહિ, ને ભસતા કુત્તા કાટે નહિ.

"સાધારણ રીતે "ગાજે તેવા વરસે નહિ," "ગાજ્યા તેવા વરસ્યાને," વગેરે બોલાયછે.

Dogs that bark at a distance bite not at hand.

Barking dogs seldom bite. (અંગ્રેજી કેહવતો.)

Great barkers are nae biters. (સ્કોચ કેહવત.)

Chacun chien qui aboye ne mord pas.[3] (ફ્રેંચ કેહવત.)

---

1. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 81. 2. ગાનારી ઓરત. 3. Not every dog that barks bites.

Perro ladrador nunca buen mordedor.[૧] (સ્પૅનીશ કેહવત.)
Bellende Hunde beiszen nicht.[૨] (જરમન કેહવત.)
Cao que muito ladra, pouco morde.[૩] (પોરચુગીઝ કેહવત.)
Blaffende honde bijten niet.[૨] (ડચ કેહવત.)
Can ch' abbaia non morde.[૪] (ઇતાલ્યન કેહવત.)
A full pot does not wabble, a biting dog does not bark.[૫]
There is not rain from much thundering, and there is not profit from much speaking. (કાશમીરી કેહવત.[૬])
It thunders loudly, but rains very little. (ચીનાઇ કેહવત.[૭])
A barking dog never bites. (તેલુગુ કેહવત.[૮])
જો ગરજતા હુએ સો બરસતા નહિ. (હિંદુસ્થાની કેહવત.)
ગજનાં ન વસના, ભસના ન કટના. (કચ્છી કેહવત.)
गरजेल ते पडेल काय, आणि बोलेल तो करील काय ? (મરાઠી કેહવત.)

ગાજર કાપતાં આવડે નહિ, ને નવલખીનું એઆનું લેવા જાય.

ગાજર પરખુ.
गाजरें पारख्या. (મરાઠી કેહવત.)

ગાજરની ચોરીમાં ફાંસીની સજા. ૨૦૦૦
गाजराची चोरी व फांशीची शिक्षा. (મરાઠી કેહવત.)

ગાજરની પીપી, વાગી ત્યાં સુધી વાગી, ને નહિ તો કરડી ખાધી.
गाजराची पुंगी वाजली तर वाजली नाहींतर तोडुन खाली. (મ. કે.)

ગાજરનાં બીના ઉકાલા, ને અસાલિયાની રાબડી.

---

૧. A barking dog was never a good biter.
૨. Barking dogs don't bite.
૩. The dog that barks much, bites little.
૪. A barking cur does not bite.
૫. *Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts*, by Capt. Thomas Herbert Lewin, p. 19.
૬. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 2. ૭. Scarborough's *Chinese Proverbs*, p. 145.
૮. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 23.

ગાજે તેનું વાજે.

ગાડી જોઇને પગ થાકે.

The sight of the barber lengthens the nails, the sight of the laundress dirties the clothes.[1]

(ફારસી કેહવત.) خر کہ جو دید ۴۸ نمي خرد

ગાડી દેખે પાઉ ફૂલે. (હિંદુસ્થાની કેહવત.)

ગડો દિસી ઘોડા થકન. (કચ્છી કેહવત.)

ગાડીવાન ને પાડીવાન, (અથવા) ગાડીવાન ને ગદ્દેવાન, (અથવા) ગાડીવાન ને કુતરવાન (બરાબર.) ૨૦૦૫

ગાડે પાડો રોકાઇ રહ્યો.

ગાડેથી પડ્યાં ને ઠેં.

ગાડું અટકી પડવું.

गाडा खुंटला. (મરાઠી કેહવત.)

ગાડું રહે ને ગાડું ખાય, ને ગાડાંનો ધણી મરાયો જાય.

सडाचे दूध सडाला. (મરાઠી કેહવત.)

ગાડાં પર નાવ, ને નાવ પર ગાડું. ૨૦૧૦

Ships come on carts ; carts come on ships. (તે. કે.[2])

The boat is now carried on the cart, and now the cart in the boat. (બંગાલી કેહવત.[3])

गाड्यावर नाव व नावेवर गाडा. (મરાઠી કેહવત.)

ગાડાં હેઠે કુતરૂં જાય તો કે' હુંજ ગાડું ઘસડુંછ. (અથવા) ગાલ્લાં હેઠે કુતરૂં ચાલે તો કે' હુંજ ગાલ્લું તાણુંછ.

"What a dust have I raised!" quoth the fly upon the coach. (અંગ્રેજી કેહવત.)

---

૧. *Hill Proverbs of the Inhabitants of the Chittagong Hill Tracts*, by Capt. Thomas Herbert Lewin, p. 26.

૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 88.

૩. Long's *Eastern Proverbs and Emblems*, p. 114.

Als een muis in de meelzak gevallen is, meent zij dat zij de molenaar zelf is.[૧] (ડચ કેહવત.)

Like the bat which thinks it holds up the sky and keeps it from falling.[૨]

While the bullock was ploughing, the tick puffed and blew. (તેલુગુ કેહવતો.[૩])

ગાડાંનાં પૈડાં જેવી (વાત, વગેરે.)

ગાનારની જીભ, ને નાચનારનો પગ, સખનો નહિ રહે.

ગાનારનું ગલું, ને નાહનારના બાલ, છુપ્યા નહિ રહે.

A dancing foot and a singing mouth are never quiet. (તેલુગુ કેહવત.[૪])

છાનો નહિ દાતાર ઝુંઝાર, છાનો નહિ રાગનો ગાનાર. (શામળ.)

ગાભની[૫] ગાભ નાખે એવો દાહડો. ૨૦૧૫

યાને, ઘણોજ ખરાબ દાહડો; બુરો, તથા સંકટભર્યો વખત.

ગાલું જઇને ગાભા રહ્યા.

ગામ આપ્યે, પણ નામ નહિ આપ્યે.

ગામ કરતાં ધાયજી ઉતાવલી.

ગામ ગયા સો તુર્ત જાગે.

ગામ ગયું સુતું જાગે. ૨૦૨૦

ગામ ગાનાં, નહિ ત્યાંનાં ને નહિ ત્યાંનાં.

ગામ ગીયા ગમેર.

गावी गेले आणि गांवचे झाले. (મરાઠી કેહવત.)

ગામ ગીયાનો કેટલો લાભ, તો છ મહીનાનો પેટમાં ગાભ.

---

૧. When a mouse has fallen into a meal sack, he thinks he is the miller himself.

૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 136. ૩. *Ibid*, p. 71.

૪. *Ibid*, Supplement, p. 8. ૫. ગરભવાલી સ્ત્રી.

ગામ ચલાવે તે ગામનો વેરી, ને ઘેર ચલાવે તે ઘેરનો વેરી.

It is easier to rule a kingdom than to regulate a family. (ચીનાઈ કેહવત.[૧])

गांव चालवी गांवचा वैरी, संसार चालवी कुटुंबाचा वैरी. (મ. કે.)

ગામ ત્યાં ઘેડવાડો, નદી ત્યાં ઓવારો. ૨૦૨૫

Roses have thorns.

A good garden may have some weeds. (અંગ્રેજી કેહવત.)

गांव तेथे घेडवाडा, नदी तेथे वोहाळा.

गांव आहे तेथे म्हारवडा आहे. (મરાઠી કેહવતો.)

ગામ તેવાં ગાલ્લાં.

ગામ બલ્યું ખમાય, પેટ બલ્યું નહિ ખમાય.

યાને, ગામમાં આગ લાગે અને સઘલું બલી જાય તે ખમાય, પણ ભુખ લાગે તેનો આતશ પેટ મધ્યે ખમી શકાતો નથી.

ગામ બરેઓ ખમાય, પણ પેટ બરેઓ નહિ ખમાય. (કચ્છી કે)

ગામ મોહડે કંઈ ગરણું છે?

ગામ રીત તે ગાલ્લા રીત

ગામ રીત સે વીંઆં જોડી. (કચ્છી કેહવત)

ગામ રીતે દીવાલી. ૨૦૩૦

ગામ વચ્ચે કુવો, કોઈ ઊંડો કહે ને કોઈ છાલકો કહે.

A house built by the way-side is either too high or too low. (અંગ્રેજી કેહવત.)

Chi fa la casa in piazza, o la fa troppo alta a troppo bassa.[૨] (ઇતાલ્યન કેહવત.)

ગામ વચ્ચે રહીને પોતાનું ઘર ન બલાય.

---

૧. Scarborough's *Chinese Proverbs*, p. 62.

૨. He who builds a house in the market-place, builds either too high or too low.

ગામડ્યો કસ્તી નહિ કરે, ને કરે તો શેતાન નડે.
ગામડ્યો ગમાર, ન જાણે ચોખા કે ન જાણે નમાર.[૧]
ગામડ્યો ગમાર, ને નહિ જાણે વાર ને તેહવાર. ૨૦૩૫
ગામડ્યો બોચ, મંગાવી ખુરસી, લઇ આવ્યો કોચ.

I ask for a fork and you bring me a rake. (અં. કે.)

મંગાઇ હીંગ, લે આયા અદરખ.

મંગવાઇથી છીંટ, લે આયે ઇંટ. (હિંદુસ્થાની કેહવતો.)

ગામડ્યો બોચ, સુન્નાની ખુરસી ને રૂપ્પાંનો કોચ.
ગામડાની રાંડ નાતરે જાય, ને ગામડો વલાવા જાય. (અથવા) બાયડી નાતરે જાય, ને ધણી વલાવા જાય.
ગામડી, ને વેંહત લેવો ચામડી.
ગામડું, ને ચામડું. ૨૦૪૦
ગામડે ભેંસ, ને ઘેર ઝડકા, (અથવા, મૂલ.) (અથવા) ઘોઘે ભેંસ, ને ઘેર મૂલ, (અથવા, ધીંગાણું.)

What! who would buy a pig in poke!

The horse is in the stable, and you declare his price in the market.

Building a stable before the horse is purchased.

Boil not the pap before the child is born.

Catch the bear before you sell his skins. (અંગ્રેજી કેહવતો.)

Die Bärenhaut foll man nicht verkaufen ehe der Bär gestochen ist.[૨] (જરમન કેહવત.)

Men moet de huid niet willen verdeelen voor dat de beer dood is.[૩] (ડચ કેહવત.)

---

૧. અનાજની એક જાત.
૨. Don't sell the bearskin before you have killed the bear.
૩. Don't sell the bearskin before the bear is dead.

Non vender la pelle dell' orso prima di pigliarlo.[૧] (ઈ. કે.)
Il ne faut point se dépouiller avant de se coucher.[૨]
(ફ્રેંચ કેહવત.)
No kite anywhere, but the kite's nest ready. (કા. કે.[૩])
She took off her cloth and put it under her arm, while the river was still seventy miles off. (તેલુગુ કેહવત.[૪])

پیش از لقمہ دھن وا کردن
ھنوز مسجد ساختہ نشدہ کہ کوری بر درش نشست
پیش از آب موزہ کشیدن (ફારસી કેહવતો.)

ઘર ઘોરા નખાસ મોલ. (હિંદુસ્થાની કેહવત.)

पाण्यांत म्हेस आणि बाजारात मोल. (મરાઠી કેહવત.)

ગામથી આવ્યું, ને ઘોડે ખાધું.
ગામના પટેલે ઘેડીને તેડી તો કે' હવે હું પટલાણી.
ગામની બૈરી બોલવે (અથવા, લડવે) ભારી, ને શેહરની બૈરી રીતે ભારી.
ગામનું ગધેડું ન પીએ તે વાટનો વટેમાર્ગુ પીએ. ૨૦૪૫
ગામને પાદરે ઉકરડો.
ગામનો રાહ તે ઘેરનો રાહ.
ગામનો હાકમ ખીટે ત્યારે લોહડાંના ચણા ચવાડે.
હાકેમ હારે, મોનેમેં મારે. (હિંદુસ્થાની કેહવત.)
ગામમાં ગધેડાની (અથવા, ઘેલાઓની, ઘેલારીઓની) ખોટ.
ગામમાં ગાડાં જાય, ને કાનમાં અવાજ થાય. ૨૦૫૦

૧. Don't sell the bearskin before you have caught the bear.

૨. Do not strip before bedtime.

૩. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 65.

૪. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 84.

ગામમાં પેસવાના સાંસા, ને પટેલને ઘેર ઊનાં પાણી.

No food in the house, yet he wishes for sugar; not even a ragged cloth to his back, yet he wishes for satin. (કાશમીરી કેહવત.[1])

After being refused butter-milk, when he went himself, he ordered his servant to write for curds. (તે. કે.[2])

ઘરમેં નહિ ધાગા, અલબેલા માંગે પાગા.

હક ન પાવે, ઈનામ. (હિંદુસ્થાની કેહવતો.)

मला नाहीं ठिकाण, इला मांडून द्या दुकान. (મરાઠી કેહવત.)

ગામમાં રેહવાને ઘેર નહિ, ને સીમમાં ખેતર નહિ.

યાને, સઘલી વાતે નાચાર, જેનામાં કાંઇ સંપત નહિ હોય એવું.

घर नादार, देवळी बिरहाद, आणि बायको गर्भार. (મરાઠી કેહવત.)

ગાય ઉપર પલાણ.[3]

ગાય ઓખડ ખાયછે, પણ તેનાં પુછડાંને (અથવા, દુધને) માન્ય છે.

કેટલાક હિંદુઓમાં પુજન તરીકે ગાયનાં પુછડાંને પસવારીને આંખે હાથ લગાડવાનો ચાલ છે.

गायचा पुच्छ पवित्र, गायचा मुख अपवित्र. (મરાઠી કેહવત.)

ગાય ગોલાબ જેવું. ૨૦૫૫

ગાય ગોરપંદનું બચ્ચું.

ગાય દુધ આપે, પણ લીડી ભરે.

The cow gives good milk, but kicks over the pail. (અં. કે.)

(ફારસી કેહવત.) گاو یست نیک شیر و لیکن لگد زن است

ગાય પછવાડે વાછરડું.

गायचा वांसरु गायचा मागें.

जेथें गाय तेथें वांसरु. (મરાઠી કેહવતો.)

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 28. ૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 189. ૩. જીણ.

ગાય લેવી તે દુહજતી, ને વહુ લેવી તે શોભતી.

ગાય વાલે તે ગોવાલ. ૨૦૬૦

ગાય વ્યાય, ને ગોધાને પીડ થાય.

ગાય વેચીને દુધ પર દાવો કરે.

I cannot sell the cow and have the milk. (સ્કૉચ કેહવત.)

વકે ગાડે જોગાણુ કેડા? (કચ્છી કેહવત.)

ગાય હમારી શાથી મારી, એ હમને બતલાવો, હુંકારામાં હમે ન સમજ્યે, હિસાબ ગણો તો આવો.

ગાયનતું ગલું, ને જોડાનું તલું,[1] (અવાજ કર્યા વગર રેહ્યુ નહિ.)

ગાયનું દુધ તાડ તલે પીએ તો કે' તાડી પીએછ, તાડી ગાય તલે પીએ તો કે' દુધ પીએછ.[2] ૨૦૬૫

ताडाखाली दूध प्याला तर ताडी प्याला असें म्हणतात. (મરાઠી કેહવત.)

ગાયને દોહીને ગદ્ધાને પાવું.

ગાઇએકે દોઇ કુતેકે પીરાનુ. (કચ્છી કેહવત.)

ગાયને પેટે ગોધો જનમ્યો.

Many a good cow hath but a bad calf. (અંગ્રેજી કેહવત.)

A gude cow may hae an ill c'af. (સ્કૉચ કેહવત.)

सूर्याची पोटीं शनैश्चर. (મરાઠી કેહવત.)

ગાયને પેટે વરૂ શાં જનમે?

ગાયને મોહડેથી કાહડી ગોધાને મોહડે ભરવું.

યાને, ગરીબનો હક લુટીને હરામીને અણઘટતી રીતે ફાયદો કરવો.

गायचा तोंडातून घांस काढायचा आणि बेलाचा तोंडांत घालायचा. (મ. કે.)

ગાયે ગલ્યું રતન. ૨૦૭૦

A cow may catch a hare. (અંગ્રેજી કેહવત.)

गाईनें गिळलेलें माणीक.

माशाने माणीक गीळले. (મરાઠી કેહવતો.)

---

૧. તલિયું. ૨. જુઓ કેહવત ના૦ ૧૬૨૧, સફે ૧૪૬.

ગાયાં ગીતને શું ગાઇએ, ને રાંધ્યાં ધાનને શું રાંધ્યે?

No sweetness in a cabbage twice boiled, or in a tale twice told. (અંગ્રેજી કેહવત.)

ગાલ ખાધે કંઇ ગુમડાં નહિ થાય.

शब्द सासल्याने आंगाला मोंके पडत नाहींत. (મરાઠી કેહવત.)

ગાલ દીધી તે કાંઇ વલગી?

Abuse is not bird-lime that it will stain the hem of the garment. (કાશમીરી કેહવત.[૧])

ગાલના કાંઇ પગ છે?

ગાલે કાંઇ ગુમડાં નહિ ઉઠે. ૨૦૭૫

Bande bider ei Oir ud, uden Næven fölger med.[૨] (દે. કે.)

ગાલે લાગું ગળ્યું, તો તનખલે ઘર બળ્યું. (અથવા) ગળ્યું લાગું, ને તનખલે ઘર ભાગું.

ગાવો ત્યાં સુધી ગાજો, પછે ઝાંપો દઇને જાજો.

ગીગોરા ગલી ગીયા, ને મકોડા ખરી ગીયા.

ગીરગુત (અથવા, સરડા) ની દોડ વાર સુધી.

ગીયા મોરે,[૩] તો આવ્યા જીવને જોરે. ૨૦૮૦

ગીયા સાંપની ધસલણુ ને મુવા બાપની બરાંમત નહિ કેહવાય.

ગીયો ઓઢો આવે, પણ માર્યો ગોદો નહિ આવે.

ગુજર ગઇ ગુજરાન, કાંહ ઝુંપડી કાંહ મેદાન.

ગુજરની બેટી, સોનાની પેટી.

Children are poor men's riches. (અંગ્રેજી કેહવત.)

Börn er fattig Mands Rigdom.[૪] (દેનીશ કેહવત.)

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 125. ૨. A curse will not strike out an eye, unless the fist go with it.

૩. મોરા નામે સુરતની પાસે એક ગામ છે.

૪. Children are the riches of the poor.

ગુજરાત દેશ ગરવો ધણો. ૨૦૮૫

ગુઠણુ જેટલું.

યાને, ઢીંગણું કદનું, વગર બીસાદનું.

ગુણવાલાસે ગુણ કીયા, તો કોઇ દિન ગુણ જોયા, નગુણાસે ગુણ કીયા, તો આટા મીટીમે ગયા. (અથવા) ગુણવાલાસે ગુણ કર્યે તો ગુણ ગવાય, વગર ગુણવાલાસે ગુણ કર્યે તો આટા લુણમાં જાય.

To do good to the ungrateful is to throw rose-water into the sea. (અંગ્રેજી કેહવત.)

Dispicca l'impiccato, e impiccherà poi te.[1] (ઇ. કે.)

ગુપટ ગંગા ગેઇ.

ગુમડું (અથવા, ધોર) ફુટે, ને વૈદ વેરી.

A fig to the doctor when cured. (અંગ્રેજી કેહવત.)

ગુમાસ્તાનું ખીંટીએ પોટચું. ૨૦૯૦

ગુમાસ્તો પોતાના શેઠની તરફથી બાહરગામ આડત લેઇ જવાથી જેવી તેવી હાલતમાં દિવસો કાહડેછે. તેને પોતાનાં કપડાં મેલવાનું પણ કાંઇ લાયક ઠેકાણું નહિ હોવાથી, ખુંટી ઉપર જેમ તેમ પોતાનાં કપડાં નાખીને કામ ચલાવવું પડેછે.

ગુરા ગગડી જવા. (અથવા) હાડકાં ગગડી જવાં.

યાને, ધાસ્તીના સબબે હિંમત હારી ખાવી.

गुढगे टेकलें. (મરાઠી કેહવત.)

ગુરૂ કરતાં ચેલો વધે.

ગુરૂ કહે તેમ કરવું, પણ કરે તેમ નહિ કરવું.[2]

ગુરૂ ગુરૂની વિદ્યા, ને માથાં માથાંની અક્કલ.[3]

---

૧. Take down a thief from the gallows and he will hang you up.

૨. જુઓ કેહવત ના૦ ૧૨૦૫, સફે ૧૦૮.

૩. જુઓ કેહવત ના૦ ૧૫૦૧, સફે ૧૩૪.

ગુરૂ તેવા ચેલા. ૨૦૯૫

A disciple worthy of his gûrû. (તેલુગુ કેહવત.[1])

ગુરૂ લોપી, ને માહ પાપી.

ગુરૂકી છાતીમેં લકડી.

(ફારસી કેહવત.) حالا تخلہ برسر استاد می زند

ગુરૂજી ચેલે બોહત હુવે, તો કે' ભુખે' મરેંગે' તો આપસે ભગેંગે'.

ગુરૂથી ચેલા આગલા.

गुरु पेक्षां चेला अधिक. (મરાઠી કેહવત.)

ગુરૂની વિદ્યા ગુરૂને ફ્ળી.[2] ૨૧૦૦

Whoso diggeth a pit shall fall therein.

I taught you to swim and you'd drown me. (અં. કે.)

गुरुची विद्या गुरुला फळली. (મરાઠી કેહવત.)

ગુલ્લીનો ચાંલ્લો કરવો.

યાને, દીવાલું કાહડવું.

ગેઆનીસે ગેઆની મીલે તો કરે ગેઆની બાત, ઓર ગધેસે ગધા મીલે તો મારે લાતા લાત.

ગેઆનીસે ગેઆની મીલે, તો રસકી લુટાલુટ, ગેઆનીસે અજ્ઞાન મીલે તો ઊલટી માથાકુટ.

ગેઆનીસે ગેઆની મીલે, વાંહ વાત વાત ઓર વાત, ગદ્ધાસે ગદ્ધા મીલે વાંહ લાત લાત ઓર લાત.

Tra asino e asino, non corron se non calci.[3] (ઈ. કે.)

The ass's friendship is kicking. (અફગાન કેહવત.[4])

ગદહન કે યારી લાતન કે સનસનાહત.[5] (બિહાર કેહવત.[6])

---

૧. Carr's *Telugu Proverbs*, Supplement, p. 29.

૨. જુઓ કેહવત ના. ૧૬૭૬, સર્ટ ૧૫૧.

૩. Nothing passes between asses but kicks.

૪. Long's *Eastern Proverbs and Emblems*, p. 40.

૫. વરસાદ. ૬. Christian's *Behar Proverbs*, p. 76.

ગેંડાની માફક મરાવું, (અથવા, વહડવું.) ૨૧૦૫
ગેબની ગોલી.
ગેબની વાતનો જાણનાર પરમેશ્વર.
ગેરબંદી ગ્નાતના પંચોતેર પટેલ.
ગોકલનો કાહણ.
ગોકુલ ગામનો પેંડો ન્યારો. ૨૧૧૦

મથુરेचा पेढा. (મરાઠી કેહવત.)

ગોખલામાં ગોટી, ને માહરી વાત મોટી.
ગોટો વાલવો.

યાને, ઉંધું ચતું કરી નાખવું.

ગોદરે ગાંઠ નહિ વલાય.

तो गगनशीं गांठ घालतो. (મરાઠી કેહવત.)

ગોધો ગાયનો, ને દીકરો માએનો.
ગોધો મસ્તાન થાય ત્યારે માથે મટોડું લીએ, (અથવા, મોહડે માથે ધુલ ભરે,) હાથી મસ્તાન થાય ત્યારે કેદ પડે. ૨૧૧૫

Pride goes before, and shame follows after. (અં. કે.)

When the elephant is in rut, he throws earth on his head. (તેલુગુ કેહવત.[1])

ગોટી ઘાલ્યો. (અથવા) ગોટી નિકલ્યો.

લાડમાં બચ્ચાંને ધમકાવતાં બોલાયછે.

ગોપીપુરાંની[2] ગપ, ને ચૌટે ચાલી ચપોચપ.
ગોર પગે લાગું? તો કે' ખુંટીએ ચોકડું.
ગોર પરણાવી આપે, પણ કંઇ ઘર ચલાવી નહિ આપે.

ગુર પયેંણાઇ દે, પણ ઘર મંડાઈ ન દે. (કચ્છી કેહવત.)

---

1. Carr's *Telugu Proverbs*, Supplement, p. 18.
2. ગોપીપરૂં, એ સુરતમાં આવેલું એક પરૂં છે.

ગોરજી મહારાજ ભણ્યા ગણ્યા, ને પોથી પુસ્તક વાંચે, પથારીને પડતી મેલી, સુવે જઇને માંચે. ૨૧૨૦

ગોરી,[1] ને જીવની ખોરી.

ગોરૂં અબરખ જેવું.

ગોલ ગોલ સમજાવવું.

ગોલછ્યામાં જમવું, ને પાંચ પાટલા માડવા.

ગોલવાર્યું[2] ખોલ્યું ગોરે, ને કસ્તી ખોહી ગોરાણીએ. ૨૧૨૫

ગોલા કરતાં ગધેડાં ડાહ્યાં.

ગોલા ઘાંચીની લડાઇ.

ગોલા લડાઇ.

ગુજરાતમાં વસતા ગોલા નામના લોકો રાત્રે છાકટા બનેછે, અને એક બીજામાં મારામારી કરેછે, પણ દિવસે પાછા તેઓ એક થઇ જાયછે. તેવીજ રીતે જ્યારે કોઇ માંહોમાંહે પોતાની મતલબને વાસ્તે બાહરનાંઓને જુઠું સમજાવવા ખાતર લડાઇ ચલાવેછે, અને અરસપરસની સમજુતીથી ફોકટનો કજીયો કરેછે, ત્યારે તેને “ગોલા લડાઇ” કીધેલી કેહવામાં આવેછે.

ગોલાની છી—માં, (અથવા, છીપાની ચોરીમાં,) ઘાંચીનો બલદ વેચાય.

ગોલાને ઘેર ગાય હતી તે દુધે વાલુ કરતો હતો. ૨૧૩૦

ગોલાને દરબાર ઢીંચણ સામો.

ગોલાને મોહડે ગયણું બંધાય, ગામને મોહડે ન બંધાય.[3]

ગોલો ગોલી વઢે, ને વચ્ચે ગધેડાંનો કાન કપાય.

ગોલો પીંડારો વાલવો.

---

૧. ગોરાં બદનવાંલી ઓરત.

૨. એ નામનું નસારી કસબાનું એક ફલદરૂપ ગામડું, જે એક અંધિયારૂએ બોહસા બોહસીમાં કજીયો લડી ફક્ત એક ઝાડ મેલવવા માટે ખોલ્યું હતું.

૩. જુઓ કેહવત ના૦ ૧૪૩૧, સફે ૧૨૭.

ગોળ અંધારે ગળ્યો લાગે, ને અજવાળે ગળ્યો લાગે. ૨૧૩૫

ગોળ ખાધો નથી, ને ગળ્યો લાગો નથી.

ગોળ ગલે તેને માલમ પડે કે ગળ્યો લાગેછ કે કેવો?

ગોળ ઘાલે એટલું ગળ્યું થાય.

The more, the merrier.

Plenty makes dainty. (અંગ્રેજી કેહવતો.)

Abbondanza genera fastidio.[1] (ઈતાલ્યન કેહવત.)

As many lamps, so much light. (કાશમીરી કેહવત.[2])

More fuel, more fire. (ચીનાઇ કેહવત.[3])

ગોડ વિજો ઇતરો મિઠો થાએ. (કચ્છી કેહવત.)

જીતના ગોર દાલો ઇતના મિઠા હોવે. (હિંદુસ્થાની કેહવત.)

गुळ घातला तितका गोड. (મરાઠી કેહવત.)

ગોળ જાય ગાંગડી, ને ઘી જાય આંગલી. (અથવા) ગોળ ગાંગડી, ને ઘી આંગલી.

એટલે ગાંગડી ગાંગડી કરતાં ગોળ ઓછો થાય, ને આંગલી આંગલી કરતાં ઘી ઓસડી જાય.

ગોળ જેવું નરમ. ૨૧૪૦

ગોળ, દુધ, અને દાણા, એ કુમરને કાણા.

ગોળ ને ખોલ કાંઇ એકજ ગણાય? (અથવા) ગોળબી સરખો ને ખોલબી સરખો?

ગોળ પાપડીના દાહડા.

યાને, સુખના દિવસ.

ગોળ વિનાનો કંસાર નહિ, ને સ્ત્રી વિનાનો સંસાર નહિ.

ગોળ વીટી, જેમ ફેરવે તેમ ફરે. ૨૧૪૫

૧. Plenty makes daintiness.

૨. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 254. ૩. Scarborough's *Chinese Proverbs*, p. 1.

ગોળને પાણીએ નહિ નહવાય.

ગોળે મરે તેને ઝેહરે શું કામ મારવું?

Where a finger-nail will enter, there is no necessity for iron. (કાશમીરી કેહવત.[1])

Why an axe for that which can be done with a fillip of the nail? (તેલુગુ કેહવત.[2])

गुळानें मरे त्यास विष कशास?

जो सुईनीं मरतो त्याला पारय कशाला? (મરાઠી કેહવતો.)

ગોડ ખેંધે મરે તેંકે ઝેર ન ડીજે. (કચ્છી કેહવત.)

શકર દીએ મરે, તો ઝેર કાયકુ દીન્યે. (હિંદુસ્થાની કેહવત.)

ગોળે વીટલાયલો મકોડો.

ગોવંદાની ગાય દુહજે, ને સેહારીનાં પેટમાં દુખે.

ગંગલી ગેલમાં, ને સવાયાનાં તેલમાં. ૨૧૫૦

ગંગા નાહવી, (અથવા, તરવી.)

યાને, પાર ઊતરવું.

गंगेस घोडे नाहणें. (મરાઠી કેહવત.)

ગંજ બિન લુલી સરકાર, મિત્ર બિન નહિ ખુશી, મયા બિન નહિ સરદાર, સોક બનિ નહિ રૂશી.

ગંજીફરાક, ને ધનજી ભટાક.

ગંજીફાતો હરકોઈ ખેલે, શેતરંજ ખેલે કાજી, ગરીબ ગુરબાં કંકરી[3] ખેલે, ઓર ચોપટ ખેલે પાજી.

ગંદુ ભડવા ઓધે ચહડે, સમાણુસ પાસે દુખ, પતિવરતા ભુખે મરે, છી— રાંડ પેટ બરી જમે. ૨૧૫૫

ગંધા[4] ગોસ ભલા કે તાજી માહી, બુધા બાપ ભલા કે જુવાન ભાઇ?

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 243. ૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 148.

૩. કાંકરી—દાવ. ૪. વાસી.

ગાંગડતાં ઉંઠ પલાંણીએ.

ગાંગે ગલ્યા ગત, તેનાં ખત નહિ કે પત.

ગાંગે ધર્યા ગત, ને બોલે તે પર પડે ભટ.

ગાંઠના ગોપીચંદ (કરવા, થવા, વગેરે.) ૨૧૬૦

ગઠજો ગોપીચંદ, ને મઞ્યો મુંજ લાલા. (કચ્છી કેહવત.)

ગાંઠની ખીચડી, ને શેઠની ચાકરી.

गांठचे खाणें व शेटची नोकरी. (મરાઠી કેહવત.)

ગાંઠનું આપજો, પણ જામીન ના થતા.

He that is surety for another is never sure himself. (અં. કે.)

Die voor een auder borg blijft, betaalt voo hem.[1] (ડચ કે.)

Do not be surety for one in custody, or for another man's debts. (ચીનાઈ કેહવત.[2])

He that is surety for a stranger shall smart for it: and he that hateth suretiship is sure.—Prov. XI, 15.

જામિન ન હુજીએ, ગિરોકા દીજીએ. (હિંદુસ્થાની કેહવત.)

गांठचें द्यावें पण जामीन न व्हावें. (મરાઠી કેહવત.)

ગાંઠનું ખાવું, ને ગાંડા સાથે જવું.

ગાં— આંગલી કરવી.

યાને, છેડ્યા કરવું.

ગાં— ચાલવી. ૨૧૬૫

યાને, ઝાડો લાવો.

ગાં— ધોઇને કઢી કરે, ને વધે તેની વડી કરે.

ગાં— પર હાથ ને જુમેરાત, (અથવા, જગન્નાથ.)

ગાં— પર હાથ મુકવો.

યાને, બેફીકરાં, બેદરકાર, નચીંત થવું.

---

1. He who is surety for another, pays for him.
2. Scarborough's *Chinese Proverbs*, p. 47.

ગાં— લંગોટી, ને ફતેહખાન.

Not a rag over the body, and her name Máli. (કા. કે.[1])

ગાં— લંગુટી, નામ ફતેહખાં. (હિંદુસ્થાની કેહવત.)

ગાં—નું ઘોર, ને પડોસીનું રણુ તે રખાય નહિ.

ગાં—ના છેડો માથે મેલવો. ૨૧૭૦

ગાં—માં છાન નહિ, ને મેરા નામ મીર.

ગાં—માં ભરાવું.

યાને, ખુશામત કરવી, ખુશામતથી વાહલાં થવું.

ગાં—માં લંગોટી નહિ, ને કાંકરીએ ડેરા.

ગાં—માં હાથ, ને ગોકલનાથ. ૨૧૭૫

ગાંર્ડ્યો પરવાહ.

જ્યારે એકની રીત બીજો ધરી લેય, અને તેમાં પોતાની જાતિ અક્કલનો થોડોજ ઉપયોગ કરે, ત્યારે એમ બોલાયછે કે એની ચાલ ગાંર્ડ્યા પરવાહના જેવી છે, યાને, એક ગાંડર બીજાંની પુઠે વગર વિચારે ચાલ્યું જાય એવી છે.

One sheep follows another. (અંગ્રેજી કેહવત.)

Un aveugle mène l'autre en la fosse.[2] (ફ્રેંચ કેહવત.)

Als één schaap over den dam is, volgende anderen.[3]

Trekt men één varken bij den staart dan schreen wen zij allen.[4] (ડચ કેહવતો.)

मेंढराची जात. (મરાઠી કેહવત.)

ગાંડા આગલ ગાં- ધરી તો કુહવાડીનો ઘા.

Jest with an ass, and he will flap you in the head with his tail. (અંગ્રેજી કેહવત.)

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 152. ૨. One blind man leads another into the ditch.

૩. When one sheep is over the dam, the rest follow.

૪. If you pull one pig by the tail all the rest squeak.

Burlaos con el asno, daros ha en la cara con el rabo.[1]
(સ્પૅનીશ કેહવત.)

Brincai com o asno, dar-vos-ha na barba com o rabo.[2]
(પોરચુગીઝ કેહવત.)

ગાંડા સાથે ગમત નહિ થાય, ને બેહરા સાથે બે વાત નહિ થાય.

ગાંડા સાથે જવું, ને ગાંઠનું ખાવું.

ગાંડાને ત્યાં ગહવેર. ૨૧૮૦

मुर्खाचा हातांत रत्न. (મરાઠી કેહવત.)

ગાંડાનાં ગામ જુદાં ન વસે. (અથવા) ગાંડાનાં તે કાંઇ ગામ વસેછ?

ગાંડી ગુજરાત, આગુસે લાત, ઓર પીછુસે બાત.

For a mischievous dog a heavy clog. (અંગ્રેજી કેહવત.)

ગાંડી ધોલે, ને ડાહી કુંડાલાં કરે.

ગાંડી, ને વલી ભુતે સાહી.

ચરી ને વરી ભુત જલઇ. (કચ્છી કેહવત.)

ગાં— ગુમડું, ને સસરો વૈદ. ૨૧૮૫

ગાં- નગારાં ને કુલ્લે તગારાં.

ગાંડો, ને વલી ભાંગ પીધી.[3]

(ફારસી કેહવત.) یکی بود مجنون دگر خورد می

ગાંડાં ગામમાં ધનતેરસ.

ગાંધી ગાંધીનો વેરી.

Quien es tu enemigo? Hombre de tu oficio.[4] (સ્પૅનીશ કે.)

Two of a trade hate one another. (ચીનાઇ કેહવત.[5])

(ફારસી કેહવત.) بود همپیشه با همپیشه دشمن

દરજી દરજીકા દુશમન. (હિંદુસ્થાની કેહવત.)

---

૧. Play with an ass, and he will flirt his tail in your face.

૨. Play with an ass, and he will slap your face with his tail.

૩. જુઓ કેહવત નં૦ ૬૭૫, સફે ૫૫.

૪. Who is your enemy? A man of your own trade.

૫. Scarborough's *Chinese Proverbs*, p. 52.

ધ

ધણ ખેતમે, બેઠા પેટમે, ને લગન પાંચમનાં લીધાં. ૨૧૯૦

Boil not pap before the child is born.

Count not your chickens before they be hatched. (અંગ્રેજી કેહવતો.)

Sune enough to cry "chick" when it's out of the shell. (સ્કૉચ કેહવત.)

Hijo no tenemos, y nombre le ponemos.[૧] (સ્પૅનીશ કેહવત.)

Far conto dell' uovo non ancor nato.[૨] (ઇતાલ્યન કેહવત.)

Ante victoriam canere triumphum.[૩] (લૅતીન કેહવત.)

There is neither wife nor conception, but the son's name is to be Sômaligaum.[૪]

While the child is still in the womb, the son is named Sômaligaum. (તેલુગુ કેહવતો.[૫])

---

૧. We have no son, and yet are giving him a name.

૨. Don't reckon your eggs before they are laid.

૩. To celebrate the triumph before the victory.

૪. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 36. ૫. *Ibid*, p. 96.

While the cotton crop was still in the field, he said "Three cubits (of the cloth) for Pôli, and six for me."[1]

Tying beads round an unborn child.[2]

He gives a name to an unborn child. (તેલુગુ કેહવતો.[2])

He takes off his clothes before he reaches the water. (અફગાન કેહવત.[3])

પેટમેં પરે બુંદ, નામ રખા મહમુદ. (હિંદુસ્થાની કેહવત.)

(ફારસી કેહવત.) بچہ در شکم و نامش مظفر

ઘઊ સર્યો ત્યારે વાણિયો ડર્યો.

ઘઊંમાં કાંકરાની ખોટ.

ઘઊંમાં કાંકરો ને દાલમાં દોર.[4]

ઘડી ચાલતી હોય તો ચાલ્યા કરે, ને પડી રેહી તો પથરો.

ઘટીને મોહોવાસો. ૨૧૯૫

ઘટીનાં પઇ પર ચહડીને બેસવું.

ઘડપણ તે બીજું બચપણ.

Old men are twice children. (અંગ્રેજી કેહવત.)

An old man is twice a child. (શેકસપીઅર, "હૅમલેત.")

That ends this strange, eventful history,

Is second childishness. (શેકસપીઅર, "ઍઝ યુ લાઈક ઇત.")

બુઢા બાલા બરાબર હોતા હૈ. (હિંદુસ્થાની કેહવત.)

ઘડપણ, ને ચરપણ.

ઘડપણની લાકડી. (અથવા) ઘડપણનાં લાકડાં.

ઘડા જેટલું માથું જજો, પણ ચણા જેટલું નાક ના જશો. ૨૨૦૦

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 169.

૨. *Ibid*, p. 257.

૩. Long's *Eastern Proverbs and Emblems*, p. 75. ૪. જબતાં.

ઘડા ફુટ ફુટ! તો કે' રણુકા તો વાગા.

ઘડામાં દીવો તેનું ઘડામાંજ અજવાલું.

ઘડી ગઇ તે સોનાની.

जी घड़ी जाते ती लक्षाची. (મરાઠી કેહવત.)

ઘડી ઘડીના રંગ.

ઘડીકમાં માસો, ને ઘડીકમાં તોલો. ૨૨૦૫

ઘડીકી નફ્ટાઇ, લેકીન સારા દીનકી બાદશાહી.

ઘડીની નવરાસ નહિ, ને પૈસાની પેદાશ નહિ.

ઘડીજી નવરાસ ન, ને પૈસેજી પેદાસ ન. (કચ્છી કેહવત.)

ઘડીનો ભરૂસો નહિ.

ઘડીપલ થઇ રેહવું.

યાને, મોતની ઘણી નજદીકીમાં આવવું.

Death has reached the points of his eyebrows. (ચી. કે.[1])

ઘણાં ગોલામે ઘેર ઉજ્જડ. ૨૨૧૦

ઘણા ડાહ્યા તે ઘણા ઘેલા.

ઘણી ભુખ લાગે પણ કંઈ બે હાથે ખવાય?

ઘણી મુશકેલે ઘણું આસાન.

After the greatest danger is the greatest pleasure.

When bale (i. e. misery) is hext (i. e. highest), boot (i. e. profit or help) is next. (અંગ્રેજી કેહવતો.)

Often when want is extremest supplies come. (ચી. કે.[2])

When fortune means to men most good, she looks upon them with a threatening eye. (શેકસપીઅર.[3])

(ફારસી કેહવત.) بعد از رنج راحت است

૧. Scarborough's *Chinese Proverbs*, p. 157. ૨. *Ibid*, p. 437.
૩. King John, Act III, Sc. 1.

ઘણી વાતે ગાડાં ભરાય.

ઝીઝી ગાલીએ ગડા ભરજન. (કચ્છી કેહવત.)

ઘણી સુયાણીએ સુવાવડ બગડે. ૨૨૧૫

(ફા. કે.) ماما چون کہ دو تا شود سر بچہ کج بر آید

ઘણું ખવાડીને થોડાંની કેહનારી માએ.

ઘણું ચાલે તે થાકે, ને ઘણું બોલે તે પસ્તાય.

ઘણું તો ઘાસ, થોડું તો ખાસ.

ઘણું થાય તે થોડાંને કાજે.

Too much of one thing is good for nothing. (અં. કે.)

ઝઝે કરે સે થોડે લાગે. (કચ્છી કેહવત.)

ઘણું બોલનાર તે થોડું બજાવનાર. ૨૨૨૦

Great braggers, little doers. (અંગ્રેજી કેહવત.)

Lunga lingua, corta mano.[૧] (ઈતાલ્યન કેહવત.)

A lingua longa he sinal de mao curta.[૨] (પોરચુગીઝ કેહવત.)

ઘણું સસતું તે ઘણું મોગું.

Good cheap is dear at the long run. (અંગ્રેજી કેહવત.)

O caro he barato, e o barato he caro.[૩] (પોરચુગીઝ કેહવત.)

Cheap is dear, and dear is cheap. (કાશામીરી કેહવત.[૪])

If you buy cheap firewood, you burn the bottom of your copper. (ચીનાઈ કેહવત.[૫])

ઘણું હરામી હોય તે બે ગોદા અટકા ખાય.

A dur âne dur aiguillon.[૬] (ફ્રેંચ કેહવત.)

---

૧. Long tongue, short hand.

૨. A long tongue betokens a short hand.

૩. Dear is cheap, and cheap is dear.

૪. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 204. ૫. Scarborough's *Chinese Proverbs*, p. 340.

૬. For a stubborn ass a hard goad.

ઘણું હોય તે અતેરૂં.

ઘણે ગોલામે ઘણું ઘેર સુહનું.

A great city, a great solitude. (અંગ્રેજી કેહવત.)

Hoe meerder dienstboden hoe slechter dienst.[૧] (ડ્ચ કે.)

ઘણે નાણે શેર ધાન ખાવું, ને થોડે નાણે પણ શેર ધાન ખાવું. ૨૨૨૫

Great wealth makes us neither more wise nor more wealthy. (અંગ્રેજી કેહવત.)

ઘણે પૈસે ઘણો લોભ.

Avarice increases with wealth. (અંગ્રેજી કેહવત.)

ઘણે વરસાદે વાલ્યા, ને હાથમાં સુપેટા સાલ્યા.

ઘણે હાથે રસોઇ ન સુધરે.[૨]

Many cooks spoil the soup. (અંગ્રેજી કેહવત.)

Viele Köche verderben den Brei.[૩] (જરમન કેહવત.)

ઝીઝે હથ રસોઇ ન સુધરે. (કચ્છી કેહવત.)

ઘણો કુદે (અથવા, ચહડે) તે ઘણો પડે.

Climb not too high lest the fall be the greater.

A great tree hath a great fall. (અંગ્રેજી કેહવતો.)

Ingen falder siidt, uden han vil stige höit.[૪] (ડેનીશ કે.)

A cader va chi troppo in alto sale.[૫]

A gran salita gran discesa.[૬] (ઈતાલ્યન કેહવતો.)

De gran subida gran caida.[૬] (સ્પેનીશ કેહવત.)

Wer hoch klimmt, der fällt hart.[૭] (જરમન કેહવત.)

---

૧. The more servants the worse service.

૨. જુઓ કેહવત ના૦ ૨૨૧૫, સફે, ૨૦૯.

૩. Many cooks spoil the broth.

૪. No one falls low unless he attempt to climb high.

૫. He who climbs too high is near a fall.

૬. The higher the rise the greater the fall.

૭. He that climbs high, falls heavily.

A fall hurts not those who fly low. (ચીનાઇ કેહવત.[૧])
अत्युच्छ्रायः पतनहेतुः ॥ [२] (સંસ્કૃત કેહવત.)

ઘણો ડાહ્યો તે નાખે ખરડાયો. ૨૨૩૦

Every man a little beyond himself is a fool. (અં. કે.)
Per saper troppo, perdè la sua coda la volpe.[૩] (ઈ. કે.)
Les plus rusés sont les premiers pris.[૪] (ફ્રૅંચ કેહવત.)
Zu viel Weisheit ist Narrheit.[૫] (જરમન કેહવત.)
De geleerdsten zijn de wijsten niet.[૬] (ડચ કેહવત.)
अति शाहण्याचा बैल रिकामा. (મરાઠી કેહવત.)

ઘણો ડાહ્યો તે પો—રા પર બેસે.

ઘણો ભોલો ભુંડાનો ભાઈ.

ઘણો લોભ તે પાપનું મૂળ.

All covet, all lose. (અંગ્રેજી કેહવત.)
Qui tout convoite tout perde.[૭] (ફ્રૅંચ કેહવત.)
Chi tutto vuole, tutto perde.[૭] (ઇતાલ્યન કેહવત.)

ઘણાં ઘેરનો પરોણો.

Between two stools we come to the ground. (અં. કે.)
Entre deux selles le cul à terre. (ફ્રૅંચ કેહવત.[૮])
Tusschen twee stoelen valt de aars op de aarde. (ડચ કે.[૮])

ઘણાં છોકરાં હોય પણ ગોંસાઇને નહિ અપાય. ૨૨૩૫

---

૧. Scarborough's *Chinese Proverbs*, p. 329.
૨. Too great exaltation is the cause of a downfall. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 371.
૩. Through being too knowing the fox lost his tail.
૪. The most cunning are the first caught.
૫. Too much wisdom is folly.
૬. The most learned are not the wisest.
૭. All covet, all lose.
૮. Between two stools the breach comes to the ground.

ઘણાં માણસે ઘણી બેદાદી.

A pot that belongs to many is ill stirred, and worse boiled. (અંગ્રેજી કેહવત.)

ઘર કરવું.

યાને, પરણવું.

ઘર ગયું, ને ઓસરી રહી.

ઘર ઘર બદી, સર સર અક્કલ.[1]

ઘર ઘાલવું. ૨૨૪૦

યાને, નુકસાન કરવું, કોઈને નુકસાન પોંહચાડવું, લુટી લેવું.

ઘર ઘંટી ને પરઘેર દલવા જાય.

ઘર ચલાવવું.

ઘર જોડવું, (અથવા,) સાંધવું.

યાને, કજીયો કંકાશ હોય ત્યાં સહ્લાહ કરાવવી.

ઘર તુટવું.

યાને, કુટુંબમાં કુસંપ ઉપજવો.

ઘર ધ્રુજાવવું. ૨૨૪૫

યાને, ગડબડ સડબડ કરી કોઇને ઘભરાવવું.

ઘર ફાડવું.

યાને, ચોરી કરવી.

ઘર ફીટે ઘર જાય.

ઘર ફુટયું તેનું કરમ ફુટયું.

ઘર ફોડવું.

યાને, કુટુંબનાં કોઇ માણસને લાલચના ફાંદામાં નાખી ઘરની છુપી વાતો જાણી લેવી.

ઘર બેસવું. ૨૨૫૦

યાને, નોકરી ધંધા વગરનું, બેકાર, હોવું.

---

૧. જુઓ કેહવત નાο ૧૫૦૧, સફે, ૧૩૪.

ઘર ખુડવું.

યાને, ઘરનો નાશ થઇ જવો.

ઘર ભરવું.

યાને, તવંગર થવું.

ઘર ભલું કે ઘોર ભલી.

ઘર ભાડે, હાટ ભાડે, વાણોતરને બ્યાજ, શેઠ હીંડે મલપતા, તો દીવાલાંની શી લાજ?

ઘર ભંડાર, માહે પોલમ પોલ, રાણી રડે ને ગોલી ખાય ગોલ. ૨૨૫૫

ઘર ભાંજવું.

યાને, કુટુંબમાં કલેશ ઉતપન કરવો; પરણેલાં જોડાંને વીખુટાં પાડવાં.

ઘર મારવું.

યાને, ઉધું ચતું કરી નાખવું.

ઘર માંડવું.

યાને, સંસારમાં પડવું.

ઘર સુધરે તો ગામ સુધરે.

ઘરડા ગોધાનાં માથામાં જોર, ને ઘરડાં માણસની જભાંમાં જોર. ૨૨૬૦

An old man never wants a tale to tell. (અંગ્રેજી કેહવત.)

De gamle Stude har de stive Horn.[1] (દેનીશ કેહવત.)

ઘરડા થાય એટલે ગટી જાય.

ઘરડી ગાયને ગલે તાપરા.

ઘરડી ગાયને ડોકે ડણું, ને ચાલે થોડું ને વાગે ઘણું.

ઘરડી ઘોડી ને લાલ લગામ, ને કોઇ નહિ આપે બે બદામ, ને જોવો રે ઘરડીના દમામ.

She looks like a cow-t—d stuck with primroses.

An old lady with a hat on. (અંગ્રેજી કેહવતો.)

---

1. Old oxen have stiff horns.

A vieille mule frein doré.[1] (ફ્રેંચ કેહવત.)
A mula vieja cabezadas nuevas.[2] (સ્પેનીશ કેહવત.)
Een oud muilezel met een vergulde toom.[3] (ડચ કેહવત.)
Earrings upon the face of an old woman. (કા. કે.[4])
बुढी घोडी लाल लगाम. (મરાઠી કેહવત.)

ઘરડું થાય એટલે ગતિ જાય. ૨૨૬૫
ઘરડું થાય તેમ અક્કલ જાય.
ઘરઢો થીએ તી અક્કલ વતે. (કચ્છી કેહવત.)
ઘરડે ઘડપણ લાડવા ભાવે.
ઘરડો પરણે તે જુવાનને કાજે.
An old man who weds a buxom young maiden, bids fair to become a freeman of Buckingham. (અં. કે.)
ઘરડો વૈદ ને જુવાન જોશી.
An old physician and a young lawyer. (અંગ્રેજી કેહવત.)
ઘરડાં થયાં તે શું ઘેલાં થયાં? ૨૨૭૦
ઘરડાં ને ઘેલાં બરાબર.
(ફારસી કેહવત.) پیری و صد عیب
ઘરડાં વગર ઘર નહિ, ને વહુ વગર વર નહિ.
ઘરડાં વડે ઘેર, ને હાકમ વડે શેહર.
An old man in a house is a good sign.
Old age is honourable. (અંગ્રેજી કેહવતો.)
An aged man will always be the jewel of his family. (ચીનાઈ કેહવત.[5])

૧. A gilt bridle for an old mule.
૨. New trappings to an old mule.
૩. An old mule with a golden bridle.
૪. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 36.
૫. Scarborough's *Chinese Proverbs*, p. 208.

ઘરડાંઓ કેહછ તે કાંઈ ખોટું ?

Gammel Mauds szgn er sielden usand.[૧] (ડેનીશ કેહવત.)

ઘરડાંજ ગાડાં વાલે. ૨૨૭૫

ઘરણુ લાગવું.

યાને, કજ્યો થવો, ટંટો થવો.

ઘરણુ વેલા સાંપ પકડવો.

ઘરના પીર, ને ઘરના ભુવા.

ઘરની ઘેલી સારી, પણ બહારની ડાહી માઠી.

ઘરની દુખણી જંગલમાં ગઇ, જંગલમાં લાગી લાહ્ય. (અથવા) ઘરના ઉઠયા વનમાં ગયા ત્યારે વનમાં ઉઠી લાહ્ય.[૨] ૨૨૮૦

ઘરની ફુટે, શત્રુ લુટે, (અથવા, ફાવે.)

યાને, કોઇનાં ઘરમાં જો કજ્યો હોયછે તો તેથી દુશમનને તેની ઊપર ફાવી જવાને ઘણું સવલ થઈ પડેછે.

The house divided against itself cannot stand. (અં. કે.)

ઘરનું માન સાવરણીએ, દીકરીનું માન આદરણીએ, જોગીનું માન જાગરણીએ, દરજીનું માન કાતરણીએ.

ઘરનો ગોધો આંખ ફોડે.

ઘરનો ધણી હું, ને બહાર નિકલ તું.

ઘરનાં છોકરાં ઘંટી ચાટે, ને ઊપાધ્યાને આટો ભાવે. ૨૨૮૫

Charity begins at home. (અંગ્રેજી કેહવત.)

For the family distress, but for the idol an offering.[૩]

Darkness in the home, but a light in the mosque.[૪]

Jungle cattle eat salt, while the home cattle lick the wall. (કાશમીરી કેહવતો.[૫])

---

૧. An old man's sayings are seldom untrue.

૨. એને મલતી જુદી જુદા ભાષાઓની કેહવતો માટે જુઓ કેહવત નાં ૮૨૭, સફે, ૭૦–૭૧, તથા કેહવત નાં ૧૧૪૧, સફે, ૧૦૦–૧૦૧.

૩. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 20. ૪. *Ibid*, p. 67. ૫. *Ibid*, p. 71.

First yourself, afterwards others. (ચીનાઇ કેહવત.[1])

When the household deity was dying of hunger, the goddess of the field demanded a basket procession. (તેલુગુ કેહવત.[2])

પહેલે ઘરમેં તો પીછે મસજીદમેં. (હિંદુસ્થાની કેહવત.)

چراغی که در خانه ضرور است در مسجد حرام است

(ફારસી કેહવતો.) اول خویش بعد درویش

घरचें मूल तसेंच ठेऊन उपाध्या म्हणतो माझें आधीं लग्न करा. (મ. કે.)

ઘરનાં ધુણિયાં, ને ઘરનાં ડાંડનિયાં.

એવો વેહમ છે કે માણસનાં દિલમાં ભુત જીન વગેરે ભરાવાથી તે ધુણવા માંડેછે, અને તેવે વખતે તે ઘણીએક બનનારી વાતો કહી આપેછે, અને એ વતરોગે બીજાં ઘણાં પ્રાક્રમો કરેછે. જ્યારે આવી રીતે માણસ ધુણવા માંડેછે ત્યારે તેની આસ-પાસના તેના સ્નેહીઓ, તેનાં દિલમાં ભરાયલા ભુત અથવા જીન વગેરેને બહાર કાહડવા, અથવા તેમને રાજી રાખવા, અથવા તો તેઓને પ્રશ્નો કરી જોઈતા ઊત્તરો મેલવવા, ઢોલ ઊપર ડાંડયાં વજાડેછે, અને ધુણનાર માણસની આસપાસ નાચેછે. એવી રીતે કેટલાએકો ભોલાઈથી કરેછે, અને કેટલાએકો લોકોને ઠગીને પોતાની મતલબ હાંસલ કરવા કરેછે. એ ઊપરથી જ્યારે કોઈ વાતમાં તે વાતનો સંબંધ ધરાવનારા એક બીજાની તરફેણ ખેંચે, અને પોત પોતામાં ટેકો આપે ત્યારે આ કેહવત વપરાયછે.

ઘરમાં માલ મતા, ને ખાંડીપરા ને બટા.

ઘરમાં વાઘ, ને બહાર બકરી.

Argus at home, a mole abroad. (અંગ્રેજી કેહવત.)

. . . . .

૧. Scarborough's *Chinese Proverbs*, p. 302.

૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 41.

The goddess of misfortune at home, the goddess of fortune abroad. (તેલુગુ કેહવત.[૧])

घरचा वाघ व बाहेरची शळी. (મરાઠી કેહવત.)

ઘરમાં વાંસ ફરે તો હાલ્લું નહિ નડે.

ઘરમાં હાલ્લે હાલ્લાં લડે, ને બહાર તો લાલજી મન્યાર. ૨૨૯૦

He robs his belly to provide for his back.(અંગ્રેજી કેહવત.)

Not a grain to eat, but scented oil for his mustaches. (તેલુગુ કેહવત.[૨])

घरांत नाहीं दाणा व मला श्रीमंत म्हणा. (મરાઠી કેહવત.)

ઘસ્યા વિના ચલક નહિ, ને ઘસ્યા વિના પોંહચ નહિ.

ઘા ચુકવો.

યાને, મલેલી તક ખોઈ દેવી.

ઘાટે ઘાટનાં પાણી પીધાંછ.

ઘણો અનુભવ મેલવેલો હોય એવાં માણસોના સંબંધમાં વપરાયછે.

बारा बंदरचे पाणी प्याला. (મરાઠી કેહવત.)

ઘાણ વાલવો.

યાને, નુકસાન કરવું.

ઘાની ઊપર નીમક છાંટવું (એ સારૂં નહિ.) ૨૨૯૫

યાને, કોઈ દુખી થયું હોય તેને વધારે દુખી કરવું એ સારૂં નથી.

A pinch of salt to a cut finger. (કાશમીરી કેહવત.[૩])

Sprinkling salt on a new-cut wound. (બંગાલી કેહવત.[૪])

घायावर घाय घालतो.

घायावर लिंबु पिलतो. (મરાઠી કેહવતો.)

ઘાયજો ઊઠ્યો[૫] ને કરચો[૬] ફુટયો.

ઘાયલ સિપાહીનો બમણો પગાર.

---

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 40. ૨. *Ibid*, p. 299.

૩. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 28. ૪. Long's *Eastern Proverbs and Emblems*, p. 77.

૫. હજામ. ૬. બાલનો ફણગો.

ઘાલમેલ કરવી.

યાને, ઉંધું ચતું કરી નાખવું.

घाल घूसड करणें. (મરાઠી કેહવત.)

ઘાલે દાહડમાં તો આવે હાડમાં.

ઘાસ કાપવા જવું, ને ગોલપાપડીનું ભાતું. ૨૩૦૦

ઘાસની ગંજીપરનો કુતરો, ખાય પણ નહિ, ને ખાવા દિયે પણ નહિ.

Like the dog in the manger, he will neither do nor let do.

Like a dog in the manger, you'ill not eat yourself, nor let the horse eat. (અંગ્રેજી કેહવતો.)

Can dell' ortolano non mangia la lattuga, e non la lascia mangiare agli altri.[૧] (ઈતાલ્યન કેહવત.)

Il est comme le chien du jardinier, que ne mange point de choux, et n'en laisse pas manger aux autres.[૨] (ફ્રૅંચ કેહવત.)

Cao do palheiro nem come, nem deixa comer.[૩]

O perro do hortelao naö come as versas, nem a outrem as deixa comer.[૪] (પોરચુગીઝ કેહવતો.)

The monkey seizes a piece of ginger,—fears to eat it, because it is bitter, throws it away,—and yet cannot part with it. (ચીનાઈ કેહવત.[૫])

Like a monkey with a cocoanut. (તેલુગુ કેહવત.[૬])

ખાય ન ખેલાય, ખાલા દીદોં આગે પાય. (હિંદુસ્થાની કેહવત.)

---

૧. The gardener's dog does not eat lettuce, and will not let others eat it. ૨. He is like the gardener's dog, who does not eat cabbages and will let no one else eat them.

૩. A dog in the manger, that neither eats nor lets others eat.

૪. The gardener's dog neither eats greens nor lets any one else eat them. ૫. Scarborough's *Chinese Proverbs*, p. 293.

૬. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 130.

ઘાસિયો ઘોડો, ને વેઠયો ચાકર.

ઘી ક્યાં ઢોળાયું? તો કે' ખીચડીમાં.

Happy go lucky. (અંગ્રેજી કેહવત.)

Cayósele el pan en la miel.[૧] (સ્પૅનીશ કેહવત.)

It goes off from my fingers, but rolls on into the ball. (કાશમીરી કેહવત.[૨])

Like the ghî falling into the milk pudding.[૩]

The fruit slipped and fell into the milk.[૪]

The bread broke, and fell into the honey.[૫]

Like sugar dropped into milk. (તેલુગુ કેહવતો.[૬])

ઘી કહાં ગયા? ખિચરીમેં. (હિંદુસ્થાની કેહવત.)

ઘી હીરાંધો ત ખીચડીમેં. (કચ્છી કેહવત.)

ઘી કેલાં.

ઘી ખાતા, ગુડ ખાતા, ને બરાબર સલતા ક્યું નહિ.[૭] ૨૩૦૫

ઘી ખાના શકરસે, દુનિયા ખાના મકરસે.

ઘી ખીચડી થાય એક, ને પાપટ બેઠો દેખ.

ઘી ખીચડીના અક્ષર બે.

ઘી, ખાંડ, ને આટો, ને હલાવીને ચાટો.

ઘી ગયું, પણ કંઈ ઘીનું માપ તો નહિ ગયું? ૨૩૧૦

Slander always leaves a slur. (અંગ્રેજી કેહવત.)

If the biscuit is broken, the pieces are here. (કા. કે.[૮])

---

૧. His bread fell into the honey.

૨. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 259.

૩. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 250.

૪. *Ibid*, p. 239. ૫. *Ibid*, p. 251. ૬. *Ibid*, 326.

૭. જુઓ "કઉતક માલા ને બોધ વચન," સફે, ૧૦૭.

૮. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 239.

ઘી ખાધઇ તપણુ ધણી તા પઇ આએ? (કચ્છી કેહવત.)

घी गेले काय घीचा ठाम तो नाहीं गेले. (મરાઠી કેહવત.)

ધી ધી, તુપ તુપ.

ધી પર જવું.

બે અર્થે વપડાયછ; એકતો માંદગીમાં આવી પડવા ઉપર, અને બીજું તો ઉતરી પડવા, અથવા ગાલ ગલોચ ઉપર આવી જવાને અર્થે.

ધી પીરસે તે મહીયોસાહ.

મહીયોસાહ નામે એક મોહટો ધીનો વેપારી વાણિયો થઈ ગયોછે.

ધી પુરાવું.

ધી લગાડીને ગોરાં થાય. ૨૩૧૫

ધી વગર કંઇ ધેંસ[1] ખવાય?

ધી વગરની લુખ્ખી ખીચડી.

ધી વડે ખીચડી લુખ્ખી પડી.

ધીએ ગોબર મિઠું.

ધીના ધડા ધરતા મુક્યા, ને કાટલી કોડ્યાંને ટોટે વલગાવ્યાં. ૨૩૨૦

To save at the spiggot, and let it run out at the bunghole. (અંગ્રેજી કેહવત.)

Sie streiten um ein Ei, und lassen die Henne fliegen.[2]

Man spart am Zapfen und lätz's am Spundloch auslaufen.[3] (જરમન કેહવતો.)

Taking up some mustard-seed in the hand, and a water-melon escapes. (કાશમીરી કેહવત.[4])

To lose the great for the small. (ચીનાઈ કેહવત.[5])

---

૧. છાસમાં જુવારનો આટો તથા મીઠું મસાલો નાખી ઉકાલેલી રાબડી.

૨. They wrangle about an egg, and let the hens fly away.

૩. To save at the spiggot, and let it run out at the bung-hole.

૪. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 184.

૫. Scarborough's *Chinese Proverbs*, p. 350.

Like leaving the grain, and fighting for the husk.[૧]

Like throwing away the molasses, and licking the leaf.

(તેલુગુ કેહવતો.[૨])

In trying to save a drop of ghi he upset the ghi-pot.[૩]

So busy in saving a grain of salt, he lost the salt-vessel. (બદ્દ્ધ કેહવતો.[૪])

કોડીઓંકો બચાતા, ઓર રૂપીયોંકા દાતા. (હિંદુસ્થાની કેહવત.)

ઘીના ઘડામાં ખાલી હાથ નાખે, તોપણ અચ્છેર શેરની ખોટ.

ઘીના ડબરા જેવું (માતેલું.)

ઘીનાં ઘેવર.

યાને, ઘી વગર કંઇ ઘેવર બનતાં નથી. ખોરાક તરીકે ઘીની અગત્ય દેખાડવા માટે આમ બોલાયછે.

ઘીનાં પેટમાં જી.

ઘી ખોરાક તરીકે કેટલું અગતનું છે તે દેખાડવા માટે આમ બોલાય છે.

—ની પરી[૫] ઉઠાવશે તો ખાંડની પરી લેશે. ૨૩૨૫

—નો ટોપલો પતોરાંએ ઢાંકવો.

—માંની કોડી દાંતે કાહડે (એવું કંજુસ માણસ.)

—કે કૌરી દાંતસે ઉઠાવે. (હિંદુસ્થાની કેહવત.)

ઘુંવડનું મોત કબરવાડે.

ઘેઆન બોરી તેથી કંઈ શું જેહાનબી બોરી?

ઘેટા લડાઈ, વલગે પણ છુટે નહિ. ૨૩૩૦

ઘેર કેહ્યુ કે મહને બાંધી જો, ને વેહા કેહ્યુ કે મહને માંડી જો.

યાને, જે ઘર બાંધેછે તેજ જાણેછે કે તેમ કરતાં ધાર્યા ઉપરાંત

---

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 134.

૨. *Ibid*, Supplement, p. 59.

૩. Long's *Eastern Proverbs and Emblems*, p. 24

૪. *Ibid*, p. 178. ૫. પડીકી.

કેટલો વધુ ખરચ થાયછે, અને જે લગન કરેછે તેજ જાણેછે કે તેમ કરતાં પણ કેટલો વધુ ખરચ નહિ ધારેલી રીતે આવી પડેછે.

Building and the marrying of children are great wasters. (અંગ્રેજી કેહવત.)

Try building a house, try making a marriage. (તે. કે.[૧])

ઘર કર ઘર કર, સતર બલા સર ધર. (હિંદુસ્થાની કેહવત.)

ઘેર ખાવું ને ઝેહર ખાવું બરાબર.

ઘેર ગયો ત્યાં રાંડે ખાધો, ને બહાર ગયો ત્યાં ભુતે, (અથવા,) ધાડે, ખાધો. (અથવા) ઘેર જાઉં તો રાંડ ખાય, ને બાહર જાઉં તો ધાડ ખાય.

ઘેર ગોલી બેસવી.

યાને, નુકસાનીમાં આવી પડવું.

ઘેર ગંધાય, ને બહાર પમરે. ૨૩૩૫

ઘેર જાણે પડોશી, ને કુલ જાણે વેહવાઇ.

ઘેર ધણું, ને ઊંબર ચહણું.

ઘેર ઘેલાં, ને બાહર ડાહ્યાં.

ઘેર ઘોડો ને પાલો જાય, ને ઘેર દુહજન ને લુખું ખાય, એવો કોણ મુરખનો રાય?

A man that keeps riches, and enjoys them not, is like an ass that carries gold and eats thistles. (અં. કે.)

ઘેર ઘોડાં, ને બહાર તેડાં. ૨૩૪૦

ઘેર ધંટી, ને માથે પરકલી.

ઘેર પ્રમાણે બરસાખ, (અથવા, મોભ.)

ઘેર બાલીને તીર્થ કરવું.

---

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 47.

ઘેર બેઠાં ગંગા આવી.

Ganges in the house. (કાશમીરી કેહવત.[1])

અહેલે કિસમત અપને ઘર બૈઠેહી દોલત પાયંગે,

ચાર ઘર આ જાયગા તો ઢુંઢને કયું જાયંગે. (ગુરૂ નાનક.)

ઘેર બેઠાં ઘડો લેવા આવે. ૨૩૪૫

ઘેર બેઠાં મોતીએ ચોક પુરે.

He builds castles in the air. (અંગ્રેજી કેહવત.)

ઘેર બોલે દોકડાં તો બાહેર બોલે છોકરાં.

What children hear at home soon flies abroad. (અં. કે.)

Dizem os filhos ao soalheiro, o que ouvem dizer ao fumeiro.[2] (પોરચુગીઝ કેહવત.)

Dicen los ninos en el solejar lo que oyen á sus padres en el hogar.[3] (સ્પૅનીશ કેહવત.)

ઘેર ભાડે, આંટ ભાડે, ને વાણોતરને વ્યાજે.[4]

ઘેર ભાંજીને ગોખો નિકલ્યો.

ઘેર મુકો ઘરણે, ને નાનાભાઇ પરણે, ખત જાય નીચે, ને ઘેર જાય ઉંચે. ૨૩૫૦

ઘેર મેલો ભાડે, ને જઇ બેસો વાડે.

ઘેર વાલ ને ઘધરને વાલ, ને બાઇજી મહને થોડા ઘાલ.

ઘેર વેચતાં ઓસડી નહિ રહી.

ઘેર વેચીને ઘો લીધું.

ઘેર વેચીને તીરથ કીધી. ૨૩૫૫

ગર વકણી તીરથ કયો. (કચ્છી કેહવત.)

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 66.

૨. Children tell in the highway what they hear by the fire-side.

૩. What children hear their parents say by the fire-side they repeat in the highway. ૪. એટલે, ચાકરને વ્યાજે ધીરે.

ઘેર વૈદ, ને ડોસી પીરે મરે.

ઘેર સુખી તો બહાર ચેન.

ઘેર હીણુ લઇજ્યે, પણ વર હીણુ નહિ લઇજ્યે.

ઘેર હોય ત્યાં કજ્યો હોય.

ઘેરકી મુરઘી દાલ બરાબર. ૨૩૬૦

ઘેરધણી કેહશે માહરે ખપ નહિ, ને પડોશી કેહશે માહરાં સીર ઉપર.

ઘેરધણી લડી મરે, ને પડોશીને સંતાપ પડે.

ઘેરના ઘેર ઘંહબાર કરવા.

ઘેરના પીરને તેલનો મલીદો.

ઘરકે પીરાકો તેલકા મલીદા. (હિંદુસ્થાની કેહવત.)

ઘેરના મોભથી તે પાયાનાં તલ્યાં લગણ. ૨૩૬૫

ઘેરની કસર ને વાહણની સફર.

Economy makes men independent. (ચીનાઈ કેહવત.[1])

ઘેરની દાલ સારી.

Dry bread at home is better than roast meat abroad.

(અંગ્રેજી કેહવત.)

ઘેરનો કુરો[2] ભુંડો, તો વાણિયાને શું દોષ દેવો?

ઘેરનો ઘાયલ, ને અસીસે[3]નો વેરી.

ઘેરનો વાણો, ને ઘેરનો તાણો. ૨૩૭૦

ઘેરનાં વાહણ, ને ઘેરના ખારવા.

ઘેરપરથી આવતા જજો, બારપરથી થતા જજો.

પરોણાગતનું ડોલ ઘાલનાર અને આગતા સ્વગતામાં પછાત, એવાં માણસના સંબંધમાં વપરાયછ.

ઘેરમાં અંધારૂં, ને આંગણે દીવો કરવો.

---

૧. Scarborough's *Chinese Proverbs*, p. 340.

૨. છોકરો. ૩. અસીસું—તકિયો.

ઘેરમાં ઘેંસ નહિ, ને રાંડ કહેછે રેહશ નહિ.

ઘેરમાં ઘોડો ફેરવવો. ૨૩૭૫

યાને, નુકસાની કરવી.

ઘેરમાં પેસવાનો હોકમ નહિ, ને ગરમ પાણી ભેજ્યો.

ઘેરવાલાને એક ઘેર, ને વગર ઘેરવાલાને સો ઘેર.

El que no tiene casa de suyo, vecino es de todo el mundo.[૧] (સ્પૅનીશ કેહવત.)

A man that has built a house has one house, a man that has built no house has a thousand houses. (તે. કે.[૨])

ઘેરવાલી ને વેહરવાલી.

ઘેરે ઘેર માટીના (અથવા, કાદવના) ચુહલા.

યાને, દરેક ઘરમાં વસનારાઓ મધે કાંઇને કાંઇ પણ એબ, અથવા કજ્યો ટંટો હોયછે.

There is a skeleton in every house.
All men have their defects.
Lifeless, faultless. (અંગ્રેજી કેહવતો.)
There's nane without a faut. (સ્કૅાચ કેહવત.)
Elk huis heeft zijn kruis.[૩] (ડચ કેહવત.)
Amongst men who is faultless?
There is none righteous, no, not one.—Rom. III, 10.
Who but the sages are free from faults? (ચી. કે.[૪])
There is not a blameless man in the world.[૫]
Every house has an earthen fire-place. (તેલુગુ કેહવતો.[૬])
સબ ઘર મટિયાલી ચુલ્હી. (હિંદુસ્થાની કેહવત.)
ગરોગર મટીજા ચુલા. (કચ્છી કેહવત.)
घरोघर मातीच्या चूली. (મરાઠી કેહવત.)

---

૧. He who has no house of his own is everywhere at home.
૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 94.
૩. Every house has its cross.
૪. Scarborough's *Chinese Proverbs*, p. 206.
૫. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 40. ૬. *Ibid*, p. 179.

ઘેરે ઘેરની કીડી. ૨૩૮૦
ઘેરે ઘેરનો ઊંદર.
ઘેલા! – ના ખાતો, તો કે' ઓંહસે ખાવશ.

Forbid a fool a thing, and that he'll do. (અંગ્રેજી કેહવત.)

ઘેલા ઘાંચીનું કુટંબ.
ઘેલા સાથે ઘેલું થવું.

Il vaut mieux être fou avec tous que sage tout seul.[1]
Il faut hurler avec les loups.[2] (ફ્રેંચ કેહવતો.)

ઘેલી ચિત્રા[3] કરે ખેલ, ને કાર ઊનાલે[4] આવે રેલ. ૨૩૮૫
ઘેલી જાતરા ઘેલું લગાડશે.

ઘેલી જાતરા ઉમરા ગામમાં પડેછે. તે વખતે સખત ટાહડ પડેછે તેનો અતરે એસારો છે.

ઘેલી થઇને છુટે, ને ગામ બધું લુટે.
ઘેલી, ને વલી ભુતનો વાસો (અથવા, છાંયો.)
ઘેલી, ને વલી મદીરા પીધો.
ઘેલી સાસરે જાય નહિ, ને જાય ત્યારે એક વગી. ૨૩૯૦
ઘેલીનો ગવાલો.[5]
ઘેલો જે આવે તે ખાય, ને મનમાં મધન થાય.
ઘેલો થઇને ઘેર રાખે.

(ફારસી કેહવત.) دیوانہ باش تاغم تو دیگران خورند

ઘેલો પણ તે માટીડો, ડાહી પણ તે ઓરત.

Homem de palha val mais, que mulher de ouro.[6] (પો. કે.)
Un homme de paille vaut une femme d'or.[7] (ફ્રેંચ કેહવત.)

---

૧. Better be mad with all the world than wise alone.
૨. One must howl with the wolves.
૩. એક નક્ષત્ર. ૪. ભર ઊનાલે. ૫. કપડાં મુકવાનો કોથલો.
૬. A man of straw is better than a woman of gold.
૭. A man of straw is worth more than a woman of gold.

ઘેંસ ખાય તે ઘોધર[1] થાય. ૨૩૯૫

નજરે દીઠીએ ન માનવી, નયણે કરે સચ.

નહારૂં જાય તે સારાંની આશાએ.

નઠોરને કાંઈ ગેરત (અથવા, શાન) છે? ૪૯૫૦

નતીજાનું પાતરૂં બાંધો.

નથ નાકમાં પેહરાય, કંઇ કાનમાં ન પેહરાય.

નથી મરતો કે નથી માંચરો ખાલી કરતો.

He will neither die nor give up his bed. (તેલુગુ કેહવત.[1])

ન મરે ન મંજો છડે. (કચ્છી કેહવત.)

નથુ ભગત કહે નેહાલ થયા, ભલે મરી ગઇ ગાય, પુરણ સુખ તે પામ્યે, જો વાછડું વાંસે[2] જાય.

---

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 156. ૨ પછવાડે; પુઠે.

નથુભાઇની જાનમાં, ને ખાવા પીવા કાનમાં.

A la boda de Don Garcia lleva pan en la capilla.[૧] (સ્પે. કે.)

નદી કિનારેનાં રૂખડાં,[૨] વન સીંચ્યા સીંચાય, એક દાહડો ન સીંચાય તો જડ મૂળથી જાય, (અથવા, સમુખડાં[૩] જાય.) ૪૯૫૫

નદી કિનારે રૂખરા જબ તબ હુએ બનાસ. (હિંદુસ્થાની કેહવત.)

નદી ત્યાં ઓવારા હોયજ.

નદી નાવ સંજોગ છે, કોનું છે ન કોઇ.

નદી નાવનો સંજોગ.

તુલસી આ સંસારમેં, ભાત ભાતકે લોગ,
સબસે હીલમીલ ચાલ્યે, નદી નાવ સંજોગ. (તુલસીદાસ.)

નદી પછીના[૪] ઓવારા. (અથવા) નદી પછવાડે ઓવારા છેજ.

Achter iederen berg ligt weer een dal.[૫] (ડચ કેહવત.)

નદી વંકી વલામણે, ને કરસણ વંકી સાલ, પુરૂષ વાંકો પાઘડીએ, એમ નેણાજ વંકી નાર. ૪૯૬૦

નદી સબસે બાંકી, સિપાહીસેભી બાંકી ?

A river never flows straight. (તામીલ કેહવત.[૬])

નદીએ નાહવે પુણ્ય હોય તો માછલાં નિત્ય નાહ્યછે.

નદીનું મૂલ ને ઋષિનું કુલ જોવું નહિ.

નપુંસકને શૂર ન ચહડે.

નબામાં નવ ગુણ. ૪૯૬૫

નનામા તે નનામા.

નફ્ટ નોકરી.

अधमा सेवका वृत्तिः ॥[૭] (સંસ્કૃત કેહવત.)

---

૧. Carry bread in your hood to Don Garcia's wedding.

૨. ઝાડ. ૩. સમુલગાં, સામટાં. ૪. પછવાડેના.

૫. Behind every mountain lies a vale.

૬. Percival's *Tamil Proverbs*, p. 84. ૭. Servitude is the lowest occupation. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 372.

નફ્ટ સસરો, નિર્લજ્જ વહુ, આવરે સસરા કાહણી કહું.

નફ્ટ સાસુ, ને નફ્ટ વહુ, ને નફ્ટે લજાવ્યાં સઉ. (અથવા) શેખ સાસુ, ને નફ્ટ વહુ, એહુએ કુલ લજાવ્યાં સઊ.

નફ્ટને નાક નહિ, ને શેખને શરમ નહિ. ૪૯૭૦

નફ્ટને (અથવા, નાગાને) કુલ્લે બાવલ્યો ઉગ્યો, તોકે' ભલે મહને છાંયડો થયો.

નફા દિસતા હએ, મુદલ ઘુસતા હએ.

નબલા જોઇને લડવું નહિ.[1]

To look at, it is like a musk rat, but to dig into walls it is like a bandicoot. (તેલુગુ કેહવત.[2])

Kleine Feinde und kleine Wunden sind nicht zu verachten.[3] (જરમન કેહવત.)

નબલાઇનું નખ્ખોડ જવું.

માતેલાં કદનાં માણુસો વિષે બોલાયછે.

નબલાની વહુને સૌ ભાભી કહે.[4] ૪૯૭૫

નબલાને બોલાવી ખૂણે પેસવું, ને સારાને બોલાવી ચોરે ચહડવું.

નબલી વારે છીંડાં ઘણાં, (અથવા, છીંડું પડે.)

નબલે દાહડે આડું સુઝે.

નબલે દાહડે જોડાબી ડંખે.

નબલે માટીએ રાંડ શૂરી, (અથવા, જોરાવર.) ૪૯૮૦

નબલે હાકમે રૈયત જોરાવર.

નબલો પુરૂષ સ્ત્રી પર શૂરો.

નબલો બલદ, ને બગઇ ઘણી.

---

૧. જુવો કેહવત નાં૦ ૪૬૨૬, સફે, ૪૩૨.

૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 161.

૩. Little enemies and little wounds are not to be despised.

૪. જુવો કેહવત નાં૦ ૧૯૬૩, સફે, ૧૮૪.

નબલો માટી રાંડ પર શૂરો.
નબલાં ઢોરને બગા ઘણી. ૪૫૮૫
નભરવશ ના રહીએ, મરને કોટી હોય જર, લખ્યો લેખ લલાટે, ના ફેરવે કબી ઇશ્વર.
નમતે ત્રાજવે સઉ બેસે.

Now I have a sheep and a cow, everybody bids me good-morrow. (અંગ્રેજી કેહવત.)

નમન નમનમેં ફેર (અથવા, ભેદ) હએ, કપટી નમે નીધાન, ચુગલ ચારીઆ દુપટ[1] નમે, (અથવા, દગલબાજ દુપટ નમે,) ચીત્તા, ચોર, કમાન. (અથવા) નમન નમનમેં ભેદ હએ, કપટી નમે નીદાન, દગલબાજ દુના નમે, જ્યું ચીત્તા, ચોર, કમાન. (અથવા) નમન નમનમેં ભેદ હએ, ઓર કપટી નમે નીધાન, ચોર ચુગલ્યા જાદા નમે, ઔર ચિતમેં હોય કમાન.
નમનતાઇ ખોદાનાં ઘેરથી ઊતરેલી છે.
નમ્યો તે પરમેશ્વરને ગમ્યો. ૪૫૯૦
નમી આપ માબાપને માન, બાલ તુંજ તણાં થશે સમાન.
નમીણીને મીણું, ને દુબરવાડે છીણું.
નમે તે પેટ ભરીને જમે. (અથવા) નમે તે જમે.

As you salute, you will be saluted. (અંગ્રેજી કેહવત.)

નમે તે સઉને ગમે.
નમે સો ભારી. (અથવા) ભરભર તરાજુ જોખે નમે સો ભારી. ૪૫૯૫

A fruit-bearing tree bends; the virtuous are lowly. (તામીલ કેહવત.[2])

नमंति फलिनो वृक्षा नमंति गुणिनो जनाः ॥[3] (સંસ્કૃત કેહવત.)

---

૧. બેવડો. ૨. Percival's *Tamil Proverbs*, p. 231.
૩. Fruitful trees bend down, men of wisdom stoop. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 423.

નમો નારાયણ, તોકે' તાહરે ઘેર ધામો.
ન્યાત જમાડે, પણ નામ નહિ બદલાય.

If a man has got nick-named "Bare-footed," the name will never leave him. (કાશમીરી કેહવત.[1])

ન્યાતથી નાગું, અને જમાતથી આઘું.
નર કંઇ કરણી કરે, તો નારાયણ થાય.
નર દેશ ગયો, પરદેશ ગયો, પણ ભાગ્ય વિના કોડી ન પાયો. ૫૦૦૦
નરક પર ચીર પટોરી ઢાંકે.
નરકમાં ઢખાલો નાખ્યે તો ઉલટા આપણે છાંટે ભરાઈએ.[2]

If one throws stones into mud, his own cloth and those of others will be spattered. (તામીલ કેહવત.[3])

ન કીચમે' ઢેલા ડાલે ન છીટ' પરે. (હિંદુસ્થાની કેહવત.)

નરકમાં રૂપિયો પડ્યો હોય તેબી લેય (એવો નીચ માણસ.)
નરડાં, ગરડાં, જાહજો પાલ, નહિ મરે તો દેવલાસણ લઈ ચાલ, દેવલાસણનો રૂડો ખુટયો, જઇ સાતેમની વાવે સુતો, સાતેમની વાવ કહે કે લીલો કરૂં, નહિ મરે તેને હું શું કરૂં.
નરડાં રરે,[4] ને નરડાં ખાય, ને ધણી મરે, ને દહાડો પાણી ન થાય. ૫૦૦૫
નરમ ઘી જેવું.
નરમ ઘેંસ જેવું.
નરમ નાન, ગરમ કવાબ, ને જુન્નો શરાબ, ગધેડાંને માણસ કરે. (અથવા) નરમ નાન, ગરમ કવાબ, ને જુન્નો શરાબ, ડોસીના છોકરાએ વાઘને પકડ્યો.
નરમ બોકલ્યાં જેવું.

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 248. ૨. એને મળતી જુદીજુદી ભાષાઓની બીજી કેહવતો માટે જુઓ કેહવત નાં૦ ૧૬૩૦, સફે ૧૪૭.
૩. Percival's *Tamil Proverbs*, p. 286. ૪ રળે; કમાય.

નરમ માખણ જેવું. ૫૦૧૦

લોण्या प्रमाणे मऊ. (મરાઠી કેહવત.)

નરમ મીણ જેવું, (અથવા, મોમ જેવું.)

मेणा प्रमाणे मऊ. (મરાઠી કેહવત.)

નરમ રૂ જેવું.

નરમ રેશમ જેવું.

As soft as silk. (અંગ્રેજી કેહવત.)

रेश्मा प्रमाणे मऊ. (મરાઠી કેહવત.)

નરમ સીરે તપલા પડે, જીતી જાય સમર્થ.

નરમદાના જેટલા કંકર તેટલા શંકર. ૫૦૧૫

Where there is water, there is god. (કાશમીરી કેહવત.[૧])

નરમદાને કિનારે ખાધી ખીર ને ખાંડ, તમે જાતની વેશ્યાઓ તો અમે જાતના ભાંડ.

નરમીથી દરનો સાંપ પણ બહાર આવે.

A hare may draw a lion, with a golden cord.

Kindness is the noblest weapon to conquer with.

More flies are taken with a drop of honey than a ton of vinegar. (અંગ્રેજી કેહવતો.)

On prend plus de mouches avec du miel, qu' avec du vinaigre.[૨]

Plus fait douceur que violence.[૩] (ફ્રેંચ કેહવતો.)

By a word to cause milk to flow from the breasts of a barren woman. (કાશમીરી કેહવત.[૪])

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 249. ૨. Flies are easier caught with honey than with vinegar.

૩. Gentleness does more than violence.

૪. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 99.

(ફારસી કેહવત.) زبان خوش ماررا از سوراخ برمی آرد

ક નરમીથી બહાર આવેછ દરનો સરપ. (મનસુખ)

નરસિંહ મેહતા ઘી લેવા ગયા.

નરસિંહ મેહતાની વેહલ.

નરો વા કે કુંજર વા, (અથવા, કુંજરો વા.) ૫૦૨૦

નરોદમાં[1] હવાલદારનું ઘોડું મરી ગયું તો ઢેડાંને તેડ્યાં.

નરંદની નરંદ નાતરે, (અથવા, સાસરે) જાય, ને માહરે હૈયે હરખ નહિ માય.

તેલી કે બૈલ લા કુમ્હૈની સત્તી. (બિહાર કેહવત.[2])

નન્દકા નન્દુ ભી ગલે લાગ લાગ રોએ. (હિંદુસ્થાની કેહવત.)

નરંદની નરંદનું નાથલીબાઇ નામ, ને હવે રહ્યું એક કાપડાનું કામ.

આ કેહવત નરસિંહ મેહતાના "માહમેરૂ" ઉપરથી આવેલી છે.

નરંદનીબી નરંદ હોયછ.

નનદો કે નનદ હોલા. (બિહાર કેહવત.[3])

નલિયું ને તલિયું. ૫૦૨૫

યાને, જેવી હાલતમાં હોય તેવીજ હાલતમાં, કાંઇપણ ફેરફાર વગર.

નવ કોળાં, ને તેર લાગા.

નવ ગજના નમસ્કાર.

નવ નડિયાદી, ને સાત પેટલાદી, ને એક ઉમરેઠી (બરાબર.)

નવ નેજાં પાણી ચહડે, પણ પથ્થર કોરો ને કોરો.

નવ સંધાય, ને તેર તુટે, ઉધમ ન સંધાય. ૫૦૩૦

નવ સાંધવા જતાં તેર તોડવાં.

નવ સાંધે, ને તેર તુટે.

---

૧ બીલીમોરાની પાસે આવેલું એક ગામ.

૨. Christian's *Behar Proverbs*, p. 143.

૩. *Ibid*, p. 146.

નવખંડ નાગનું ઊચ્છણુ ગયું, ને અલાસ્યાંનું રાજ પેદા થયું.

(ફારસી કેહવત.) آدمیان گم شدند ملک خدا خر گرفت

નવટાંકી માટે નડિયાદ જાય.

નવડે પાંચડે પંચાણું, ને તલે પડે તે કંચાણું. ૫૦૩૫

નવનું તેર થવું.

નવનું તેર (અથવા, સાડીતેર) વેતરવું.

નવનું દોહડ કરવું.

નવમું રતન આંખ.

નવમો ઘડો (લેવો, આપવો, વગેરે.) ૫૦૪૦

નવરા ત્યારે તવરા, ને નહિ તો નીકોરા.

નવરા બેઠા કામ કરો, ખાટલો ઉખેડી વાણુ ભરો.

નવરા રે તું કામ કર, ખાટલો ઉખેડીને વાણુ ભર.

નવરા હાથ તણુખલાં તોડે કે બાલ ઉપાડે.

નવરાની નિશાની. ૫૦૪૫

નવરાને નિમાજ, ને ભુખ્યાને રોજા.

નવરૂં, ને નકામું.

નવરે ઘેરે ડોસો થથરે, (અથવા, ઠઠણે.)

નવરો નાગર નિત્ય પડે કે નિંદા કરે.

નવરો બલદીયો મોચમ ખુંદે. ૫૦૫૦

નવરો બાબર શું કરે? ખાટલો ઉખેડે ને વાણુ ભરે.

નવરો બ્રાહ્મણુ દાલ ચાટે, (અથવા, પાટલા પુજે.)

નવરો બેઠો નખ્ખોડ વાલે.

By doing nothing we learn to do ill.

An idle person is the devil's play-fellow.

An idle brain is the devil's work-shop. (અંગ્રેજી કેહવતો.)

Fille oisive, à mal pensive.[૧]
Qui ne fait rien, fait mal.[૨] (ફ્રેંચ કેહવતો.)
Uomo ozioso è il capezzale del diavolo.[૩] (ઈતાલ્યન કેહવત.)
Müsziggang ist des Teufels Nuhebansk.[૪]
Nichts thun lehrt Uebel thun.[૫] (જરમન કેહવતો.)
Een luiaard is des duivel's oorkussen.[૬]
Niet doen, leert kwaad doen.[૭] (ડચ કેહવતો.)
Nihil agendo male agere discimus.
Otia daut vitia. (લૅતીન કેહવતો.)
Satan finds some mischief still,
For idle hands to do.[૮]
The devil tempts man, but the idle man tempts the devil.
(તરકીશ કેહવત.[૯])

નવરો વાણિયો કાટલાં સાંકે, (અથવા, જોખે.) (અથવા) પરવારતો વાણિયો કાટલાં સાંકે, (અથવા, જોખ સાંકે.)

Will the grocer sit and weigh water? (કાશ્મીરી કે.[૧૦])
(ફારસી કેહવત.) بقال بیکار پل وزن میکند
ખાલી બનિયા કયા કરે? ઇસ કોઠીકે ધાન ઉસ કોઠીમેં ભરે. (હિં. કે.)

નવરો વાણિયો વાલ ફાકે. ૫૦૫૫

ઠાલા બનીઆ બીનહર તોલે. (હિંદુસ્થાની કેહવત.)

---

૧. A girl unemployed is thinking of mischief.
૨. He who does nothing, does ill.
૩. An idle man is the devil's bolster.
૪. An idle brain is the devil's workshop.
૫. Doing nothing teaches doing ill.
૬. An idle man is the devil's play-fellow.
૭. To do nothing teacheth to do evil.
૮. Watts' *Divine Songs.*
૯. Long's *Eastern Proverbs and Emblems*, p. 78.
૧૦. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 31.

નવરો વાલંદ[૧] પાટલા મુંડે, (અથવા, પાડો બોરે.)

Being without work, the barber is said to have shaved his wife's head. (તામીલ કેહવત.[૨])

નવરો સલાટ પથરા ભાંજે.

કોઈ "પરવારતો સલાટ" પણ કહેછે.

નવરો હજામ પાટલા મુંડે. (અથવા) નવરો હજામ પાટલાનું માથું બોડે.

It is said that a barber who had nothing to do, shaved a cat. (તામીલ કેહવત.[૩])

रिकामा न्हावी कुडाला तुंबड्या लावी. (મરાઠી કેહવત.)

નવરાં ગામમાં ઢેડો હવાલદાર.

નવલખીનો દમામ, ને નવ ફુલુસના વાંધા. ૫૦૬૦

નવલશાહ ગોરી.

નવલશાહ હીરજી.

આ નામે એક જાણીતો પૈસાવાલો પારસી થઈ ગયોછે. જે ઊપરથી શેઠાઈનું ખાલી ડોલ ઘાલનારના સંબંધમાં મશકરી તરીકે આ નામ વાપરવામાં આવેછે.

નવલા જાતે બજાર કર્યે, ને સાથે ગલાસ લઈને ફર્યે.

એક માણુસ નબલી હાલતમાં આવવા છતાં, અને પૈસા ટકાની અડચણો ખમવા છતાં, પોતાની કોઇ માઠી આદત છોડે નહિ, ત્યારે આમ બોલાયછે.

નવલાએ નવઇ કીધી, ને નાહનજી હોરાએ બે રાંડ કીધી.

નવલાએ નવઇ કીધી, ને સોહલાએ બૈરી કીધી. ૫૦૬૫

નવસારી તે એવી સારી, કે ચૌટા વચ્ચે ખાડી, ઉંઠ, અદુસો, ને અન્નારી.

---

૧. હજામ.
૨. Percival's *Tamil Proverbs*, p. 562. ૩. *Ibid*, p. 493.

નવસારીમાં ટોપ પડી, ને કાલીઆવાડી ઉડી ગઇ.
નવસેં નાગ જાસે ગયા, ને કાંચડે રાજ આવ્યાં.[1]
નવસેં નાગનું નખ્ખોદ ગયું, ત્યારે આંધલી ચાકણુને રાજ આવ્યું.[1]
નવસો નદી ને તેરસો નાલાં, ને ભર જોબનમાં જાય કુમારાં. ૫૦૭૦
નવા રાજા, ને નવી પ્રજા.

નએ રાજા, અઓર નઈ પરજા.
નયા દાના, નયા પાના. (હિંદુસ્થાની કેહવતો.)
નાં રાજા નઇ પિરજા. (કચ્છી કેહવત.)

નવાઈનો એજન, ને હજારસો રેજન.[2]
નવાણું ઓશડ છે, પણ સોમું ઓશડ નથી.
નવાણું ટકા ખાય.
નવાણું ટકા બાદ. ૫૦૭૫
નવાણું ત્યાં ભર્યા સો.

જહાં સો વહાં સવાસો. (હિંદુસ્થાની કેહવત.)

નવાણુંનો ધક્કો, લાગે ત્યારેં જાણે.
નવાણુંનો ધક્કો વાગ્યો.
નવાણુંનો ધક્કો, સૌથી ભુંડો.
નવાણુંનાં સાલમાં રેજા ઘણા પાલ્યા. ૫૦૮૦
નવાબ પુછે ક્યા ભરૂચ જાતી હએ, તોકે' ભરૂચ તો હએ, લેકીન આપહીજ જાતા હો.
નવાબી ઈનસાફ.

Sivford law ; first hang and draw, then hear the cause.
(અંગ્રેજી કેહવત.)

નવાબી દોર.

---

૧. જુઓ કેહવત નાં૦ ૫૦૩૩, સફે ૪૬૩.
૨. ફ્રેલ.

નવાલામાં જઇએ નહિ, ને નવ ધીક્ક ખાઇએ નહિ.

Non ischerzar coll' orso, se non vuoi esser morso.[૧]

(ઈતાલ્યન કેહવત.)

If you go where you ought not, you will receive a cuff that might have been avoided. (તામીલ કેહવત.[૨])

Seeing a rush don't pursue. (ચીનાઈ કેહવત.[૩])

Don't touch fire, and your hand won't be burnt.[૪]

If you go where you ought not, you will not escape scandal. (તેલુગુ કેહવતો.[૫])

چوکردی باکلوخ انداز پیکار — سر خودرا بنا دانی شکستی

(ફારસી કેહવત.)

प्रक्षाळनाद्धि पंकस्य दूरादस्पर्शनं वरं ॥[૬] (સંસ્કૃત કેહવત.)

નવી ગીલ્લી નવા દાવ, દુસરી ગીલ્લી દુસરા દાવ. ૫૦૮૫

નવી દોસ્તી નાચે ઘણી.

નવી નવી નાચણ, ને નવા નવા વેશ, ને એ કોટક કીયા તાહરા જોશ શેઠ.

નવી નારંગી નવ દહાડા.

Au nouveau tout est beau.[૭] (ફ્રેંચ કેહવત.)

નવી ફોજદારી, ને મરઘી પર નગારાં.

નઈ ફોજદારી, ઔર મુરગીપર નક્કારા. (હિંદુસ્થાની કેહવત.)

નવી વહુ નવ દહાડા, ને તેજ કરે ત્રણ દહાડા. ૫૦૯૦

૧. Don't play with the bear if you don't want to be bit.

૨. Percival's *Tamil Proverbs*, p. 471.

૩. Scarborough's *Chinese Proverbs*, p. 30.

૪. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 226.

૫. *Ibid*, p. 275.

૬. Keeping away from the mire is better than washing it off. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 435.

૭. What is new is always fine.

નવી વહુ, ને એસ્તો રાજા, વખાણીએ તો વખણાય.

નવી વાત નવ દહાડા.

Niuna maraviglia dura più che tre giorni.[1] (ઈતાલ્યન કે.)

નયા નવ દીન, પુરાના સો દીન. (હિંદુસ્થાની કેહવત.)

નવું દોર જેવું.

Nyt er altid kiært, Gammelt er stundom bedre.[2] (દે. કે.)

નવું નવ દહાડા.

નવું પાણી જુન્નાં પાણીને ખેંચી જાય. ૫૦૯૫

નવે જનમે જનમવું.

નયે સરસે જનમ પાયા. (હિંદુસ્થાની કેહવત.)

નવે નવે લાખ, ને સાંભલે માહરી ડાબી જમણી કાખ.

નવે નામે નવી વાત.

નવો આવે, ને નવી વાતો લાવે.

New lords, new laws. (અંગ્રેજી કેહવત.)

A noveaux seigneurs nouvelles lois.[3] (ફ્રેંચ કેહવત.)

નવો જોષી, ને જુન્નો વૈદ (હોશીયાર હોય.) ૫૧૦૦

An old physician, and a young lawyer. (અંગ્રેજી કેહવત.)

An old barber, and a new washerman. (તેલુગુ કેહવત.[4])

નવો નાણાવટી, ને જુન્નો ગાંધી (બેઉ વખણાય.)

નવો નિશાલીયો નવ દહાડા, જાહજું કરે તો દસ દહાડા, અગ્યારમે દહાડે કોરડો, ને બારમે દહાડે ઓરડો. (અથવા) નવો નિશાલીયો નવ દહાડા, જાહજું કરે તો દસ દહાડા, અગ્યારમે દહાડે સોટી, ને બારમે દહાડે ઘી, ગોલ, ને રોટી.

---

૧. No wonder lasts more than three days.
૨. The new is always liked, though the old is often better.
૩. New lords, new laws.
૪. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 287.

A wonder lasts but nine days, and then the puppy's eyes are open.
Novelty always appears handsome.
Wonder lasts but nine nights in a town. (અંગ્રેજી કેહવતો.)
Granata nuova spazza ben la casa.[1] (ઈતાલ્યન કેહવત.)
Neue Besen skehren gut.[1] (જરમન કેહવત.)
Nieuwe bezems vegen schoon.[1] (ડચ કેહવત.)
Nye Koste feie vel.[1] (ડેનીશ કેહવત.)
A daughter-in-law is very diligent on her first arrival. (ચીનાઈ કેહવત.[2])
(ફારસી કેહવત.) کوزهٔ نو دو روز آب را سرد دارد
નયા નો દીન, પુરાના સો દીન. (હિંદુસ્થાની કેહવત.)
નંઈ લાડી નોંડી. (કચ્છી કેહવત.)
नव्याचे नव दिवस मेल्याचे तीन दिवस.
तेरड्याचा रंग तीन दिवस. (મરાઠી કેહવતો.)
નયી ધોબિનિયાં આવેલી ચિંકુટવે સાબુન લાવેલી. (બિહાર કે.[3])

નવો નોકર હરણ મારે.
(ફારસી કેહવત.) ملازم نو تیز رو
નયા નોકર હરન મારે. (હિંદુસ્થાની કેહવત.)

નવો વેપારી, ને જુનો કસાઇ.

નવો વેરાગી, ગાં— ટીલો. ૫૧૦૫

નવો હિંદુ મુસલમાન થાય, ને અલ્લા બોલતાં શ્વાસ ન ખાય.

નવાં ઘરમાં ધુમાડો, (અથવા, ધુમાડો કાહડવો.)
Many will find fault with a home newly built. (તા. કે.[4])

---

૧. New brooms sweep clean.
૨. Scarborough's *Chinese Proverbs*, p. 365.
૩. Christian's *Behar Proverbs*, p. 56.
૪. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 198.

નસાકરી, ને પૈસાની એ વતાગરી.[1]
નસાકરીના વાડા, ને ચાતરી પાયને જાડા.[2]
નસાકરીનાં ચોકર્યાંવાલી વાત. (અથવા) નસાકરીનો વર ચોકર્યું લાવ્યો તો આખી રાત સુતી નહિ. ૫૧૧૦
નસારીની નસાખરી, ને ભરૂચની ભઠીયારી, ને સુરતની તો એવી સારી, કે ખુન કરીને કુટવા ચાલી.
નસીબ કાંઇ બજારમાં વેચાતાં નથી.

(ફારસી કેહવત.) بخت در بازار نفرو شند

جہان برگشتم و دردا بہ هیچ شہر و دیار—

(હરરી.) ندیدم کہ فرو شند بخت دربازار

નસીબ ચાર ડગલાં આગલનું આગલ.
નસીબ ફુટવું. (અથવા) કપાલ ફુટવું.

तिचें कपाळ फुटला. (મરાઠી કેહવત.)

નસીબ વા રે નસીબ વા! ક્યાં ઉઠીને જાય, નાકેથી ઉઠી વચમાં બેઠો, ત્યાં પણ લુખ્ખું ખાય. ૫૧૧૫

If it should rain porridge, he would want his dish.
No fence against ill fortune. (અંગ્રેજી કેહવતો.)
If a man's fate is to have only eight-tenths of a pint of rice, though he traverse the country over, he cannot get a full pint. (ચીનાઈ કેહવત.[3])

بخت بد با کسی کہ یار بود— سگ گزد گر شتر سوار بود (ફારસી કેહવત.)

નસીબકી જાલ, ઓર સેતાનકો ખેલ, મગરેબકી જાલમેં પકડ ગયો શેર.

---

૧. મજુરડી. ૨. યાને, ઘણાજ પતલા.
૩. Scarborough's *Chinese Proverbs*, p. 112.

નસીબના બલિયા, પકાવી ખીચડી, ને થઇ ગયા થલિયા.

(ફારસી કે.) بخت که بر گردد اسپ تازی خر گردد

બખ્તોકે બલીઆ, પકાઈ ખીર હો ગઇ દલીઆ. (હિંદુસ્થાની કેહવત.)

નસીબનું લીલું.

નસીબમાં લખ્યું હોય તે થાય.

Det kommer vel der skee skal.[૧] (દેનીશ કેહવત.)

While I expected one thing destiny ordained another. (તામીલ કેહવત.[૨])

Both riches and honour are settled by fate, their time of arrival each man must await.[૩]

Every thing is fated, and nothing depends on man.[૪]

Nothing follows man's own calculations; his whole life is arranged by fate. (ચીનાઈ કેહવતો.[૫])

When fate meets you can bushes stop it? (તે. કે.[૬])

કિસમતકે લિખેકુ કોઇ મીટા નહી સકતા. (હિંદુસ્થાની કેહવત.)

कर्मणा बाध्यते बुद्धिर्न बुध्या बाध्यते ॥[૭]

न च दैवात्परं बलं ॥[૮]

यद्विधेर्मनसि स्थितं ॥[૯] (સંસ્કૃત કેહવતો.)

નસુકને દેવ નહિ નડે. ૫૧૨૦

નહરેણી તે નખજ ઉતારે, (અથવા, કાપે,) કાંઇ માથું મુડે?

નહરેણી તે નખ વાહરે, કાંઈ માથું વાહરે?

---

૧. That which must be, will be.

૨. Percival's *Tamil Proverbs*, p. 398.

૩. Scarborough's *Chinese Proverbs*, p. 111. ૪. *Ibid*, p. 112.

૫. *Ibid*, p. 113 ૬. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 348.

૭. The mind is ruled by fate, not fate by the mind. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 394.

૮. There is no power greater than that of fate. *Ibid*, p. 420.

૯. As Fate wills it. *Ibid*, p. 451.

નહરેણી તો નખજ કાપે.
નહરેણીથી તે નખજ લેવાય.
નહિ આડિયા, નહિ ઉભિયા, ને લેવોરે બીબી ખાટ! ૫૧૨૫
નહિ આવડે ભિખ, તો તમાકુ ખાવા શિખ.
मागतां येइना भिक तर तंबाखु खायला शीक. (મરાઠી કેહવત.)
નહિ આવડે ભિખ, તો વૈદું કરવા શિખ.
નહિ આવતી વહુને તેડાં ઘણાં.
નહિ આવે તેને નવ નોતરાં.
નહિ એરમાં, નહિ મેરમાં, નહિ વચલી આંગલીનાં પેરમાં. ૫૧૩૦
નહિ કરૂં નહિ કરૂં કેહતો જાય, ને મહિના પછી મન થાય.
નહિ કીધાં વાણાં, ને નહિ કીધી વડી, ને વગર પૈસે વહુ જડી.
નહિ કીસીકા હાકા ઢોકા, નહિ બનજ બેપારમેં ટોટા, ખાવે રોટા, સુએ ઓટા, ઇસ કારણે ધગડ મોટા.
નહિ ખાય કે નહિ ખાવા દીએ.[1]
(ફા. કે.) نه خود خورد نه کس دهد گنده کند بسگ دهد
નહિ ખાય તેને ખા ખા થાય, ને ખાય તેને કોઇ આપે નહિ. ૫૧૩૫
નહિ ઘેરનો, ને નહિ બહારનો.
નહિ ચાલ્યાના ગાઉ ઘણા.
નહિ ઝાડ ત્યાં એરંડો ઋષી.[2]
નહિ ઝાડ, ત્યાં રાજા તાડ.[2]
નહિ ત્રણમાં, નહિ તેરમાં, નહિ છપ્પનના મેલમાં. ૫૧૪૦
Neither in three nor in thirteen. (કાશમીરી કેહવત.[3])
તીનમેં ન તેરામેં, ન સેરભર સુતલીમેં, ન મટકાભર સરસોમેં.(હિં. કે.)

---

૧. જુઓ કેહવત ના૦ ૨૩૦૧, સફે ૨૧૮.
૨. જુઓ કેહવત ના૦ ૪૯૪, સફે ૩૮. ૩. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 151.

નહિ દુધમાં, કે નહિ દહીમાં.
નહિ બેલી તેનો રામ બેલી.
નહિ બોલ્યામાં નવ ગુણ, ને બોલે તેનાં થાય ખુન.

Few words are best.

From hearing comes wisdom, from speaking repentance. (અંગ્રેજી કેહવતો.)

As much profit from silence as there is profit to the dinner from cooking. (કાશમીરી કેહવત.[૧])

નહિ ભરતા સો તો નહિ ભરતા, પણ ભરતા સો ક્યું નહિ ભરતા?
નહિ મલ્યાનાં આંટયાં. ૫૧૪૫
નહિ મલે તો તમાચો મારીને મોહડું લાલ કરીને ફરે.[૨]
નહિ મલે સુધ ને શેઆન, ને પઆ પઆ હીલવે કાન.
નહિ મામાના (અથવા, રાણા મામાના) કાંણા મામા (પણ સારા.) (અથવા) નહિ મામા પેકે હન મામા (પણ ભલા.)

Half a loaf is better than no bread.

A wooden leg is better than no leg.

Better a bare foot than no foot at all.

Better half an egg than an empty shell.

Better a dirty hog than no hog at all.

Of two evils choose the least. (અંગ્રેજી કેહવતો.)

Sma' fish are better than nae fish. (સ્કૅાચ કેહવત.)

Besser einäugig als gar blind.[૩] (જરમન કેહવત.)

Mas vale tuerto que ciego.[૩] (સ્પૅનીશ કેહવત.)

Melhor he ser torto, que cego de todo.[૪] (પોરચ્યુગીઝ કેહવત.)

---

૧. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 219. ૨. જુઓ કેહવત નાં૦ ૩૬૬૮, સર્ફ, ૩૫૮.

૩. Better one-eyed than stone-blind.

૪. Better be one-eyed than quite blind.

Beter een blind paard, dan een leege halter.[1] (દચ કેહવત.)

A blind brother-in-law is better than none at all.[2]

A squint-eye is better than a blind eye. (તેલુગુ કેહવતો.[3])

નહિ મિયામાં, ને નહિ મહાદેવમાં.

નહિ લેવા, નહિ દેવા, ને કરો વાઘોડીએ વિવાહ. ૫૧૫૦

નહિ લેવા, નહિ દેવા, ને વડોદરે વિવાહ.

નહિ વાટના, કે નહિ ઘાટના.

નહિ સ્વર્ગના, ને નહિ મૃત્યુના.

નહિ સુતર કે નહિ કપાસ, તો વણકર જોડે શીદ કંકાસ? (અથવા) ના ખેતર, ના કપાસ, ને વણકર જોડે શીદ કંકાસ?

નહિ હિંદુમાં, કે નહિ મુસલમાનમાં. ૫૧૫૫

નળ પછવાડે કલજુગ વલગ્યો.

નળના સરીખો નર નહિ, જેને દમયંતી રાણી, સત જાલવવાં નિસર્યાં, ત્યાં નહિ અન્ન, આગ, કે પાણી.

ના કરતીએ કીધી, ને ચોરે લીધી.

ના જાણે માહરી, સો બલા જાય.

ના દીઠાનું દીઠું, ને માર મોહડાંમાં મીઠું. ૫૧૬૦

ના ના કેહતો જાય, ને નવ રોટલી ખાતો જાય.

ના ને હાની વચ્ચે વેર. (અથવા) હા ને નાની વચ્ચે વેર, પેહલાંમાં મિઠાસ ને બીજાંમાં ઝેર.

Nei og ja giöre lang Trætte.[4] (ડેનીશ કેહવત.)

ના ને હાજો વેર. (કચ્છી કેહવત.)

---

૧. Better a blind horse than an empty halter.

૨. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 329.

૩. *Ibid*, p. 140.

૪. No and yes often cause long disputes.

ના માહરી મા, ને સો બલા જા. (અથવા) ના મોરી મા, ને સંધી બલા જા.

નાને નવ નોતરાં.

નાક ઉપર માખ નહિ બેસવા દેય, (એવો મગરૂર આદમી.) ૫૧૬૫

નાક ઉપર માખ બેસે તો નાક કાપી નાખે.

નાક કટા તો કટા, પણ ઘી તો ચટા.

નાક કટો દેવ, ને સહીડો પૂજારો. (અથવા) નકટો દેવ ને સયડો પૂજારો.

નાક કપાવું.

નાક કટી હુઈ. (હિંદુસ્થાની કેહવત.)

નાક કાટે મુબારક, કાન કાટે સલામત. ૫૧૭૦

નાક કાપતાં હોઠ બચ્ચો.

નાક કાપીને કોણ અપસુકન કરે? (અથવા) નાક કાપીને અપસુકન કરવા.

નાક કાપીને પાટો બાંધે.

નાક કાપીને હાથમાં આપવું.

નાક કાપે તેનોબી તેટલોજ ગુણ, ને પાટો બાંધે તેનોબી તેટલોજ ગુણ. ૫૧૭૫

નાક ચોટલો કાપીને ગધેડે બેસાડવું.

નાક છે કે ખુપરો?

નાક છે કે નળિયું?

નાક છે કે નહિ?

આ અને એની ઉપરની બે કેહવતો બેહયા માણસના સંબંધમાં વપરાયછે.

નાક હએ કે નહિં. (હિંદુસ્થાની કેહવત.)

નાક નીચું ને પેટ ઊંચું. (અથવા) નાક કર્યું નીચું, તો પેટ થાય ઊંચું. ૫૧૮૦

નાક પકડવાથી મોહડું ઉઘડે.

નાક પર માખ બેઠી હોય તેબી નહિ ઉરાડે (એવું સાલેસ માણુસ.)
નાક પર માર્યું ખાસડું.
નાક વીંધાવા ગઇ, ને કાન વીંધાવી આવી.
નાક વીંધે તેવું ઝીણું ભાત. ૫૧૮૫
કોઈનાં છોકરાં જીવતાં નહિ હોય ત્યારે છોકરાંનો જનમ થતાંજ તેનું નાક ભાતે વીંધેછે, એવા વેહમથી કે તેમ કીધાથી છોકરૂં મરે નહિ.
નાકની વાટે દાણો ન ગળાય.
નાકને ઠેકાણે શિંગડાં વધાર્યાં.
નાકા લીટી તાણી.
નાકે છી ગંધાતી નથી.
નાકે નકતી, ને આંખે ગલતી, ને ગામના લોક કહે જે કાંય નહિ મરતી? ૫૧૯૦
दैव देतें व कर्म नेतें. (મરાઠી કેહવત.)
નાખમાં નીત નહિ, આંખમાં આસું નહિ.
આંસુ એક નહિ, કલેજે ટુક ટુક. (હિંદુસ્થાની કેહવત.)
નાખી થુક કંઇ ગલાય?
નાખી દે, કે મહને આપી દે.
નાખે દમ આવવો.
દમ નાખમેં આયા હયે. (હિંદુસ્થાની કેહવત.)
નાખે ધરમે, ને ખાએ કરમે. ૫૧૯૫
નાગ નામ, ને હાથી પર પેર, તેથી ભાર ન ઉપડે શેર.
નાગ[1], પાગ[2], ને પારખું[3], નાડી[4], ને ન્યાય, તરવું, તંતરવું[5], તસ કરવી[6], એ આંઠે આપકળા.[7]
નાગ,[8] ફાગ,[9] ને દીવાલી, એ ત્રણ આવે એક વારી.

---

૧. નાગ પકડવો. ૨. પાઘડી બાંધવી. ૩. પારખવું.
૪. નાડી જોવી. ૫. ગુસ્સો કરવો. ૬. ચોરી કરવી.
૭. પોતાથીજ બની શકે, પારકે હાથે નહિ થાય.
૮. નાગ-પાંચમ. ૯. હોલી.

નાગર, કાગડ, ને કુકડાં, ત્રણે જાત સજાત, કાછડ, કુછડ, ને કુતરાં, ત્રણે જાત કુજાત.

નાગર નર હારે નહિ, હારે હોય હજામ. ૫૨૦૦

નાગર, નાચેણુ ને પાવડી, સીંગી ને સોનાર, પાંચે ન થાય આપણાં, ને છઠ્ઠા ખેડાવાલ.

નાગર બચ્ચા, કબુ ન બોલે સચ્ચા; બોલે સચ્ચા તો ઉસકા ગુરૂ કચ્ચા.

નાગર બચ્ચો કાલો નહિ, બ્રાહ્મણને ઘેર પાલો નહિ.

નાગર બચ્ચો કાલો નહિ, ને કુંવારાને સાલો નહિ.

નાગર ભરવે ધાધર. ૫૨૦૫

નાગરથી ઉજલો કોહ્ડો.

નાગરની કન્યા ઉઘાડી.

નાગરની કન્યા નાગી કરીને જોઇ લેવો.

નાગરનો નાહનો.

નાગા ઉપર ઉધાડા પડ્યા, ને સારી રાત ટાહડે મુવા. ૫૨૧૦

નાગા થઇ ચંદરવા બાંધ્યા.

નાગા માણુસનાં કાંઇ કુલ્લાં કરાય?

નાગા સઉથી આધા. (અથવા) નાગાથી પાદશાહ આઘો. (અથવા) નાગા બે નાગા, ને પાદશાહથી આધા.

A shameless man is ready for anything. (ચીનાઈ કેહવત.[1])

નાગાની સોડે ઉંધાડો ગયો કે તું મહને ઢાંક.

As good beg of a naked man as of a miser. (અં. કે.)

Will lice attach themselves to a bald head? (તા. કે.[2])

Like one naked man asking another naked man for a cloth. (તેલુગુ કેહવત.[3])

---

૧. Scarborough's *Chinese Proverbs*, p. 213.

૨. Percival's *Tamil Proverbs*, p. 509.

૩. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 207.

(ફારસી કેહવત.) گدا بگدا رحمت خدا

આપહી મિયાં મંગતા, બહાર ખડે દરવીશ. (હિંદુસ્થાની કેહવત.)

नागव्या पाशीं उघडें गेलें, सारी रात्र हिवानें मेलें. (મરાઠી કેહવત)

નાગાને નખરાં, ને ઉઘાડાને બફારા. ૫૨૧૫

નાગાને બફારા ઘણો.

નાગાનાં ક્યાં કુલ્લાં કાપે?

Einen Nackten skann man nicht ausziehen.[1] (જ. કે.)

નાગાનાં ગામમાં ધોબી વસ્યા, તાકે' આવી ફસ્યા, ભાઇ આવી ફસ્યા.

What shall washerman wash for the naked man?

(કાશમીરી કેહવત.[2])

What has a naked mendicant to do with a washerman?[3]

What friendship has a washerman with one who wears no clothes? (તામીલ કેહવતો.[4])

What do washermen in a country of naked fakirs? (ચાનક.)

જાકે જહાં ન ગુન લહે, તાકે તહાં ન ઠાંવ,
ધોબી બસકે કા કરે દિગમ્બર કે ગાંવ. (બિહાર કેહવત.[5])

નાગાનાં જણેલાં નાગાં નથી રેહતાં, કોઇ દિવસબી લંગોટી મલે.

નાગી જોઇને મુનીવર ચલે. ૫૨૨૦

An open door may tempt a Saint. (અંગ્રેજી કેહવત.)

नागवे पाहिले म्हणजे संन्याशाचें — (મરાઠી કેહવત.)

નાગી જોઇને સન્યાસી જાગે.

નાગી નાચણુના.

નાગી પેહરે ચીર, ને ભુખી ખાય ખીર.

---

૧. There is no stripping a naked man.

૨. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 154. ૩. Percival's *Tamil Proverbs*, p. 291. ૪. *Ibid*, p. 516.

૫. Christian's *Behar Proverbs*, p. 119.

નાગી પેહરે થાપણું, ને ભુખી ખાય ખી.
નાગું નહાવું, એઠું ખાવું, ને જુઠું ગાવું, તેને શાનું શરમાતું? ૫૨૨૫
નાગે કુલ્લે ફતેહખાન, (અથવા, ફતેહ.)
નાગો કુદે, જાગો કુદે, કે શંકર ઉપાધ્યો કુદે.
નાગો ગરજાગુ ધણી કરે.
નાગો ધુમે, કે જાગો ધુમે.
નાગો ડણો, (અથવા, ચણો,) ને વાગે ધણો. ૫૨૩૦
નાગો થઈને ચંદરવો કોણ બાંધે?
નાગો નાતમાં નહિ, ને મેધો માહજનમાં નહિ.
નાગો નાહે ને નીચવે. (અથવા) નાગો નાહે શું ને નીચોવે શું?

નંગી કીઆ નહાયગી, કીઆ નિચુરેગી? (હિંદુસ્થાની કેહવત.)

નાગો પેહરે ચીર, ને ભુખ્યો ખાય ખીર.
નાગો સો ઘોડે લુટાય નહિ. ૫૨૩૫

કોઈ "સો લુટારાએ" પણ કહેછે.

નાગાં ને નાગાં, ને પાછલથી આધાં.
નાચ નચાવે તેમ નાચવો.

هرچه این می زند یامی نوازد آن می رقصد (ફા. કે.)

નાચતાં નહિ આવડે તોકે' આંગણું વાંકું, (અથવા, આંગલું વાંકું.)

When the devil couldn't swim he laid the fault on the water.

A bad workman quarrels with his tools. (અંગ્રેજી કેહવતો.)

An ill shearer never got a good hook. (સ્કૉચ કેહવત.)

Méchant ouvrier jamais ne trouvera bons outils.[1] (ફ્રૅંચ કે.)

Vallestero que mal tira, presto tiene la mentira.[2] (સ્પૅ. કે).

---

૧. A bad workman never finds good tools.

૨. The archer that shoots badly has a lie ready.

Bésteiro que mal atira prestes tem a mentira.[1] (પો. કે.)
Heiren straffer Vandet, fordi han ei kan svömme.[2] (ડે. કે.)
The temple girl who could not dance said that the hall was not large enough. (તામીલ કેહવત.[3])
I would sing but the cat has eaten my *ghi*. (કા. કે.[4])
All unskilful fools quarrel with their tools. (ચી. કે.[5])
Not being able to dance, she abused the drum. (તે. કે.[6])
નાચે ન જાની અંગનવેં ટેઢ. (બિહાર કેહવત.[7])
(ફા. કે.) رقص کردن نداند گوید کہ صحن کج است
नाचतां येईना आंगण वांकडें, रांधतां येईना ओलीं लांकडें. (મ. કે.)
નાચ ન જાણે આંગન ટેરા. (હિંદુસ્થાની કેહવત.)

નાચનારી થઇ ત્યારે કહે માહરૂં આંગણું વાંકું.
નાચનારીના પગ ઢાંક્યા ન રહે. ૫૨૪૦
નાચનારીનું આંગણું વાંકું.
નાચનારીને ઘુંઘટો નહિ.
નાચનારીનો પગ નહિ રહે, ને ગાનારીનું ગલું (અથવા, જીભ) નહિ રહે.
નાચવું કુદવું, ને નફ્ટ થવું, સઉથી ભુડું તે ધુણવા જવું.
નાચવા જવું, ને ઘુમટો તાણવો. ૫૨૪૫
નચલીં ત ઘુઘુટ કા. (બિહાર કેહવત.[8])
નચણુ વિઠી તડે ઘુઘટ કેડો? (કચ્છી કેહવત.)
નાચને નીકલી તો ઘુઘટ કીઆ? (હિંદુસ્થાની કેહવત.)

---

૧. The archer that shoots badly has a lie ready.
૨. The heron blames the water because he cannot swim.
૩. Percival's *Tamil Proverbs*, p. 62.
૪. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 66. ૫. Scarborough's *Chinese Proverbs*, p. 50.
૬. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 31.
૭. Christian's *Behar Proverbs*, p. 61. ૮. *Ibid*, p. 152.

નાચાર પાએ ગેથીગરી.
નાચારના વિચાર.
નાચારની હાય, કેઠી નહિ જાય.
નાચી ખુંદીને પગ સામુ જોવું.
નાચેછે ડોસી ને ધ્રુજેછે ટાંગ, જો જો રે માહરો પુતર ગાંગ! ૫૨૫૦
નાજુક નારી ને ફુલની કલી, ને રોટલી કરતાં ચોટલી બલી.
નાઠી રાંડ સો ગામ ભાગે.
નાડા સારૂં નડિયાદ જાય.
નાડે નરો તેને વૈદ શું કરે?
નાણાવટ, ને ડોસી હટ. ૫૨૫૫
નાણાવટી તે નરસંહીયો ખરો, બાકી દૈતની વેઠ.[1]
નાણે ન મલે તે ટાંણે મલે.
નાણું નાણાંને વધારે.

Paisás burst out of *paisás*. (કાશમીરી કેહવત.[2])

(ફારસી કેહવત.) کہ زر زر کشد درجہان گنج گنج

નાણું નાણુંકે વધાએ. (કચ્છી કેહવત.)

નાણું મુકવા ઠેકાણું મલે, પણ વાત કરવા ઠેકાણું નહિ મલે.
નાણાં તે કંઇ ઝાડે લાગ્યાં છે? ૫૨૬૦
નાણાં મલે, પણ તાણાં[3] ક્યાં મલે?
નાણાંથી કોઇ પુરો નહિ, ને અક્કલથી કોઇ અધુરો નહિ.
નાણાંનો વેશ.
નાણાંવાલો ગરીબનું ખાય, છ મહીને ઓડાવે ને બાર મહિને નાહે.

---

૧. નરસિંહ મેહેતો.

૨. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 165.

૩. શુભ અવસર (લગન, નવજોત વગેરેના.)

નાત નાતનું વરે, ને મુસાભાઇનું વા ને પાણી. (અથવા) નાતે નાતનું વરે, ને મુસાભાઈનાં વા ને પાણી. ૫૨૬૫

નાત મેલી, જાત મેલી, બાવો કેલનું ઠુંઠું; પટેલને પરણાવા આવ્યો, મોહડું લઇને ભુંડું.

નાતનું નોતરૂં, ને પરવનું પાણી.

નાતરૂં, ને અજીઠું પાતરૂં.

નાતરે જવું, ત્યારે દિવસ શા માટે ગાલવા?

નાતરે જવું, ને કહે વલાવવા ચાલો. ૫૨૭૦

નાતરે જવું, ને દાહડા ભાગવા, (અથવા, દાહડા શા ભાગવા?)

નાતરે જવું, ને વેતર[1] ખોવું.

આ કેહુવત બે મતલબે વપરાછ. એક તો જયારે કોઈ ઘરડી સ્ત્રી નાતરૂં કરેછ ત્યારે, કે જયારે તેને કશું છોકરૂં થવાની આશા હોતી નથી. અને બીજું તો જયારે કોઈ સ્ત્રી જીવતું છોકરૂં અથવા છોકરાં મુકી નાતરે જાયછે ત્યારે.

નાતરેની તો પાટલાપરથીબી ઉઠે.

આગલના વખતમાં નાતરાંનાં આશીર્વાદ પાટલા ઉપર બેસાડીને સારવામાં આવતા હતા.

નાતરેની રાંડ, ચમટી ભરી ખાંડ, એમ આવી ને એમ ગઈ, તેમાં શાનું માન?

નાતરાંની જાનને વાસો કેવો? ૫૨૭૫

નાતરાંમાં ઢોલ નહિ, ને ખીચડીમાં ગોલ નહિ.

નાતે મરવું, ને નાતે તરવું.

નાથ વગરનો ગોધો.

A man under no restraint is a bear without a ring. (અં.કે.)

નાથને નાલિયેર, ને માતાજીને સોપારી.

---

[1] છોકરૂં.

નાથનો બલદીયો જેમ ચલાવે તેમ ચાલે. ૫૨૯૦
નાદાન દોસ્ત કરતાં દાનાવ દુશ્મન ભલો.

A courageous foe is better than a cowardly friend.
A friend's frown is better than a fool's smile. (અં. કેહવતો.)
Better is the hatred of the wise than the friendship of fools.[૧]
The enmity of the learned is better than the friendship of the illiterate. (તામીલ કેહવતો.[૨])
Enmity with a wise man is better than friendship with a fool. (તેલુગુ કેહવત.[૩])

(ફારસી કેહવત.) دشمن دانا به از دوست نادان

اگر خصم جان تو عاقل بود
(શેખ સાઅદી.) به از دوستداری که غافل بود

નાદાન દોસ્તસે દાના દુશ્મન ભલા. (હિંદુસ્થાની કેહવત.)

નાદાન દોસ્ત દુશ્મનની ગરજ સારે.

(જલાલુદ્દીન રૂમી.) دوستی بی غیرت چون دشمنی است

નાદાન બોલે, ને દાનાવ કિયાસ કરે.

નાદાન બાત કરે, દાના કિયાસ કરે. (હિંદુસ્થાની કેહવત.)

નાદાન સાથ કીધા સ્નેહ, નાક ને કાન ગયાં બન્ને.

If you play with a fool at house, he'll play with you in the market. (અંગ્રેજી કેહવત.)

ભલે સંગ બેઠીએ, ખાઈએ નાગર પાન,
બુરે સંગ બેઠીએ, કટાઈએ નાક ઓર કાન.
મહોબ્બત અચ્છી બેઠીએ, ખાઈએ નાગર પાન,
બુરી મહોબ્બત બેઠકે, કટાઈએ નાક ઓર કાન. (હિં. કેહવતો.)

૧. Percival's *Tamil Proverbs*, p. 44. ૨. *Ibid*, p. 212.
૩. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 26.

નાદાન સાથે છી—, ને ડગલે ડગલે વાત. ૫૨૮૫

નાદાનકી દોસ્તી, જીવકા જાન, (અથવા, જોખમ.)

નાદાનકી દોસ્તી, જીકા ઝિયાન. (હિંદુસ્થાની કેહવત.)

નાદાનની દોસ્તીમાં જીવનો જાન.

The companionship of fools invariably leads to loss.
(તામીલ કેહવત.[૧])

બંદરકી દોસ્તી, જીકા ઝિયાન. (હિંદુસ્થાની કેહવત.)

નાધલા જીવને મોહટી જંજાલ.

નાધલી ગાય, થોડું ખાય, થોડી જગા રોકે, ને ઘણું દુધ આપે.

નાધલી ચલ્લી, ને મોહટો ફફડાટ. ૫૨૯૦

નાધલી બગડી તે મોહટીથી.

The people follow the example of those above them.
(ચીનાઈ કેહવત.[૨])

નાધલે મોહડે મોહટી વાત.

लहान्या तोंडी मोठा घांस घेणें. (મરાઠી કેહવત.)

છોટા મુંહ બરી બાત. (હિંદુસ્થાની કેહવત.)

નાધલે મોહડે મોહટો વિચાર.

નાધલાં મોહટાંના એ કાન.

નાધલાંનોબી જીવ હોય. ૫૨૯૫

A sparrow is a little bird, yet it has liver and gall all complete. (ચીનાઈ કેહવત.[૩])

નાનડીયાને મસે, ને માડી ખાય રસે.

નાનપણામાં સૌ નાગું.

નાને કશાંનાં બહાનાં.

નાપાક શેતાનપર લ્યાનત હોજો!

(ફારસી કેહવત.) لعنت بکار شیطان

૧. Percival's *Tamil Proverbs*, p. 503.
૨. Scarborough's *Chinese Proverbs*, p. 7. ૩. *Ibid*, p. 24.

નાપાકજાદી, ને છોકરાંની દાદી. ૫૩૦૦
નામ કરતાં કામ વહાલું. (અથવા) કામ વહાલું, નામ નહિ વહાલું.
નામ કાહડવું.
 યાને, સાંરા અથવા નઠારાં કામથી ઓલખાવું.
નામ ખોદાનું લેય, ને કામ શેતાનનાં કરે.
નામ ગણાવે શ્રાવક જતિ, અનાચાર ને સેવે રતી.
નામ ડુબવું—ડુબાડવું. ૫૩૦૫
નામ ત્યારે દાતારામ, ને કોડી દેતાં જાય પ્રાણ.
 नाम असे उदार कर्ण, कवडी देतां जाई प्राण. (મરાઠી કેહવત.)
નામ ત્યારે નાહની વહુ, ને ઊંચી જોઇએ તો તાડ.
નામ તારવું.
 યાને, નામ વધારવું.
નામ તેનો નાશ છે.
 All things that exist will vanish away. (તામીલ કેહવત.[૧])
 Heaven sent never the man but Earth provided a grave for him. (ચીનાઈ કેહવત.[૨])
 Man is a bubble. (ગ્રીક કેહવત.)
 मृत्युर्वै प्राणिनां ध्रुवं[३]॥ (સંસ્કૃત કેહવત.)
 નામ એટલાં તો નાશ છે, ધર્મજ એવો ધારવો,
 શામલ કહે શું એંહકાર કર, ગંદી દેહનો ગારવો. (શામલ.)
 હરએક બાત કે આખેર કુચ ઇન્તેહાભી હએ. (હિંદુસ્થાની કેહવત.)
નામ તેનો નાશ, ને કાગડા પામે વાસ. ૫૩૧૦
નામ તેવાં પ્રણામ.

---

૧. Percival's *Tamil Proverbs*, p. 377.
૨. Scarborough's *Chinese Proverbs*, p. 393.
૩. Death is certain to all living creatures. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 447.

નામ દેજે માહરૂં, ને નાક વઢાશે તાહરૂં.
નામ દેતાંને વાર, ને જુનો પાપી ત્યાર.[1]
નામ ન આવડે, તો નાનકી કહે.
નામ નહિ દેવું, (અથવા, લેવું.) ૫૩૧૫
નામ નિવારવું.
નામ નિશાન નાબુદ કરવું.
નામ પર છેકો મારવો.
નામ પર ધુલ નાખવી.
નામ પર મટોડું વાલવું. ૫૩૨૦
નામ પલાવકા, ઓર ધીકા જાત નહિ.
નામ પાડવું.
યાને, છોકરા છોકરીને અદરાવા માટેની ગોઠવણ કરી રાખવી.
નામ મોટા, ઘરમેં તોટા.
નામ રૂપનો નાશજ છે.
નામ બોલવું. ૫૩૨૫
નામ બોળવું.
યાને, આબરૂ ખોઈ નાખવી.
નામ મેલવવું.
નામ મોહડું, ને કામ નાહનું.
નામ મોહટાં, દર્શન ખોટાં.
નામ રહંતા ઠકરા, નાણાં નહિ રહંત, કીર્તિનાં બાંધ્યાં કોટડાં, તે પાડ્યાં નહિ પડંત. (અથવા) નામ રહંતા ખાંપલા, નાણાં નહિ રહંત, કીર્તિ ચણેલ કોટડાં, પાડ્યાં નહિ પડંત. ૫૩૩૦
નામ લઇએ તો દહાડો સારો જાય (એવું ભલું માણસ.)
નામ વધારવું. (અથવા) નામદારી વધારવી.

---

૧. તઇયાર.

નામ વાહલું કે કામ?
નામ સુનાબાઈ, ને હાથે કથીરના વાલા.
नांव सोनुबाई, हातीं कथलाचा वाळा. (મરાઠી કેહવત.)
નામ સેસમાં રાખવું. ૫૩૩૫
નામદાર ક્યાંની.[1]
નામનો નાશ, પણ જીવની આશ મટે નહિ.
નામરદ રડે મામને, ને મરદ રડે નામને.
નામીચો ચોર માર્યો જાય, નામીચો સાહુકાર રલી ખાય.
યાને, જે ધણીનું નામ ચોર તરીકે મશહુર હોયછે તે વગર ગુનાહે પણ કેટલીકવાર ફસી પડેછે, અને જે ધણી સાહુકાર તરીકે જાણીતો હોયછે, તે ગુનાહ કરવા છતાં પણ કેટલીક વખત ફાવી જાયછે.
He that hath an ill name is half hanged. (અંગ્રેજી કેહવત.)
Le bruit pend l'homme.[2] (ફ્રેંચ કેહવત.)
Chi è diffamato, è mezzo impiccato.[3] (ઈતાલ્યન કેહવત.)
Die in een kwaad gerucht komt, is half gehangen.[3] (ડચ કેહવત.)
Buena fama hurto encubre.[4] (સ્પૅનીશ કેહવત.)
નામી શાહ કમા ખાવે, નામી ચોર મારા જાવે. (હિંદુસ્થાની કેહવત.)
નામે અમીર, પણ હાલે ફકીર. ૫૩૪૦
His title is lord of the world, but when examined he is found empty. (તામીલ કેહવત.[5])
His name is *Kastûri* (musk), his house smells of bats. (તેલુગુ કેહવત.[6])
नांव महीपती तिळभर जागा नाहीं हातीं. (મરાઠી કેહવત.)

---

૧. લઠ પારસી માટે બોલાયછે. ૨. Repute hangs a man.
૩. He who hath an ill name, is half hanged.
૪. A good name covers theft.
૫. Percival's *Tamil Proverbs*, p. 456.
૬. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 41.

નામે જોઈએ તો ભારી પાડો, ને કામે જોઇએ તો શોધે ખાડો.
નામે નવસારી ભારી, પણ તે થાને ગંદેવી સારી.
નામે ફોક મુકવી.
નામે મોહટા, ને કામે ખોટા.
નામે મોહટા, ને દર્શને ખોટા. ૫૩૪૫
Great in name, but little to look at. (તેલુગુ કેહવત.[1])
નામ બરા ઔર દરસન થોરા. (હિંદુસ્થાની કેહવત.)
નામે મોહટા, ને લક્ષણે ખોટા.
नांव मोठें व लक्षण खोटें. (મરાઠી કેહવત.)
નામે રડવું.
નામે શાહુકાર રલી ખાય, ને નામે ચોર માર્યો જાય.[2]
નાયક વિનાનું ટોલું.
નાર, ચાર, ને ચાકર, ત્રણ કાચા ભલા; પાન, પટેલ, ને પ્રધાન, ત્રણ પાકા ભલા. ૫૩૫૦
નાર, ચાર, ને ચાકર એ ત્રણ કાચાં ભલાં, પાન, પટેલ, ને પ્રધાન એ ત્રણ પાકાં ભલાં, વહાણ, વરસાદ, ને વિવાહ એ ત્રણ આવ્યાં ભલાં, તાવ, તામસ[3], ને તલાટી એ ત્રણ ગયલાં ભલાં.
નારાયણ આગળ નારદ શા લેખમાં?
નાલિયું મારવું, (અથવા, હાંકવું.)
નાલિયેર આપવું.
યાને, નોકરીથી બરતરફ કરવું.
નાલિયેર લેવું. ૫૩૫૫
યાને, નોકરી છોડી દેવી.
નાલિયેરનું પાણી નાલિયેરમાં રહે.

---

૧. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 220.
૨. જુઓ કેહવત ના૦ ૫૩૩૯, સફે ૪૮૭. ૩. ગુસ્સો.

નાલિયેરમાં પાણી જાલવવું, ને દીકરી જાલવવી બરાબર.

નાવ ગાડાં ઉપર, ને ગાડું નાવ ઉપર. (અથવા) નાવ પર ગાડી, ને ગાડી પર નાવ.[૧]

નાવ હમારી જાંજરી, ઓતહી ભરા હે ભાર, હલકે થે સો પાર ઉતર ગયે, રહે કે જીન સર ભાર.

નાવડિયા રે નાવડિયા! ને તરમાં બેઠી ડોસી, માથે મેલ્યો ટોપલો, તો ડપમાં કેટલી ખોસી? ૫૩૬૦

નાહક કુવા કાંઠે લાંઘણું શું?

નાહતાં બાલ નહિ ખરે.

નાહતાં મુ— તેને કોણ પકડે?

નાહન નહવાડવું.

યાને, કોઈનાં નાણાં ડુબાડવાં.

નાહન નાહવું. (અથવા) ચોખ્ખા થવું. ૫૩૬૫

યાને, દીવાળું કાહડવું.

નાહનજી ભોટનો (અથવા, ભટનો.)

નાહનપરૂં,[૨] ને સુન્નાનું કલું.

નાહના સરખા અંબાઇદાસ, ને લુંગડાં પેહેરે સો પચાસ.

નાહના સોહલાના બલદીયા, ને ભીમા કચાતની વેહલ, નવાબ સાહેબના અમલમાં ગોલાબદાસ કરે સેહલ. (અથવા) ભાઇની ગાડી ને બાપના બેલ, ને બંદા બેઠા કરે સેહલ. (અથવા) સસરેકી ગાડી, સાલેકા બેલ, ને બંદા કરે સેહલ.

નાહનાને કશાંનાંખી બહાના. ૫૩૭૦

નાહનાને નાહની ને મોહટાને મોહટી ફિકર.

નાહનાભાઈ નાજુક.

---

૧. એને મળતી જુદી જુદી ભાષાઓની કેહવતો માટે જુઓ કેહવત નાં૰ ૨૦૧૦, સફે ૧૮૯. ૨. સુરતમાં આવેલું એક પરૂં.

નાહનામાંથી મોહટું થાય.

Les petits ruisseaux font les grandes rivières.[૧] (ફ્રેંચ કે.)

નાહની ચુક મોહટો બીગાડ કરે.

A little neglect may breed great mischief. (અં. કે.)

નાહની નાચણુ ને મોટી છી—. ૫૩૭૯

નાહની મોહટી કરતાં કુંવારા રહી જશો.

નાહની સાસુ મરતી નથી, ને વહુનો દહાડો ફરતો નથી.

નાહનું કાણું મોટું વહાણુ ડુબાડે.

આ કેહવત અંગ્રેજી A small leak will sink a great ship ઊપરથી આવેલી છે.

Liden Tue valter ofte stort Las.[૨] (દેનીશ કેહવત.)

નાહનું છોકરું કહે કે કુલડીમાં હાથ ઘાલી આપો.

નાહનું ઠામ ઝાઝું વપરાય. ૫૩૮૦

નાહનું ઢેફું ઘણું અફરાય.

નાહનું વાસણુ ઘણું વપરાય.

Petit chose aide souvent.[૩] (ફ્રેંચ કેહવત.)

નાહને કોલીએ વધારે જમાય.

Small trades make great profits. (ચીનાઈ કેહવત.[૪])

નાહને દીવે અજવાળું, ને મોહટે ભડકે હોલી.

As many lamps so much light. (કાશમીરી કેહવત.[૫])

નાહને ભડકે દીવાલી, ને મોહટે ભડકે હોલી, શેહરમાં લુટે સાહુકાર, ને વનમાં લુટે કોલી. ૫૩૮૫

નાહને ભડકે દીવો, ને મોહટે ભડકે હોલી.

---

૧. Little brooks make great rivers.

૨. A little stone may upset a large cart.

૩. A little thing often helps.

૪. Scarborough's *Chinese Proverbs*, p. 35.

૫. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 254.

નાહને મોહડે મોહટી વાત નહિ કર્યે.
નાહનો ડીઅર લાડકો, ઘીનો ભર્યો વાટકો, (અથવા, ઘીનો પળો વાટકો.)
નાહનો તો નાહનો, પણ રાઇનો દાનો.
નાહનો નાહનાનું કામ કરે, ને મોહટો મોહટાનું કામ કરે. ૫૩૯૦
નાહનો નાહનો પણ રાઈનો દાનો.
નાહનો સરખો નલો, ને સંજલા લગી પોલો.
નાહનાં મોહટાંના બે કાન.
નાહનાં મોહે મોહટા કોલીયા શું? (અથવા) નાહને મોહડે મોહટો કોલીયો ભરાય નહિ.

लहान तोंडीं मोठा घांस. (મરાઠી કેહવત.)

નાહનાંને પગમાં જોર, જુવાનને છાતીમાં જોર, ને ઘરડાંને જુબાનમાં જોર. ૫૩૯૫
નાહ્યા એટલે દિવસ સફલ, ને પરણ્યા એટલે જનમ સફલ.
નાહ્યા તે ડાહ્યા, ને મેલા તે ઘેલા.
નાહ્યા તેટલું પુન્ય.
નાહલો પારો શિખે, ને મહને ગારો શિખે.

જ્યારે કોઈ ઉમરે પુગેલું માણસ નહિ છાજતી વર્તણુક ચલાવે, અને પોતાના દરજ્જાને હલકું લાગે તેવું કામ કરે, ત્યારે આમ બોલાયછે.

નાહસ પ્રાણિયા આગ આવી. ૫૪૦૦
નાહસ બીલાડી ઊંદર આવ્યા.
નાહસતા ચોરની (અથવા, ભુતની) કછોટી. (અથવા) બલતાં ઘેરનો વાંસો, ને નાહસતા ચોરની કછોટી.

ચલતે ચોર લંગોટી લાભ.
ભાગતે ભુતકી લંગોટીભી બહુત હએ. (હિંદુસ્થાની કેહવતો.)

નાહસરી આપીને શેહાણી કેહવડાવે.
નાહસરી સવાયાનું દહી, ને અખઇ થઇને રહી.

નાહસરીના ચણા, ને પોરિયાં મેલવ્યાં ઘણાં. ૫૪૦૫

નાહસરીનું ટાઢકીયું, લાખોની ગરમી.

નાહી ધોઇ નિકલ્યા, ને પન પાપ વિસર્યા; પાપ કરી વિસર્યા, ને પન કરવા નિસર્યા.

નાહી ધોઈને કોડ કોણ માગે?

નાહી ધોઇને જલમાં બેઠા.

નાહી ધોઈને પાટલે બેઠા. ૫૪૧૦

નાહી ધોઈને પાટલે બેસે, ને ઉભાં તાણે ટીલાં, પારકે ઘેર જમવાનું હોય, ત્યારે સણીયાં મુકે ઢીલાં.

નાહે ધોએ સાત દુખ, ને માથું બોરાવે એક સુખ.

નાળને ઠેકાણે રીંગણુ વધેર્યાં.

નિકલ્યું ખોખું, ને ઘર થયું ચોખું.

એક અનગમતાં માણસનાં મોહત પુઠે બોલાયછે.

નિત નિત મર્યાં એલાવકે, ને હોઈએ રોજ રોજ બાજ; ન મર્યાં સાઉનાવકે, કે નહિ બાજ કે કાજ.[1] ૫૪૧૫

નિતાંડાને બાથ ભરવી?

નિંદક લુલી, ને પાણીદાર કટારી.

A burn is curable, but a wound occasioned by slander is not. (તામીલ કેહવત.[2])

નિંદા એસી ડાકણી, કે કુલ સારો ખાય, કહુંછ નિંદા ન કર્યે, કોટી ક્રોધ સમાય.

Avoid a slanderer as you would a scorpion. (અં. કે.)

Calomniez, calomniez: il en reste toujours quelque chose.[3] (ફ્રેંચ કેહવત.)

---

૧. એની સમજણ માટે જુઓ "કેહવત સંગ્રહ" આવરતી પેહલી, સર્ફ ૨૯૩.
૨. Percival's *Tamil Proverbs*, p. 361.
૩. Slander ! slander ! some of it always sticks.

નિંદા કરે તે નરકમાં પડે.

નિર્ધનકો ધન રામ. ૫૪૨૦

નિર્ધનને સૌ ઘેલો ગણે, નિર્ધનને નહિ રાખે ઉભો આંગણે; નિર્ધનનું જીવવું ધિક્કાર.

નિર્ધન્યાનો જાયો, ને બાવલ્યાનો છાંયો (ફાયદો શું કરે?)

નિમાજ પઢતાં મસીદ ટોટે વલગી. (અથવા) નિમાજ કરે તેને મસીદ (અથવા, રોજા) ગલે પડે. (અથવા) નિમાજ કરતાં મસીદ ટોટે વલગી. (અથવા) નિમાજ પઢતાં રોજા ગલે પડવા, (ટોટે વલગવા.)

When I went to worship the temple fell.[1]

When I went to a master whom I knew, to pay my respects, he said your father owes ten *fanams*, give it me. (તામીલ કેહવતો.[2])

When he went to play, the mosque fell on his neck.[3]

When the Sudra saluted the Brahmin, the latter in return asked him to pay an old debt due by his father. (તેલુગુ કેહવતો.[4])

नमाज करतां मसीद गळ्यांत पडली. (મરાઠી કેહવત.)

જોલહા ગેલે રોજા બકસાવે, નિમાજ પરલ ગરે. (બિહાર કેહવત.[5])

રોઝેકુ ગયે નમાઝ ગલે પરે.

નમાઝકુ ગયેથે રોઝે ગલે પરા. (હિંદુસ્થાની કેહવતો.)

નિમાજમાં ખલલ.

"કવાબમાં હાડકાં"ની મતલબે વપરાયછે.

નિમાજીનો આનો વસુલ થયો. ૫૪૨૫

The finger of the prayer. (કાશમીરી કેહવત.[6])

---

૧. Percival's *Tamil Proverbs*, p. 251. ૨. *Ibid*, p. 50.

૩. Carr's *Telugu and Sanskrit Proverbs*, p. 218. ૪. *Ibid*, p. 202.

૫. Christian's *Behar Proverbs*, p. 135.

૬. *Dictionary of Kashmiri Proverbs*, by Rev. J. Hinton Knowles, p. 157.

નિર્બંધી ન્યાતમાં પંદર પટેલ.

નિર્માલ્ય નિર્ધનનો અવતાર, નિર્ધનનું જીવ્યું ધિક્કાર; નિર્ધનને કોઈ નવ ગણે, નવ રાખે કોઇ આંગણે.

નિવડે વખાણ.

નીચ વરણને નાખે વારી, છીબા પટેલની પોરી તે વાહ્ણા પાસે આવી.

નીચ હોય તે કભી ઊંચ ન થાય. ૫૪૩૦

The base are void of good manners. (તામીલ કેહવત.[1])

નીચને છોડી ઘરમાં બેસવું, ને ઉંચને છોડી બહાર નિકલવું.

નીચી ધરતી ને ઊંચો આભ, ભુલ્યો જોગી, બમણો લાભ.

નીચી પુછડીએ નાહસવું. (અથવા) ઉભી પુછડીએ નાહસવું.

દુમ દબાકે ભાગના. (હિંદુસ્થાની કેહવત.)

નીચી ઓરડી (અથવા, ધાકી ઓરડી) સઉ કોઇ ઝુરે.[2]

નીચું જુએ બલદીયો, ને ઉંચુ જુએ નાર, અસુરે આવ્યાં પરોણાં એ ત્રણડેનાં મોહડાં બાર. ૫૪૩૫

નીચે જુએ તો ધરતી, ને ઉંચે જુએ તો આભ.

નીચે ધરતી, ઉપર આભ.

નીચેથી ઉંચું નહિ જોય (એવું શરમાલ.)

નીતરૂં બીલોર જેવું.

As clear as crystal. (અંગ્રેજી કેહવત.)

નીતિ ત્યાં રીતિ. ૫૪૪૦

નીતિએ નારાયણ વસે, ને અનીતિએ કુતરાં ભસે.

નીમ હકીમ, ને કટલે હામ.

આ કેહવત ફારસી "નીમ હકીમ વ ખતરે જાન" ઉપરથી અપભ્રંશ થઈને આવેલીછે.

---

૧. Percival's *Tamil Proverbs*, p. 556.

૨. એને મળતી જુદી જુદી ભાષાઓની બીજી કેહવતો માટે જુઓ કેહવત નાં૦ ૩૪૭૦, સફે ૩૩૮.

નીમ હકીમ ખતરે જાન, નીમ મુલ્લાં ખતરે ઈમાન.
નીમક ખાધેલું હલાલ કરવું, હરામ નહિ કરવું.
નીર નવાણે,[૧] ને અન્ન કોઠારે. ૫૪૪૫
નીર નવાણે, ને ધર્મ ઠેકાણે.
નૂર, પાણી, ને અમલી, ને ભોંય, સાદરી, ને કમલી.
    નિર્ધન અને નાચાર હાલત દેખાડવા બોલાયછે.
નેકનાં મોહ પર નૂર હોય.
નેકી કરે તું નામદારી વધે, બાપનાં નામથી નામ ન વધે.
નેકી બરબાદ, ગુનાહ લાજમ. ૫૪૫૦
નેકી બેહસ્તનો રાહબર છે.
    Cultivate virtue in this world, and you'll be happy in the next. (ચીનાઈ કેહવત.[૨])
    નેકી કર, ખોદાસે પાવ. (હિંદુસ્થાની કેહવત.)
નેતરનાં ઝાડની માફક ધ્રુજવું.
નેલનાં અટકયા નેલમાં ન રહે. (અથવા) નેલનાં ગાડાં નેલમાં ન રહે. (અથવા) નેલના ગાડાં નેલમાં રેહશે ?
નેવનાં પાણી મોભે નહિ ચહડે.
    Water always drops from the eaves into the same old holes. (ચીનાઈ કેહવત.[૩])
    હલટેકા પાની બુલંદા નહિ જાતા. (હિંદુસ્થાની કેહવત.)
    (ફારસી કેહવત.) آب چنگ بر پنگ نمی رود
નેવનાં પાણી મોભે, ને હાથી દરબારે શોભે. ૫૪૫૫
નેવરે ખાય, ને વાવરે[૪] સુવે.
નેસ્તીની મા ખાટલે મરે.

---

૧. નવાણ—તલાવ. ૨. Scarborough's *Chinese Proverbs*, p. 413.
૩. *Ibid*, p. 359. ૪. પવનમાં.

નો મારશ રે માહરા ભાઈ! માહરે ઘેર છે ગોમીબાઈ, તે સાથે
પરણાવશ રે ભાઈ મોરલીધર!

નોકર બિચારા ક્યા કરે કે અન્ન પરાયા ખાય.

Quien sirve no es libre.[1] (સ્પૅનીશ કેહવત.)

(ફારસી કેહવત.) بندگی بیچارگی

નોકરની જડ જુબાન પર. ૫૪૬૦

નોકરી તો કાચની કુપ્પી (અથવા, કાજલની કોટડી) છે.

નોકરી નિત્ય નવી.

નોકરી નિત નઈ. (હિંદુસ્થાની કેહવત.)

નોતર્યા કાંગા, ને જમી ગયા સાંગા.

નોતરાંની વાર જોઈને ચુહલામાં પાણી નહિ રેડાય.

નોલવો નોલવેલ સુંધીને સાથે લડે, નહિ તો ઝેહર ચહડે. ૫૪૬૫

નોલિયાને ને બિલાડીને બને નહિ.

નંગા ખુદાસે જોરાવર.

નંદ કલાથી દેવ નાહસે.

નંદજીનું ગદયાણું.[2]

નંદનાં ફંદને ગોવીંદ જાણે, ને બલિયા કાકાને પાડો તાણે. ૫૪૭૦

નંદરવા ને કંદરવા (અથવા, ચંદરવા.)

નંદીબાઇ તો દરિયામાં નાહે, ને ઘરમાં મોટો દીવો થાય.

નંદીબાઈ તો દરિયામાં નાહે, ને તેનું બોલ્યું ઘરમાંજ વણાય.

---

૧. He who serves is not free.

૨. બે ગદ્યાંણાનો એક તોલો થાયછે.

